ॐ

पिशाच पद्मिनी.

લેખક,

ગુમાનભાઇ નાહારભાઈ વર્મા.

ડેલી. ૭૦ નાંદોદ.

છપાવી પ્રકટ કરનાર,

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર—**અમદાવાદ.**

આવૃત્તિ ૧ લી.] સને ૧૯૧૬. [પ્રત ૧૦૦૦

અમદાવાદ ખાડીઆમાં શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં
ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું.

[આ પુસ્તક પ્રકટ કરવાની સર્વ સત્તા પ્રકટ કરનારને સ્વાધીન છે. માટે તેમની રજા સિવાય આ પુસ્તક કે પુસ્તકનો કોઇ પણ ભાગ કોઇએ પણ છપાવવો નહિ.]

મૂલ્ય રૂા. ૦-૪-૦.

પ્રકટ કરનારની પ્રસ્તાવના.

આ પુસ્તક બનાવવાનો શ્રમ લઈ પ્રહ્લાદ માસિકના ઉત્તેજન માટે રૂ. ૬૦-૦-૦ ની રકમ અમારા ઉપર મોકલાવીને આ પુસ્તકના કર્ત્તાએ આ પુસ્તક અમારી મારફતે છપાવરાવી તેના સર્વે હકક અમને આપ્યા છે જેથી તેમની નિઃસ્વાર્થ વૃત્તિ માટે તેમને જે ધન્યવાદ અપાય એટલો ઓછો છે. આ પુસ્કતમાં પદ્મિનીના સ્વ: મોહ પામી કેટલા વિષયાંધ મનુષ્યોએ ૫૦૦, ૧૦૦૦ રૂપીઆ રકમ પોતાનો વિષય તૃપ્ત કરવા પદ્મિનીને આપી છે એ બધી અ શયોક્તિ છે એમ કોઇને શંકા થાય તો તેના ઉત્તરમાં કહેવાનું : અમદાવાદમાં એક વાણીયાએ વિષય તૃપ્તિ માટે એક રૂપવંતી સ્ત્રીને ૧૩૦૦ રૂપીઆ આપ્યા હતા એમ સાંભળ્યું છે એટલે વિષયી મનુષ્યો હજાર રૂપીઆ તો શું પરંતુ લાખ્ખો રૂપીઆ ખરચીને વિષય પૂરો કરે છે. કેટલીક વિષયી સ્ત્રીઓ વિષયનો વધારે આનંદ ભોગવવા મદ્યપાન પણ કરે છે એટલે પદ્મિનીને મદ્યપાનનું સેવન કરતી આ પુસ્તકના કર્ત્તાએ જણાવી છે તેમાં તેમના વિચારોનું સ્ખલન થ નથી. આવી રીતે આવી બે ત્રણ બાબતો તરફ લક્ષ્ય નહીં કરતાં આ પુસ્તકમાં પ્રસંગોપાત દોહરા, કવિત, તથા છંદો મૂકીને અને વચ્ચે વચ્ચે ટુંકાં દૃષ્ટાંતો આપીને કર્ત્તાએ પુસ્તકને સારી રીતે રસમય બનાવ્યું છે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૩૫૫ वर्गांक

पुस्तकनुं नाम ચિરાયુ પમિણી

विषय [illegible]

पिशाच पद्मिनी.

લેખક,
ગુમાનભાઇ નાહારભાઈ વર્મા.
ડેલી. ૭૦ નાંદોદ.

છપાવી પ્રકટ કરનાર,
મણિલાલ મગનલાલ ત્રિવેદી.
રાયપુર—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.] સને ૧૯૧૬. [પ્રત ૧૦૦૦

અમદાવાદ ખાડીઆમાં શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં
ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું.

[આ પુસ્તક પ્રકટ કરવાની સર્વ સત્તા પ્રકટ કરનારને સ્વાધીન છે. માટે તેમની રજા સિવાય આ પુસ્તક કે પુસ્તકનો કોઇ પણ ભાગ કોઇએ પણ છપાવવો નહિ.]

મૂલ્ય રૂા. ૦-૪-૦.

...રાત વિદ્યાપીઠ ગ્રંથાલય
...વાદ
...સંગ્રહ
૬૬૫૫૫

વિષયાનુક્રમણિકા.

ૐ

અર્પણ પત્રિકા.

પ્રિય બંધુ શ્રી ચુનિલાલ ખીમચંદ મારફતિયા.

સુરત.

મારો અને આપનો સ્નેહ લગભગ ૭ વર્ષથી જોડાયો છે. આ સાત વર્ષના પરિચયથી આપનું અંતઃકરણ મને ઉંચા સંસ્કરાવાળું, સરળ, પ્રેમી અને પરોપકારી લાગ્યું, જેથી મેં અમારી સંસ્થાનાં પુસ્તકો માટે મદદ કરવા કહેતાં આપે લક્ષ્યાધિપતી મદદ ન કરી શકે એવી સારી મદદ કરી છે, એટલુંજ નહીં પરંતુ આપે બીજી ધાર્મિક સંસ્થાઓને પણ સારી રીતે મદદ કરી છે અને હજુ પણ મદદ કરે જાઓ છો. આવી રીતે આપના નિઃસ્વાર્થી હૃદયમાં રહેલા દૈવી ગુણોથી આકર્ષાઈ આ "**પિશાચ પાધની**" નામનું પુસ્તક આપના કર કમળમાં સપ્રેમ અર્પણ કરું છું તે સ્વીકારવા કૃપા કરશો.

લી. આપનો સદાનો,

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

મંત્રી, શ્રી સનાતન ધર્મ પુસ્તક પ્રસારક કાર્યાલય,

અમદાવાદ.

નિવેદન.

વિદ્વાનો તરફથી દર વર્ષે હજારો પુસ્તકો રચાય છે, અને ર-સિક પુસ્તકોની માગણી પ્રજા વર્ગ તરફથી વિશેષપણે થાય છે. આ પુસ્તક તૈયાર કરી મેં તેમાં યોગ્ય સુધારો વધારો કરવાનું કામ રા. મણિલાલ મગનલાલ ત્રિવેદીને સોંપ્યું હતું, જેથી આ પુસ્તકમાં જે જે સ્થળે રસ પ્રતીત થાય તે તેમના સુધારવાને લીધેજ પ્રતીત થાય છે એમ સમજવું.

આ પુસ્તકમાં પાત્રોનાં જે જે નામ ગોઠવ્યાં છે તે તેમનાં લક્ષણોને લઇને વ્યાજબીજ રીતે ગોઠવ્યાં છે.

ઉલકશંખ વિગેરે બધાં નામો છેવટે શંખ શબ્દવાળાં મુક્યાં છે એનું કારણ એટલું જ કે તે બધા શંખ શબ્દના નામવાળાઓ શંખ જેવાજ સ્વભાવ રાખતા હતા અને વખત બે વખતનો તથા નાતજાતનો પણ વિચાર કર્યા વિના વિષય સેવનમાં નિમગ્ન રહેતા હતા અને દ્રવ્યનો નિષિદ્ધ માર્ગે વ્યય કરતા હતા.

વિષયી મનુષ્યો પારકી સ્ત્રી સાથે વ્યભિચાર કરતા છતા બા, બ્હેન કહીને બોલાવે છે અને એકાંતમાં તેમની સાથે તેમની દુષ્ટ ઇચ્છા પુરી કરે છે એમ પદ્મિનીને ઉલકશંખ વિગેરે "પદ્મિ બા" કહીને બોલાવતા હતા તે ઉપરથી સિદ્ધ થાય છે

અંતિમમાં જે ગ્રાહક બંધુઓએ આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપ્યો છે તેમનો અત્યંત ઉપકાર માનીને આ ટુંકી પ્રસ્તાવના સમાપ્ત કરું છું.

દાસાનુદાસ,

ગુમાનભાઈ નાહારભાઈ વર્મા.

ॐ

પિશાચ પદ્મિની.

પ્રકરણ ૧ લું.

શિવરાત્રિ.

नैवाकृतिः फलति नैव कुलंन शीलं;
विद्यापि नैव न च यत्नकृतापि सेवा।
भाग्यानि पूर्वतपसा किल संचितानि;
काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥

ભાવાર્થ:—આકૃતિ, કુળ, શીલ, વિદ્યા અને યત્નથી કરેલી સેવા ફળતી નથી. પણ વૃક્ષની પેઠે પૂર્વના તપથી સંચિત કરેલાં ભાગ્યો પુરુષને અવસર આવે ફળે છે.

* * * * * * *

धर्मः प्रव्रजितस्तपः प्रचलितं सत्यं च दूरंगतं;
पृथ्वी मन्दफला नराः कपटिनाश्चित्तं च शाठ्यार्जितम्।
राजानोऽर्थपरा न रक्षणपराः पुत्राः पितुर्द्वेषिणः;
साधुः सीदति दुर्जनः प्रभवति प्राप्ते कलौ दुर्युगे ॥

ભાવાર્થ:—આ ખરાબ કલિયુગ પ્રાપ્ત થયો એટલે ધર્મ નાશ પામ્યો, તપ ચલાયમાન થયું, સત્ય દૂર થયું, પૃથ્વી સૂક્ષ્મ ફળવાળી થઇ ગઇ, પુરુષો કપટી થઇ ગયા, ચિત્ત લુચ્ચાઇથી યુક્ત થયાં, રાજાઓ દ્રવ્ય સંપાદન કરવામાં તત્પર રહેતાં લોકના રક્ષણ કરનાર નહિ રહ્યા, પુત્રો પોતાના પિતાની સાથે દ્વેષ કરનાર થયા, સાધુ પુરુષો નાશ પામ્યા અને દુર્જન મનુષ્ય સમર્થ થયાં.

* * * * * * *

શિશિર ઋતુનો અમલ બેઠેલો હોવાથી નાનાવિધ વૃક્ષોએ પોતાનો પૂર્વનો શણગાર ત્યજી દઇ નેત્રને આનંદ પમાડનાર સુંદર નૂતન શણગાર સજેલો હોય એમ જણાય છે. કોઇ કોઇ વૃક્ષો ઉપર નવ પલ્લવો ઉગેલા જણાય છે, કેટલાંક વૃક્ષો ઉપર ઉગતી નવી સુકોમળ પાંખડીઓ માલમ પડે છે, કેટલાંક સુવાસિક મનોરંજન તરુઓ ઉપર સુંદર રંગબેરંગી પુષ્પો પણ દૃષ્ટિએ પડે છે. નિર્મળ જળોવાળી નાની નાની સરીતાઓમાં જળપ્રવાહ બહુ થોડા પ્રમાણમાં વહેતો દૃષ્ટિએ પડે છે. હવે થોડાજ દિવસો ઠંડીના હોવાથી અને તેની અવધિ લગભગ પૂરી થતી હોવાથી અન્યને પોતાનું છેવટનું સ્મરણ રખાવવા ઠંડી અત્યારે વધારે પ્રમાણમાં પોતાનું બળ જણાવતી દેખાય છે.

વસ્ત્રોતણા સાધન વિના રંકો બિચારા થરથરે,
વળી ભૂખનાં દુઃખો થકી દેખાય છે દુઃખી અરે !
તુંજ બળથકી ઝાઝા જીવો તું ઠંડી ! જો દુઃખીઆ ફરે,
જા જા ! હવે વળી આવજે નમન સૌ તુંજને કરે.

વસંતની પ્રીય સખી કલીકંઠના મધુર શબ્દો પણ કોઇ કોઇ સ્થળે સંભળાય છે. વસંત સખીની વિયોગી કલીકંઠ વસંતને બો-

ભાવતી જણાય છે. તેમજ પક્ષીગણ પણ વસંતની રાહ આતુરતાથી જોઇ રહ્યાં છે. કેમકે વસંત તેમને અપૂર્વ આનંદ આપે છે. એજ સમયમાં **મહાશિવરાત્રિનું** શુભાગમન હોવાથી આર્ય સન્નારીઓ તથા સજ્જનો હૃદયમાં આનંદનો અનુભવ કરતાં જણાય છે.

લઇ જન્મ આ જન મોંઘો મણિથી,
કનકથી અમૂલ્ય ને હીરાકણીથી;
ખરે ! સુજ્ઞ સજ્જન નહિ શોક લહે છે,
સદા ઉર આનંદ આનંદ રહે છે.
નથી ઉર ઉદય થયો જ્ઞાનભાનુ,
પછી હોય ત્યારે કહો ભાન શાનું;
કુડાં કર્મથી શીખ સું વીખ લહે છે,
સદા ઉર આક્રંદ આક્રંદ રહે છે.

શ્રીસવિતાદેવતાના શુભાગમનથી રાત્રી પસાર થતી જણાય છે. પ્રભાતમાં શાંત સમય થતાં પ્રથમ કુકડાઓ "કુકડુકુ"ના અવાજથી જગતના પ્રાણીઓને પ્રભાત થવાના શુભ સમાચાર આપી રહ્યા છે. તે પછી બીજાં પક્ષિઓ સુંદર રાગોથી શ્રીઇશ્વરસ્તવન કરતાં હોય એમ અનુમાન થાય છે. કેટલાંક પક્ષિઓ મધુર સ્વરથી ગાન કરતાં આમ તેમ ઉડતાં જણાય છે. પવનની ગતિ મંદ હોવાથી પક્ષિઓના મધુર શબ્દો સ્પષ્ટપણે શ્રવણ થાય છે. તરુઓમાં કોઇ વૃક્ષ સ્થિર તો કોઇ મંદ મંદ હાલતાં જણાય છે. બાગોમાં વિવિધ જાતના છોડવા અને તરુઓ ઉપર સુગંધીદાર પુષ્પો પૂર જથામાં ઉગેલાં જોવામાં આવે છે. તેના આનંદમય નાસિકાપ્રિય સુગંધનું હરણ કરી પવન આમ તેમ વહન કરતો ફરે છે, અને થોડીવાર રહી વળી પુનઃ પુષ્પોની સુગંધ લેતો હોય એમ જણાય છે.

દેવ મંદિરોમાં ઘંટનાદ તથા શંખનાદ થઇ રહ્યા છે. નગરમાં ઘેરેઘેર સ્ત્રી પુરૂષો આજે આનંદનો અનુભવ કરતાં હોય એમ જણાય છે. પ્રાતઃકાળમાં વ્હેલાં ઉઠી સ્ત્રી પુરુષો પરમ પવિત્ર પરમાત્માના માંગલિક નામનો જપ કરતાં હોય એમ જણાય છે. કેટલીક પવિત્ર અંતઃકરણવાળી આર્ય ભગિનીઓ નગરની નજીકમાંજ વહન કરતી પતીતને પાવન કરવાના સામર્થ્યવાળી નિર્મળ સરિતામાં સ્નાન કરવા જતી જણાય છે. અને કેટલીક ગજગામિનીઓ નદીમાં સ્નાન કરી સુશોભિત નવાં વસ્ત્રો પરિધાન કરી પોતાના શિર ઉપર પાણીથી ભરેલાં ચળકતાં ત્રાંબા પિતળનાં બેડાં મૂકી એક બીજી સાથે હાસ્ય વિનોદની વાતો કરતી અને એક બીજીના હાથમાં તાલી દેતી લટકતી ચાલે ઘર તરફ આવે છે. નદીએ જવાના રસ્તા ઉપર તથા નદી આગળ બાળકો આમ તેમ દોડી રહ્યાં છે, અને એક બીજા સાથે નિર્દોષ આનંદ કરી રહ્યાં છે. તરુણ પુરુષો પોતાની મૂછો ઉપર તા દેતા, પોતાનો રૂઆબ સૌંદર્યવાન તરુણ સ્ત્રીઓને જણાવવા ખોંખારો કરીને છાતી કાઢીને ચાલતા, અને એકબીજાની હાંસી કરતા હસતે વદને સરિતા તરફ સ્નાન કરવા જાય છે. કેટલાક શુદ્ધ અંતઃકરણના મુમુક્ષુઓ "જય શંકર જય સદાશિવ, જય શંભુ, ૐ **નમઃ શિવાય** વિગેરેના જાપ જપતા ચાલે છે. આજ **મહાશિવરાત્રી** હોવાથી શ્રીસદાશિવભગવાનના ભાવિક ભક્તો તથા અન્ય સંપ્રદાયના વિવેકી હૃદયનાં સ્ત્રી પુરુષોના અંતઃકરણમાં આનંદની છોળો ઉછળતી હોય એમ તેમના સુપ્રસન્ન મુખ ઉપરથી જણાય છે. પતિતપાવની ભાગીરથીની નજીકમાંજ શિવાલય હોવાથી કેટલાક મનુષ્યો સ્નાન કરી પરભાર્યાજ શિવાલય તરફ જાય છે. ત્યાં આગળ કેટલાક માળીના છોકરાઓ સુવાસિત પુષ્પો તથા સુગંધી-

હાર મનોહર પુષ્પહારો હાથમાં લઇ વેચવા માટે આમતેમ ફરતા જણાય છે.

શિવાલયમાં ધુપ, દીપ, પુષ્પો, ચંદન વગેરેની સુગંધી પ્રસરી રહી છે, જે શ્રીસદાશિવભગવાનના ઉપાસકો તથા અન્ય જીજ્ઞાસુ જનોને બહુજ આનંદ આપે છે. પ્રભુ ભક્તિ પરાયણ શ્રદ્ધાવાળા મનુષ્યો પ્રભુના એકવારના દર્શનથી તૃપ્ત ન થતાં ફરી ફરીને બબે ત્રણ ત્રણ વખત પ્રભુનાં દર્શન કરી પોતાનાં નેત્રોને પરમ ભાગ્યવાન માને છે. શિવાલય બહુજ રમ્ય અને વિશાળ હોવાથી પાસે પાસેનાં બીજાં નાનાં ગામોમાંથી પણ શ્રદ્ધાળુ મનુષ્યો દર્શનાર્થે આવે છે, તેથી શિવાલયમાં ઘણાં મનુષ્યોની ગીરદી થાય છે છતાં બધાં મનુષ્યોને શ્રીસદાશિવનાં સુખપૂર્વક દર્શનનો લાભ મળે છે, અને તેઓ પ્રભુનાં દર્શન કરી આનંદરસમાં મગ્ન થતાં ત્યાં આગળ નિશ્ચિંત મને આમ તેમ ફરતાં જણાય છે. કેટલાક શિવભક્તો **શિવોહમ્ શિવોહમ્** બોલતા અને **ૐ નમઃ શિવાય** એ પરમ પવિત્ર તારક મંત્રનો જાપ ત્યાં આગળ બેસીને જપતા જણાય છે, કેટલાક **શિવ** પુરાણની કથા શ્રવણ કરે છે, અને તેમાં પણ શ્રીશંકરપ્રભુનાં લગ્ન થયાં તેજ અધ્યાય રસમય ભાષામાં વંચાય છે. તેમાં શ્રીશંકરભગવાનની જાન વગેરેનું વર્ણન શ્રવણ થતાં જેમ મોરલીના નાદથી સર્પ ડોલે તેમ શ્રોતાઓ આનંદની લહેરોમાં ડોલતા જણાય છે. કેટલાક પુરુષો ઝાંઝ મૃદંગથી પ્રભુનું ભજન ગાઇ રહ્યા છે. વળી કેટલાક તંબુરા અને મંજીરાથીજ ભજનો લલકારે છે, અને કેટલાક હારમોનિયમથી શંકરની સ્તુતિ કરી રહ્યા છે. કેટલાક ત્યાં ધ્યાન ધરી રહેલા જણાય છે. નિર્દોષ હૃદયનાં બાળકો આમ તેમ દોડી રહ્યાં છે. આ બધો નિર્દોષ અને ભક્તિ ભાવવાળો દેખાવ ગમે તેવો જડ અથવા સંસા-

રના દુઃખથી દુઃખી થઇ રહેલો મનુષ્ય જુવે, તો તે પણ થોડીવાર દુઃખને ભૂલી જઇ પોતાને પરમ સુખી માને એ નિઃસંશય છે. અહો! ધન્ય છે તે માંગલિક દિવસને અને તે પવિત્રતમ સ્થળને.

કેટલીક રૂપલાવણ્યયુક્ત તરુણ સ્ત્રીઓ પોતાના સુંદર તનુને નાનાવિધ વસ્ત્રાલંકારથી શણગારી શ્રીસદાશિવભગવાન આગળ ખુલ્લા મેદાનમાં હર્ષના ઉમળકાથી પ્રભુના મહિમાનો ગરબો ગાઇ રહી છે.

ગરબો.

પરથમ પ્રેમે પૂજીએ, શ્રી ઉમીયાજી પાય;
હાર સુગંધી પુષ્પના, પહેરાવી કંઠમાંય,
આજે આનંદનો દિન, (૨) સેવા સાહિત્ય લ્યો હાથમાં રે;
ઉર રાખી આકીન (૨) પુંજો સખી સહુ સાથમાં રે.
માત ચરણરજ શિષ ધરી, આશિષ માગો તેજ;
સુત સૌભાગ્ય સુખ સહુ, દીજે માજી એજ.
માજી હોય અમારા દોષો તે નિવારજોરે,
આંટી ઘુંટી માજી અંતરની વિસારજોરે;
અંતર પ્રેમ થકી હા કહીએ વારંવાર. માજી૦

સહુને ઉપવાસ હોવા છતાં પણ કોઇ પણ મનુષ્ય ક્ષુધાને યાદ કરતુંજ નથી. તેઓના મોંમાંથી તો એજ નિકળે છે કે આવો શુભ સમય જો જીવતા હોઇશું તો આવતે વર્ષે મળશે. માટે એક ક્ષણ પણ નકામી ન જવા દેતાં પૂર્ણ પ્રેમ અને ઉત્સાહથી પ્રભુનું ભજન કરી લ્યો.

આજે બાળકોનાં અંતઃકરણ પણ આનંદથી છવાઈ રહ્યાં છે.

જે બાળકો ઘડીએ ઘડીએ ખાવાનું માગતા તેઓ પણ આજે આ આનંદનો દેખાવ જોઇ ક્ષુધાનું સ્મરણ પણ કરતાં નથી. ભજનની ઝડીઓ, પ્રભુના નામની ધુનો અને સુંદર રાગથી ગવાતા ગરબાઓથી દિવસ જોત જોતામાં આથમી ગયો, તેનું પણ આ પ્રભુપ્રેમી હરિજનોને ભાન રહ્યું નહીં.

"તે પછી સર્વે મનુષ્યો પોત પોતાને ઘેર જઇ ફળાહાર કરી શિવાલય તરફ આવવા લાગ્યાં. સર્વે આવી રહ્યાં એટલે જેઓ જેમ ભજન કરતાં હતાં તે પ્રમાણે ભજન ચાલુ કર્યું. જોત જોતામાં ભજનાનંદમાં રાત્રિ એકદમ ચાલી ગઇ—પોતાનો અમલ તજી જવા લાગી, અને તુરતજ પ્રભાત થયું. પક્ષીઓ ચીંચીંના શબ્દોથી શોર બકોર કરતા આહારને માટે આમ તેમ દોડવા લાગ્યાં. પૂર્વદિશામાં સુવર્ણશરીરની જગતના મનુષ્યોને પ્રતીતિ કરાવતા દીનકર પ્રભુ પ્રકટ થતાં તારાઓ ઓચિંતા અદૃશ્ય થઇ ગયા. પ્રાતઃકાળ થયેલો જાણીને સર્વે સ્ત્રી પુરુષો નદીમાં સ્નાન કરી સદાશિવનાં દર્શન કરવા લાગ્યાં અને કેટલાક શિવ ભક્તો પ્રેમાનંદમાં શિવસ્તુતિ ગાવા લાગ્યા.

સ્તુતિ.

જય દેવ દેવાધિ નમો, જય કાલ કાલ સદાશિવમ્;
ગૌરીપતિ જય જય નમો, રૂંઢ માલ ગ્રીવ ધારીતમ્,
જય ગંગ ધારી નિર્વિકારી, ભાલ શશિ બહુ સોહિતમ્:
જય ભસ્મ ધારી ત્રિપુરારી, વૃષભપરે વિરાજીતમ્.
જય વિષ આહારી અંગપે, શણગાર સર્પ ધારીતમ્;
જય જય જગધારી નિરોગી, ભંગ ધંતુર ભોગીતમ્.

શક્તિ ઉછંગે ગણપતિ, ગણ પ્રેત ચમ્મર ઢાળીતમ્;
ગુમાન છઇએ સુંઢ ગુંઢ, ન પાર આપકો પામીતમ્.

ત્યાર પછી પ્રેમી મનુષ્યો વારંવાર શ્રીસદાશિવભગવાનને બે હાથે વંદન કરી કહેવા લાગ્યાં કે હે પ્રભો ! આવા આનંદના દિવસો ફરીથી અમે ક્યારે દેખીશું ? પ્રભો ! તેવા આનંદના દિવસો અમને ફરીથી વેળાસર પ્રાપ્ત થાય એમ કૃપા કરશો. હે પ્રભો ! અમે તો બહુજ કપટી-પ્રપંચી છીએ; હે પ્રભો ! અમારાં મલીન અંતઃકરણોનાં પાપ બળી જાય માટે આપની ભક્તિ કરવાનું બહુજ મનોબળ આપશો. હે પ્રભો ! કોડીની લાલચે અમે અમૂલ્ય હિરો ગુમાવી બેઠાં છીએ. કેવળ જુઠા સ્વાર્થ માટે અને ક્ષણીક સુખ માટે ફરીથી ન મળે તેવો અમૂલ્ય સમય અમે ગુમાવ્યો છે અને હજુ પણ ગુમાવીએ છીએ. તો હે ભગવાન્! અમે મનુષ્ય જન્મ ધારણ કરીને અમારું જે શુભ કર્તવ્ય કરવા આવ્યા છીએ, તે આપશ્રીની કૃપાથી થાય તેના કર્તવ્યનું સતત ભાન અમને આપવા કૃપા કરજો, કે જેથી આ ત્રિવિધ તાપથી શેકાતા અસાર સંસારના મહા દુઃખમાંથી ઉગરવા માટે મનુષ્ય દેહ મળ્યો છે તેના વડે વૈરાગ્ય વૃત્તિની ધારાઓ રેડી ત્રિવિધ તાપને શમાવી—તેની આત્યંતિક નિવૃત્તિ કરી પરમાનંદની નિત્ય પ્રાપ્તિ કરી શકીએ. જય ! જય ! સદાશિવ ભગવાન ! કૃપાની દૃષ્ટિ રાખજો. જય પ્રભો !

ત્યાર પછી સર્વે મનુષ્યો પોત પોતાના સ્થળે ગયાં તથા આમ તેમથી આવેલા ભેખ ધારીઓ પણ પોતાના સ્થળે જવા લાગ્યા.

આ શિવાલયની નજીકમાંજ રાધાકૃષ્ણજીનું એક રમ્ય મંદિર હતું. શિવાલયમાંથી પોત પોતાના ઘર તરફ જે મનુષ્યો જતાં તે સર્વે રાધાકૃષ્ણજીના મંદીરમાં દર્શન કરીનેજ પોતાના ઘર તરફ જતાં હતાં. તેમાં પુરુષો ઉતાવળી ચાલે ચાલતા હોવાથી તેઓ રાધા કૃ-

ષ્ણુજીના મંદીરમાં પ્રથમ દર્શન કરીને પોતાના ઘર તરફ વળ્યા અને સ્ત્રીઓ ધીમી ચાલે ચાલતી હોવાથી પુરુષોના ગયા પછી રાધાકૃષ્ણુજીના મંદીરમાં દર્શન કરવા પેઠી. રાધાકૃષ્ણુજીના મંદિરમાં જે સાધુ મહારાજ રહેતા હતા તે પણ શિવાલયમાં આવ્યા હતા, તેમણે જ્યારે સ્ત્રીઓને મંદિર તરફ વળેલી જોઇ ત્યારે પોતાનાં પગરખાં ઝટ પહેરી લઇ હાથમાં ઝડપ લઇને ફાંકડી લાકડી પકડીને પોતાના મંદિર તરફ ઉતાવળી ગતીએ જવા લાગ્યા. પરંતુ મહારાજજી રાધાકૃષ્ણુજીના મંદિરમાં પહોંચ્યા નહીં એટલામાં તો સ્ત્રીઓ રાધાકૃષ્ણુજીના મંદિરમાં દર્શન કરીને પોત પોતાના ઘર તરફ જવા લાગી. સ્ત્રીઓને પોતપોતાના ઘર તરફ જતી જોઇને મહારાજજીનો પિત્તા એકદમ ઉછળી આવ્યો અને સ્ત્રીઓના જવાથી જાણે કે તેમનું સર્વસ્વ ગયું ન હોય એમ ધસમસ્યા મંદિરમાં પેઠા અને પ્રથમતો પોતાના ચેલાને સારી રીતે ધમ ધમાવ્યો, અને કહેવા લાગ્યા કે બદમાસ ! પ્રસાદ દીયે બીન એ સબ ઔરતોકું કયોં રજા દેદી ! ! તેરા બહારકા ઓર અંતરકા દોનું લોચન ફૂટ ગયે ? કયોં સયતાન ! જા, ફીર અભી કે અભી સબ માઇઓકું પીછી બોલાલા.

ચેલો—ગુરુવર્ય સબ માઇઓકું મેને પ્રસાદ દીયા હૈ. અબ કયા કામ હે ? જાને દો સબકું.

મહારાજજી—ચલ બે નુગરા ! તુમ ગુરુકા અપમાન કરતા હે ? અભીકે અભી તેરી રસનાકું કાટ ડાલું. જાતા હૈ કે નહીં ? બડા સંત હો ગયે, ઔર પ્રસાદ દે દીયે ! !

આ વખતે ચેલા ઉપર મહારાજજી બહુજ ક્રોધે ભરાઇ ગયા હતા, પરંતુ સ્ત્રીઓ પોતાના ઘર તરફ જતી હોવાથી તે સ્ત્રીઓને પાછી બોલાવવા માટે દોડવા છતાં તે બધી સ્ત્રીઓ ફરીથી મંદિરમાં

આવે તેમ નહોતું. પરંતુ નજીકમાં જેટલી સ્ત્રીઓ જતી હતી તેઓને તે ચેલો બહુ નમ્રતાપૂર્વક બે હાથ જોડીને પુનઃ મંદિરમાં લાવ્યો. તેઓને જોતાં જેમ તેલ કે ઘી નો ઉભરો પાણી છાંટવાથી નીચે બેસે તેમ મહારાજજીનો ક્રોધ શાંત થયો. એટલે મહારાજજી હસતે વદને કહેવા લાગ્યા કે, માઇઓ ! એ લડકા તો ગમાર હૈ. અબ ઓર પ્રસાદ લ્યો ! બૈઠો ! !

પ્રત્યુત્તરમાં કેટલીક સ્ત્રીઓએ કહ્યું કે, મહારાજજી ! અમારે અમારા ઘેર જવાની ઉતાવળ છે માટે અમારાથી બેસી શકાશે નહીં. જેને અહીં બેસવાની ઇચ્છા હોય તે ભલે અહીં બેસે અમને તેમાં ના નથી. આ સ્ત્રીઓનું આવું બોલવું સાંભળી તેમના સમુહમાંથી એક બીજી સ્ત્રી બોલી કે, મહારાજજી ! જેને ઘેર જવાની બહુ ઉતાવળ હોય તેને પ્રસાદ આપી વિદાય કરો. અમે તો લગાર આપની પાસે બેસી સત્સંગ કરીશું અને પછી ઘેર જઇશું. આજે આવ્યાં હતાં કે હવે પછી આવીશું.

આ સ્ત્રીનાં વચનોને માન આપી જેમને ઘેર જવાની બહુ ઉતાવળ હતી તેમને મહારાજે પ્રસાદ આપ્યો, જે લઇને તેઓ પોતપોતાને ઘેર ગઇ. માત્ર જે સ્ત્રીએ બીજી સ્ત્રીઓને પ્રસાદ આપવા મહારાજજીને કહેલું તેજ ત્યાં બેઠી.

આ સ્ત્રીનું સૌંદર્ય મોહક, ખૂબસુરત અને આકર્ષક હતું. ગમે તેવો દૃઢ ટેકી મનુષ્ય પણ આ સ્ત્રીનું સૌંદર્ય જોઇ પોતાના ટેકને ક્ષણવાર કોરાણે મૂકે એવું તેનું સ્વરૂપ હતું. મહારાજજીએ કોઇ પણ દિવસ પ્રાણાયામનો અભ્યાસ નહિ કરેલો હોવાથી તેમજ હૃદયમાં લગાર પણ વૈરાગ્ય ન હોવાથી તેમના મનમાં સ્ત્રીની કામના વારંવાર થતી હતી. તેમને જો કોઇ સુંદર સ્ત્રી મળે તો તેને પો-

તાનું સર્વસ્વ આપીને ઉપપત્ની કરી લેવાનો વારંવાર વિચાર થઇ આવતો હતો. તેવામાં તેમના નસીબે જોર માર્યું અને આ સૌંદર્યની મૂર્તિ સાથે એકાંતમાં વાત કરવાનો જોગ મળ્યો. આ સ્ત્રી એકલી બેઠેલી હોવાથી મહારાજજી વાંકી દૃષ્ટિએ તેના સામું જોવા લાગ્યા. આ સ્ત્રી પણ આવા કામી પુરુષોને મહાત્ કરીને તેનું સર્વસ્વ ફુંકી ખાય એવા સ્ત્રીચરિત્રનો તેણે બરોબર અભ્યાસ કરેલો હતો એટલે મહારાજજી જ્યારે તેના સામે વાંકી દૃષ્ટિથી જોતા હતા ત્યારે આ સ્ત્રી પોતાના નયન કટાક્ષ મહારાજજી તરફ એવાં ફેંકતી હતી કે તે નયન કટાક્ષો મહારાજજીના હૃદયમાં આરપાર ઉતરી જતા હતા. સ્ત્રીઓનાં ચક્ષુઓમાં એક જાતનો જાદુ રહેલો છે, આવી જાદુઇ આંખોવાળી સ્ત્રીઓ જે ન કરે તેટલું ઓછું ! ?

ઉંટ સરખાં જ્યાં બુડે, ખરની કહો ત્યાં વાત શી ?
પાષાણ કકડા થઇ પડે, માટી ન ભાગે આશ શી ?
લોહ ભસ્મ થાય તેમાં, ઘાસની વિસાત શી ?
બ્રહ્મ થઇ ગયેલા ભૂલે તો, અલ્પ જીવની જાત શી ?

અહા ! સ્ત્રીઓના મોહપાસમાં સપડાયેલા પુરુષો કેવા પાયમાલ થઇ જાય છે ? સ્ત્રીઓની જાદુઇ ભૂરકી જેના ઉપર પડે છે તે માણસ બીચારો સિંહ જેવો હોય છે તો શિયાળ જેવો થઇ જાય છે અને અતિરથી હોય છે તે પામર જેવો થઇ જાય છે. સ્ત્રીઓ માટે શ્રીભતૃહરિ કહે છે તે વ્યાજબીજ કહે છે.

शास्त्रज्ञोऽपि प्रथित विनयोऽप्यात्म बोधोऽपिबाढं,
संसारेऽस्मिन् भवति विरलो भाजनं सद्गतिनाम् ।
येनैतस्मिन्निरय नगरद्वारमुद्घाटयन्ति,
वामाक्षिणां भवति कुटिला भ्रूलता कुञ्चिकेव ॥

ભાવાર્થ:—સ્ત્રીઓની વાંકી ભ્રકુટિ કે જે નરક નગરનાં બારણાં ઉઘાડવા માટે કુંચીરૂપ છે, તેથી શાસ્ત્ર જાણનાર, અતિ વિનયવાળા અને દૃઢ આત્મજ્ઞાની પણ આ સંસારમાં થોડાજ ગતિનું પાત્ર થાય છે. તાત્પર્ય કે નરકના બારણાને ઉઘાડવામાં કુંચી જેવી સ્ત્રીઓની ભ્રકુટિ જ્યાં સુધી વિજય મેળવે છે, ત્યાંસુધી શાસ્ત્ર જાણનાર વિગેરે પણ સદ્ગતીને પામી શકતા નથી.

સ્ત્રીચરિત્રોથી એકલા મનુષ્યો હાર્યા છે એમ નથી, પરંતુ સ્ત્રીચરિત્રાથી દેવ પણ હાર્યા છે. “ભાણે ભોગ અને કપાળે શોક, આછું ઓઢે ને ઘુંઘટો તાણે, તેના ગુણ ગોવિંદ જાણે.” મહારાજજીને પોતાના સૌંદર્યમાં લુબ્ધ થયેલા જોઇ આ સ્ત્રીએ વિચાર કર્યો કે હવે આ સાધુને બરોબર મોહપાસમાં નાંખી તેને એવો નિચોવી લેવો કે તે ફરીથી ઉઠવાજ ન પામે અને સાધુનો વેશ ધારણ કરીને તે અવળે રસ્તે ચઢી ગયો છે તે માટે ખૂબ પશ્ચાતાપ કરે. આવા વેરાગીઓ કે જેઓ પારકી સ્ત્રીઓ સામે કુદૃષ્ટિ કરનારા છે તેમના દ્રવ્યને ઉંદરની પેઠે ફુંકી ફુંકીને ખાવું એને હું પુણ્યનું કામ સમજું છું. આ સાધુને મારે મોહપાસમાં નાંખવો છે અને તે માટે હું અત્યારે એકલી બેઠી છું, પરંતુ હું એકદમ મારી મરજી બતાવીશ તો મારું મુલ્ય ઘણુંજ ઓછું અંકાશે. માટે એકદમ મરજી ન બતાવતાં હમણાં છટકી જવું અને ત્યાર પછી મહારાજજી ખૂબ કરગરે ત્યારે મરજી બતાવવી એમ કરવું તે હું ઠીક સમજું છું. અને તેમ કરવાથી મારી કીંમત પણ વધારે અંકાશે. કારણ કે જે વસ્તુ સહેલાઇથી પ્રાપ્ત થાય તેની કીંમત ઘણી ઓછી બેસે છે અને જે વસ્તુ ઘણા દુઃખે પ્રાપ્ત થાય તેની કીંમત ઘણી અંકાય છે.

આ પ્રમાણે વિચાર કરીને આ સ્ત્રીએ ગંભીર મુખમુદ્રા કરીને

મહારાજને કહ્યું કે મહારાજજી ! સર્વે સ્ત્રીઓ ઘેર પહોંચી હશે, અને હું તો અહીં એકલીજ છું, માટે પ્રસાદ આપી દો, કેમકે મારી પણ ઘેર વાટ જોવાતી હશે.

આ સ્ત્રીનાં આવાં વચનો સાંભળી મહારાજજીના હૃદયમાં ધ્રાસકો પડયો, તેમનું હૃદય ધડકવા લાગ્યું અને તેઓ લગાર પણ શરમ રાખ્યા વિના મર્યાદા મૂકીને નીચે પ્રમાણે બોલ્યાઃ—

રતી તેં તું હે રંભા, અહીં કયોં કાજ આઇ તું;
દગા દૈ કે કયો દેવનકું, નીકાએ રૂપ લાઇ તું.
ભઇ તું કંજકી કલીયાં, મધુકર મેં ભયા પ્યારી;
શશિ તો તું ચકોરી મેં, સુરત મેં જો લગાઇ તું.

શશિ બદની ! મૈં કયા બોલ શકું ? આપકો સબ બિદિત હૈ. ઐસા મત લહના કીં હંવ રીસક હૈ. હંવ તો ગુણવાન હૈ, ઔર આપભી બડે ગુણવાન હો રહે હો. મેં રાધાકૃષ્ણજીકી પ્રતિજ્ઞાસેં સચ્ચ કહેતા હું કી આજ હમારા પૂર્વ પૂણ્યકા ઉદય હો ગયા હૈ, ઉસ લીયે આપકી મુલાકાત હુઇ. બૂહેવી ! આપકા નામ કયા ? ઔર કૈસી સ્થિતિ બીચ હો ? સબ અચ્છે હો ને ?

સ્ત્રી—[સ્ત્રી ચરિત્ર લગાવીને] મહારાજજી ! આપને આવા પ્રશ્નો પૂછવાની જરૂર નથી. સાધુ પુરુષોએ પારકી સ્ત્રીઓને આવા પ્રશ્નો પૂછવા ન ઘટે. તમારે મારા નામની કે બીજી હકીકતની શી જરૂર છે ! તમારે પ્રસાદ આપવો હોય તો આપો નહીં તો હું તો મારે ઘેર આ ચાલી. એમ કહીને આ સ્ત્રી ઉભી થઇ એટલે મહારાજજીએ તેને બે હાથ જોડીને કહ્યું કે મૈયા ! બૈઠો બૈઠો રીસમત કરો. મૈં તો ઐસાહી આપકા નામ પૂછ રહેથે.

સ્ત્રી—તો તો ઠીક મહારાજજી ! હું અહીંજ રહું છું, મારે એક

ત્રણેક વર્ષનો પુત્ર છે અને સ્થિતિ તો છે હવે...ઠીક છે. અને મારું નામ તો પદ્મિની છે મહારાજ.”

મહારાજ—હાં! પદ્મિની નામ આપકા હૈ! વાહ! બહોત અચ્છા નામ હૈ, આપકા નામ સુન કર મેરેકો બહોત આનંદ હુવા. પદ્મિબા! આપ મેરે પર રીસ કરો ઔર મેરા તનકા ટુકડા કર ડાલો પરંતુ મૈ સચ્ચ કહતા હું કે આપકા સ્વરૂપમાં મૈં મોહ પામ ગયા હું. દેખો બાઇ! એ સબ પૈસાટકા હૈ તે આપકાજ હૈ. અભી મેં આપકું ત્રીનચાર હજારકી મીલકત હૈ તે આપકો અરપન કરનેકા સંકલ્પ કર દેતા હું. ઔર મેરા પૂણ્ય ભી તુંજે અર્પન કર રહે હું. ઔર જન્મ ભર મેં તેરા કીંકર હું. અબ મેરેકુ મારના હોય તો માર ડાલ, ઔર ચાહે સો કર, મૈ તેરે શરણે આયા હું.

પદ્મિની—[મનમાં] ઠીક લાગ આવ્યો છે. પરંતુ અત્યારે તો બધી વાતની ચોખ્ખી નાજ પાડવી અને તેના દ્રવ્ય તરફ પણ તિરસ્કાર બતાવવો પછી સૌ થઇ રહેશે. [પ્રકાશ] જુઓ મહારાજ! અમારે તમારા પૈસાનું કામ નથી. મારો ધણી જો આ બધી વાત જાણે તો મારા અને તમારા બેનાએ ધુમાડા કાઢી નાંખે માટે તમારે એવી વાત હમણાં કરવીજ નહીં. જો સંસ્કાર હશે તો આગળ ઉપર જોવાશે. અત્યારે તો હું ઘેરજ જઇશ. વળી પ્રસંગને લઇને જ્યારે સમય મળશે ત્યારે આવીશ. એમ કહીને તે એકદમ ઉભી થઇ અને બહાર નીકળવા લાગી તે જોઇને મહારાજ બોલી ઉઠયા કે અરે માઇ પદ્મિબાઇ! પ્રસાદ લે કે જાઓ. તુમકો બિદિતન હે, કે પ્રસાદ લીયે બીન જાવે તો પ્રાયશ્ચિત લગે. અબે લડકા!

ચેલો—ગુરૂવર્ય! આજ્ઞાધીન હું.

મહારાજજી—વહી થાલ ધરાને દુધ કઢા હૈ ને? આ લાવ!!

ચેલો—મહારાજજી ! અબ થાલ ધરાનેકી હૈ, કૈસે લાવું !

મહારાજજી—અબ તું લાચાર ! મેં ધરાઇ હૈ, ફીર ધરાયગી ! ! દેવ કહાં જાતા રહતા હૈ ! ! !

ત્યાર પછી ચેલો કઢેલું દુધ એક પ્યાલામાં લાવ્યો, તે મહારાજે પદ્મિનીને પ્રેમથી અર્પણ કર્યું, તે પીને મહારાજજીને વંદન કરી પદ્મિની ઘર તરફ ચાલી ગઇ.

પ્રકરણ ૨ જું.

અનંગાનંદજી.

यदा यदा मुञ्चति वाक्य बाणं ।
तदा तदा जातिकुलः प्रमाणं ॥

ભાવાર્થ:—મનુષ્યો જેવાં જેવાં વાક્ય ઉચ્ચારે છે, તે ઉપરથી તેની જાત તથા કુળનું અનુમાન કરી શકાય છે.

મેવા તજી ભોજન ભલાં, તે નીચ વસ્તુ સ્હાય છે;
સદ્‌ભાગ્ય વિના કાગ તે વળી નર્ક મડદુ ખાય છે.
સહુને અતિ પ્રીય મીસરી તે ખર તણા પ્રાણુજ હણે;
સદ્‌ભાગ્ય વિણુ શુભ વાતને ક્યાંથી કહો વ્હાલી ગણે.

રાધાકૃષ્ણુના મંદિરના મહારાજનું નામ અનંગાનંદજી હતું. તેઓ પ્રથમથીજ નામ પ્રમાણે ગુણુ ધારણુ કરી રહ્યા હતા. જ્યારે તેઓ પુર્વાશ્રમમાં પોતાના ઘેર રહેતા હતા તે વખતે લગ્ન માટે બહુ તપાસ કરી હતી. પરંતુ તેમના પ્રારબ્ધયોગે કન્યા મળી શકી નહીં. તે પછી બહુજ તપાસ અને ઘણી લાગવગ લગાડવાથી એક નિર્ધન મનુષ્યના ત્યાંથી કન્યા મળશે એમ તેમને ખાત્રી થઇ. પરંતુ તે નિ-

ઇને કહ્યું કે મારે માથે રૂપીઆ એક હજારનું દેવું છે તે તમે પતાવો તથા મારી નેત્રાંધ છોકરીસાથે મારું પણ અન્ન વસ્ત્રાદિથી રક્ષણ કરો તો હું મારી કન્યા તમને અર્પણ કરું. વળી લગ્ન પછી મારે ઘેરજ તમારે રહેવું પડશે.

અનંગાનંદજીએ આ બધું તો કબુલ કર્યું પરંતુ કરજ પતાવવાની બાબતમાં તેને વિચાર થયો કે મારે રૂપીઆ લાવવા ક્યાંથી ? માટે મારે આ કન્યા સાથે નજ પરણવું તે વધારે સારું છે, આ પ્રમાણે વિચાર કરી તેમણે પરણવાનો વિચાર માંડી વાળ્યો. અને છેવટે નિશ્ચય કર્યો કે " ગોપીચંદન ને ગેરુ એ બાવાનો મેરુ " માટે હવે તો કપાળમાં ગોપીચંદનનું ઉભું ટીલું કરી સાધુ થઇ જવું. આ પ્રમાણે વિચાર કરી તેની પાસે જે કંઇ દાગીના વિગેરે હતું તેનું રોકડ નાણું કરી તે મુસાફરીએ નીકળી પડયો. ઘણા એક દિવસે તે આ નગરમાં આવી પહોંચ્યો. અહીં મંદિરની ભવ્યતા તથા નગરની રમણીયતા તેને પ્રીય લાગવાથી આ નગરમાંજ જીંદગી વ્યતીત કરવાનો તેણે નિશ્ચય કર્યો. જે વખતે આ અનંગાનંદજી મહારાજ અહીં આવ્યા તે વખતે તેમના પહેલાંના જે મહારાજજી હતા, તે બહુજ ભલા અને જ્ઞાની હતા. તેમનાં દેહાંત થવાથી આપણા અનંગાનંદજી મહારાજ તેમની ગાદીએ બેઠા અને મંદિરની દરેક પ્રકારની વ્યવસ્થા કરવા લાગ્યા. મંદિરમાં દ્રવ્ય વિગેરેની સારી આવક હોવાથી અનંગાનંદજીને કોઇ પણ વાતથી લગાર પણ દુઃખ પડે એમ નહોતું. બીજા પણ પાંચ સાત સાધુઓ આ મંદિરમાં રહીને અનંગાનંદજીની અને ગાયો આદિની સેવા કરતા હતા તથા ગાંજાની ચલમો ઉપરા ઉપરી ઉડાવી મંદિરમાંજ પડયા રહેતા હતા. આ પ્રમાણે દ્રવ્યની સારી આવક હોવાથી અને આવા સાધુઓ અનંગાનંદજીની સેવામાં

હાજર રહેતા હોવાથી, અનંગાનંદજી તો જાણે સ્વર્ગમાં ઇંદ્ર બનીને ન બેઠા હોય ? એમ તેમને લાગતું હતું. જમવામાં પણ માલ મલીદા ઉડાવતા હતા અને દુખનો તો હીસાબજ નહોતો એટલે દુખ પીને તેઓ રાતી રાંયણ જેવા થયા હતા.

ટોપી પહેરે ત્રણ ગુણ, નહીં વેરો નહીં વેઠ;
બાવો બાવા સહુ કહે, વળી સુખે ભરે પેટ.

પૂરી પિંજરામાં ભલું ભક્ષ આપો, વળી દીન નિશાપરે લક્ષ આપો;
તથાપિ રહ્યા રંગ તે જાત તેવી, નહિ સુધરે નીચ શું શીખ દેવી ?
સીંચે દુધ પણ લીંબ મીઠો ન થાયે, ઉપાયે અતિ આમ નહિ જાત જાયે;
બન્યો કુદ્રતિ રંગ કુજાત જે તે, અરેરે ! કહો કેમ તો સુધરે તે.

મંદિરમાં જેટલા ચેલાઓ હતા તે સર્વે અનંગાનંદજીની આજ્ઞા પ્રમાણેજ વર્તતા, તથા અનંગાનંદજી નગરમાં ફરવા જતા ત્યાં પણ તેમને જનસમુહમાં માન પણ સારૂં મળતું. પરંતુ તેમની મુખાકૃતિ ઉપરથી સ્પષ્ટપણે જણાઇ આવતું કે તેઓ કોઇ આંતરિક રોગથી રીબાઇ રહ્યા છે; તેમણે મંદિરમાં દરેક ચેલાને આજ્ઞા કરેલી કે કોઇ પણ સ્ત્રી દર્શનાર્થે આવે તેમને અમારી રજા સિવાય તમારે પ્રસાદ આપવો નહીં. ચેલાઓ પણ તેમણે કરેલી આજ્ઞા પ્રમાણેજ વર્તતા હતા. ભાતભાતનાં ભોજનો જમવાથી મહારાજનું શરીર બહુ પુષ્ટ થયું હતું અને કામદેવનો હુમલો તેમના મન ઉપર વારંવાર થતો હોવાથી તેમના મનમાં સ્ત્રીઓ સંબંધી સેંકડો વિચારો એક ક્ષણમાં આવીને સામા ઉભા રહેતા હતા. એક વખત તેમના અંતઃકરણમાં એમ પણ સંકલ્પ થયો કે કોઇ ખુબસુરત સ્ત્રીને ઉપાડી લઇને વિદેશગમન કરવું. પરંતુ વળી તરતજ બીજો વિચાર થઇ આવ્યો કે બીજાની સ્ત્રી સાથે નાશી જાઉં અને કદાચ પકડાઇ જાઉં તો મારે તો ઉભા રહેવાનીએ જગ્યા મળે નહીં. નહીં ઘરનો કે ઘાટનો એવી દશા થાય.

માટે આ મંદિરમાં રહીને મોઝમજા ઉડાવવી તેજ ઠીક છે. આ પ્રમાણે વિચાર કરીને તેઓ સોંચે કસોંચે મંદિરમાં રહ્યા.

સમય જતાં પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી હોય એમ પદ્મિનીનો જોગ કરાવી આપ્યો એમ આગળ ઉપર કહ્યું છે. આજે તેમનાં ચક્ષુઓ આગળ પદ્મિનીનીજ છબી નજરે પડે છે. જ્યાં જુએ ત્યાં પદ્મિનીજ દેખે છે અને પદ્મિની વિના બીજી ઝંખના તેમને થતીજ નથી. પદ્મિની કયારે આવે અને મારા મનને શાંત કરે એમ તેઓ વિચાર કરતા હતા અને પદ્મિનીની રાહ બહુ આતુરતાથી જોઇ રહ્યા હતા. ઠાકોરજીની આરતી તરફ તેમને અત્યારે બીલકુલ લક્ષ્ય નથી, ખાવા પીવા ઉપર પણ રૂચી થતી નથી. જેમજેમ સમય જાય છે તેમતેમ વિરહ વદના તેમને વધારે દુઃખ દેછે.

–પ્રેમ જેથી જેહને તો, અન્યને તે શું કરે ?
ચકોર શું કરે મેઘને, ચાતક શશિને શું કરે ?
પ્રેમ જેને નિંબથી તો, અંબુને તે શું કરે ?
દીવો પતંગને પ્રીય તો, તિમિરને તે શું કરે ?

કામદેવનાં તીક્ષ્ણ બાણોએ હવે અનંગાનંદજીના હૃદયને આરપાર વિંધી નાંખવા માંડયું. પદ્મિની વગર એક ક્ષણ પણ કાઢવી તે તેમને ભારે થઇ પડયું. તેવામાં તેમના ભાગ્યનો ઉદય થયો ! તેમના અંતઃકરણમાં નવું જીવન રેડાયું !! સુંદર વસ્ત્રો પરિધાન કરીને લટકતી ચાલે અને હસ્તે મુખડે પદ્મિનીને પોતાના તરફ મહારાજજીએ આવતી જોઇ. તેને જોતાંજ મહારાજજીના શરીરમાં બાર કેસરીનું બળ આવ્યું. પદ્મિની છેક નજીકમાં આવી અને બે હાથ જોડી બોલી કે જય જય સીતારામ! જય ગુરુવર્ય !

મહારાજ—જય સીતારામ ! મૈયા ! તું બહોત દીનસે કહાં

છુપા રહીથી ? જૈસા ચાતક બરસાદકી રાહ દેખે તૈસેહી હમ તુમારી રાહ દેખ રહે થે. આપકે બીના મેરે જીવન નષ્ટ હો રહેથે. અબ આપ આઇકે હમારી અલ્પ આયુકું તુંમે સો વર્ષ જેટલી બઢાદી હૈ. પદ્મિની મૈયા! અમારી ઉપર તો કૃપા કરકર બહોત પ્રેમ રખના. દેખો! મૈં કીસે સુના હૈકીઃ—

તાત મિત સુત બંધુકો, ઘાવ દીન દીન ભૂલાય;
પુની ઇશ્ક ઇક પ્રેમકો, દીન દીન હોત બઢાય.
હસ્તિ દંત નારી વચન, પ્રીત કપટીની જેહ;
અંતરના અને બહારના, જુદાં જુદાં તેહ.

પદ્મિની—મહારાજજી! અમારે અહીં આવવાનું કંઇ પણ પ્રયોજન નહોતું. પરંતુ કોણજાણે તમે તે દિવસે એવી ભુરકી મારા માથા ઉપર નાંખી હતી કે ઘેર ગયા પછી મને લગારે ચેન ન પડ્યું અને મનમાં એમ થયું કે હું ક્યારે મહારાજની પાસે જાઉં અને તેમનાં દર્શન કરું? હું પણ થોડું ઘણું નિશાળમાં ભણેલી છું અને વળી ઘર આગળ કેટલોક ખાનગી અભ્યાસ પણ કર્યો છે, તેથી ગુજરાતી પુસ્તકો સારી રીતે વાંચી જાણું છું. ઘણાં પુસ્તકો વાંચવાથી ઘણા વિષયનું જ્ઞાન મારા મગજમાં રમી રહ્યું છે. તેથી હું અનુમાન કરી શકું છું કે તમે ઘણા પ્રેમી દેખાઓ છો! અને સ્ત્રીઓનું માન કેમ વધારવું તે તમે સારી પેઠે સમજો છો. જ્યારે તમે અમારા માટે આટલી બધી લાગણી ધરાવો છો ત્યારે અમારે પણ તમારી તરફ અમારી લાગણી બતાવવી જોઇએ. પણ,—

જૈસે ફીરો તુમ સંતસે, અસંતસેં નીચ કર્મ હે;
સચ્ચ કહેતી હું મેં આપકું, તૈસે સતી હંવ ધર્મ હે.
યુક્તિસે દુનિયા બીચમે, ફગતે રહી બગતેં ફીરો;

ખુલે અધર્મ ન ભર્મકા, એ રખાની એકજ શર્મહૈ.

મહારાજજી ! આ સ્થળે એક દષ્ટાંત મને યાદ આવ્યું છે તે તમે સાંભળો.

એક વખત કેટલીક પાતરો (ગુણકાઓ) બ્રાહ્મણીઓ બની ફરવા ગઇ, અને વિચાર કર્યો કે આજે બ્રાહ્મણો પાસે રસોઇ બનાવરાવી આપણે તેઓની સાથે જમી તેઓને ઠગવા. આ પ્રમાણે તેઓ સર્વે એ નિશ્ચય કર્યો. એટલામાં કેટલાક ભાંડ લોકો બ્રાહ્મણનો ડોળ ધરી ફરવા નીકળ્યા અને જ્યાં ત્યાં પૂછવા લાગ્યા કે કોઇને રસોઇ કરાવવી હોય તો અમે કરી આપીશું. મહેનતનું અમારે કંઇ પણ જોઇતું નથી ફક્ત ભોજન જમીશું અને જે દક્ષિણા મળશે તે લઇને સંતોષ પામીશું.

આ બનાવટી બ્રાહ્મણોના શબ્દ પેલી પાતરોએ સાંભળ્યા એટલે તેમણે આ બનાવટી બ્રાહ્મણોને પોતાની પાસે બોલાવ્યા અને રસોઇનું નક્કી કરી સીધુ મંગાવ્યું. બનાવટી બ્રાહ્મણોએ લાડુ, પૂરી, દૂધપાક, શાક, ભજીયાં વિગેરે બનાવ્યાં અને પછી તે બધા જમ્યા તેમના જમી રહ્યા પછી એક પાતર બોલી કે,—

બ્રાહ્મણ ભટ્ટા લાડુ ચટ્ટા, ના જોઇ કોઇની જાતર;
બ્રાહ્મણી જાણી લોભાણા, પણ અમે સઘળી પાતર.

ત્યારે બનાવટી બ્રાહ્મણોએ ઉત્તર આપ્યો કે,—

બ્રાહ્મણીઓ જોઇ નથી લોભાણા, દાંડ સાથે દાંડ;
તમે સઘળી પાતરો મળી તો, અમો બધા ભાંડ.

મહારાજ—અચ્છા પદ્મિ ! બહોત અચ્છા દષ્ટાંત દીયા. આનંદ આનંદ અબ હો રહા. તેરી પ્રસંશા અબ કીતની કરું ? પદ્મિ ? તુંજકો ધન્ય હે. પદ્મિ ! તું બિધા કમ પઢી હે, ઇસલીયે જ્ઞાનકી બાત

તું ક્યા જાને ? બડે બડે મહાત્માઓને કહા હૈકી, જીસકો સંત પ્રસન્ન હોતા હૈ, વહી મનુષ્યકું બડા કૃતકૃત્ય સમજના. ઔર ઐસાજ બિચાર લેના બસ હૈકી સંત પ્રસન્ન હુયે તેં ઇશ્વરહિજ પ્રસન્ન હો ગયા. પદ્મિ ! સંતકા પ્રભાવ કુચ્છ થોરા નહીં હૈ. દેખ! ઇસ બ્યોમ અધ્ધર બીન અધારે ઠરા હૈ, સો હૈ પદ્મિ ! વહી સબ સંતકાજ પ્રભાવ હૈ. તબ ઇતનાજ વિચાર કરના બસ હૈકી વહી સંત પ્રસન્ન હોને સે કિતના કલ્યાન સમઝના, ઔર સદ્દભાગ્ય મનાના! પદ્મિ! તેરા સદ્દભાગ્યકું મેં ધન્ય કહેતા હું. પદ્મિ ! ઓર કુચ્છ દામ ઓર અન્નાદિકકી સ્થિતિ તો અચ્છી હૈ ને ?

પદ્મિની—(કટાક્ષ ફેંકીને) સ્થિતિનું તો તમે મહારાજ શું પૂછોછો ? છે હવે......પૈસા..............ઠીક છે.

મહારાજ—અચ્છા ! અચ્છા ! મેં સમજ ગયા. લે ! ઇસ થેલીમે દામ ઓર જીનસ મિલિકે દેઢ હજારકા માલ હૈ ! !

પદ્મિનીને તો એટલુંજ જોઇતું હતું, તેણે બહુ પ્રેમ અને આનંદ પૂર્વક તે રૂપીઆની થેલી મહારાજ પાસેથી લીધી. પછી જે થાળ મહારાજે મૂકી હતી તે જમ્યા પછી પદ્મિની હર્ષાનંદમાં આવી જઇ મહારાજજીને કહેવા લાગી કે;—

તુંમકો મેં અર્પન કીયા, યહી તન મન દાતા તુંમે;
ઓર નર અવની પરે, માની લીયે ભ્રાતા હુમેં.

ત્યાર પછી તે ત્યાંથી ચડપ લઇને ઉભી થઇ અને ઝડપ લઇને ઉતાવળી ઉતાવળી પોતાના ઘર તરફ ચાલી ગઇ.

नास्ति काम समो व्याधि र्नास्ति मोह समो रीपु ।
नास्ति कोप समो वह्नि र्नास्ति ज्ञानात्परं सुखम् ॥

ભાવાર્થ:—કામ સમાન બીજો વ્યાધી નથી, મોહ સમાન

બીજો શત્રુ નથી, ક્રોધ સમાન બીજો અગ્નિ નથી અને જ્ઞાન સમાન બીજું કોઇ સુખ નથી.

પ્રકરણ ૩ જું.

સંકલ્પો.

काके शौचं द्युतकारेषु सत्यं,
सर्पक्षांति स्त्रिषुकामोपशांति ।
क्लीबे धैर्यं मद्यपेतत्व चिन्ता,
राजामित्रं केन दृष्टं श्रुतंवा ॥

ભાવાર્થ:—કાગડામાં પવિત્ર પણું, જુગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામની શાંતિ, નપુંશકમાં ધીરજ, દારૂડીયામાં તત્ત્વ ચિંતન અને રાજા કોઇનો મિત્ર, આટલી વાતો જોવામાં પણ નથી આવી તેમ સાંભળવામાં પણ નથી આવી.

સભી સભી કે તાનમે, સભી તાન ગુલતાન;
આપ આપકે તાનમે, ગદ્ધાભી મસ્તાન.

નામ હોય છે જોગીદાસ, વનિતાઓ રાખે એ પાસ;
નામે સાકર મીઠી પેર, બોલી બોલે કડવી ઝેર.

તેવીજ રીતે અનેક વસ્તુ નામથી મોટી અને સુંદર જણાય છે, પણ તેથી શું થયું ? જ્યારે નામ પ્રમાણે ગુણ જણાય ત્યારેજ તે સુંદર નામને ધન્ય છે.

છતાં સિંહ થઇને કદી ઘાસ ખાયે,
છતાં ભક્ત થઇને કૃતિ નીચ થાયે;
થઇ ન્યાયી અન્યાયથી ન્યાય દીધો,

ધીક નામ રૂડે તે શું અર્થ સીધ્યો.

પદ્મિની માત્ર તેના મોહક સ્વરૂપથીજ પદ્મિની નામ ધારણ કરી રહી હતી, પરંતુ તેની અંદરના ગુણો બહુજ ઝેરી હતા, એટલે તેને પિશાચીણી કહીએ તો તેમાં કોઇ પણ પ્રકારની હરકત નથી.

મુખ મયંક કુરંગ નેત્રો, કપોલ લલિત શોભતું,
દાડિમ દંત સુનાક વારી, ગાલે ગુલાબ ઓપતું;
વાળ સુંદર સર્પસું, કલીકંઠ સમ સુંદર સુરી,
કુંજ પુંજે હેમની, મરાલ ચાલે સુંદરી.
કદલી સુ જંઘા કંઠ કપોત કોમળ કરો,
નિતંબ તુંબ ચરણ જાણે શોહે કંજ ગજરો;
શણગાર સોળે ધર્યા, શોભે જાણે દામીની,
"ગુમાન" શોહે રૂપના, પતિવ્રત વિના પણ કામીની.

પદ્મિની એક આબરૂદાર ગૃહસ્થની પુત્રી હતી, અને એનાં લગ્ન પણ એક આબરૂદાર ગૃહસ્થને ત્યાંજ કરવામાં આવ્યાં હતાં. પરંતુ નાનપણમાંજ નઠારી અને નીચ સખીયોનો સહવાસ થવાથી અને માતા પિતાના હદ ઉપરાંતના લાડથી સ્વચ્છંદી થઇ ગઇ હતી. "હલાવી ખીચડી અને મલાવી દીકરી" એ લૌકિક કહેવત અક્ષરશઃ સત્યજ છે. ખીચડીને વારંવાર હલાવીએ તો બગડયા વિના નજ રહે તેમ દીકરીને પણ હદ ઉપરાંત લાડ લડાવીએ તો તે પણ બગડયા વિના નજ રહે એ નિઃસંશય છે.

બધી વાતે અનુકૂળ સ્રીપુરુષનું જોડું કોઇકજ ઠેકાણે જોવામાં આવે છે. સ્રી પવિત્ર અને રૂપવાન હોય તો પતી મૂર્ખ અને કદરૂપો હોય છે, અને પતી વિદ્વાન તથા સ્વરૂપવાન હોય તો સ્રી વઢકણી, હરામ દાનતની અને નીચ વિચારોની હોય છે.

ધનીકો અબુધ કીનો, બુદ્ધિવંત રંક કીનો,
પુષ્ટતન કાદરસુ પુષ્પન ફલાઇ હે;
કુબરીકો રૂપ દીનો, પાવૈયો અનુપ કીનો,
સત્ય જન દુઃખી કીનો, દંભ સુખમાંઇ હે;
પતીવ્રત લલીત તિયાકો સુઢ પતી દીનો,
ધીમંત સુજ્ઞાની કો યોં કુબરી દિલાઇ હે;
કહત ગુમાન કીયે ઓર કાંવ યોગ્ય પુની,
યહિમ દીસે બીધી તું ગઇ ભુલ ખાઇ હે.

ગમે તો કોઇ માણુસ ઉચ્ચ અને ગૃહસ્થના કુટુંબમાં જન્મ ધારણ કરે, પરંતુ તેના પૂર્વના કૃત્યો પ્રમાણેજ તે કર્મ કરશે અને તે પોતાની જાત અને સ્વભાવ કદી બદલી શકશે નહીં.

મરતાં સુધી નહિ મટે, પડી ટેવ પ્રખ્યાત;
ફાટે પણ ફીટે નહીં, પડી પટોળે ભાત.
પારસના પરતાપથી, સોના ભઇ તરવાર;
ત્રિકમ તિનો ના મિટે, ધાર ભાર આકાર.

આપણી વાર્તાની નાયિકા પદ્મિનીનો પતી બિચારો બહુજ ભલો, શાંત પ્રકૃતિનો, વિશ્વાસુ, દયાળુ અંતઃકરણનો અને નિર્વિકારી મનનો હોવાથી પોતાની સ્ત્રી શું શું કરે છે અને કયાં કયાં જાય છે તે તરફ લક્ષ્ય આપતો નહીં અને તેથી તે તેનાં ગુપ્ત ચરિત્રો જાણી શકતો નહીં. તે ઘણે ભાગે પદ્મિનીના કહ્યા પ્રમાણે વર્તતો. પદ્મિનીને બીજું કોઇ પણ નજીકનું સગું તેના ખોટા કામમાં અટકાવ કરે એવું હતું નહીં, અને પોતાના ધણીને તો તેણે એક પુતળા માફક બનાવ્યો હતો તેથી તે છૂટથી પોતાના અધમ કાર્યમાંજ મસ્ત રહેતી. તેના અંતઃકરણમાં ઉપરાઉપરી વિચારો થઇ આવતા

કે;—અહો ! જગતમાં આ સરળ અને મનને ખુશ કરનાર રસ્તા વિના બીજાં કાર્યોમાં લગાર પણ સુખ કે આનંદ નહિ હોય. અને કદાચ હશે તો પણ તે સુખ હું અત્યારે જે રસ્તે ચાલીને ભોગવું છું તેવું તો નહીં હોય. અહાહા ! પ્રભુનો મારા ઉપર કેટલો બધો ઉપકાર છે ! તેમની મારા ઉપર કેટલી બધી કૃપા થઇ ગઇ છે ! ધન્ય છે પ્રભો ? તમને, અને ધન્ય છે મારા સદ્‌ભાગ્યને ! ! હે સદ્‌ભાગ્ય ! તારાં જેટલાં વખાણ કરું તેટલાં ઓછાં છે ! ! અરેરે ! જગતના મૂર્ખ મનુષ્યો ચીબાવલી ચીબાવલી વાતો કરતાં જણાય છે કે, સર્વદા સત્યરીતે વર્તવું, સ્વામીની સેવા કરવી, તથા દીન જનોની ઉપર દયા રાખવી, કોઇની નિંદા કરવી નહીં, સર્વે મનુષ્યો ઉપર પ્રેમ રાખી પ્રેમથી વર્તવું, પતી સિવાય અન્ય પુરુષોને પુત્ર, ભાઇ અને પિતા સમાન ગણવા; જ્યારે આવા પવિત્રપંથે પળીએ ત્યારેજ આપણું કલ્યાણ થાય છે, અને સુખી રહીએ છીએ.

શું ! આ બધું માનવા લાયક છે ? કદી પણ નહીં, એતો ધર્મઘેલાના મિથ્યા લવારા સમજવા. એમાં તલમાત્ર પણ સાચું માનવાનું નથી. એ તો બધું ખોટે ખોટુંજ સમજવાનું છે. એક ડાહ્યા મનુષ્યે કહ્યું છે કે “ નવરો બેસે તે નખોદ વાળે ” તેવો નવરો બીજું કરે પણ શું ? પરંતુ આપણે તો એવા મિથ્યા લવારા સાંભળવા. જ નહીં. કદાચ કાને સંભળાઇ જાય તો તરતજ કાનને ખંખેરી નાંખવા. “ સાંભળીએ સહુનું, પણ કરીએ ધાર્યું મનનું. ” ઉંઘતી બિલાડી ઉંદર શી રીતે પકડી શકે ? જો શિવરાત્રીને બીજે દિવસે રાધાકૃષ્ણના મંદિરમાંથી સર્વ સ્ત્રીઓ સાથે હું પણ પાંસરી ઘેર ગઇ હોત તો આજે દોઢ હજારનો માલ હાથમાં આવ્યો છે તે ક્યાંથી આવત ! હા ! અત્યારે મને એક કહેવત યાદ આવી છે અને તે

સત્યજ છે કે, જ્યારે આપણે આપણા નસિબને ખોળીએ ત્યારે નસિબ પણ આપણને ખોળે છે. વળી કોણ છાતી ઠોકીને કહે છે કે કુકૃત્યો કીધાથી ઇશ્વર રૂઠે છે ! નહિ નહિ, કુકૃત્યો કીધાથી ઇશ્વર કોઇપણ કાળે રૂઠતાજ નથી. એતો બધું હંબગજ છે ! ! છતાં પણ કુકૃત્યો કરવાથી ઇશ્વર અપ્રસન્ન થાય છે એમ કોઇ કહેતો ભલે ઇશ્વર મારા ઉપર અપ્રસન્ન થાય. મારે હવે દુઃખ વેઠીને ઇશ્વરને પ્રસન્ન કરવાની લગાર પણ જરૂર નથી. તેતો મારા નસિબથી પોતાની મેળે પ્રસન્ન થઇજ રહ્યા છે. પરભાર્યાં રૂપીઆ પણ મળે છે અને સ્વામીની સેવા પણ થયાજ કરે છે. ત્યારે સંસારમાં તલવારની ધાર ઉપર રહેવાનું છે એમ બધા કહે છે તે ભલે કહે, પરંતુ મારે તેમનાં વચનોને સત્ય માનવાની લગાર પણ જરૂર નથી. જેને તલવારની ધાર ઉપર રહેવું હોય તે ભલે રહે. તે બધું પાળીએ તો સંસારમાં રહેવાય પણ નહીં. માટે મારે હવે બીજાનું શું પ્રયોજન છે ! અને ઇશ્વર તો મારા ચઢતા નસીબથી મારા ઉપર પ્રસન્નજ છે. અને ઇશ્વર જ્યાં મારા ઉપર પ્રસન્ન છે તો બીજાઓની મારે શી પરવા છે ? "જ્યાં હાથીકે પાઉમેં સબકો પાઉં સમાત" જેમ હાથીના પગલામાં અન્ય પ્રાણીઓનાં પગલાં સમાઇ જાય છે તેમ પ્રભુની કૃપા આગળ બીજાઓની કૃપા નહીં જેવી છે.

હે મન ! જય પરાજયનો આધાર તારા ઉપર છે. મારે મારાં કામ સાધવા શું શું કરવું તેનો મારે વિચાર કરવો જોઇએ. હા ! હવે યાદ આવ્યું. પ્રથમ તો મારે મહારાજજીને વશ એવા કરવા કે તેઓ મારીજ આંખે દેખે, તેમને વશ કરવા માટે જરા આંખોના અણસારાથી અને પ્રેમ ભરેલા શબ્દોથી મહારાજ પાસેથી ધીમેધીમે દ્રવ્ય લેવું. પરંતુ પારકા જણ્યા પાસેથી દ્રવ્ય મેળવવું એ થોડી મહેનતનું કામ

નથી. તેને માટે ઘણી યુક્તિઓ લગાવવી પડશે. તેવી યુક્તિઓની આપણી પાસે ક્યાં ખોટ બળી છે ! મારી પાસે યુક્તિઓનો એટલો બધો ભંડાર છે કે સાક્ષાત્ ઇંદ્રને પણ એક વખત મારા મોહપાસમાં ફસાવું તો પછી માણસનો તો શો ભાર !! માત્ર એકજ બાબત તરફ મારે વધારે લક્ષ્ય આપવાની જરૂર છે, તે એજ કે મારી રચેલી યુક્તિઓની બીજા માણસોને ખબર પડે નહીં. નહીં તો જો આ બધું ઉઘાડું પડે તો મારી આબરૂ અને દ્રવ્ય એ બન્નેની હાની થાય. માટે હવે પછી મારે ઘણીજ સાવધાનતાથી યુક્તિઓમાં અને દાવ પેચમાં રમવાની જરૂર પડશે.

એ બધું તો ખરૂ પરંતુ હમેશાં મંદિરે જવા માટે મારે શું કરવું ?હા ! હા ! યાદ આવ્યું ખરું. મારે નાટકનો વેશ ભજવવો પડશે. એટલે નાટકમાં પાત્રો ગમે તેવી જાતના છતાં તેઓ કોઇ વખત અપ્સરા થાય છે, કોઇ વખત બ્રાહ્મણ થાય છે, કોઇ વખત દેવ થાય છે અને કોઇ વખત જોગી પણ થાય છે. તે પ્રમાણે મારા મનમાં ગમે તેવા બીજા વિચારો હોય તો પણ દુનિયાંને બતાવવા માટે મારે ઉપરથી ખરેખરી ભક્તાણી થવું પડશે. હું ભક્તાણી થઇશ એટલે મારા માટે બીજી રીતની શંકા લાવવાનું કોઇને પણ કારણ રહેશે નહીં.

ભલી કરત લાગે વિલંબ, વિલંબ ન બૂરે વિચાર;
બવન બનાવત દીન લગે, ઢાહત લગે ન બાર.

માટે જો કોઇ મારી યુક્તિઓને જાણી જાય તો મારી ચતુરાઈ વૃથા જાય અને ગયેલી લાજ ફરી મળવી તે મુશ્કેલજ થઇ પડે.

ફળ ફૂલ નીર અનાજ, સમય થયે સહુ આવશે;

મુવું વખત ને લાજ, અરે! ફરી તે ના મળે.
ગઇ સંપત ફીર મિલત હે, કેશવ મલિન ન થાઇએ;
પ્રાન ગયો ફીર મિલત હે, પત ગઇ ફીર ન પાઇએ.

ગમે તેમ થાય, કદાચ મારો પ્રપંચ ઉઘાડો પડે કે ન પડે તેની મને દરકાર નથી, પરંતુ જેને મેં મારું શરીર સોંપ્યું છે તેમને તો મારો પ્રાણ જાય તો પણ તરછોડવાના નથી. પેલા ઉલકર્ણખજી પણ બહુ માયાળુ છે, અને વખતો વખત મને ધન વિગેરે આપે છે. તેમજ શ્વેતશંખજી પણ મારે માટેજ તેનાં સગાંઓનો ત્યાગ કરીને મને વારંવાર દ્રવ્ય આપીને ખાખી બંગાળી થઇ ગયા છે, તેમને પણ કેમ દગો દેવાય? છતાં પણ વળી જોઇએ છીએ, તે બન્ને જ્યારે મારાથી વાંકા ચાલશે ત્યારે તેમને વિદાય કરતાં કેટલી વાર લાગવાની છે? અત્યારે જો કે તેઓની કોથળીઓ લગભગ ખાલી થયેલી હોય એમ લાગે છે, તોપણ તેઓ મારા ઉપર પ્રેમ સારો રાખે છે, માટે તેમનો એકદમ ત્યાગ કરવો તે ઠીક નહીં. એક વિદ્વાને કહ્યું છે કેઃ—

બડે બડેકું દેખકે, છોટે દીજે ન ડાર;
કામ પડે જબ સોયકા, કહા કરે તરવાર.

× × × × ×

હવે રહી કશી નહીં બીતીરે, ગઇ જગત્ હુંતો જીતી,
જ્ઞાની સન્મુખ હું જ્ઞાનની વાતો, બતાવીશ નીતિ;
પતિવ્રતા ધર્મ પાળી બતાવીશ, પતીને દેખાડી પ્રીતિરે. ગઇ૦

× × × × ×

મારો પ્રપંચ ખુલ્લો ન પડે માટે હવે પછી મારે દરેક વાતમાં સાવધાન રહેવું પડશે. સવારથી ઉઠું ત્યાંથી સૂઇ જાઉં ત્યાંસુધી

મારે એવી પ્રવૃત્તિ રાખવી પડશે કે લોકો મને ખરેખરી શુદ્ધ અંતઃકરણનીજ સમજે. આ પ્રમાણે હું શુદ્ધ અંતકરણની છું એમ જનસમુહમાં બતાવવા માટે લોકો સાંભળે તેમ ઘાંટા કાઢી બે ચાર ભજન લલકારીશ, તે પછી શૌચ સ્નાનથી પરવારીને ધુપ, દીપ, નૈવેદ વિગેરેથી દેવ સેવા કરીશ, અને મારા પતીની મરજી પણ સાચવીશ. પછી જુદાં જુદાં મંદિરોમાં દર્શન કરવા જઇશ. મંદિરોમાં સવારમાં લોકોની બહુ ઠઠ્ઠ ભરાય છે, તે વખતે પણ બે ચાર ભજનો ગાઇશ. પછી ઘેર આવીને ભોજન તૈયાર કરીને મારા પતીને જમાડયાપછી હું જમીશ. બપોરનો સમય કંઇ પુસ્તકો વાંચવામાં કાઢીશ. સાંજનો સમય દેવમંદિરોમાં દર્શન કરવામાં પૂરો કરીશ. વળી મારો કોઇ પ્રેમી મને મળવા માટે મારા ત્યાં આવશે તે વખતે તો હું તેમની સાથે એવી ખુબીથી વાત કરીશ કે મારા માટે કોઇને સંશય ઉત્પન્ન થશે નહીં. મોજ શોખ કરવો તો દુનિયાની આંખમાં ધુળ નાખીને પૂરો કરવો. મોજ મઝા ઉડાવા સાથે લોકોમાં પૂજાવા માટે ભક્તાણી પણ થવું, અને અધુરામાં પૂરાં ધોળાં વસ્ત્ર પણ પહેરી લેવાં એટલે કોઇને પણ મારા માટે લગાર પણ શંકા થશે નહીં, અને મને ભક્તાણી સમજી લોકો મારે પગે લાગશે. વળી હદ ઉપરાંત આભડ છેટ રાખીને બીજા મનુષ્યોથી અભડાવું એ પણ ઠીક નહીં, માટે હમેશાં એકજ સામાન્ય નિયમથી રહીશ. વળી જ્યારે કોઇ આપણે ત્યાં મેમાન આવે અથવા કોઇ ગૃહસ્થ આવે તો તેના આગળ શાસ્ત્રની વાતો કરવી અને પ્રભુનાં ભજન ગાવાં તથા ઇશ્વર મહિમાની વાતો કહેવી. કહો ? આવી રીતે વર્તવાથી કોઇ પણ મનુષ્ય મને દંભી કહી શકશે ? રેશમી કકડામાં કદાચ કોઇ અપવિત્ર વસ્તુ છુપાવીને લઇ જતો હોય, તો અન્ય જોનાર મનુષ્યો તો તેને એમજ સમજે કે આમાં કોઇ સારી

વસ્તુ હશે, પરંતુ કોઇ એમ જાણી જાય કે તેની અંદર અપવિત્રજ વસ્તુ છે, તો પછી પેલી અપવિત્ર વસ્તુ લઇ જનાર પ્રતિ મનુષ્યો તિરસ્કારની દૃષ્ટિએ જુએ એ દેખીતુંજ છે. માટેજ દરેક બાબતમાં સાવધાનતા રાખીનેજ વર્તવાનું છે. નગરમાં અને અન્ય સ્થળે આપણા આ બ્હાર બતાવવાના શુભ આચરણોથી આપણી પ્રશંસા પણ થતી જશે અને આપણું કાર્ય પણ નભ્યે જશે. ત્યારે બીજો ' ધંધો કરવાની હવે શી જરૂર છે ? હું તો કહું છું કે કાંઇ જરૂર નથી. આ ધંધામાંથી ટુંક સમયમાં હું જેટલું દ્રવ્ય પેદા કરીશ તેના વીસમા ભાગનું દ્રવ્ય વીશ વર્ષમાં પણ બીજો ધંધો કરવાથી મને મળે એમ નથી. આપણે ક્યાં વાઘરીની પેઠે જાત છૂપાવીને કામ કરવું છે ?

દુઃખથી જગત તણા પારધી કંટાળી એક,
સંત વેષ લઇ દૂર દેશમાં વિચરીયો;
દેખી લોક સંતને ઉમંગ થકી ઉર તણા,
પુંજી પાત્ર પ્રેમથી સૌ સદ્દગુરુ કરીઓ;
જમે ફળ ફૂલ મૂળ અન્નનો અહાર તજી,
અહાર કાજ નિત્ય વન જવું ટેક ધરીઓ;
છુપાતાં જણાયું ભરે પક્ષીઓ હણીને પેટ,
સહુ શિષ્યો મળી હણી ભૂમિ બીચ ભરીઓ.

કદાચ નસિબ વાંકું હોય અને આપણો પ્રપંચ ખુલ્લો પડે તો એક વખત તો ઘણાં મનુષ્યો તે બધું જુઠુંજ માનશે. કેમકે હું સાચી ભક્તિ કરૂં છું એમ બધાના અંતઃકરણમાં મજબૂત ઠસાવી દીધેલું હોવાથી સર્વે એમજ વિચાર કરશે કે પદ્મિની તો આવું નિંદિત કાર્ય નજ કરે. છતાં પણ બધા એકમત થઇને મને જુઠી પાડવા

જાય તો છેવટે જીભ કયાં ઢુંકી રાખી છે ? જે વાત કરે તેને બરાબર ચોપડાવવી એટલે પછી તેઓ એમની મેળે શાંત થશે. અને કદાચ તેમ પણ ન માને તો આપણાં શાસ્ત્રો કયાં સંતાઇ ગયાં છે ! અનેક દૃષ્ટાંતો તેમાંથી આપીને તેઓનાં મન મનાવતાં કેટલીકવાર છે ! હલકા વિચારના મનુષ્યોને શ્વાનસમ ગણીને તેમની દરકાર નહીં કરીએ, અને સમજુઓને કહીશું કે જગતતો એવું જ હોય. શ્વાન સારાઓને તેમજ બુરાઓને ભસેજ જાય છે.

વેર રંક ધનવાન્, આદ્યથી ચાલ્યું આવે,
સતી શંખણી વેર, જ્ઞાનને મુરખ થાવે;
શોક શોકને વેર, શુદ્ર શુદ્રથી ભારી,
વૈદ્ય વૈદ્યને વેર, પશુ સાંઢાને ખારી;
કુટુંબમાં વેરજ વળી, પંડિત સંગ વિદ્વાનને,
ગુમાન બુદ્ધિહિણ તે, ટાળે નહીં અજ્ઞાનને.

આ સિવાય બુદ્ધિ બળના ઘણા દૃષ્ટાંતો આપી શકાય એમ છે. છેવટે જેવા વાગશે તેવા દેવાશે. ધરવો જોગ ત્યારે ન જોવી વસ્તિ અને સાધવો ભેરવ ત્યારે તજવી બસ્તિ. ભાગ્યશાળી ગણાવા ટાલ જોઇએ અને સારા દેખાવા સેંથો જોઇએ એ બન્ને એક સાથે કેમ બને ! નજ બને. બેમાંથી જે તે એકજ બને. હશે ! સમય આવે સહુ થઇ રહેશે.

વાંચક બંધુ ! મનુષ્યોની આશા કયાં કયાં સુધી આવી જાય છે ! અહોહો ! માયાનો શો ચમત્કાર !

જુવે નેત્રથી પારધી, પક્ષી પકડીઆં ફંદમાં,
જાણે છતાં લાલચથકી, બંધાય બીજા બંધમાં;
દેખે મરેલા ગોળમાં, મંકોડા તોયે ધાય છે,

લલચાવી તારા પ્રેમમાં, જીવને તું લાલચ ખાય છે.

* * * *

ભરી વિખ મોદીક જમાડતી તું,
થઇ મીત્ર કુવા મહીં પાડતી તું;
અમો અલ્પ જીવને, તૃષ્ણા પાવતી તું,
દગેથી અરે ! જીવ સપડાવતી તું.

* * * * *

ઘોડા સો ભૂકે નહિ, ભૂકે સો ગદ્ધા;
ભર્યા સો છલકે નહિ, છલકે સો આધા.
દુનિયા ઝુકતી હૈ, ઝુકાને વાલા ચાહીએ.

પ્રકરણ ૪ થું.

પતંગી પ્રેમ.

જે તે રામરાજ ઔર જુગમેં ન હો ગયે હૈ,
તાતે અધિક રામ રાજ કલીમે સુનાયે હૈ;
જે તે બ્રહ્મ જ્ઞાની ઔર સતી પતીવ્રત્ત ધારી,
ઔર યુગ તેં અધીક કલીમે દિખાયે હે.
જે તે બીર વિજ્ઞ ધીમંત શ્રીમંત સુને,
કલીમેં અધીક કીને સુને નહીં જાયે હૈ;
કહત ગુમાન મેં બધીર અંધ ગંડુ ભયો,
સિંહનકે ટોલે શિશુ, પહાન સબ હિરાયે હે.

* * * * *

મતલબથી સબ યાર, જગત્ જમાડે ચૂરમાં;

મતલબ બિના કોઇ, રાખ ન પીરસે રાજીયા.

*   *   *   *   *

સાસરે જાઇકે પીહર આનકે, ભૈરવ દેવીકો દોષ દિખાવે,
સબ કામ હરામકા બાત સુને, અરૂ છંદ અનેક અનંદ બઢાવે;
મગમેં બહતી પગકો ઠહુ કે અરૂ, પેટ ઉઘારી કે નાભી બતાવે,
ઢુંકદાસસરૂપ બિચારીકે દેખીએ ઔર પતીત ક્યા ઢોલ બજાવે.
છિન ઢાંકત હૈ છતિયાં છિન ખોલત, સુરપતી કાઉં મારી નંખાવૈ,
કછુ સિંહકો મારત જો જ કરૈ, નહિ ઉંદરતેં નિતહી ભિઝકાવૈ;
ઘર દેહરીપૈ નિત બૈઠ કહે, ચખવાટ કે છૈલનકો બહકાવૈ,
ઢુંકદાસસરૂપ બિચારીકે દેખીએ, ઔર પતીત ક્યા ઢોલ બજાવૈ.

×   ×   ×   ×   ×

સાસુને કહે શોક, વહુ સામી રહી વઢતી,
પછી મૂકીને પોક, રાંડ સરીખી રડતી;
શૌચ જવાને જાય, એક કળશીએ પાંચે,
નગ્ન થઇને ન્હાય, વખાણુ ત્યાં પણ વાંચે,
ભાગે પરઘર સુત્ર, વાતો તેવી ચણતી,
થાય પુત્રને પુત્ર, તથાપિ પોતે જણતી.

(કૃષ્ણારામ)

×   ×   ×   ×   ×

પદ્મિની—[ઉલકશંખને આવતા દેખીને] અહોહો ! ઉલકશંખજી ? પધારો, પધારો ! ! કેટલા બધા દિવસે દર્શન દીધાં ? બસ ! આમજ વર્તશો કે ? શું તમારો નિર્મળ પ્રેમ આવો કે ! તમારા જેવા સંતની સંગતી કરીને તમારા વિયોગમાં અમારે હમેશાં કાળજાં બાળવાં પડે, પરંતુ દિવસમાં એક વખતપણ દર્શનનો

લાભ ન આપો તો પછી સંતનાં પાસાં સેવ્યાં શા કામનાં! હાય! સંતોનો પ્રેમ એક પ્રકારનો હોતો નથી, સંતોનો પ્રેમ અનેક પ્રકારનો હોય છે. અરે! હું રંક અબળા તમારા પ્રતિ કેટલા બધા પ્રેમથી મારા દિવસો નિર્ગમન કરે જતી હતી? વારે ઘડીએ કામકાજ કરતાં તમે મને સ્મરણમાં આવતા હતા. તમારી ભક્તિ રસથી ભરેલી મધુરી વાણી મને બહુ યાદ આવતી હતી. તમે મને જેવો ઉપદેશ કર્યો હતો તે પ્રમાણે હું પતીવ્રતાના ધર્મો પાળતી હતી, પુત્રપ્રતિનું કર્તવ્ય સમજી પુત્રને વારે ઘડીએ રમાડતી હતી અને યથાશક્તિ પ્રભુની ભક્તિ હું કરતી હતી. વળી કોઇકોઇ વખત મારા હૃદયના ઉંડાણમાં ખેદ તથા આનંદનો અનુભવ હું કરતી હતી. મને ખેદ તો તેજ થતો કે તમે મને સારે રસ્તે ચઢાવી ગયા તે ફરીથી દેખાયાજ નહીં! કે તમારી ઓથ વિના હું નીતિથી રહીને પ્રભુની ભક્તિ ક્યારે કરીશ. આનંદ એમ માનતી કે તમે પાછા ફરી આવશો અને મને વધુ બોધ દેશો એટલે હું થોડી વધારે પ્રભુની ભક્તિ કરીશ, ઉંચા આશયનાં પુસ્તકોનું અવલોકન કરીશ અને સત્યના પંથે ચાલી હું મારા જન્મને સાર્થક માનીશ. આ પ્રમાણે આશાના અંકુરો મારા હૃદયમાં ફુટવાથી ખરી રીતી નીતિથી હું દિવસો નિર્ગમન કરે જતી હતી. [ઉલકશંખજીના કાનમાં બહુ ધીમેથી] જુઓ ઉલકશંખજી! બધા સાંભળે તેમ ઘાંટો પાડીને હું જે ભક્તિ સંબંધી વાત કરું તે તમારે સત્ય ન માનવી, કારણ કે લોકોના સાંભળતાં એવી ભક્તિની વાતો ન કરીએ તો તમે અહીં આવો તેથી લોકોને વહેમ આવે પરંતુ ખરી રીતે જો કહું તો,—

ખરે આંક તે તો એલા અંબ જાણી,
લહ્યું સત્ય જળ તેજ મૃગજળ પાણી;

લહી સત્ય લેવા ગઇ પ્રેમ આણી,
પત ખોઇ અરે હું અદ્ધરકરાણી.

અરે! કદાચ કોઇ વખત કાંઇ કૃત્ય પણ થઇ જાય તેમાં મુંઝાવાનું કારણ નથી. સર્વે મનુષ્યો ભૂલને પાત્ર છે. પરંતુ એ ભૂલ ન કહેવાય. એતો શિખામણ કે ફરીથી બીજીવાર એવી મોટી ગંભીર ભૂલ થવાજ ન પામે. પરંતુ પ્રબળ ભાવી આગળ મનુષ્યો નિર્બળ છે.

હોન પદારથ હોત હે, બિસર જાત સબ શુદ્ધ;
જેસી લિખિ નાસબમેં, તેસી ઉકલત બુદ્ધ.

ઉલકશંખજી! હવે અંતરનું દુઃખ અંતરમાંજ સમાવું છું. કેમકે હવે વધારે વર્ણન કરવાથી દુઃખમાં દુઃખનો વધારો થાય છે.

વસીને વાસ જંગલમાં, અરે! નીચ ભક્ષના આહારી;
રૂડાં ભોજન અને મેવા, તણા તે સ્વાદ શું જાણે?
ગમે ના ગંધ ચંદનની, કુગંધી જીવને ક્યાંથી?
ખરે! જન સ્વાર્થીઓ તેમજ, અરે! તે પ્રેમ શું જાણે?

ઉલકશંખઃ—[પદ્મિની સાંભળે તેમ ધીરેથી] અરે! વ્હાલી પદ્મિની! તમે કેમ દીવાનાં થઇ ગયાં! મારા પ્રેમથી હજી સુધી શું તમે અજાણ્યાં છો? તમારા બોલવા ઉપરથી એમ નક્કી થાય છે કે તમો હજુ મારા પ્રેમને ન પારખતાં મારાથી ભિન્નતા રાખો છો. તમારા ભેદભરેલા વચનપ્રહારથી હું તદ્દન આભો બની ગયો છું, અને હવે કેવા શબ્દોથી તમારા મનનું સમાધાન કરવું તેની મને સુઝ પડતી નથી.

આપી પ્રથમ મેં શર્કરા, તેને કહો કટકી તમે,
તેને વળી વીખ શું કહો, પીને અમી ધટકી તમે;
વળી કનક પાત્રને કહો, માટી તણી મટકી તમે,

થાયે અનુમાન એ થકી, જાવા મથો છટકી તમે.

પ્રિયા ! તે દિવસે તમે મને જે વિષે કહ્યું હતું તે કાર્યમાંજ હું રોકાયો હતો. કેટલા બધા દિવસથી લાગલાગટ તનમનથી પ્રયાસ કર્યો ત્યારે ગઇ કાલેજ હજી થોડો ફત્તેહમંદ નિવડયો છું. ગયે વર્ષે મેં આપને પાંચસો રૂપીઆ આપ્યા હતા, તે વખત ઘરની અંદરથી દરેક નાની મોટી જણસો વેચી ત્યારેજ તેટલાં નાણાંની રોકડ થઈ હતી, અને આ વખતે તમોએ એક હજાર રૂપીઆની માગણી કરી, તે પણ મેં કબુલ કરી અને ગમે ત્યાંથી સવડ ઉતારીને તે રકમ તમને આપવાનો નિશ્ચય કર્યો. વ્હાલી ! તમે જે કહેવું હોય તે શાંતિથી ન કહેતાં વચન બાણોનો મને જે પ્રહાર કર્યો છે તેથી તો હું લગાર દીલગીર થયો અને આશ્ચર્ય પામ્યો. વળી તમેજ તમારા પવિત્ર અંતઃકરણમાં વિચાર કરી જુઓ કે હું જો સ્વાર્થી હોત તો અત્યાર સુધી મેં તમને સર્વસ્વ અર્પણ કર્યું છે તે શું કરવા કરત! પરંતુ મેં તેવો વિચાર પણ કર્યો નથી. હું સમજું છું કે સ્ત્રીઓની સ્વાર્થી બુદ્ધિ હોય છે, અને મને તરછોડવાથી ભવિષ્યમાં હું શું કરીશ ? જે મારૂં ધન હતું તે તો મેં તમને અર્પણ કરી દીધું છે. પરંતુ વ્હાલી ! એ દુષ્ટ વિચાર કોઇપણ વખત આ પ્રેમી અંતઃકરણમાં બહુધા આવી શકયોજ નથી, એમ મારા સ્મરણમાં છે. અને કદાચિત તેવો વિચાર આવી ગયો હશે તો આ અંતઃકરણને મેં બહુજ ધીક્કાર્યું હશે, અને કહેલું હશે કે કદાચ પદ્મિનીથી દગાને ભોગ હું થઇશ તો ભિક્ષાવૃત્તિથી પેટ ભરીશ, પરંતુ હે અંતઃકરણ ! આજ પછી તું એ દુષ્ટ વિચારને તારા હૃદયમાં સ્થાન આપીશ નહીં. વળી તે દિવસે મેં તમને કહ્યુંજ હતુંને કે તમોએ માગ્યા મુજબ નાણાંની સવડ કર્યા વિના હું તમારી પાસે આવી શકીશજ

નહીં. શું તે તમે ભૂલી ગયાં કે? શું મારા ઉત્સાહી સ્વભાવથી તમે અજાણ્યાં છો કે? એક વખત વિશ્વાસ ન આવેલા મનુષ્યનો બીજી વખત વિશ્વાસ કરી શકાય ખરો કે? તમે હમણાં કહ્યું છે ને કે લાજ ફરી ફરીને મળતીજ નથી. તો પછી તમે મારા ઉપર અણુવિશ્વાસ લાવો એવું કામ હું શું કરવા કરૂં!

લાખ ગુમાવી શાખ રાખવી, શાખે મળશે લાખ;
લાખ રાખીને શાખ ગુમાવે, શાખ ગયે સહુ ખાખ.

* * * *

તરૂવર સુરંગ છો શાણી પક્ષી શું રીબાવો (૨)
કૃપા ડાળીએ આસન આપી સુફળ નિત્ય ખવરાવો. તરૂ૦
દૃગ આ મુજ ચકોર થઇ, નિજ વદને ચંદ ચ્હાય છે;
હું ચાતક સ્વાતિ તમે, પ્રેમ બુંદ મુખમાંય છે. તરૂ૦
જળ વિણ છે ગત મચ્છ તણી, પ્રાણ વિના આ દેહની;
સમજુ છો સમજો સહુ, અધીક વાત નહીં નેહની. તરૂ૦

પદ્મિની—ઉલકશંખજી! તમને હું બહુજ ધન્યવાદ આપું છું. તમે જાણો છો કે સ્ત્રીઓનો સ્વભાવ બહુજ અધીરો હોય છે. ઘણા દિવસ સુધી તમે મળ્યા નહીં તેથી હું ધીરજ ધરી શકી નહીં. અને ત્યાર પછી જેમ જેમ દિવસો વ્યતીત થતા ગયા તેમ તેમ હું ઘણીજ અધીરી થઇ. અંતઃકરણમાં ગભરાવા લાગી. છેવટે ઘણાજ દિવસો થવાથી જ્યારે તમે ન આવ્યા ત્યારે મારૂં કાળજું ખંડાઇ જવા લાગ્યું અને અત્યારે આવ્યા ત્યારે મેં આપને વચન બાણો માર્યા છે તે માટે અત્યારે હું આપની ક્ષમા માગું છું, અને આશા રાખું છું કે તે વચન બાણો હજુ આપના અંતઃકરણમાં સજ્જડ ચોંટી ગયાં હોય તો તેને કાઢી નાંખશો. પ્રિય ઉલકશંખજી!

પ્રેમીજનો પ્રેમમાં દિવાના જેવાં થઇ જાય છે. કહ્યું છે કે,-"જ્યાં આવે પ્રેમની રોડી, ત્યારે ન સુઝે પ્રભાત કે ગોડી" વ્હાલા! બીજું બધું ગમે તેમ હોય, પરંતુ હું તો આપને મારા પ્રેમી, પ્રાણાધાર, મારા મુરબ્બી અને સર્વથી શ્રેષ્ઠજ માની રહી છું.

દૌસ્તી એસી કીજીએ, જૈસે શિરકે બાલ;
કટે કટાવે ફીર કટે, જડસેં જાય ન ખ્યાલ.

ઉલકશંખ—વ્હાલી! એ બધું તો તમે સત્યજ કહો છો, અને હું પણ સત્યજ માનું છું. પરંતુ તમારા મનમાં એમ આવ્યું કે નાણાં માગ્યાં ત્યારેજ ઉલકશંખ છુપાઇ ગયા. પરંતુ વ્હાલી! તેમ નહોતું. મારે જરા યુક્તિથી કામ કરવાનું હતું.

પદ્મિની—શું યુક્તિ! અને નાણાં ક્યાંથી તથા કેવી રીતે લાવ્યા છો તે તો જરા કહો!

ઉલકશંખ—કહેવાથી શું ફાયદો થાય એમ છે? કંઇ કહેવા જેવુંજ નથી.

પદ્મિની—ના, તમે જરૂર કહો. તમને મારા સોગન છે, જો ન કહો તો.

ઉલકશંખ—તમે મને વારંવાર પૂછો છો તો શ્રવણ કરો.

ગત વર્ષે જે નાણાં મેં તમને આપેલાં, તે વખત ઘરમાંની બધી નાની મોટી જણુસો વેચીને આપેલાં. તે પછી માત્ર ઘરજ બાકી રહ્યું હતું. ત્યાર પછી મેં વિચાર કર્યો કે હવે આપણે લગ્ન તો કર્યું નથી, ત્યારે આ ઘરબાર વિગેરેની આપણને જરૂર પણ શી છે! એમ વિચારી લીલાંઉથી ઘર વેચી નાંખ્યું છે, અને તેના એક હજાર રૂપીઆ લેવાના ઠરાવ્યા છે. તેમાં ઘર લેનારે હાલ પાંચસો રૂપીઆ આપ્યા છે, અને બીજાનો એક માસનો તેણે વાયદો કર્યો

છે. જે નાણાં મળ્યાં છે, તે હું થોડીવાર રહી આપી જઇશ. હમણાં તો હું રજા લઉં છું

પદ્મિની—હાજી, વળી પધારજો. અને કૃપા રાખો છો તેવીજ હમેશાં રાખજો.

ત્યાર પછી ઉલકશંખ ત્યાંથી નીકળીને જાય છે તેવામાં તેને ઘણા વખતથી પદ્મિનીનો સ્વામિ તેના પુત્રને લઇ ક્યાંય ફરવા ગએલો તે તેજ ક્ષણે દ્વાર આગળજ મળ્યો, અને ઉલકશંખને પોતાના ઘરમાંથી નીકળતો જોઇ ગુસ્સે થયો અને કહેવા લાગ્યો કે 'અલ્યા ઉલકીઆ ! પુરૂષોની ગેરહાજરીમાં અહીં આવવાનું તારે પ્રયોજન શું છે ? આ શબ્દ શ્રવણ થતાંજ પદ્મિની ત્યાં આવી પહોંચી, અને કર્કશ સ્વરથી તેના ધણીને દુર્વચનો કહેવા લાગી કે કેમ ? શું છે ? એ તમને મળવા આવ્યા હતા, તે જ્યારે તમને ન દીઠા, કે તુરતજ બિચારા ઘરમાંથી બહાર નિકળી રસ્તે પડયા. જાઓ ભાઇ ઉલકશંખ, તમે તમારે ઘેર પધારો.એ તો હું આરોપીજ મારા ન્યાયાધિશ સ્વામિને જવાબ આપી દઇશ. (ઉલકશંખ ઘેર ગયો).

છોકરો—બા ! મેં તો સાધુ હો. તા તા ને ત્યાં ધીઓતો.

પદ્મિનીએ તે છોકરાનાં વચનો પર ચિત્ત ન આણતાં અંતઃકરણમાં વિચાર કરવા લાગી કે જો મારો ધણી કાંઇ જાણી જશે અને મારા સ્નેહીઓને એવી રીતે કનડશે તો તે સારૂં નહિ. માટે તે બાબતનો સારી રીતેજ બંદોબસ્ત કરી લેવો યોગ્ય છે. એ પ્રમાણે વિચાર કરી તે એકાન્તમાં પોતાના પુત્રને લેઇ ઉંડા વિચારમાં લીન થઇ ગઇ હતી; તેવામાં તેના ધણીએ જમવા માટે પિરસવા કહ્યું; તે તરફ લક્ષ ન કરતાં તે ઘાંટો કહાડી બોલી કે , સાચું કહો તમે શું ધાર્યું છે ?

મારા આબરૂદાર પિતાશ્રીને બદનામ દેવા કેમ બેઠા છો? આજે આ-ટલો વ્હેમ લાવ્યા તો વળી કોઇ દિવસ એથી પણ વધારે વ્હેમ લાવી કાંઇક અનર્થ કરો, તેમાં શક શું? માટે આ તારૂં ઘર. ચાલ બેટા! હવે પછી આપણે આપણા પિતાશ્રીને ઘેરજ રહીશું. બળે એનું ઘર, અને મરે એ વર. આ પ્રમાણે પતિનો તિરસ્કાર કરી તેજ ક્ષણે પદ્મિની પોતાના છોકરાને લેઇ ચાલવા લાગી. તેના ધણીના તો આ બધું જોઇને હોંશજ ઉડી ગયા અને વિચાર કર્યો કે, જો આને સમજાવીશ નહિ તો કંઇ કૂવો હવાડો કરશે, તો મારા ભોગ મળશે. એમ ધા-રીને તેણે પદ્મિનીને સમજાવવા માંડી. તોપણ પરાણે પદ્મિની જવા લા-ગી. એટલે તેના ધણીએ વિચાર્યું કે એના માતા પિતાની જાણમાં આ બાબત આવશે તો તેમાંથી ખોટું પરિણામ આવશે અને મને સર્વે લોકો ઠપકો દેશે, તેથી કંસાર કરતાં થુલી થઇ જશે. માટે ક્ષ-માજ માગું. એવો વિચાર કરી તે પદ્મિની પાસે ગયો અને બહુ ન-મ્રતાથી કહેવા લાગ્યો કે એમાં રીસ શાની લગાડે છે? આજના ગુન્હા માટે હું ક્ષમા માગું છું. અને ફરીથી જો કાંઇ તને કહું તો આપણા દેવજીના મને સોગન છે. હવે ખુશી થઇને? એટલે પદ્મિની અંતઃકરણમાં આનંદ માનતી પોતાના ઘરમાં આવી અને પોતાના ધણીને પિરસવા બેઠી!

પ્રકરણ ૫ મું.

સુખ માટે દુઃખ.

જેમ મોરલીના નાદથી સર્પ ડોલે છે, દીપકના તેજથી પતંગ મોહ પામે છે, જીવ્હાના સ્વાદથી માછલાં પોતાનો પ્રાણ ખુએ છે અને

સુંગધના લોભથી ભમરાઓ કમળમાં ભરાઇ જાય છે તેમ કામદેવનાં બાણુથી સ્ત્રીપુરૂષોનાં કાળજાં વિંધાઇ જાય છે. કામદેવનું બાણ લાગતાં વિષયી સ્ત્રીપુરૂષોનામાં કોઇ પણ પ્રકારનો વિવેક રહેતો નથી અને અંધ બની ન કરવાનાં કાર્યો કરે છે. જેમ પ્રવાસે જતાં માર્ગમાં મહાન્ વિઘ્નઆવ્યું હોય, અને તેમાંથી બળાત્કારે બચી જઇએ તોપણ આવેલા વિઘ્નનું વિસ્મરણ એકદમ થતું નથી, તેવીજ રીતે જોતાં, કામદેવના બાણથી કોઇપણ બચી ગએલો જણાયો નથી તેથી તેનું વિસ્મરણ એકદમ થતું નથી. એ ઉપર જ્ઞાની કવિ રઘુનંદન કહે છે કે—

નખ બિન કટા દેખે, શીશ ભરી જટા દેખે,
જોગી કંન ફટા દેખે, છાર લાએ તનમે;
મૌની અબોલા દેખે, કે તે સહ્ગુની દેખે,
માયા ભરપૂર દેખે, ફૂલ રહે ધનમે;
આદ અંત સુખી દેખે, જન્મ કે દુઃખી દેખે,
કરત કિલોલ દેખે, બનખડી બંનમે;
શૂર ઓર બીર દેખે, અમીત અમીર દેખે,
એસે નહિ દેખે જીન્હે, કામના ન મનમે.

(સાહિત્ય રત્નાકર)

છતાં પણ કોઇ કામદેવ રૂપી મહાન્ વિઘ્નમાંથી જ્ઞાનબળથી બચી ગયો હશે તોપણ તેને કેટલી બધી તેમાંથી છટકતાં મુશ્કેલી નડી હશે તે તો તેનું અંતઃકરણજ જાણતું હશે. અને તે પછી પણ તે વિઘ્ન તેને યાદ આવ્યેજ ગયું હશે. અહા ! કેટલું બધું એ કામદેવનું પરિબળ કહી શકાય ?

પદ્મિનીએ હવે તો જેમ ફાવે તેમ વર્તવા માંડયું. આ ચરિત્રો

લડાવીને પતીને એક રમકડા સમાન કરી મૂક્યો. એક દિવસ પદ્મિની પોતાના ઘરમાં એકલી બેઠી છે એવામાં એક માણસે તેના ઘરમાં પ્રવેશ કર્યો. તેને જોઇને પદ્મિની ઉભી થઇ અને કહેવા લાગી.

પદ્મિની—પધારો ! પધારો, શ્વેતશંખજી! હજી અત્યારેજ આવ્યા છો કે શું! આટલા દિવસ ક્યાં ગયા હતા? શું ગિરનારની ગુફામાં ગયા હતા? (શ્વેતશંખજીના મોં ઉપર ધીમેથી તમાચો મારીને) હા ! હા! એતો હવે હું સમજી. પુરૂષોનાં હ્રદય બહુજ કઠોર હોય છે એટલે બીજાના ઉપર દયા ક્યાંથી આવે! જેમ પાષાણ ઉપર જળ પડવાથી તેની અસર થતી નથી, અને પાષાણ લગાર પણ પલળતો નથી તેમ તમારા જેવા કઠોર હ્રદયના પુરૂષોને અમારા જેવી સુકોમળ અબળાઓ ઉપર ક્યાંથી દયા હોય ?

તજી તેજ હું કષ્ટ સાથે સુધર્મ,
તજીને વળી સ્નેહી કુટુંબ શર્મ;
તજી એશ સુખો સહુ પ્રેમ માટે,
છતાં આપ ચૂક્યા નહિ આશ વાટે.

શ્વેતશંખજી—

આમ શું કરો વદીને ક્રુર વાણી (૨) નહિ આપને ધટે એ પ્રીયા શાણી.
દુઃખી જીવનું વિયોગ દુઃખ જાણો,
છતાં અંતરે દયા ન કેમ આણો;
પય કહીને ન પાઓ પછી પાણી. નહિ૦

પ્રીયા ! આમ વગર વિચાર્યું શું બોલો છો ? તે દિવસ હું આપને સ્પષ્ટપણે કહીનેજ મુંબઇ ગયો હતો, અને જેટલા દિવસ ત્યાં રહેવા માટે નક્કી કરેલા તેટલા દિવસ રોકાઇ તમારી સેવામાં હાજર થયો છું. પરંતુ વ્હાલી ! પ્રેમ વિરહનું તમને દુઃખ થયું હશે તે

સત્યજ છે, અને જેમ આપ અહિં દુ:ખી હતાં, એથી પણ હું વિરહ વેદનાથી ત્યાં વધારે દુ:ખી હતો. છેવટે જે કાંઇ લેવા કરવાનું હતું તે જલદીથી લઇ સીધો ચાલ્યોજ આવ્યો છું. વળી ઘરના દુ:ખથી હું બળ્યો બળ્યો થઇ રહ્યો છું. પરંતુ તે સર્વ દુ:ખો અને બળત્રા તમારૂં પવિત્ર અને હસ્તુ વદન નિહાળતાંજ, સદાને માટે પલાયન કરી ગયાં છે.

પદ્મિની—અત્યારે ઘેર જઇને આવ્યા છો ને ?

શ્વેતશંખ—નારે ના ! ઘેર કોણ ગયું છે ? અત્યારે બારોબર ચાલ્યોજ આવું છું ને.

પદ્મિની—વાહ ! એ બધું તો ખરૂં પરંતુ આ ગાંસડીમાં શું બાંધ્યું છે !

શ્વેતશંખ—વ્હાલી ! એને માટેજ મુંબઇ ગયો હતો ને એની અંદર ચારશો રૂપીઆનો માલ છે. અને તે તમારા માટેજ છે.

પદ્મિની—ઓહો ! શ્વેતશંખજી ? આટલી બધી તસ્દી લેવાની જરૂર શી હતી ? આ જરીની કોરવાળાં હીરનાં વસ્ત્રો તો બહુજ સારાં લાવ્યો છોને શું ? અને વળી આ શું ? એની અંદર શું છે ? સુગંધીદાર અત્તર કે ઓટોમોહિની !

શ્વેતશંખ—ના અત્તર નથી એ તો.........કંઇ નહીં.

પદ્મિની—કંઇ નહીં એ તો ઠીક, પરંતુ છે શું ? તે કહોને ? ન કહો તો તમને મારા સોગન છે.

શ્વેતશંખ—વ્હાલી ? એ તો વિલાયતી બ્રાન્ડી છે. બહુજ મઝા આવે છે. ખાસ આપને માટેજ ઉંચા ભાવની ખરીદી લાવ્યો છું. જરા............લેશો ?

પદ્મિની—શ્વેતશંખજી ? અત્યારે એ વાત જવા દો. કમાંય

દુર્ગંધ ઉડે ત્યારે ફજેત થઇએ.

શ્વેતશંખ—ના, ના. વિલાયતી બ્રાન્ડીની દુર્ગંધ જરા પણ ઉડતી નથી. મારા સોગન તમે મારો હાથ દેખો તો. મેં તેમાંથી પીધેલી છે, પરંતુ લગાર પણ દુર્ગંધ આવે છે ?

પદ્મિની—ના, દુર્ગંધ આવતી જણાતી તો નથી. પરંતુ બહુ કેફ તો નહીં ચઢી જાયને !

શ્વેતશંખ—વ્હાલી ! તમે જરા પણ સંશય રાખશો નહીં. હું કાંઇ મૂર્ખ છું ! હમણાં પીવાની ઇચ્છા ન થાય તો પછીથી પીજો પણ એ સર્વ સંભાળીને મૂકી દ્યો. હવે હું રજા લઉં છું.

પદ્મિની—હા, જી. વળી પધારજો.

શ્વેતશંખજીના ગયા પછી તેજ ક્ષણે બ્રાન્ડીની બાટલી તોડીને પદ્મિનીએ તેમાંથી થોડીક બ્રાન્ડી પીધી. તેનો સ્વાદ તેને બહુજ પ્રીય લાગ્યો તેથી તે શ્વેતશંખજીને અંતઃકરણથી ધન્યવાદ દેવા લાગી. અને દ્રવ્ય, સુખ, અને આનંદ નિત્ય નિત્ય વધુ મળવાથી તે ઘણીજ પ્રફુલિત રહેવા લાગી અને પોતાના ભાગ્યને ધન્યવાદ દેવા લાગી.

કૃત્ય જેવાં જીવથી, રૂડાં કે ક્રૂર કરાય છે,
બુદ્ધિ અને સુખઃદુખ જે, તેજ સમ બંધાય છે;
પાપીષ્ઠ પણ તે જીવનો, વિચાર શુદ્ધ અંતર કરે,
પરખીતો શુદ્ધ અશુદ્ધને, ભવ દુઃખતો સ્હેજે તરે.

પદ્મિનીના ઘેરથી શ્વેતશંખ ઘેર જવા તો નિકળ્યો, પરંતુ તેનું મુખ તથા અંતઃકરણ શોકથી છવાઇ રહેલું જણાતું હતું. તેનાં નેત્રો તેજરહિત તથા શરીરની કાન્તિ તદ્દન મંદ થઇ ગઇ હતી. જે મહેલ્લામાં તેનું ઘર હતું તે રસ્તો મૂકી દઇ બીજા મહેલ્લામાં જવા તેણે વિચાર્યું અને તેજ પ્રમાણે પોતાના ઘેર ન જતાં બીજાને ઘેર

જઇને તે બેઠો. એટલે તે ઘરવાળાએ શ્વેતશંખજીને પૂછયું કે કેમ ભાઇ ? ક્યાંય મહેમાન તરીકે ગયા હતા કે શું ? તોપણ શ્વેતશંખજીએ જવાબ આપ્યો નહિ. ફરી જ્યારે તેણે પૂછયું કે—કેમ જવાબ આપતાં પણ શરમ આવે છે કે શું ? તમારી આબરૂની મહત્તા તો અમો સર્વે આ મહેલ્લાના મનુષ્યો જાણી ગયા છીએ. દુષ્ટ ! તારા જેવા પુરૂષોને અનેકવાર ધિક્કાર છે. હે દુષ્ટના સરદાર ! તેં તારી સર્વ સંપત્તિ ક્યાં બાળી મૂકી છે ? બિચારી દયાજનક તારી સ્ત્રી કેટલા દિવસો થયાં ભિક્ષાવૃત્તિ કરીને તારાં છોકરાંનો નિર્વાહ ચલાવે છે. બહુ દુઃખ પડવાથી તેનાં નેત્રોમાંથી તો અશ્રુ સુકાતાં નથી. બિચારાં નિર્દોષ બાળકો ભૂખથી દુઃખી થઇ રહ્યાં છે. તેઓને પહેરવાને વસ્ત્રો પણ નથી. અરરર ! આશું કહેવાય ?

અમો આ મહેલ્લાના રહેવાશીઓ તારાં આવાં ક્લેશ પણ ચરિત્રો જાણતા નહોતા, પરંતુ ગઇ કાલેજ તારી સ્ત્રી મારે ઘેર આવી બિચારી બહુજ અશ્રુપાત કરતી હતી. તારાં દયાજનક બાળકોનું દુઃખ તે બિચારી કેટલું સહન કરી શકે ? અમોએ તે સર્વને તેજ વખતે ભોજન જમાડી વસ્ત્રો પણ આપ્યાં હતાં. તે પછી તેણે કહ્યું કે માતા પિતાઓ ! હું દીન અબળા ઉપર દયા કરવાથી પ્રભુ તમારૂં કલ્યાણ કરજો. તમો દયા કરી તો હું અને મારાં છોકરાં જીવતાં રહ્યાં. મારા સ્વામિએ સર્વ સંપત્તિ ક્યાંય ગુમાવી દીધી છે, અને કેટલાક દિવસો થયા ક્યાંય ગયો છે. તેનું શું થયું તે જણાતું નથી. અમે સુખેથી દિવસ નિર્ગમન કરતાં હતાં, પરંતુ મારા સ્વામિને અવળી મતિ સુઝી એટલે સર્વ સંપત્તિનો નાશ કરી અમને દુઃખના દરિયામાં નાંખી દીધાં, અને તે ક્યાંય ચાલ્યો ગયો છે. અમારૂં જે ઘર હતું, તે પણ તેમણે વેચી નાંખ્યું છે અને જે ઘરમાં અમે ભાડે રહેતાં હતાં તે

ઘરધણીએ તેના ઘરના ભાડાના પૈસા માગ્યા જે અમારાથી ન આપી શકાયાથી અમને ખાલી કરવાની નોટીસ આપી છે. માતાપિતા! અમો વખાનાં માર્યાં તમો જેવા દયાળુના આશરે આવ્યાં છીએ. નગરજનો દયાળુ હોવાથી અમને અન્ન મળે છે. પ્રભો! અમો જેવા રંકપર દયા કરનાર તમારા જેવા દયાળુઓનું કલ્યાણ કરજો.

શ્વેતશંખ! તેના કરૂણાજનક શબ્દો શ્રવણ થતાં તારા પ્રતિ તે વખતે અમને બહુજ ક્રોધ ચઢયો હતો, પરંતુ તે ક્ષણે તું અહિં મૂવો નહોતો. નહિતો તને જરા હલકો કરત ખરા, અને તારૂં ધરકી-પણું મુકી દેવરાવત. તે વખતે મહેલ્લામાંના સર્વે સ્ત્રી પુરૂષો ત્યાં જોવા ટોળે મળ્યાં. અને તેને વચનોના પ્રહારથી કાજળશંખજી બનાવી દીધા!! આ સજ્જનનાં આવાં વચનો સાંભળી શ્વેતશંખજી બહુજ ગભરાવા લાગ્યા, અને આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. કરેલા કર્મનો મનમાં પશ્ચાતાપ થવા માંડયો અને મનમાં સત્યાસત્યનો વિચાર કરવા લાગ્યો. એવામાં એક વૃદ્ધ પુરૂષે ત્યાં આગળ આવીને શ્વેતશંખને બહુજ ઠપકો આપતાં બોલ્યો કે, જગતમાં તમો બધા પાપી અને અધર્મીનાજ અવતાર છો. હે દુષ્ટો! દુષ્ટ કૃત્યથી તમો અત્યંત દુઃખી થઇ નરકમાં સડશો, તે વખત તમે બહુજ પસ્તાશો, અને કરેલાં કુકૃત્યોને અત્યંત ધિક્કારશો. પરંતુ જે વખત વિવેકથી વર્ત્તવાનું છે, તે વખત અવિવેકપણામાં મિથ્યા ગુમાવો અને અવિવેકનાં દુષ્ટ ફળ મલતાં મનમાં પસ્તાઇને વિવેકી થવાનો પ્રયત્ન કરવા માંડો, પરંતુ પાણી વહિ જતાં પહેલાં બેદરકાર રહી, વહિ ગયા પછી 'દરકાર રાખવાથી શું વળે' એમ છે? હે અધર્મીઓ! જરા સારાસારનો વિચાર કરો અને અમૂલ્ય મનુષ્ય દેહ જે મળ્યો છે તેને વૃથા ન ગુમાવતાં તેનો સદુપયોગ કરો. કેમકે ફરી ફરીને મનુષ્યનો અવતાર મળી શકશે નહિ.

વિજળીના પ્રકાશથી, રહે ન સદા ઉજાસ,
સદા રહે કર આશતે, કદી ન થાય નિરાશ.

પરસ્ત્રી સાથે જે મનુષ્ય પ્રીત કરે છે તે પ્રથમ ઘણાં કષ્ટો સહ્યા પછી અંતે દારૂણુ નરકમાં પડે છે. પરસ્ત્રીના સંગથી આયુષ્ય ઘટે છે, વ્રિકળતા થાય છે, જનમંડળમાં મશ્કરી થાય છે, નિંદા થાય છે, દ્રવ્ય નાશ પામી નીચત્વ આવે છે અને વળી આ લોક તથા પરલોકથી પતન થવાય છે.

કાયા સેં કામ જાત, ગાંઠીસેં દામ જાત,
નારીસેં નેહ જાત, રૂપ જાત રંગતે;
ઉત્તમ સબ કર્મ જાત, કુલકે સબ ધર્મ જાત,
ગુરુ જનસેં શર્મ જાત, કામકે ઉમંગતે;
ગુણુ રંગ રીતિ જાત, વેદસેં પ્રતિતી જાત,
પ્રભુજીસે નેહ જાત, અપની મત ભંગતે;
જપ તપકી આશ જાત, સુરપુરકો બાસ જાત,
ભૂપણુ વિલાસ જાત, પરનારીકે સંગતે.

તે સુજ્ઞ વૃદ્ધ પુરુષનાં અમૃતમય વચનો સાંભળી ત્યાં આગળ પોક મૂકીને શ્વેતશંખ રડવા લાગ્યો, અને થએલા અપરાધની વારંવાર ક્ષમા માગવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે ફરીથી હું કોઇ પણ પ્રકારનું કુકૃત્ય કરૂં તો હે પ્રભો ! વિશ્વમાં જે પાપો થાય છે તે પાપનો હું ભોક્તા થાઉં. પરંતુ મારાં વ્હાલાં માતાપિતાઓને એક મારી દીન અરજ છે.

સુજ્ઞ વૃદ્ધ—શ્વેતશંખ ? તારૂં હૃદય હવે કોમળ થયું હોય એમ મને તારા પશ્ચાતાપ ઉપરથી અનુમાન થાય છે. માટે જે તારે કહેવું હોય તે સુખેથી કહે

શ્વેતશંખ—માતાપિતાઓ ! હું તદન દીન થઇ ગયો છું, માટે હું હાલ નિર્વાહ ચલાવું તેટલીજ આપની કૃપાની આશા રાખું છું.

સુજ્ઞ વૃદ્ધ—તે માટે તું જરા પણ ફિકર કરીશ નહિ. વગર ભાડે હું તને ઘર રહેવા માટે આપું છું, અને અન્નાદિ જે જોઇએ તે પણ આપવા કબુલ થાઉં છું. ત્યારપછી તેજ વખતે તેનાં સ્ત્રી અને બાળકોને બોલાવી મંગાવી શ્વેતશંખને સોંપ્યાં અને તેને રહેવા ઘર આપ્યું. તેની અંદર તેઓ રહીને દિવસ ગુજારવા લાગ્યાં. શ્વેતશંખે સ્ત્રી પાસે ક્ષમા માગી અને ગુજરાન માટે ઉદ્યમ કરવા લાગ્યો. ખરૂંજ છે કે જળમાંથી ઘૃત મળત તો પયને કોણ પૂછત ?

પ્રકરણ ૬ ઠ્ઠું.

પ્રેમ લાભ.

વિજ્ઞાન ને વળી ધ્યાનથી અદ્વૈતને જાણી શકે,
નરનારનું ગર્ભવિષે અનુમાન પણ ચાખી શકે;
વૃત્તાંત વળી ભવિષ્યનું વિદ્વાન કો વાણી શકે,
જાણે ચરિત્ર ન દેવતો શું પ્રાણી જન જાણી શકે.

મુખમેં રામ બગલમેં છૂરી, ભગત થયા પણ દાનત બૂરી.

પદ્મિની—[ઉલકશંખને પોતાના ઘેર આવતા જોઇને] પધારો ઉલકશંખજી! હું સોગન ખાઇને કહું છું કે હું અત્યારે આપનેજ યાદ કરતી હતી. આનંદમાં તો છોને?

ઉલકશંખ—બા ! પદ્મિ ! આ ......નંદની તો સીમાજ રહી નથી, આપની કૃપા એજ આનંદાનંદ......આપના પવિત્ર અંતઃક-

રણુમાં મારા માટે સંકલ્પ થતાંજ હું આવી પહોંચ્યો. ત્યારે તમે જ કહોને કે તમારા ઉપર મારો અને મારા ઉપર તમારો કેટલો બધો પ્રેમ ? એ તો મનોમન સાક્ષી ! વ્હાલી ! હું તો આપના પ્રેમી વચનોને સત્ય જ માની રહ્યો છું, તેમાં સોગન ખાવાની જરૂર નથી. એ દિવસ ન અવાયું તે કાંઇ પ્રયોજનને લીધેજ. પદ્મિની ! જે પ્રેમ-રંગથી આપણાં અંતઃકરણ રંગાઇ ગયાં, તે રંગ તો દેહ પડશે તો પણ પ્રાણ સાથે જશે, પરંતુ પ્રાણથી જુદો પડશે નહીં, વ્હાલી ! પ્રેમનાં બંધન આગળ બીજાં ગમે તેવાં દ્રઢ બંધન નકામાં છે.

પદ્મિની—તે તો તમારૂં કહેવું સાચું છે, પરંતુ......તમો વચમાં કહી ગયાને કે કાંઇ પ્રયોજનથી બે દિવસ આવી શકાયું નહીં તે શું પ્રયોજન હતું ?

ઉલકશંખ—પદ્મિની ! તે તો તેજ તો–નહીં ! પે.........હું.

પદ્મિની—શું નાણાં બાબતનું ?

ઉલકશંખ—હા એજ. તેણે કહ્યું હતું ને કે અરધા રૂપીઆ અત્યારે લેઇ જાઓ અને બાકીના એક મહિના પછી મળશે ત્યારે મેં તેની સાથે તકરાર કરી અને કહ્યું કે નાણાં અત્યારે જ જોઇશે, અને ન આપવાની શક્તિ હોય તો ઘર રહેવા દો મારે નથી વેચવું. આવા દબાણથી તેણે બધાં નાણાં આપી દીધાં, અને તે આ રહ્યાં લેઈ લ્યો ! !

પદ્મિનીએ [જરા સંકોચાતી] તે નાણાં લેઇ પટારામાં મૂકી દીધાં. ત્યાર પછી તે વિચાર કરવા લાગી કે હવે ઉલકશંખજીને જરા ખીલવીએ. કેમકે મુખથી મોદક જમાડવા તો લુખા શા માટે જમાડવા ? શેરે બશેર ઘી અને બશેર સાકર નાંખીને તથા બદામ, ઇલાયચી, દ્રાક્ષ ચારોળી વિગેરે મેળવીને જ જમાડવા. વાંઝીઆના

છોકરા હશે તો જ મરશેને ? અત્યારે તો અમે યજમાનનાં ગોરાણી છીએ. કહ્યું છે કે, "ગાંડા લોક તે ગામડે વસે, અને ખાસડું મારીએ ત્યારે ખડખડ હશે" તેવાજ અથવા તો તેથી પણ ચઢીઆતા ઉલ્લકશંખજી દેખાય છે. આ પ્રમાણે વિચાર કરી તે ઉલ્લકશંખજીને કહેવા લાગી કે ઉલકશંખજી ? તમોએ મારા દ્રઢ નિશ્ચયો મૂકાવી દીધા છે. હું પૂર્ણ પતિવ્રતા હતી, પરંતુ તમારા જેવા પ્રેમી અને સજ્જન સાથે પ્રેમમાં પડવાથી તે બધું મેં ત્યજી દીધું છે, અને બેચાર દિવસે તમારા સુકોમળ મુખનું દર્શન ન થાય તો મને કંઇ પણ ગમતું નથી અને તમને યાદ કરું છું.

ભૂત ભલે મદિરા પીએ, સબકું શુદ્ધિ હોય;
પ્રેમ સુધારસ જીન પીએ, વાકું ન શુદ્ધિ હોય.

ઉલકશંખ—વ્હાલી ! હવે પ્રેમ માટે વધારે વિવેચનની જરૂર નથી. આપનો વિશુદ્ધ પ્રેમ હું ક્યારનોએ જાણી ગયો છું, પરંતુ હું તો હવે તદન નિર્ધન જ થઇ ગયો છું, અત્યારે એક પાઇ પણ રોકડમાં મારી પાસે રાખી નથી. જે હજાર રૂપીઆ આવ્યા છે, તે સર્વે આપના કોમળ કરમાં અર્પણ કર્યા. હવે તો..........

સહુ સુતા ઓટલે અને મુલ્લાં સુતા મસીત;
સ્ત્રી વિનાનો ભાયડો, જ્યાં પડયો ત્યાં નચિંત.

પદ્મિની—ઉલકશંખજી ! તમો દ્રવ્ય માટે ઉદાસ થશો નહીં. તમે મને જે દ્રવ્ય આપ્યું છે તે બધું તમારું જ છે ને ? પ્રેમને વશ થઇ તમે તમારું બધું દ્રવ્ય મને આપ્યું છે તો ભીડ પડે ત્યારે તે દ્રવ્ય તમારું જ છે એમ સમજજો. તમે કિંચિત્ પણ ચિંતાને હૃદયમાં સ્થાન આપશો નહિ. જેમ તમે મને સર્વ અર્પણ

કર્યું છે, તેમ મેં પણ તમને સર્વ અર્પણ કરી દીધું છે. હવે તમે નિશ્ચિંત રહો.

પદ્મિનીનાં પ્રેમવચનો શ્રવણ થતાંજ ઉલકશંખના હૃદયમાં આનંદ છવાઇ રહેલો જણાયો. ત્યારપછી તે પદ્મિનીના ત્યાંથી બહાર નીકળી ગયો. હવે તેની પાસે કશું ન રહેવાથી તે જ્યાં ત્યાં મજૂરી કરીને પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો.

જ્યાંસુધી મૃગના જેવાં નેત્રવાળી સ્ત્રીઓનાં ચંચળ નેત્રકટાક્ષ ન વાગ્યાં હોય ત્યાંસુધીજ વિવેકી પુરૂષના હૃદયમાં નિર્મળ વિવેક-દીપક સ્ફુરે છે.

એવો કયો વિષય છે કે જે અમૃતની સમાન દેખાય છે? સ્ત્રી, કે જે જોવા માત્રથીજ બેભાન બનાવી દે છે.

અત્યારે પદ્મિની સેવા સાહિત્ય લેઇ મંદિરે દર્શનાર્થે જવા નીકળી છે. રસ્તામાંજ તેને શ્વેતશંખજી મળ્યા તે બોલ્યા વિના જ ચાલ્યા ગયા. પદ્મિનીએ તેની સર્વ સ્થિતિની વાત જાણેલી હોવાથી તે સમજી ગઇ અને વિચાર કરવા લાગી કે શ્વેતશંખજી પરવાર્યા અને ઉલકશંખજી પણ પરવારી ગયા છે, માટે એઓને હવે દૂરથીજ નમસ્કાર કરવાની જરૂર છે. આપણે શું? કાકા રાંડશે તો વળી બીજી માંડશે.

બાવાજી ગાયો બહુથી, તો કહે દુધ પીયેંગે,
બાવાજી ગાયો મરી ગઇ, તો કહે છાશ સુતરકી ગંધ ગઇ

દ્રવ્ય તો પુષ્કળ આવ્યું છે. માત્ર બ્રાન્ડીજ જોઇશેને? તે વળી સૌ મળી જશે. પૈસો હશે તો બ્રાંન્ડી ક્યાં નથી મળતી? આવા વિચાર કરતી માગમાં તે ચાલે છે અને જે મળે તેને માથું નમા-વીને વંદન કરે છે. વળી મુખમાં કાંઇ બડબડતી જણાય છે.

નમન નમન મેં ફેર હે, નમે સોહિ નાદાન;
દગાબાજ દુના નમે, ચિત્તા ચોર કમાન.
ધુતા હોય સુલક્ષણા, વેશ્યા હોય સલજ;
ખારાંપાણી નિર્મળાં, એ ત્રણે અખજ.

આમ વિચાર વમળમાં ચાલતી ચાલતી તે રાધાકૃષ્ણજીના મંદિરમાં પેઠી અને મંદિરમાં જઈને તેણે મહારાજને નમન કર્યું. અને સેવા-સાહિત્ય તથા માળા ત્યાંજ મૂકી મહારાજના સન્મુખ બેઠી.

મહારાજજી—આ ઓ ! પદ્મિબા ! તુમેરા કલ્યાન, કલ્યાન હો. તુમને એક દ્રઢ સંકલ્પ બ્હોત અચ્છા કીયાહે કી હરરોજ મંદિરમેં દર્શનાર્થે આના. ઓર તેરા આનંદ વદન બિલોકીકે મુજે આનંદ હોતા હે. ઉસકા વર્ણન કરને મેં અસમર્થ હૂં. પદ્મિ ! તેરા બ્હોત કલ્યાન હો !

પદ્મિની—મહારાજ ! શ્હાસું મનુષ્ય પ્રેમી હોવા વિના બીજાના હૃદયમાં પ્રેમ આવી શકે ખરો કે ?

ઉદ્ધવ સ્નેહતણું દુઃખ સગપણથી અધિક ઘણું રે લોલ;
અનુભવિનું અંતર જાણે મુખથી શું ભણું રે લોલ. (દયારામ)

* * * *

જગતરૂપ આકાશમાં પ્રેમચંદ્ર પ્રકાશ;
લાજ વાદળે ઘેરીઓ, તોએ તજે ન ઉજાશ.
તજી લાજ પ્રફુલે દીન કર, ઉદે કમળ બળ જળમાં;
તેમ પ્રેમીને પ્રેમી મળતાં, પ્રેમ પ્રગટે છે પળમાં.
કનક લહ્યા મેં આપને, જગ કહે ભલે કથીર;
ઉત્તમ સહુ તે આપ છો, મ્હેં માન્યા ગંભીર.
અમે વધુ ન વદીએ વાણી, અબળાની ગતી છો જાણી;
અંતરમાં પ્રજળી મરે છે, પણ બહાર ન વાત કરે છે.

મહારાજજી—બડા આનંદ પદ્મિ ! બ્હોત આનંદ !

ગુલાબ તું શું પુષ્પમેં સુગંધરુ સુરૂપ દીખા;
કુંદન તે પદ્મિ તુમે સુગંધરૂપકા ફલ દીખા.
એ દુઃખી સબ સંસારમે તુ સુખકા મેં વલ દીખા;
એ પ્રેમ સબ હે મોહકા પદ્મિ તુમેં અચલ દીખા.

પદ્મિ! તેરી ભાવના દ્રઢ હૈ. ઇસલીયે તું સ્વર્ગકા સુખકી અધિકારી હો ચૂકી હૈં.

કહાહૈકે—પ્રેમ ભાવ એક ચાહિએ, ભેષ અનેક બનાઓ;
ભાવે બનમે બાસ કરો, ભાવે બનમે જાઓ.

પદ્મિ ! તેરા પ્રેમ કછું ઓર હે, ઇસલીયે તેરા કલ્યાન હો ગયા હે.

પદ્મિની—મહારાજ ? જગત્ મારી બહુજ નિંદા કરે છે અને કહે છે કે પદ્મિની આટલી બધી ભગતાણી કેમ બની ગઇ ? તેથી મને પણ જરા શરમ આવે છે. માટે દરરોજનો નિયમ મૂકી દઇ હું બે ત્રણ દિવસેજ મંદિરે આવતાનું રાખીશ. પછી તો કોઇ કશું નહીં કહી શકેને!

મહારાજ— દેખ પદ્મિ ? જગત્ સબ એસીજ હે ! લેકીન અપને અપના કાજકું મત તજ દેના. કહાહૈકી—

નિંદ હમારી જો કરે, મિત હમારા હોય;
સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય.
કચ્ચેકુ કહેત પક્કે હે, ઓર પક્કેકું કચ્ચા કહે;
તાત કહે તે બાલકું, ઓર તાતકું બચ્ચા કહે.
દુનિયાં દિવાની મેં દીખી, દુનિયાસે દીલમેં મત ડરો;
સચ્ચકુ જગત જુઠા કહે, ઓર જુઠકું સચ્ચા કહે.

પદ્મિની—મહારાજજી ! આપનું કહેવું સત્ય છે પરંતુ અમો મોટા કુટુંબના માણસ હોવાથી જગતથી તો ડરવુંજ પડે. આપણે તેઓના દબા-

ણુથી ડરવાનું પ્રયોજન નથી. પરંતુ આપણી શોભાનેજ ડરવાનું છે, તે માટે તમારે ચિંતામાં રહેવાની જરૂર નથી. હવે હું રજા લઉં છું. પરંતુ ......કાંઇ થોડા પૈસાની.........

મહારાજ—ક્યા પૈસા ? કાયકુ છૂપાતે હો ! સબ ખુલે કહી દો !! ચલ લે ઓર એ કલદાર પાંચસોકી થેલી હૈ. લે જાઓ. તુમારા કલ્યાણ હો !

પદ્મિનીને તો એટલુંજ જોઇતુ હતું. તેણે તે બધું દ્રવ્યાદિ લીધું અને હરખાતે મુખડે અને વાંકી દ્રષ્ટીએ મહારાજને વંદન કરી પોતાના ઘર તરફ જવા લાગી. એટલે મહારાજ બોલ્યા કે પ્રસાદ, પ્રસાદ,

પદ્મિની—મહારાજજી ! આપના પ્રેમથી જો કે હું દરરોજ અહીં આવું છું પરતુ કોઇ દિવસ પ્રભુનાં દર્શન કર્યાં નથી કે પ્રસાદ તો લીધો જ નથી. બહારથી જ તમને વંદન કરી જાઉં છું. તમારા પ્રેમ આગળ દર્શન પણ વિસરી જાઉં છું.

મહારાજ—લે, એ દુધકા પ્યાલા પાસ જા. બહુત આનંદી હૈ. ઓર દર્શન ફર્શનસેં ક્યા હોતા હૈ? વો તો દુધ કે લીયેજ તુજકો ફિર બુલાયથા. મનકું પ્રેમી રખો, સબ ઇસ્મેજ હૈ. અચ્છા જાઓ, આવના.

પ્રકરણ ૭ મું.

સમય પ્રાબલ્ય.

ક્યા બડા અંધેર કલીજુગને મચાયા દેખલો;
જો દીખાતા કીસીને સો દીખાયા દેખલો.
આંખ સબકી ફોડકર અંધા બનાયા દેખલો;
ધર્મ આપના બેચખાયા હરકીસીને દેખ લો.

બાળવિવાહ હોને લગે બુઢેકી સાદી દેખલો;
લોભ કર બેચે પિતા કન્યા ખરાબી દેખલો.
કૈયક જગહ અબલા બડી ભરતાર છોટે દેખલો;
મુંછોકી નહિ હે રેખ ઘર સંતાન ઉનકે દેખ લો.
(દી. જૈ.)

અહાહા! ઘોર કળિયુગનો આ વખતતો મધ્યાન્હ કાળના સૂર્ય જેવો પ્રતાપી થએલો જણાય છે, તે આપણે નજરે જોઇએ છીએ. તેમાં વળી ભિન્ન ભિન્ન નવિન ચરિત્રો તો આપણને આશ્ચર્ય પમાડે છે. તેની પ્રસંશા કરવી કે ખેદ કરવો તે પણ એક પ્રશ્નરૂપ થઇ પડયો છે. કળિયુગવિષે મહાત્મા શ્રી તુળશીદાસજી કહે છે કે—

વર્ણ ધર્મ નહિ આશ્રમ ચારી, શ્રુતિ વિરોધરત સબ નરનારી;
દ્વિજ શ્રુતિવંચક, ભૂપ પ્રજાસન, કોઉ નહિ માનું નિગમ અનુસાશન. ૧
મારગ સોઇ જા કહે જોઇ ભાવા, પંડિત સોઇ જોઇ ગાલ બજાવા;
મિથ્યા રંભ દંભ શી જોઇ, ના કહે સંત કહે સબ કોઇ. ૨
સોઇ સયાન જો પરધન હારી, જો કરે દંભ સો બડ આચારી;
જો કહ જૂઠમસ ખરી જાના, કળજુગ જોઇ ગુણવંત બખાના. ૩
નિરાચાર જો શ્રુતિપંથ ત્યાગી, કળીજુગ સોઇ જ્ઞાની બેરાગી;
જાકે નખ અરુ જટા વિશાલા, સોઇ તાપસ પ્રસિદ્ધ કલિકાલા. ૪

ભાવાર્થ—કળિયુગમાં ચાર વર્ણનો કે આશ્રમોનો ધર્મ રહેતો નથી. સઘળાં નરનારીઓ વેદવિરુદ્ધ આચરણોમાં રુચિ ધરાવે છે, બ્રાહ્મણો વેદને ઠગે છે, રાજાઓ પ્રજાનું ભક્ષણ કરનાર થઇ જાય છે, વેદની આજ્ઞાને કોઇપણ માનતું નથી, લોકો જેને જે રુચે તે માર્ગ પકડી લે છે, અને જે અત્યંત ચાપલ્યથી બોલતો હોય તે પંડિત ગણાય છે. જે માણસ ખોટાં કામોમાં તથા દંભમાં તત્પર

હોય તેને સર્વ લોક સંત કહે છે, જે પરધનનું હરણ કરી જાણે તે ચતુર કહેવાય છે, જે દંભ કરે તે મોટો આચારી ગણાય છે, જે ખોટું બોલી જાણતો હોય, તથા મશ્કરી કરી જાણતો હોય, તે ગુણવાન કહેવાય છે, જે આચારરહિત હોય, તથા વેદમાર્ગને છોડી દેનારો હોય તે જ્ઞાની તથા વૈરાગ્યવાળો કહેવાય છે, અને જેણે નખોને તથા જટાને વધાર્યાં હોય તે તપસ્વી કહેવાય છે.

ગુણ મંદિર સુંદર પતિ ત્યાગી, ભજહિં નારી પરપુરુષ અભાગી;
સૌભાગિની વિભુષણ હીના, વિધવા કે શૃંગાર નવિના. ૧
ગુરુ શિષ્ય અંધ બધિર કર લેખા, એક ન સુને એક ન દેખા;
હરે શિષ્ય ધન શોક ન હરઇ, સો ગુરુ ઘોર નરકમાં પરઇ. ૨
જે વર્ણાધમ તેલીજ કુમ્હારા, શ્વપચ કીરાત કોલ્હ કલવારા;
નારી મુઇ ગૃહ સંપત્તિ નાસી, મુંડ મુંડાય ભયે સંન્યાસી. ૩
તપસી ધનવંત દરિદ્ર ગ્રહી, કલિ કૌતક તાત ન જાત કહી.

ભાવાર્થ—અભાગિ સ્ત્રીઓ ગુણોના ઘરરૂપ અને રૂપાળા પતીનો પણ ત્યાગ કરી દઇને પરપુરૂષોને ભજે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ આભરણ ધરતી નથી અને વિધવાઓ નવા નવા શણગારો ધરે છે. ગુરૂઓ અંધ જેવા હોય છે અને શિષ્યો બહેરા જેવા હોય છે. ગુરુઓ શિષ્યોનું ધન હરણ કરે છે તેથી જે ગુરુઓ શિષ્યોનાં ધનને હરે પરંતુ અજ્ઞાનને હરતા નથી તે ગુરુઓ ઘોર નર્કમાં પડે છે. અને જે શુદ્ર ઘાંચી, કુંભાર, ચાંડાલ, ભીલ, કોળી કે વાઘરી હોય તેઓ પણ પોતાની સ્ત્રીઓ મરી જતાં અથવા ઘરની સંપત્તિનો નાશ થતાં ભોજન વિગેરેનાં સુખ માટે મુંડમુંડાવીને સંન્યાસી બની જાય છે અને બ્રાહ્મણો પાસે પોતાની પુજા કરાવે છે તેથી તેઓ નર્કના અધિકારી થાય છે. અને વળી કળિયુગમાં તપસ્વી લોકો

ધનાઢ્ય થઇ પડે છે, અને ગૃહસ્થલોકો નિર્ધન થઇ જાય છે.

સોરઠા—જે અપકારી ચાર, તીન્હકર ગૌરવ માન્યતા;
મન કર્મ વચન લબાર, તે વક્તા કલિકાલમેં.

દોહરા—બ્રહ્મજ્ઞાન બિનુ નારી નર, કહહીન દુસરી બાત;
કોડી લાગી લોભવશ, કરહી વિપ્ર ગુરૂ ઘાત.

ભાવાર્થ—જે માણસ બીજાનું ભુંડું કરવાના જ સ્વભાવવાળો હોય, તેને મોટાઇ તથા માન્યતા મળે છે. જે માણસ મનથી, કર્મથી અને વચનથી લબાડ છતાં સારૂં બોલી જાણતો હોય તે વક્તા કહેવાય છે.

કળિયુગમાં સઘળાં નરનારીઓ મુખથી બ્રહ્મજ્ઞાન વિના બીજી વાતો કરતાં નથી. પરંતુ જ્યારે ધનના પ્રસંગ આવે ત્યારે એક કોડીને માટે પણ લોભને વશ થઇ બ્રાહ્મણોનો અને ગુરુનો ઘાત કરે છે. કળિયુગમાં જ્યાં ને ત્યાં ઢોંગી બ્રહ્મજ્ઞાનીઓ જ ફરતા જણાય છે.

અહો ! માયાની કેટલીબધી પ્રાબલ્યતા? કે જેણે પોતાની સત્તાવડે જીવના ખરા સ્વરૂપને ભૂલાવી દીધું છે; અને તે જીવ નજરેજ જુવે છે કે આ વૃક્ષ કેળનું છે તથાપિ તેજ જીવ તેને બીજું જ માની રહ્યો છે.

સારાસારનો વિવેક સમજનાર અને સત્યને જાણનાર તથા તે પ્રમાણે વર્તનાર મનુષ્ય તો તેનામાં વિવેકનો ઉદય થયેલો હોવાથી પ્રથમથીજ જાગ્રત થયેલો હોય છે એટલે પછી તે આ મિથ્યા મોહજાળમાં ફસાતો જ નથી. જેમ ચંદનના વૃક્ષ સાથે અનેક વિષધારી સર્પો વિંટાઇ વળે છે, છતાં પણ તે વિષ ચંદનનું વૃક્ષ ગ્રહણ કરતું નથી તેમજ પોતાની સુગંધને તજી દેતું નથી, તેમ સંતપુરૂષો પણ કમળરૂપે સંસાર સાગરમાં રહે છે એટલે તેઓ પોતાનું સત્ય સ્વરૂપ

ભૂલી શકતા નથી, અને જેમ કમળ જળમાં લેપાતું નથી તેમ સંસારના વિષયોમાં લુબ્ધ થતા નથી. આવા જે સંત પુરુષો હોય તેઓ સહ-અવાર ધન્યવાદને પાત્ર છે.

જે વિવેકી મનુષ્યોને જ્ઞાન સંપાદન કરવું છે તે મનુષ્યોએ પ્રથમ સદ્‌ગુરુ તો કરવા જ જોઇએ. કેમકે સદ્‌ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થઇ મોક્ષ થતો જ નથી. પરંતુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુઓ મળ-વાતો બહુ જ દુર્લભ છે. જ્યારે પૂર્વનાં પુન્યો બહુ જ બળવાન હોય ત્યારે જ તેવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ વિવેકીને મળે છે.

જે પવિત્ર શાસ્ત્રોને આજે નાસ્તિક મનુષ્યો ઇતિહાસ રૂપે માની રહ્યા છે, એજ તેમની અવનતિ કરનાર દુઃખનું મૂળ થઇ પડયું છે. સુખની ઇચ્છાવાળા મનુષ્યે તો શાસ્ત્રો પોતાનું કલ્યાણ કરનાર છે એવો તેમાં આદર રાખી જરૂર શાસ્ત્રાભ્યાસ કરવો જ જોઇએ. શાસ્ત્રોની અંદર વિવિધ પ્રકારનો અમૃત રસ ભર્યો છે તેનું પાન કરવાથી મનુષ્યોનાં પાપ ધોવાઇ જાય છે. માટે તેનું અવલોકન કરી શુદ્ધ વિચારથી મનન કરવું, અને તે પછી તે શાસ્ત્રોમાં આત્મતત્ત્વ જાણવા માટે જે ઉપાય દર્શાવ્યા હોય તેનું એકાગ્રતાપૂર્વક નિદિ-ધ્યાસન કરવું. આ પ્રમાણે જ્યારે તમે કરશો ત્યારે શાસ્ત્રની કેટલી મહત્તા છે તે તમારા જાણવામાં આવશે અને કામદુગ્ધા ગાયની પેઠે શાસ્ત્રો તમે જે વસ્તુની ઇચ્છા કરશો તે વસ્તુ પુરી પાડશે. પરંતુ શોચની વાત છે કે શાસ્ત્રો સંપૂર્ણપણે વાંચ્યા સિવાય તેમાં શું સત્ય રહ્યું છે તે ન સમજતાં શાસ્ત્રોનો એક ભાગ વાંચી આતો બધું ગપ છે એમ પોતાના ચસકેલા મગજમાં અમુક જાતનો તુરંગ ખડો થવાથી જનસમૂહમાં મિથ્યા ઠરાવે છે. પરંતુ જેમ કાગડાના પ્રલાપથી સમુદ્ર ક્ષોભ પામતો નથી તેમ તેવા ચંચળવૃત્તિવાળા સુદી-

ભર નાસ્તિકોના મિથ્યા ઘોંઘાટથી શાસ્ત્રની મહત્તા ઓછી થતી નથી. તમારે સુખ જોઇએ છીએ પરંતુ દુઃખના ઉપાયો શોધો છો તો સુખ ક્યાંથી મળે ?

પશ્ચિમ દિશામાં તમે જવા ધાર્યું છે, પરંતુ પૂર્વ દીશામાં જેટલું જોર હોય તેટલા જોરથી દોટ મુકવાથી પશ્ચિમ દિશામાં શી રીતે જવાય ? જે નીતિનાં પુસ્તકોનું અવલોકન કરવાથી તેમાંથી સુખ મળે છે તે તો તમે તજી બેઠા છો અને મનુષ્યને ખોટે માર્ગે દોરનાર પુસ્તકના વાચનથી તમે સુખની ઇચ્છા રાખો છો તે કેમજ બને ? જેમ વિષ ખાઇને અમર થવાની ઇચ્છા રાખવી તે નકામી છે, તેમ સનાતન ધર્મની નિંદા કરનાર અને શાસ્ત્રની નિંદા કરનાર પુસ્તકો વાંચીને અને તેવા પંથમાં ભળીને પરમ સુખની ઇચ્છા રાખવી તે નકામું છે.

પડી ધૂપ પંથે શું શાન્તિ ચહો છો ?
જમી છાશ પયને ભરૂંસે રહો છો ?
કરી નીચ કૃત્યો શું સત્ય લહો છો ?
પડી દુઃખ પંથે શું દુઃખી કહો છો ?

× × × × ×

કીધે કૃત્ય કાળાં અરે સુખ થા તે,
દુઃખી જક્તમાંતો ન ક્યાંયે દેખાતે;
જુવો છો અને બધું જાણો છો વાતે,
તજો છો ન તોયે શું કહેવાય આતે.

જેમ મેઘ પોતાની મુશળધાર વૃષ્ટિથી જગતનું પોષણ કરે અને વળી તેજ મેઘ હદ ઉપરાંત વૃષ્ટિ કરવાથી જગત્‌ને ડુબાવી દે ત્યારે કહો કે તેને શું કરવું ? બળવાન રાજા આગળ પ્રજા રંક છે,

છતાં પણ પોતાના બળથી પ્રજાને સંકટ આપે તો પણ શું કરવું? માતા પિતા થઇ રંક બાળકોને દુ:ખ દે તોપણ સહન જ કરવું પડે એવી જ રીતે જગત્‌નો જેના ઉપર આધાર છે એવા ધર્માચાર્યો પોતેજ અનીતિનું પાલન કરે, તો પછી જગત્ શી રીતે નીતિથી રહી ધર્મમાર્ગે ચાલી શકે? જેમ માતાપિતાની કેળવણીથી બાળકો સુધરી સદ્‌બુદ્ધિવાળા થાય છે, તેમજ ધર્માચાર્યોના શુભ ઉપદેશથી પ્રજા સુધરી પોતાના સનાતન ધર્મપ્રમાણે વર્તી શકે છે. પરંતુ પ્રથમ ધર્મગુરૂઓએ પોતે નીતિને રસ્તે ચાલી પ્રજાને અનેક તરેહનાં દ્રષ્ટાંતો આપી તેમનું અંતઃકરણ શ્રદ્ધાવાન કરવું જોઇએ. અને પછી ધર્મના રીતો સમજાવી તેમને ધર્મપરાયણ કરવા જોઇએ. ધર્મગુરુઓની સ્વાર્થવૃત્તિ, શિષ્ય મંડળ તરફ જરા તેમની બેદરકારી, અને સ્ત્રીઓનાં ટોળાંને વધુમાન આપી તેમની સાથે છૂટથી વારંવાર હસવાની ટેવને લીધે આધુનિક મામલો બહુજ દયાજનક થઇ પડયો છે. કેટલાક ધર્મગુરુઓ ભજનો ગાઇ ગવરાવીને પ્રજાને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ વિદ્યાપ્રતિ તેમનો અને પ્રજાનો અભાવ હોવાથી, તે પ્રયાસો સારીરીતે ફળીભૂત થઇ શકતા જણાતા નથી. કેટલાક સાધુ બાવાઓ પણ જંજાળી થઇ દુઃખમાં સડયા કરે છે. અને રામકી વિના તો તેમને એક ક્ષણ પણ ચાલીજ શકતું નથી. તેમને એમ પૂછવામાં આવે કે મહારાજ! તમે તો સાધુ થયા છતાં સ્ત્રીની જંજાળમાં પડવાની જરૂર શી? ત્યારે તેઓ નીચેપ્રમાણે દ્રષ્ટાંત આપી પોતાનો કક્કો ખરો કરે છે. જ્યાં આવા રામકીઓનાં વારંવાર દર્શન કરવાવાળા સાધુઓ જગત્‌માં હોય ત્યાં તેમની પાસેથી કલ્યાણની આશા શી રીતે રાખી શકાય? અને તેઓ મુખથી જેમ બોલે તે પ્રમાણે ક્યાંથી તેમનાં વચનો ફળિભૂત પણ થાય? કહ્યું છે કે—

બોલેથી બંધાય નહિ, કહે વિપરીત વૃત્તાંત;
સ્ત્રી રાખે સંન્યાસી તો, દે શિવનું દ્રષ્ટાંત.

પારકા અન્નથી મુખ બળી ગએલું છે, દાન લેવાથી હાથ બળી ગએલા છે, પરસ્ત્રી જોઇને મન બળી ગએલું છે, તેથી કળીયુગમાં શ્રાપ ક્યાંથી લાગે?

જો માતાપિતાઓ નિર્મળ અંતઃકરણથી ધર્મપારાયણ રહેતાં હોય તો તેઓનાં બાળકો પણ તેમનું જોઇને તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે. માતાપિતાનામાં ઉંચા પ્રકારના સારા ગુણ હોય, તેમાંથી વધારે નહિ તો થોડા ગુણ પણ બાળકો પાળી જ શકે છે. તેવી જ રીતે ધર્મગુરુઓ પણ પોતે બ્રહ્મચારી રહી સદાચાર પાળી પારકી સ્ત્રીઓમાં માતા બહેનની કે પુત્રીની ભાવના રાખી સર્વાંશે પવિત્ર રહી અન્યને ઉપદેશઆપે તો તે ઉપદેશની છાપ બીજાઓના અંતઃકરણમાં સજ્જડ પડે છે. પરંતુ ધર્માચાર્યો બહારથી એમ બતાવે કે અમે સ્ત્રીઓ સામે કુદષ્ટિ કરતા નથી, પરંતુ એકાંતમાં બીજી સ્ત્રીઓ સાથે હાસ્યવિનોદ કરે, સ્ત્રીઓ પાસે પોતાના પગ ચંપાવરાવે તેવા ધર્માચાર્યોના ઉપદેશની છાપ સામા મનુષ્ય ઉપર પડતી નથી. આવા ધર્માચાર્યો સ્ત્રી સમુહમાં વારંવાર રહેતા હોવાથી તેઓને ભ્રષ્ઠ થવાનો સમય આવે છે. અરે! તેમના અંતઃકરણની નબળી છાપ શિષ્યોના અંતઃકરણને પણ બગાડે છે જેથી તેમના શિષ્યો પણ ગુરુનું જોઇને તે પ્રમાણે વર્તે છે.

કુબોધને દળે છે, વેદાદિ રહસ્યનો બોધ આપે છે, સન્માર્ગ અને કુમાર્ગ, પાપ અને પુણ્યનો વિવેક કરાવે છે. કરવાનાં અને ન કરવાનાં યોગ્ય અયોગ્ય કૃત્યોનો ભેદ દર્શાવે છે. એવા હે ગુરુદેવ! ભવ તારવાની નૌકા તમારા વિના બીજી કોઇ નથી.

ધર્મગુરુઓનો અવતાર કાંઇ સાધારણ મનુષ્યો જેવો સમજવાનો

નથી. પરંતુ તેમનો અવતાર સાક્ષાત્ ઇશ્વરનો અવતાર ગણાય છે. તેવા ધર્માચાર્યોનાં લક્ષણ બહુજ ઉંચા પ્રકારનાં હોવાં જોઇએ.

ધર્માચાર્યનું જીવન શુદ્ધ સ્ફાટિક જેવું નિર્મળ અને ગંગાજળ જેવું પવિત્ર હોવું જોઇએ. ધર્મગુરુઓ સત્યવક્તા, જીતેન્દ્રિય, દયાળુ, નિસ્પૃહ, સરળ વૃત્તિના અને ધર્મની મુર્તિરૂપ હોવા જોઇએ. ધર્મગુરુઓમાં શ્રીરામચંદ્ર જેવું સદ્વર્તન, ભીષ્મ હનુમાન કે લક્ષ્મણ જેવું બ્રહ્મચર્ય, શ્રીદત્તાત્રય ગુરુ જેવો સ્વભાવ, યુદ્ધિષ્ઠિર જેવું સત્ય, વશિષ્ઠ જેવી શાન્તિ, વ્યાસ જેવી વિદ્વત્તા અને રાજર્ષિ જનક વિદેહી જેવું તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. ધર્મગુરુઓએ સેવકો પાસેથી ધન ભેગુ કરી મોજમજા મારવી, નાચ તમાસા અને ખેલ મજરા જોવા, ઇંદ્રિયોના વેગને છૂટો મુકવો, અને એવાજ બીજા નિંદ્ય માર્ગે ગમન કરવું તે યોગ્ય નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અહંકાર, આશા તથા તૃષ્ણાનું સેવન કરવાથી ધર્માચાર્ય થવાતું નથી. "ખાતાંપિતાં હરિ મળે તો હમકું કહીઓ ! હમભી ભજેંગે" એમ બોલવાથી શું વળ્યું.

શિષ્યોનું વિત્ત હરણ કરી લે એવા તો ગુરુઓ જગતમાં ઘણા છે, પરંતુ શિષ્યોના ચિત્તના દુ:ખને હરણ કરે એવા ગુરુઓ વિરલા જ છે.

વળી ધર્મ ગુરુઓએ પોતે હમેશાં સદ્વર્ત્તનથી જ વર્તવું જોઇએ. તેમ કર્યા વિના શિષ્યો સદ્વર્ત્તનથી વર્તી શકતા નથી, અને તેમના ઉપર ભરુંસો પણ રાખી શકતા નથી. ધર્મગુરુઓએ હમેશાં કનક, કાન્તા અને મોહનો સદાને માટે ત્યાગ કરવો જોઇએ. વિવેકી મનુષ્યો વખાણ કરે એમ શ્રુતિ સ્મૃતિના વચન પ્રમાણે વર્તી શિષ્યોના અજ્ઞાન અંધકારનો નાશ કરી તત્ત્વનો ઉપદેશ કરવો જોઇએ. પ્રભુ એવા ધર્માચાર્યોનો સદા જય કરો.

પાપ કરતાં વારીએ, ધર્મ કરતાં હા,
એ માર્ગ બતાવીએ, પછી ગમે ત્યાં જા.

જીજ્ઞાસુ (મુમુક્ષુ) મનુષ્યોએ પોતાનું અંતઃકરણ સાત્વિકી શ્રદ્ધાવાળુ રાખવું જોઇએ. તથા પરસ્ત્રી, પરધન, અન્યની નિંદા વિગેરે કુકર્મોનો સદાને માટે ત્યાગ કરવો જોઇએ. સર્વ પ્રાણી ઉપર કૃપા રાખવી, અને ચિત્ત હમેશાં ઇશ્વર ભજનમાંજ લુબ્ધ રાખી મુકવું. અને ગુરુએ બતાવેલા માર્ગનું પ્રેમથી પાલન કરવું. કેમકે ધર્મના પાલન વિના બીજું કોઇ પણ મનુષ્ય સાચું સુખ આપી શકે તેમ નથીજ.

ધર્મ જો ડુબ્યો તો તે સર્વને ડુબાડે છે, અને જો તેનું રક્ષણ થયું તો તે સહુની રક્ષા કરે છે તે માટે ધર્મનો નાશ કરવો નહિ. ધર્મનો નાશ થતાં આપણાં બધાંનો નાશ થાય છે માટે ધર્મની સંભાળ રાખવી.

સર્વ મનુષ્યો સુખની ઇચ્છા રાખે છે પરંતુ તે સુખતો ધર્મથીજ ઉત્પન્ન થાય છે. માટે સર્વ વર્ણના લોકોએ બનતાંસુધી દિનપ્રતિદિન ધર્મની જ સેવા કરવી.

પ્રકરણ ૮ મું.

ઉપદેશ અને ઓચ્છવ.

તેને તેમાં રસ પડે, જેને જે પર ભાવ;
ગર્ધવ લોટી છારમાં, માને મ્હોટો લ્હાવ.

પૈસાને વિષે, જીવિતને વિષે, સ્ત્રીને વિષે, અને ભોજનની વૃત્તિ વિષે માણસો અતૃપ્ત થઇને ગયા, કેટલાક જાય છે અને કેટલાએક હજી પણ જશે.

આજે એકાદશી હોવાથી અનંગાનંદજીના સર્વે શિષ્યો રાત્રિના આઠવાગતાંમાંજ રાધા કૃષ્ણજીના મંદિરમાં આવી પહોંચ્યા. સર્વે આવી ગયા પછી વિવિધ રાગોમાં ભજનો લલકારી તેઓ ઓચ્છવ કરવા લાગ્યા. એક બાજુ સ્ત્રીવર્ગ પણ દાખલ થઇ ગયો છે. તેઓનું પ્રમુખપદ મહારાજે પદ્મિનીને જ આપ્યું છે. બીજી તરફ પુરુષોને બેસાડવામાં આવ્યા છે. મધ્યભાગમાં મહારાજજી માટે સુંદર આસન ગોઠવી દીધુ છે જેના ઉપર મહારાજજી બીરાજ્યા છે. ભજન શરૂ થયા પછી જેજે શિષ્યો આવે છે, તે પ્રથમ મહારાજજીને વંદન કરીને જ બેસવાની જગ્યા શોધી બેસે છે. મહારાજીના ચેલાઓ અને ચેલીઓ 'જય રાધા કૃષ્ણ' 'ગુરૂમહારાજકીજય' એમ જયનાદ લલકારી રહ્યા છે, ત્યાર પછી રાત્રીના ૧૧ વાગતાં મહારાજની આજ્ઞાથી શિષ્યોએ ચ્હા બનાવી અને સર્વે ભજન મંડળીને આપી. મહારાજને માટે અશેરેક દૂધ કઢયું હતું તેમાંથી અરધો ભાગ મહારાજે પદ્મિનીને આપ્યો અને અરધો ભાગ પોતે પી ગયા.

આ ઓચ્છવ જોવા માટે મહારાજના ચેલા ચેલીઓ સિવાય કેટલાક સુજ્ઞ પુરુષો પણ આવ્યા હતા. તેઓ એક બાજુએ બેસી સ્ત્રીપુરુષોથી કરાતાં ભજનો શ્રવણ કરતા હતા. આ સુજ્ઞ પુરુષોમાં એક ગોવિંદ નામનો વિવેકી મનુષ્ય પણ હતો, તે ગુપ્ત રીતે મહારાજના ચેલાચેલીઓ જે જે ચેષ્ટા કરતાં હતાં તે જોતો હતો. અર્ધ રાત્રિ વ્યતીત થયા પછી શિષ્યોએ મહારાજને દંડવત્ પ્રણામ કરી કહ્યું કે—મહારાજજી ! હવે અમો જરા ભજન ગાવાનો વિસામો લઇશું. હવે જરા જ્ઞાનચર્ચા થાય તો સારું. મહારાજે તેમ થવા અનુમતી દર્શાવી, એટલે એક શિષ્ય બોલ્યો કે—ગુરુવર્ય ! આ મનુષ્ય દેહ પ્રાપ્ત થવાનું શું પ્રયોજન છે? પાપ શું છે? પૂણ્ય કોને કહેવાય? કયા

ઉપાયો વડે જીવની મુક્તિ થાય. અને આ ષડ્ રિપુઓનો પરાજય શી રીતે કરી શકાય. હે કરુણાસાગર ? કૃપા કરી એના ભેદ સમજાવો.

મહારાજઃ—બચ્ચા ! તુમેરા પ્રશ્ન યોગ્ય હૈ. અબ ધ્યાન રકખે સબશ્રવણ કીયો. ઇસ મનુષ્યદેહ સબ ઇંદ્રિયો મિલકે કહાઇહે; લેકીન યહિ સબ ઇન્દ્રિઓકું જીસને જે કાંવ નિર્માન કીયાહે, સો કરાના. માત્ર યુક્તિ યહિજ રખાની હૈ, કી અપના અંતર(મન) કુ પવિત્ર રખના, ઓર ઇસ યુક્તિસેં સબ દુઃખોકા અંત આયગા.

સ્વર્ગ નથી, નરક નથી, આત્મા નથી, તેમ પરલોક પણ નથી. માટે જીવતાં સુધી સુખમાં રહેવું અને કરજ કરીને પણ ઘી પીવું. કારણ કે આ શરીર બળીને ભસ્મ થઇ ગયા પછી તેનો કયાંથી જન્મ થવાનો? તેનો જન્મજ નથી; તેમ ઇશ્વર પણ નથીજ.

બચ્ચા સબ બ્રહ્મ જહે. ઓર કહા હૈકી—

> સંસાર મેં સરસા રહે, મન હુમારી પાસ;
> સંસારકું લોપે નહિ, સોઇ હુમારા દાસ.

બચ્ચા સબ જગ જયોં બ્રહે યો બહેને વો, ઓરકા કાંવ અપને કીયા હે, હમ સબ ભેદ પાગયે હૈ, કીં મન શુદ્ધ હે ઉસ્કા પાપ રાપુકા તાપ જન્મ ઓર ભી કુચ્છ દુઃખ સબ નષ્ટ હો જાતે હે. કીન્તુ યહિ ઐસે જ્ઞાન બીન અજ્ઞાનીઓ અનેક તપ, પુણ્ય, ધ્યાન મિથ્યા કર મરતે હે. હમ સંત હૈ. ! તો હુમારા કથા ન પિછાને તો મરજાવ. હમારે કીયા તુમે જીતને મેરે શિષ્ય હો, ઉનકો તો મેં કહું યોહીજ બહના. બચ્ચા તુમેરા કલ્યાણ હોગા. ધ્યાન રખો.

ઓર ભિ કહા હૈકી—

> સબ શિષ્ય સુનો તન ધનહુંસે સબ ચાકરી સંતકી કીજીયોજી;
> કોઇ આઇ કહે રામઆજ મિલે એસી બાતકું નાહિ પતીજીયોજી.

અચ્છે ભોગ ધરો મેરે લાલજીકું ઘોઇ સાલિંગરામકું પીજીયોજી;
બ્રહ્માનંદ કહે ખબરદાર રહેના દેના હોય સો હમકું દિજીયોજી.
દેખો માઇ તુમેરા હે દેહ ખોટા વાકુ સંતકે કાંવ લગાવનાજી;
સાધુ દ્વાર ખડે ગઉ રામજીકી ખૂબ માલ ભિ તાજા ખવરાવનાજી.
બીન ભાવ ન રાખીએ ભેખ હુંસે વાકી શીત પ્રસાદભી પાવનાજી;
બ્રહ્માનંદ કહે કછું મંત્ર કહેંગે એકાંત આસનપેં આવનાજી.

આ પ્રમાણે ખરા સંતને ન છાજે એવાં કપટનાં વચનો જ્યારે ગોવિંદથી સાંભળી ન શકાયાં, ત્યારે તે આસનથી ઉઠી મહારાજની સન્મુખ જઇ બેઠો, અને બોલ્યો કે;—

જેના ગુરુ આંધળા, તેના ચેલાઓ ભીંત.
લોભી ગુરુ ઓર લાલચુ ચેલા, દોનુ નર્કમાં ઠેલમઠેલા.
કોઇ નાઠો રાંડોના રોષે, કોઇને ના મળી નારી;
કોઇ સ્વાદે કોઇ કરજે નાઠો, કેમ રીઝે ગીરધારી.

× × × ×

તપ કર મર નહિ અતી, તપસ્વિ તપ કર મર નહિ અતી,
મતી તેવી છે ગતી. તપસ્વિ૦

વાહ ! ગુરુ વાહ ! તમારા જેવા સદ્ગુરુઓને ધન્ય છે. પાપ નથી, ઇશ્વર નથી, ત્યારે સર્વત્ર તમેજ છો કે ? જેમ માછલાંનુ મન જળ સાથે લાગી રહ્યું છે તેમ તમારું અંતઃકરણ દુષ્ટ વાસનાઓથી વિભુષિત થઇ રહ્યું છે. ત્યારે કેવી રીતે તમે શુદ્ધ મન રાખી મોક્ષને પામી શકશો, અને શિષ્યોને સદ્ગતીનું ભાન કરાવી શકશો. ભોળાં અને અજ્ઞાની મનુષ્યોને જુઠા ફંદમાં ફસાવી શા માટે દુઃખના કુપમાં નાંખો છો ? અત્યારે પૂર્વ પુણ્યના બળથી તમે ગુરુ બનીને બેઠેલા જણાઓ છો, પરંતુ યાદ રાખજો કે બાપ છોડશે પણ પાપ તો

સાપ થઇનેજ તાપથી ઉકાળશે. બહુચરા માતાનો મરઘો પેટમાં બોલશે.

સદ્ગુરુ પૂરા ના મીલા, સુની અધુરી શીખ;
સ્વાંગ જતીકા પહેરકે, ઘર ઘર માગી ભીખ.

પાપ છેજ નહિ ત્યારે દુઃખના વખતમાં બાપ, ઓ પ્રભુ ? આ દુઃખ સહન થતું નથી. વિગેરે દીન શબ્દો ઉચ્ચારી શા માટે રડો છો ? દુઃખ થવાનું કારણ શું ? એ સમજ્યા ? ના સમજ્યા હો તો સમજો કે તમારી સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિ એ પાપથી દુઃખ થવાનું કારણ છે. વળી તમો કહો છો કે-સંસારથી સરસું રહેવું, એટલે નિર્લેપ રહેવું. જ્યારે દેહથીજ સરસું રહેવાની તમને ખબર નથી, ત્યારે સંસારથી સરસા શી રીતે તમો રહી શકો છો ?અને સંસારથી સરસો રહે છે તેના ત્યાં કોઇપણ પ્રકારે નીચ વાસના થતીજ નથી. અને તેઓ સુખથી ભોગને માટે જુઠા લવારા કરતા પણ નથીજ. બિચારા ભલા અને પ્રાણીઓનું કલ્યાણ ચાહનારા નિસ્પૃહી મહાત્માઓ શ્લોકો અને સાખીઓ રચી ગયા છે; તેના વડેજ અત્યારે તમો જ્ઞાની થઇ નિર્વાહ ચલાવી રહ્યા છો. જ્યારે તમો પોતેજ ઇશ્વર મનાવો છો, ત્યારે તમારે આ નીચ વાસનાઓની પરવા શી છે ? મહાત્માઓ કહી ગયા છે કે—જેના અંતઃકરણમાં જ્ઞાનભાનુ ઉદય થાય છે તેમના અંતઃકરણમાં અજ્ઞાનઅંધારૂં નાશી જાય છે અને તેઓની કાન્તિ—સ્વરૂપ સ્ફટિક સમાન પ્રકાશે છે. સદ્ગુરુઓ હોય છે તેઓ તો પોતે ઇશ્વરજ કહેવાય છે. તેવા સાચા સદ્ગુરુઓનું તે જ્ઞાન કયાં ? અરે ! તેમનું બ્રહ્મસ્વરૂપમાં તૈલધારવત્ ધ્યાન કેવું ? તે જ્ઞાન તમારે શ્રવણે પણ આવ્યું નથી. તો તમે જાણી તો શી રીતેજ શકો ! ?

હાટ હાટ હીરા નહિ, કંચનકા નહિ પહાડ;
સિંહનકા ટોળા નહિ, સંત વિરલા સંસાર.

* * * *

ગુરુ મારા ગોવિંદરે, ગુરુ સરવે સુખડાં હોજી;
ગુરુજીતો ભવસાગર તરવાનાં તુંબડાં હોજી.
પ્રેમીતણાં પુણ્ય હોય પૂર્વ તણાં પૂરાં રેજી;
તેને મળશે તે ગુરુદેવ સંત આવી શૂરારેજી.

જ્યારે તમો તમારા જુઠા સ્વાર્થ માટે સાખીઓ દોહરા યાદ કરો છો, ત્યારે ખરા સ્વાર્થની વસ્તુઓ કેમ યાદ કરી રાખતા નથી? નક્કીજ તમો ધર્મરાજાના દૂત નથી પરંતુ યમરાજાના દૂત છો. અને નર્કના કુંડમાં નાંખવા માટેજ ભોળાં અને દીન પ્રાણીઓને અવળે માર્ગે હંકારી રહ્યા છો. સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ થએલા મહાત્માઓને પણ માયા અનેક રીતે લલચાવી નાંખવા તૈયાર થાય છે, અને તેઓ તો માયાનું ચરિત્ર જાણતા હોય છે, છતાંપણ માયામાં ગોથાં ખાય છે તો તમારા જેવા કંઈ નહીં સમજનારાનો તો માયાના મોહ આગળ શો હિસાબ ? !

માયા નહિ છોડે તુને, તજીશ નાત કે દેશ;
બાવા સાથે બાવીએ, પહેર્યો ભગવો વેશ.
મન મેલા તન ઉજળા, બગલા કપટી અંગ;
તેથી તો કૌઆ ભલા, તનમન એકહી રંગ.

જળમાં રહેતાં છતાં, શું તમો નથી ભીંજાતા ? અગ્નિ અડયા છતાં શું તમો નથી દાઝતા ? બાગમાં ફરો છો ત્યારે શું તમને સુગંધ નથી આવતી ? જ્યારે કાજળની જગ્યામાં ફરો છો ત્યારે તે તમારા શરીરને લગાર પણ કાજળનો ડાઘ નહિ લાગી શકે કે ?

સંતનાં અને હરિજનોનાં લક્ષણ કેવાં હોય છે તે શ્રવણ કરો.

તન તાપ જીનકું નહિ, ન માયા મોહ સંતાપ;
હર્ષ શોક આશા નહિ, સો હરિજન હર આપ.

જપમાળા છાપા તિલક, સરે ન એકે કામ;
મન કાચે નાચે વૃથા, સાચે રાચે રામ.
સબ ધરતી કાગજ કરૂં, કલમ કરૂં બન રાય;
સાત સમુદ્ર શાહિ કરૂં, હરિ ગુન લીખ્યો ન જાય.
ઉંચે બૈઠે ના લહે, ગુણુ વિણુ બડપણુ કોય;
બૈઠે દેવળ શીખરપર, કાક ગરૂડ નવ હોય.

માટે મહારાજજી ! જરા સારાસારનો વિચાર કરીને તમારા શિષ્યમંડળને સત્ય વસ્તુનો ઉપદેશ કરો. આ માટીનું શરીર અલ્પ સમયમાં નષ્ટ થશે અને એનાવડે કરેલાં પાપોથી તમારે નરક-કુંડમાં સડવું પડશે. તમે સ્મરણમાં રાખજો કે કરેલાં કર્મો કદાપિ પણ નિષ્ફળ જશેજ નહિ. પરંતુ કહ્યું છે કેઃ—

ધર તોયા બીખ દેને ફીરે;
કહો ઉનકો કયો દિખ્યા કરે.

મહારાજ—તેરા નાવ કયા ?

ગોવિંદ—મને લોકો ગોવિંદ નામથી ઓળખે છે.

મહારાજ—ગોવિંદ ! તું બહોત નાદાન હેં. સબ રામાયણ સુન-કર પુછતા કી સીતાજી કીનકી જોરુ ! ઓર ધંતુરાકા ગુન તો મહાદેવજીજ પિછાતના હેં. તેરી શીકલ તો ચુડેલ જૈસી હેં. ઓર મિજાજ પરીયોંકા રખતે હેં. દેખ,—

સબ ભૂમિ ગોપાલકી, ઉસ્મે અટક કહા;
જીસ્કે મનમે ખટકહી, સોહિ અટક રહા.
છોટે જનકું ના મિલે, બડી વસ્તુકા ભોગ;
દ્રાક્ષપાકન સમયમેં, હોત કાક મુખ રોગ.

જીસ તરહ મક્ષિકા દુર્ગંધ ચહાતી હે, ઓર અભાગીકો લક્ષ્મી

તિલક કરને જાતે મુખ ફીરા દેતા હે, એસે તુમ ભાગ્યહીન હો. હમારા અમૂલ્ય બોધ તેરા ભાગ્ય બીન તું નષ્ટ મનાતા હે. આમ કહી મહારાજ હસ્તે વદને ઉભા થઇ નાચવા લાગ્યા.

ગોવિંદ—[મનમાં] અહો હો ? શું પ્રેમ છે ! મહારાજને નાચતા જોઇ શિષ્યોના મનમાં કેવો આનંદ થાય છે ? આંધળો કહે ભીંત ત્યારે બહેરો કહે મસીદ. હા ! ખરૂં છે કે—

અબ મંદિરોમે રામજનીઓકે બીના ચલતા નહિ;
ઓર પ્રેમ ગીતોકે બીના ફલ ભક્તિકા ફલતા નહિ.
લીલા દિખાતી રાસકી પ્રત્યક્ષ લીલા લાલ હે;
સ્ત્રીઓ ભઇ સબ ગોપીઆં ગોસ્વામિજી ગોપાળ હે.

* * * * * *

આયા જમાના એસે તોહિ દોષ મેં કીનકો દઉં;
સબ હે દિખાતે રોષમે સંતોષ સબ કીનકો દઉં.

આ પ્રમાણે મનમાં બોલી ગોવિંદ ઘેર જવા ઉઠયો, તેને જોઇને પદ્મિની તેની પાસે ગઈ અને વિનયથી બોલી કે પવિત્ર બુદ્ધિ સ્વરૂપ ગોવિંદજી ! તમને બહુજ ધન્ય છે. અત્યારે તો નહિ પરંતુ આવતી કાલે તમો જરુર મારા ઘર સુધી પધારી મારી ઝુંપડીને પવિત્ર કરશો. મહાશય ! આપના જ્ઞાનને ધન્ય છે.

ગોવિંદ—જે કાર્ય હોય તે અત્યારેજ કહી દો, હું તમારે ઘેર આવી શકીશ નહિ.

પદ્મિની—ગોવિંદજી ! તમને મારા સોગન છે જો તમે મારે ઘેર ન આવો તો. મારું ઘર અમુક પોળમાં છે. ફક્ત પાંચ મિનિટજ બેસીને વિદાય થજો. ત્યારપછી ગોવિંદ ત્યાંથી વિદાય થયો એટલે એક નિર્મળશંખ નામનો મહારાજનો શિષ્ય ભજન કરતો હતો તે

ઉઠીને પદ્મિની પાસે આવ્યો, અને વંદન કરી હસ્તે મોંએ બોલ્યો કે—પદ્મિની બા ! આપ તો મહા સતીજ છો. ધન્ય છે ! પદ્મિ બા ! ત.....ત.....મને......અ......અ......માર......રોપ......પરિચય હજી નથી. અમો કેટલા બધા ગૃહસ્થ છીએ તે તો આપણા પૂજ્ય ગુરૂવર્યજ જાણે છે. અરે ! અમારી આગળ પૈસાનો તો હિસાબ જ નથી. પરંતુ પદ્મિ બા ! કોઇ દિવસ પણ અમારા ઘેર પધારી અમારા ઘરને પાવન કરશો. અમે અમારાથી આપની બનતી સેવા કરીશું. આપણે એકજ ગુરુના શિષ્ય છીએ એટલે મારા ત્યાં પધારવામાં આપને અડચણ નથી.

પદ્મિની—નિર્મળશંખ ! તમારૂં કહેવું સત્યજ છે. પરંતુ મારું ઘર છોડીને બીજાના ત્યાં જવાનો મને વખતજ મળતો નથી. પ્રભાતમાં વ્હેલાં ઉઠવું, શૌચાદિથી પરવારી સ્નાન કર્યા પછી ચાર કલાક સંધ્યાપુંજા કરતાં જાય, બે કલાક મંદિરે દર્શન અને સેવા કરતાં જાય, ત્રણ કલાક ભોજન બનાવતાં અને બાકીનો વખત પુસ્તકોનું અવલોકન કરતાં જાય છે. કહો ત્યારે મને જરા પણ ફુરસદ મળે છે ખરી કે ?

નિર્મળશંખ—પદ્મિ સતી બા ! ખરું છે. જ્યારે તમોજ સંધ્યા પુંજા વિગેરે શુભ કાર્ય ન કરો તો બીજુ કરશે પણ કોણ ! પરંતુ પદ્મિ બા ! એક વખત ગુરુબંધુનું દ્વાર પવિત્ર કરો તો ઘણી કૃપા.

પદ્મિની—નિમળશંખભાઇ ! વધુ શું કહેવરાવો છો ? હું પર પુરુષ સાથે વાત પણ કરી શકતી નથી; પરંતુ તમો ગુરુબંધુ હોવાથીજ અને ગુરુની આજ્ઞાથી તમારી સાથે વાત કરી શકું છું. અમારો વિશેષ પરિચય મહારાજ પાસેથીજ મેળવી વાકેફ થજો. વળી તમારો વિશેષ આગ્રહ છે તો બંધુ ? જરુર આવીશ !

મળતાં નાપિક ભાંડ બેઉ, જોયા જેવો તાલ;
નાઇ બતાવે આરસી, ભાંડ બજાવે ગાલ.

ત્યાર પછી પ્રભાત થતાં ભક્તજનો મહારાજને વંદન કરી પોત પોતાના ઘેર ગયા. સ્ત્રીવર્ગ પણ ઘર તરફ રવાના થયો.

પ્રકરણ ૯ મું.

તિરસ્કાર.

દુષ્ટ હોત નહિ શુદ્ધ દીલ, કિયે કોટી ઉપચાર;
ગુદા ન મુખ પદવી લહે, ધોવો વાર હજાર.

જ્યાં જોઇએ ત્યાં મનુષ્યો કંઇનું કંઇ વાંચન કરતા જણાય છે. કોઇ ભક્તિરસપ્રધાન પુસ્તકો વાંચે છે. કોઇ વૈરાગ્યરસપ્રધાન પુસ્તકો વાંચે છે. એમ અનેક જ્ઞાનાદિ વિષયોવાળાં પુસ્તકોનાં પાનાં ઉથલપાથલ કર્યે જાય છે. પણ તેમાં વળ્યું શું ? કાંઇ નહિ. વાંચીને તેજ વખતે તે જ્ઞાન પાછું પુસ્તકનેજ સોંપી દેવું. કદાચ વાંચનાર તેમાંથી બધું જ્ઞાન લઇ લે, તો પછી પુસ્તકમાં રહે પણ શું ? કહ્યું છે કે—

નીધિ દેખન અભાગી ચલા, કરમ લે ગયા સાથ;
મુક્તા ઢુંઢુંન બીચ લગા, તો શંખ લગ ગયા હાથ.
હિરા પડા બજારમેં, સબ અજાન ચલ જાય;
સદ્‌ભાગીને જબ દીખા, કોઉ જ્ઞાનીને લીયા ઉઠાય.

જેઓનાં હૃદય દુર્વાસનાથી દુષિત થઇ ગયાં છે, તે શુભ વાચન કરે તોપણ હૃદય દોષરહિત થતાં નથી. જે મનુષ્ય પોતાની બુદ્ધિથીજ નીતિને માર્ગે ચાલે છે તે મનુષ્ય ઉત્તમ કહેવાય

છે. બીજાનું દુઃખ શ્રવણ થતાં પોતે એમ સમજે છે કે આપણે પણ એ માર્ગે વળીએ તો દુઃખી થવાય ખરૂં એમ જાણી અનીતિનો પંથ તજી નીતિથી વર્તે તે મનુષ્ય મધ્યમ કહેવાય છે. જે માણસ બીજાને નીચ કૃત્યોથી દુઃખી થતો જુએ અને પોતે તે માર્ગને તજી દે તે મનુષ્ય સાધારણ ગણાય છે અને નીચ મનુષ્ય હોય છે તે પોતાના નીચ કૃત્યોથી દુઃખી થાય છે છતાં તે માર્ગને તજી શકતો નથી, અને નસિબને તથા ઇશ્વરને દોષ દઇ દુષ્ટ કર્મો કર્યે જાય છે. આવા મનુષ્યો વાસ્તવિક રીતે મનુષ્યો નથી પરંતુ પશુઓ છે.

અંધ મનુષ્યને આપણે કૂવામાં પડતાં કે ક્યાંય આડે રસ્તે જતાં વાળી શકીએ અને બીજે રસ્તો બતાવીએ; પરંતુ દેખતાં છતાં નેત્રો ફોડીને જે મનુષ્ય કૂવામાં પડે તેને કેવી રીતે વાળી શકીએ ?

મનુષ્યોએ સારી રીતે સમજવું જોઇએ કે કરેલાં શુભ અશુભ કર્મોનું ફળ ભોગવવુંજ પડશે. માટે સર્વદા શુભ કર્મ કરતા છતા સત્યથીજ વર્તવું "હરામમાં હરક્ત છે, અને બરક્ત તો હલાલમાંજ છે" શાહુકારોના પૈસા પચાવી પડી ઉજળા ફરવા કરતાં મજુરી કરી દેવા વગરના રહી મેલા ફરવુંજ વધારે સારૂં છે. પરંતુ અત્યારે તો " સાસુ વહુને શિખામણ આપે અને સાસુ ગોવાળીઆને વરે " એના જેવો જમાનો થઇ ગયો છે.

પદ્મિની પ્રભાતમાં ઉઠી વિચાર કરવા લાગી કે નિર્મળને ત્યાં પ્રથમ જવું, કેમકે તે વધારે ગરજવાન લાગે છે માટે દળતાં ફાકયું તે લાભ. વળી,—

સદા દોર દમામ દિખાતા નહિ;
ગયા બક્ત ફિર હાથ આતા નહિ.

જે કાર્ય એક ઘડીમાં થાય છે, તે આખા જન્મારાથી પણ

થઇ શકતું નથી. શુભ સમય ફરી ફરીને મળતો નથી. પરંતુ અત્યારે કદાચ ગોવિંદ આવશે તો ? તેમાં શી હરકત છે ? તેની સાથે બે ચાર જ્ઞાન ગપાટા મારીને અત્યારે તો તેને અહીંથી વિદાયજ કરી દઇશ. ગોવિંદ કાંઇ જ્ઞાની જણાય છે ખરો; તેની સાથે બીજી ત્રીજી વાતો કરતાં અપમાન થાય તો ? તેમાં શું વાંધો છે ? "સુરદાસકી ટીકી લગી તો લગી નહિ તો રામધુન મચાઇહે" "માનેતો દેવ નહિ તો વાટવાનો પહાણો" આ પ્રમાણે ઘણી જાતના વિચારો કર્યા પછી સુંદર શણગારોથી વિભુષિત થઇ પદ્મિની નિર્મળશંખને ત્યાં ગઇ. નિર્મળશંખે બેસવા માટે બહુજ સુંદર બેઠક બનાવી હતી, અને પદ્મિનીની વાટ જોતો બેઠો હતો. પદ્મિનીને જોતાંજ આનંદમાં આવી જઇ પદ્મિનીને આવકાર આપી યોગ્યાસને બેસાડી, અને ત્યાર પછી કઢેલા દુધના પ્યાલા લાવ્યો, જે પ્યાલામાંથી પદ્મિનીએ કઢેલું દૂધ પીધું અને તે પીધા પછી મુખવાસ આપ્યો તે પદ્મિનીએ ખાધો. ત્યારપછી નિર્મળશંખ બે હાથ જોડીને પદ્મિનીને કહેવા લાગ્યો.

નિર્મળશંખ—પદ્મિ બા ? આજે મારાં પૂર્વ પુન્યનો ઉદય થયો જણાય છે. આપના પધારવાથી મારૂં રાંકનું ઘર આજે પવિત્ર થયું. બા ! તમને બહુ ધન્ય છે.

પદ્મિની—નિર્મળશંખ ! પ્રજા શું છે ?

નિર્મળશંખ—બા ! પ્રજામાં પાંચ પુત્રો અને સાત દિકરીઓ. સ્ત્રીઓ બે છે.

પદ્મિની—ત્યારે વૃદ્ધજ થયા કહોને !

નિર્મળશંખ—પદ્મિબા ! હજી વૃદ્ધાવસ્થાએ હું પહોંચ્યો નથી. હજી શરીરમાં શક્તિ તો બહુજ છે. અલ્યા કાળુ ! જા તારી માને કહે કે વ્હાલાં ફોઇબા પધાર્યાં છે માટે ઉત્તમ રસોઇ તાકીદથી બનાવી દે.

ઘણો શ્રમ લેઇને પધાર્યાં ને આપણું દ્વાર પવિત્ર કર્યું. આવાં પવિત્ર સતીને ભૂખ્યાં અને ઠાલે હાથે વળાવાય કે ? થોડા વખતમાંજ ભોજન તૈયાર થયું. પદ્મિનીએ જમી લીધું. નિર્મળશંખે મુખવાસ આપ્યો, તે સ્વિકાર્યા પછી પદ્મિનીએ પોતાને ઘેર જવા જણાવ્યું. આ સર્વ વૃત્તાંત નિર્મળશંખની સ્ત્રી છુપાઇને શ્રવણ કરતી હતી. એટલે જેવો નિર્મળશંખ એક હજાર રૂપીઆની થેલી ઘણા વિનય સાથે પદ્મિનીને અર્પણ કરવા લાગ્યો, અને પદ્મિનીએ નાહા કરતાં તે સ્વિકારી અને રજા લઈ બહાર નિકળી તેવીજ નિર્મળશંખની બન્ને સ્ત્રીઓએ તેને પકડી અને તે બેઉ સ્ત્રીઓએ મળી પદ્મિની પાસેથી નાણાં લઇ લીધાં, અને ભૂમિ સાથે પછાડી સારી રીતે હલકી કરી નાંખી. પછી ત્યાંથી તે પરાણે છુટી, અને પોતાના ઘર તરફ રવાના થઇ ગઇ. તેના ગયા પછી નિર્મળશંખ પોતાની સ્ત્રીઓને બહુજ ઠપકો આપી કહેવા લાગ્યો.

નિર્મળશંખ—અરે રાંડો ! ચૂડેલો ! હમણાં બન્નેનું આવી બન્યું એમ સમજજો હાં !

સ્ત્રીઓ—અમને શું કરવા અડાવો છો ? પેલાં તમારાં વ્હાલાં બગિનીને થોડો લાભ મળવાથી રીસાઇને ચાલ્યાં જાય છે માટે તમે દોડો અને મનાવી લાવો. જ્યારે તમને આવાં નીચકૃત્યો સુઝે છે ત્યારે પેલા તમારા બાપા શાહુકાર દરરોજ ઉઘરાણી કરે છે તેનું લહેણું કેમ નથી પતવતા ? આ પ્રમાણે સ્ત્રીઓના કઠોર શબ્દોના ઘા નિર્મળશંખથી સહન ન થવાથી કયાંઇ બહાર જઇ છુપાઇ ગયો.

નાકે જમાયે નહિ કદી, જમાય ભોજન મુખ થકી;
જમે પરાણે કોઈ પણ, દુઃખી થવાયે છે નકી.
લક્ષ કોટીથી ભલે, ભંડાર દીધેલા ભરી;

અનીતિ અને વ્યયે વૃથા, થોડે સમે જાશે ખરી.

જે નિર્મળશંખ મોટા ગૃહસ્થ તરીકે પોતાને માનતા હતા, તે વૃથાજ માનતા હતા. એ નિર્મળશંખનો પિતા દેહાંત થયો, ત્યારે એક લક્ષ રૂપીઆની મુડી એના ઘરમાં હતી. પરંતુ ભાઇ સાહેબ અમાસની વહેંચાયેલી બુદ્ધિના હોવાથી તે સર્વ દ્રવ્ય કુમિત્રોના સંગથી ખાલી કર્યું. અને એટલેથીએ તેઓ અટકયા નહોતા. જે મિલકતનું પાણી થયું તેની ચિંતા નિર્મળશંખને કે તેના મિત્રોને હતીજ નહિ. તેઓ તો મદિરા અને માંસાદિમાં મગ્નજ રહેતા. એક દિવસ તેના એક મિત્રની પોતાની સ્ત્રીપ્રતિ બદદાનત થવાથી તે સ્ત્રીએ તેને બહુજ ધીક્કાર્યો એટલે તે મિત્રે નિર્મળશંખને સારી રીતે ભંભેરી બીજી વખત લગ્ન માટે તૈયારી કરાવી. ઘણે દિવસે કન્યા મળી, કન્યાના પિતાએ ભરપુર નાણાં લઇ તે કન્યાને કુપમાં નાંખી દીધી. તેમને બીજાું પ્રયોજન પણ હતું શું? તેમને પૈસાનુંજ પ્રયોજન હતું. પુત્રીને દુઃખ પડે તેમાં તેને કયાં ભોગવવા જવું હતું? આવા કસાઇઓને માટે ઇશ્વરની કોર્ટમાં કાંઇ સખ્ત કાયદો હોય તોજ સારૂં. આવા દુષ્ટો જો અગ્નિથી કે વિષ્ટાથી ઉદર ભરતા હોય તો ઘણું સારૂં. હે અધર્મના અવતાર રાક્ષસો! યાદ રાખજોકે જે જેમ આવ્યું તે તેમ જશે અને સાથે તેટલુંજ બીજાું તે લેતું જશે, અને અધર્મીઓ તમારા કપાળમાં ભોગવવા માટે પાપ ભોગવવાનો જ તમારે નફો રહેશે. માટે કન્યાવિક્રયનું નીચ કૃત્ય તમે છોડીદો અને કંકુને કન્યા આપી સુખી થાઓ. પુત્રી સાટે લીધેલું દાન, અને ગાયનું રક્ત (લોહી) બરાબર સમજજો. અમારા પિતામહો, તમારા પરમ હિત માટે કહી ગયા છે કે—પુત્રીને સાટે લીધેલું ધન બહુજ દુઃખ આપે છે. વળી પણ તેઓએ કહ્યું છે કે જો તે ધનનું અજ્ઞાદિ

આવી નિર્વાહ ચલાવે, તો તે જમનારાં સદાને માટે રોગી થાય, અથવા પશુ આણે તો મરી જાય, ઘર બંધાવે તો બળી જાય, જણુસ ઘડાવે તો ચોર લેઇ જાય; વળી આવી રીતે તે ધન જતાં છતાં પણ પાપતો લેનારને છોડતું નથી. તેઓ એ પ્રમાણે કહી ગયા છે અને અમો પણ અત્યારે એ પ્રમાણેજ જોઇએ છીએ. એવીજ રીતે નિર્મળશંખ બે સ્ત્રીઓના સ્વામી થયા, સર્વ દ્રવ્ય ચાલ્યુ ગયું અને કોઇ દિવસ અન્ન વિના પણ ફાકા પડવા લાગ્યા. શાહુકારને ત્યાંથી નાણાં લાવી છેવટે નિર્વાહ ચલાવવા માંડયો. વધુ દેવું થઇ જવાથી શાહુકારે નાણાં આપવાનાં બંધ કર્યાં; છેવટે સ્ત્રીઓની જણસો ઉતારી વેચી નાંખી, તેમાંથી થોડી રકમ શાહુકારને આપી, બીજી નિર્વાહ માટે રાખી. જો પદ્મિનીએ શીકાર પકડયો હોત, તો બિચારાં તેનાં છોકરાં આજથીજ ભૂખે રીબાત. પરંતુ તેમ ન બન્યું તે સારૂં થયું.

પદ્મિની ત્યાંથી જલદીથી ઘેર આવી અને અપમાન થવાથી અંતરમાં બળવા લાગી કે “કરવા ગઇ કંસાર, પણ થઇ ગઇ થુલી,” “પરણાવતાં સાસુ હરખાયાં; પરંતુ પાછળથી તો હડકાયાં.” હશે હવે તેનો શોચ શા માટે કરવો ? અરે ! ગોવિંદ કદાચ ઓચિંતો આવશે તો મેં તો કોઇ પણ જાતની તૈયારીઓ કરી નથી, માટે હમણાં બધા વિચારો મૂકી દઇ ચાપાણીની તૈયારી કરૂં. એમ વિચાર કરી પદ્મિનીએ ચાહ તૈયાર કરી તથા ગોવિંદને બેસાડવાની બીજી તૈયારીઓ કરી ગોવિંદની રાહ જોતી બેઠી.

ગોવિંદ બહુજ જ્ઞાની હતો. પદ્મિનીનાં સર્વે કૃત્યો તેણે જાણ્યાં હતાં. તેણે વિચાર કર્યો કે એ સ્ત્રી બહુજ સ્વચ્છંદી જણાય છે માટે એને બનતાં સુધી શુભ ઉપદેશથી તે કૃત્યો તજાવવાં. પ્રભુકૃપાથી

આપણે નિર્દોષ છીએ, એટલે શી હરકત છે? વળી જેની દાનત સારી, તેને શાની ધાક? આમ વિચાર કરી તે પદ્મિનીને ત્યાં આવ્યો. પદ્મિનીએ બહુજ પ્રેમાનંદમાં આવી જઇ યોગ્યાસને ગોવિંદને બેસાડયો. તે પછી ચાહનો પ્યાલો હાજર કર્યો. તે ગોવિંદે પીધો. પછી મુખવાસ આપ્યા પછી પદ્મિનીએ ચાતુરી ચલાવવા માંડી.

પદ્મિની—ગોવિંદજી! તમે બહુજ જ્ઞાની છો. જે સ્ત્રીએ અનેક વ્રતાદિ કીધાં હશે તેજ તમને પામવાને ભાગ્યશાળી થઇ હશે. શું તમારું જ્ઞાન! શું તમારી બુદ્ધિ! શું તમારું ચાતુર્ય!

ગોવિંદજી! આટલા દિવસથી હું સતીના ધર્મોથીજ રહી શકી છું અને આ ભટકતા મનને મેં સારી રીતે વશ કરી દીધું છે. દરરોજ સ્નાનાદિ ક્રિયાથી પરવારી કેટલાક સમય સુધી ઇશ્વરનું ધ્યાન ધરું છું, પતીની સેવા કરું છું, જે જે વ્રતો આવે છે તે તે વ્રતોનું હું પૂર્ણ ઉત્સાહથી પરિપાલન કરું છું. એક વખત ત્રણ વ્રત સાથેજ આવવાથી ત્રણ દિવસ હું ભૂખી રહી હતી. જગતમાં પતી સિવાય અન્ય પુરુષોને હું ભ્રાતા, પિતા અને પુત્ર સમાન ગણું છું. વળી હું સારી રીતે સમજું છું કે મન તો બહુ લાલચવાળું હોય છે તેને કુવાસનાથી બચાવી પ્રભુના સ્વરૂપમાં સ્થિર રાખવું જોઇએ. પરંતુ ગોવિંદજી! આ સર્વ નિશ્ચયો તમારી દિવ્યકાન્તિ જોતાં દૂર થાય છે. શું એ પૂર્વના કાંઇ પાપ સંસ્કાર હશે? નહિ તો મનમાં આટલો વૈરાગ્ય હોવા છતાં તમારા સ્વરૂપમાં મોહ પામવાનું મારે પ્રયોજન શું હશે? કોઇ દિવસ નહિને, અરે! કોઇ વખત નહિને આજે મારા મનમાં આવા ખોટા વિચારો શા માટે વારંવાર આવે છે? મનને ઘણું વશ રાખવા જાઉં છું પરંતુ મન ઉછાળો મારીને તમારુંજ સ્મરણ કરે છે. કહ્યું છે કે—

જેનું દર્શન થતાં, સ્પર્શ થતાં, જેની વાણી સાંભળવામાં આવતાં, જેની સાથે સંભાષણ થતાં હૃદય દ્રવિત થાય, હૃદય ગળે, તેનું નામ સ્નેહ કહેવાય છે.

લોક કહતે જર હુવે તો જક્ત કે સબ સુખ હય;
કોઇ કહતે જર મિલેપે ઘર હુવે તો સુખ હય.
એ નહિ હે પ્રીય મોકું ઓર મેં બિચારે હય;
જરભી હય ઘરભી હય દિલબર નહિ તો કુચ્છ નહિ.

ગોવિંદજી ! મદનદેવે મર્યાદા તોડી નાંખી છે; દેવોને પણ એ દેવે બહુજ દુઃખ દીધું છે. અરે ! સુરપણું તજાવી અસુર બનાવ્યા છે. ગોવિંદજી ! હું બધું સમજું છું, પરંતુ આ વખત કામદેવે મને નિર્લજ બનાવી દીધી છે.

ન ભાવે ઉઘાડે સ્થળે બેસવાનું, ન શાવે ગુફાઓ મહિ પેસવાનું;
મરીને રતી રોગી સાજા થયા છે, અસાધ્ય ખરે પ્રેમની વેદના છે.
ક્ષુધા ને તૃષા રાત ને દી સતાવે, તથાપિ નહિ અન્ન પાણીજ ભાવે;
ન જાણી શકે વૈદ્ય કે શી દશા છે, અસાધ્ય ખરે પ્રેમની વેદના છે.
કૂડી કે રૂડી વાત કોઇ ના સૂઝે, બળે ચિત્ત એવું બુઝાવ્યું ન બુઝે;
સદા શોક ખાવાને અશ્રુપીવા છે, અસાધ્ય ખરે પ્રેમની વેદના છે.
ન ભાવે ભલું નામ સીતાપતિનું, થયું કેન્દ્ર પ્રેમાંજ જેની મતીનું;
મહા ગાન તેના મુખે પ્રેમના છે, અસાધ્ય ખરે પ્રેમની વેદના છે.
(અ. કે. નાયક.)

ગોવિંદ—અહો પદ્મિની ! વાહ ! સોનાની પેટી સાથે માત્ર લોખંડનું તાળું ! સર્વ સદ્‌ગુણમાં એક મોટો દુર્ગુણ? પદ્મિની ! વિચાર કરજે કે શેર અમૃતમાં એકજ વિષનું બુંદ નાખવાથી તે બધા અમૃતનું ઝેર કરી દે છે. જ્યારે ત્યારે સર્વે પ્રકારના ભોગ તજી દેવા

પડશે. મોટા મોટા મહેલો બધાવતાં વર્ષોનાં વર્ષો વિતિ જાય છે, અને તે મહેલોને પાડી નાંખતાં દિવસ પણ થતો નથી. કેટલું બધું કષ્ટ વેઠવું પડે છે ત્યારે આ મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે. તેને જાણી જોઇને નીચ કાર્યમાં ગુમાવી દેવો એના જેવી મૂર્ખતા બીજી વધારે કઇ છે? અરે! ક્ષણવારમાં તો મરવું છે, તો હે જીવ! આ જુઠા મોહજાળને તું શા માટે અમર માની રહ્યો છે? પદ્મિની! એ ભોગોના રોગો બહુ ભારે થઇ પડશે, ત્યારે પ્રભુ વિના તને કોઇ પણ ઉગારી શકશે નહિ, જે વિષયો આપણને અત્યારે રમણીય અને પ્રીય લાગે છે, તે સર્વે આપણા શત્રુઓજ સમજવા. દુઃખના વખતમાં જ્યારે આપણને આપણાં પાપ દુઃખ દેવા તૈયાર થશે, ત્યારે ભક્તિ વિના કોઇ પણ અન્ય આપણું રક્ષણ કરી શકશે નહીં. પ્રભુ ભક્તિ બિચારી બહુ ભલી ને માયાળુ છે. આપણે તેને શત્રુ ગણીને કાઢી મૂકી છે, પરંતુ અત્યારે તેને બોલાવવી હોય તો તે બિચારી સન્માન વિના તુરતજ આપણી પાસે આવે છે. તેને ધિક્કારીએ તોપણ તેની તેને રીસ નથી, તો હે પદ્મિની! તુ પરમાત્માની ભક્તિ કર, અને તેથી તારાં સર્વ પાપોનો ક્ષય થઇ જવાથી તું બહુજ સુખ ભોગવીશ.

એ તન માટીકા બના, કચ્ચાજ ઉનકા સંગ હે;
શોહિકે પિછે નષ્ટ હોતે, જ્યોં પતંગી રંગ હે.
કમાઇ કરનેકે સમે, ગવાઇ જાતે હે તુંયો;
ચંદા દી જોબન ચારકા, હોયગે ફીરે ભંગ હે.

પદ્મિની! શું તે આ પતંગી સુખોને અચલ માની લીધાં છે, કે તેથી તું નીચ કાર્યમાં પ્રવૃત્તિ રાખે છે? આ ક્ષણિક સુખોને ક્ષણિક માની ઇશ્વરની ભક્તિ કરવામાં તારું શું જાય છે? સ્ત્રીઓના ચરિત્રમાં જ્ઞાની પુરુષો પણ ફસાઇ જાય છે; તો અમારા જેવા ચંચળ

મનના મનુષ્યને તો આશરોજ શો છે? તારાં કેટલાં બધાં ચરિત્રો છે? સ્ત્રીઓનાં ચરિત્રોને ભોળા પુરૂષો શી રીતે પારખી શકે? પદ્મિની! એ પાપ કેટલા દિવસ સુધી નભી શકશે? જ્યાં સુધી પૂર્વના પુન્યનો ઉદય છે, ત્યાં સુધીજ. પછીથી સર્વે પાપો ભેગાં થશે અને તને અત્યંત દુઃખ દેશે, ત્યારે કહે કે તું કોને સંભાળશે? પદ્મિની! વિચાર કર વિચાર કર.

આપણી ઉત્તમ આર્યજાતિમાં કેવી કેવી મહા સતીઓ થઇ ગઇ છે કે જેણે દાતા, ભક્તો અને વીરનરોને જન્મ આપ્યો છે. અહોહો!! ધન્ય છે તે રત્નની ખાણોને!! તેનો મહિમા કોણ વર્ણવી શકે તેમ છે?

નારી નરનું રૂપ છે, નારી જગનું માન;
નારી થકી નર નીપજ્યા, ધ્રૂ પ્રહ્‌લાદ સમાન.
કોઇ સંત સતી નાર કોઇ, કોઇ હરિના દાસ;
સત્યતણા પ્રતાપથી, રહ્યું અદ્ધર આકાશ.

પદ્મિની! જેમ સુખના વખતમાં આપણને વિષયના આ રસો પ્રીય લાગે છે તેમ દુઃખના વખતમાં તેવા વિષય રસ કાંઇ પ્રીય લાગે ખરા કે? પદ્મિની! દુઃખના સમયમાં તો ભક્તિજ આપણું રક્ષણ કરશે. દુઃખના વખતમાં તો પ્રયત્ન કર્યા વિના જ મન એની મેળેજ રામ રામ કહ્યા કરશે. પદ્મિની! રામભક્તિ વિના સુખ ક્યાંય પણ નથીજ.

પદ્મિની! સારી રીતે યાદ રાખજે કે, આપણને દુઃખ દેવાજ અને આપણા સત્‌કૃત્યોનું ભક્ષણ કરવાજ આ મોહ આપણને લલચાવી રહ્યો છે. જ્યારે અશુભ કૃત્યોની પરિપાક અવસ્થા થશે, ત્યારે એ મોહાદિ મિત્રો શત્રુ થઇ, દુઃખના કૂવામાં નાંખી ક્યાંય ચાલ્યા

જશે. સત્કૃત્યોનાં ફળ ગુપ્ત રહે છે, અને તે ધીમેથી શુભ ફળ આપે છે અને આ પતંગી ફળો દેખીતાં સ્વાદિષ્ટ લાગવાથી આપણને વધારે પ્રીય લાગે છે પરંતુ તેનાં ફળ આપણને કડવાં ચાખવાં પડે છે. પદ્મિની! સુખ દુઃખ પામવું એ આપણા મનનુંજ કારણ છે. મનની ક્ષુધા સંતોષભોજન વિના મટતીજ નથી. જો આપણે માનીએ અને તેનો સારો ઉપભોગ કરતાં આવડે તો મનુષ્યદેહ ઉત્તમ છે, નહિ તો વારંવાર પાપકર્મો થાય તો આ દેહ નકામો છે. જો માનીએ તો તુલશી એ પવિત્ર વૃક્ષ છે, નહિ તો તે બીજા ઝાડ જેવી જ છે. જો માનીએ તો સાલિગ્રામ મહાદેવ છે, નહિ તો તે બીજા પાષાણ જેવાજ છે. આપણો સ્વામિ આપણે દેવ સમાન માની લેવો જોઇએ તે વિના ગમે તેવી ચતુરાઈ ચલાવે કિંવા ભક્તિ કરે તે નિષ્ફળ છે. અને તે પોતાના મનમાં પતિવૃતા કહેવરાવે, પણ તેને પતિઘાતી સમજવી. તે વ્રતધારી હોય પણ તેને વ્રત હરનારી સમજવી. તે રમણી હોય પણ તેને શંખણી સમજવી. તે પદ્મિની હોય પણ પિશાચીણી સમજવી. તે રૂપાળી હોય પણ તેને કુબ્જા કે રાક્ષસી સમજવી. પદ્મિની! આ જે બધું કહ્યું તે સર્વનો સાર એજ છે કે સર્વદા સત્યથી વર્તવું, અને ઇશ્વર તથા પતિની ભક્તિ કરવી.

એક હાથમેં ગોબરી, એક હાથમે મેવા;
દોનું હે તુજ હાથમેં, મન ભાવે સો ખા.

જેમ વૃક્ષોની છાયા ફરે છે તેમ સુખ દુઃખ આવે અને જાય છે. આજે જે સુખી છે તેજ વળી કોઇ સમયે દુઃખી દેખાય છે. અને આજે દુઃખી દેખાય છે, તે સમય આવે સુખી દેખાય છે. એ માટે એક દૃષ્ટાંત કહું છું તે સાંભળ.

બે બંધુઓ હતા તેઓ પિતાના મરણ પછી ભેગાજ રહેતા

હતા અને સંપીને ઘર સંસાર ચલાવતા હતા. પરંતુ સ્ત્રીઓનો સ્વભાવ અદેખો હોવાથી છેવટે સ્ત્રીઓના કંકાસથી તેઓની પાસે એક લક્ષ રૂપીઆની મીલકત હતી, તે વ્હેંચી લેઇ જુદા રહ્યા, અને પોતે પોતાનું કાર્ય ચલાવવા લાગ્યા. નાનો બંધુ બહુ જ સત્યપણાથી વર્તતો હતો, તથા અધિક ભાવથી ઇશ્વરની ભક્તિ કરતો હતો. પરંતુ દૈવવસાત્ તેનું સર્વ દ્રવ્ય નાશ પામ્યું, અને એટલી બધી દુર્દશા આવી પહોંચી કે, અન્નાદિ પણ વખતે ન મળતું. તોપણ તેણે સત્ય છોડયું નહીં અને ઘણાજ પ્રેમથી મજૂરી કરીને પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો.

દુઃખના વખતમાં પણ ગભરાઇ ન જતાં તથા અંતઃકરણમાં દુઃખ પામ્યા વિના આનંદથીજ ભક્તિવડે સમય વ્યતિત કરવા માંડયો. જ્યારે મોટા બંધુની સ્ત્રી તેની સ્ત્રીને મેણાં દેતી ત્યારે તે કહેતી કે—

सुखमापाप्तितं सेव्यं दुःखमापप्तितं तथा।
चक्रवतु परिवर्तंते दुःखानीच सुखानीच ॥

ભાવાર્થ—સુખ દુઃખ ભોગવ્યે જવું, કેમકે જેમ ચક્ર ફરે છે તેમ સુખ દુઃખો આવે જાય છે.

જેમ સુખની વખતમાં બીજાં સુખો આવે છે, તેમ દુઃખના વખતમાં બીજાં દુઃખો આવે છે. આ અથાગ દુઃખમાં વળી તેનો એકનો એક પુત્ર હતો તેનો અવસાન થયો. આ કારી ઘાથી તે નાના બંધુને અસહ્ય દુઃખ પડયું તેથી પોતાની સ્ત્રીને યાત્રાએ જવાનું બહાનું દેખાડી વનમાં ચાલ્યો ગયો. જંગલમાં આમતેમ ભટકતો ભુખ તરસથી રીબાવા લાગ્યો. તેનાં ચક્ષુઓમાંથી ચોધારે આંસુ નીકળવા લાગ્યાં. છેવટે ફરતાં ફરતાં તેને એક પર્ણકુટી જેવું દેખાયું, એટલે તે ત્યાં ગયો. ત્યાં એક તપસ્વિ બિરાજ્યા હતા; તેમને દંડવત્ પ્રણામ

કરી ત્યાં બેઠો, એટલે તે તપસ્વિ મહારાજે થોડું ફળાદિ આપ્યું તેનો તેણે આહાર કર્યો. ત્યારપછી પાણી આપ્યું તે પીધું. પછી મહારાજે કહ્યું કે બેટા ! તું શામાટે આવ્યો છે ? તેણે કહ્યું મહારાજ ! જગત્માં દુઃખ ઉપર દુઃખ સહન ન થવાથી કંટાળી આ દેહનો અંત આણવા હું અહીં આવ્યો છું. પૂજ્ય મહારાજ ! મારો મોટો બંધુ પાપ કાર્યમાં તલ્લીન રહે છે અને અનેક રંકોને સતાવે છે તોપણ તે સર્વ વાતથી સુખી છે અને લક્ષાધિપતી થઇ ફરતો ફરે છે. અને મારા મનમાં ઘણીજ દયા છે તથા હું ધર્મને રસ્તે ચાલું છું છતાં પણ અન્ન પણ મળતું નથી. હું સદા સત્યતાથી વર્તુ છું. પરંતુ મહારાજ આટલો બધો દૈવનો કોપ મારા ઉપર શામાટે થયો હશે ?

મહારાજ—વત્સ ! એ બધી તારી ભૂલ છે. તું ઇશ્વરની સત્તાના નિયમથી અજ્ઞાત છે. તારાં દુઃખ હણવાનો ઉપાય હું જાણું છું. જા, આ પર્ણકૂટી પાછળ શું છે ? તે જોઇ લે. તપસ્વિનાં આવાં વચનો સાંભળી તે પર્ણકૂટી પાછળ જોવા ગયો તો તેણે બે તાડ દીઠા. બન્ને તાડ અરધા સુવર્ણના અને અરધા કથીરના તેને જણાયા. તે જોઇને તે તપસ્વિ પાસે પાછો આવ્યો અને તેણે જે જોયું હતું તે તેમને કહ્યું.

તપસ્વિ—વત્સ ! જે તાડ ઉપરથી સુવર્ણનો છે તે તારા મોટા બંધુનું નસિબ છે. અને નીચેથી ઉપરના ભાગમાં સુવર્ણનો થતો જાય છે તે તારું નસિબ છે. વત્સ ! તારાં પૂર્વનાં અશુભ કૃત્યોથી તારો તાડ તદ્દન કથીરનો હતો તે હવે તારાં શુભ કૃત્યોથી સુવર્ણનો થવા લાગ્યો છે. તારા શુભ કાર્યથી તે થોડા જ વખતમાં તદ્દન સુવર્ણનો થશે. એટલે તું સર્વ પ્રકારનાં સુખોથી આનંદ ભોગવીશ. અને તારા બંધુનો તાડ જે કથીરનો થતો જાય છે તે તેના પૂર્વ-

નાં શુભ કૃત્યો બળવાન હોવાથી પ્રથમ તે તાડ તદ્દન સુવર્ણનો હતો તે હવે તેના દુરાચરણથી કથીરનો થવા લાગ્યો છે. થોડા વખતમાં જ તે કથીરનો થઇ જશે એટલે સર્વ પ્રકારના તેના વૈભવો નાશ પામી તે બહુ દુઃખી થશે. વત્સ ! પૂર્વના શુભાશુભ સંસ્કારોજ આ જન્મમાં પ્રાધાન્યપણે સુખ દુઃખ આપ્યા કરે છે. માટે તું હવે સુખેથી ઘેર જા, અને ઇશ્વરની ભક્તિ કર. આ પ્રમાણે આ મહાત્માની અદ્‌ભુત શક્તિ જોઇ તે પોતાને ઘેર આવ્યો અને બહુજ શ્રદ્ધાથી પ્રભુ ભક્તિ કરવા લાગ્યો, તેથી થોડા જ વખતમાં તે અત્યંત સુખ ભોગવવા લાગ્યો. અને તેનો બંધુ થોડા જ વખતમાં સર્વ સિદ્ધી નાશ પામતાં દુઃખી થવા લાગ્યો.

પદ્મિની ! જ્યાંસુધી આપણાં કૃત્યો બળવાન છે, ત્યાં સુધીજ આપણને પાપકર્મ કરવા છતાં સુખ મળે છે. પરંતુ તે દુઃખો આપણી આગળ આવી રહે છે ત્યારે તે અંતે આપણને ભોગવવાં પડે છે. હું સત્ય જ કહું છું કે તું ઇશ્વરની ભક્તિ કર, ભક્તિ કર.

પદ્મિની—તમારો ઉપદેશ સારી રીતે મેં શ્રવણ કર્યો. પરંતુ જે હૃદયમાં પ્રેમ મોહનો ઘા વાગ્યો છે તે રૂઝાતો નથી. માટે તમો ......પ્રેમને...

ગોવિંદ—પદ્મિની ! તને ધિક્કાર છે. અરે ! કાજળ તે કાજળ જ, પથ્થર ઉપર પાણી. હું સારી રીતે જાણું છું કે “ આદત આતી જાનકે સાથ, ઓર જાતી હે જનાને કે હાથ ” “ કડવા વેલાકી કડવી તુંબડી , સબ તીરથ ફીર આઇ; ગંગા નાહિ ગોમતિ નાહિ, તોભી મીટી ન કડવાઇ. ”

कचित्काणो भवेत् साधुः कचित् खल्वाट निर्धन ।
दीर्घ दन्तः कचिन्मूर्खः कचिद् गानवती सती ॥

ભાવાર્થ—આંખે કાંણો કોઇક સાધુ હોય, માથામાં ટાલવાળો કોઇક જ નિર્ધન હોય, લાંબા દાંતવાળો કોઇક જ મૂર્ખ હોય, અને ગાયન કરનારી સ્ત્રી કોઇક જ સતી હોય.

પાપિણી અને પિશાચીણી પદ્મિની! યાદ રાખજે કે એ કર્તબોનું ફળ તને એવું ખરાબ મળશે કે તું એવાં કર્મ કરવાની હમેશને માટે ખોડ જ ભુલી જઇશ. તારો પાપ કુંભ ભરાવા લાગ્યો છે. એટલે મારા અમૂલ્ય ઉપદેશનો અનાદર કરનાર પાપિણી! એનો બદલો પ્રભુ તને આપશે.

ભણેલ તો પણ ભામની, અજવાળી પણ રાત;
ડાહ્યો પણ દારૂડીઓ, અંતે જાત કુજાત.

છેવટે પદ્મિનીને અત્યંત ધિક્કાર આપી ગોવિંદ પોતાના ઘર તરફ રવાના થયો.

પ્રકરણ ૧૦ મું.

ન્યાય અને ભેટ.

નિર્લજ જન લાજે નહિ, કરે કોટી ધિક્કાર,
નાક કપાયું તો કહે, અંગે ઓછો ભાર. (૬૦)

× × × × ×

સબ નારીઓ નર ખીજ હુવેકે, શા જમાના આ ગયા;
સંતોષ શીતતા પ્રેમકું હે, લોભ તુગરા ખા ગયા.
ભક્તિ નીતિકુ ભુલકે, પંથ દુઃખકે બહતે દીએ;
હારીકે ધર્મ સુકૃત્યકું, સબ દુઃખમાં ડુલા ગયા.

ગોવિંદનાં અમૃતતુલ્ય વાક્યો પદ્મિનીને જરા પણ અસર કરી શક્યાં નહતાં. પરંતુ તેનાથી તે તેનાપર વધારે ચિડાઇ રહી હતી. વળી અનંગાનંદ મહારાજની સ્થિતિ હવે નબળી થવાથી એટલે દામ ઘટી જવાથી તે રાધાકૃષ્ણજીના મંદિરે પણ ઝાઝી જતી નહિ. તથા દરરોજ છૂપી રીતે ઘરના એકાન્ત ભાગમાં મદ્યનું પાન કર્યા વિના પણ રહી શકતી નહતી. વ્રત કરતી તે પણ સારી રીતે જમીને જ કરતી હતી. બહારતો ભૂખ્યા જેવો ડોળ કરતી. પરંતુ અંતરમાં તો ઠંડક હતી. અને ભક્તિનાં ઉપરનાં ચિહ્ન તો વધાર્યે જ જતી.

નગરમાં એક કાજળશંખ કરીને ન્યાય કરતા હતા, તેના પ્રતિ તેનું અંતઃકરણ દોરાયું. તેને તેણે પોતાના ઘેર બોલાવ્યો. એટલે કે મીનીબાઇ દુધ પીશો ? તો કહે કે તૈયાર જ છું. પદ્મિની બોલાવે છે એવા આનંદના સમાચાર શ્રવણ થતાંજ તે પાંચસો રૂપીઆની થેલી લઇ તેને ત્યાં આવ્યો.

પદ્મિની—પધારો ! પધારો ! ! કાકાજી બહુ કૃપા કરી. પરંતુ તમો અમારે માથે શિરછત્ર હોવા છતાં લોકો અમારી હાંસી કરે છે તે સહન થતું નથી. અરે.........

કાજળશંખ—પણ વહુજી કહોને કે છે શું ?

પદ્મિનીએ ચાના પ્યાલા આણ્યા, તે કાજળશંખને આપ્યા. પછી જરા કટાક્ષ કરતી બોલીકે-કાકાજી ! તમારા મહોલ્લામાં ગોવિંદ રહે છે તે મારી હાંસી કરી ગયો. કાકાજી ! તમો વિચાર કરો કે સાધારણ કાર્ય માટે આપણે મોટા માણસથી કોર્ટમાં પણ જઇ શકાય કે ?

કાજળશંખ—વહુજી ! તમો નિશ્ચિંત રહો. અત્યારે જ એ બાબત બધા પંચને ભેગા કરીને તેમના મો આગળ ખુલ્લી કરું

છું. પછી તેનો ઘાટ ઘડવાનો વિચાર કરીશું. પરંતુ અત્યારે તો આ.........

પદ્મિની—વળી એ શું કાકાજી ?

કાજળશંખ—વહુજી ! એતો અમારો વિવેક કહેવાય. અમને કાકાજી કહ્યા તેમાં પ્રમાણ પણ શું ! કૃપા કરી સ્વિકારી લ્યો.

પદ્મિની—કાકાજી ! આટલું ન્યાયનું કામ પૂર્ણ થતાં, બહુ સારુંજ થશે. એમ કહી નાણાં ઘરમાં મૂક્યાં અને કાજળશંખ પંચ ભેગું કરવામાં રોકાયા. ત્યારપછી થોડાજ વખતમાં પંચ ભેગું કરી કાજળશંખ પદ્મિનીને ત્યાં આવી પહોચ્યા. કાજળશંખ તો જાણે " ઢેડાનો વિવાહ, અને મહેતરાણીનો આનંદ " એ પ્રમાણે ઘુમવા લાગ્યા. ઘડીએ ઘડીએ ઘરમાં જાય અને બહાર આવે. પછી ચાહ તૈયાર થતાં ચાહ પી તેમણે મુખવાસ લીધા પછી ગોવિંદને પદ્મિનીના ત્યાં બોલાવ્યો. પંચના બોલાવવાથી ગોવિંદ પદ્મિનીના ત્યાં આવ્યો અને પંચ સન્મુખ વિનયથી બેઠો. તેના બેઠા પછી કાજળશંખ બોલ્યા.

કાજળશંખ—અલ્યા ગોવિંદ ! તું બહુજ બ્હેકી ગયો જણાય છે. તદ્દન વંઠી ગયો કે શું ? મોટાં માણસોની હાંસી કરતાં તારું હૃદય કેમ ફાટી પડતું નથી ? તારી જીભ કેમ ટૂટી પડતી નથી ? આટલા દિવસ અમો તને ડાહ્યો અને શાણો જાણતા હતા. પરંતુ તારા ભેદો તો કાંઇ ઓરજ છે કેમ ? આ અઘટિત કાર્ય માટે તારે સખ્ત દંડ આપવો પડશે. તેં કાંઇ ગરીબની સ્રીની હાંસી કરી નથી, પરંતુ કુળવાન શિયળવતી અને આબરુદાર સિંહણને છેડી છે. હં......જાણ્યું ને.........

અંધશંખ—સ્વાર્થશંખ ! આ સાળો ગોટાળો શો જણાય છે તેની મને તો કાંઇ સમજાણુ પડતી નથી.

સ્વાર્થશંખ—તમે છાનામાના સાંભળ્યા કરોને, જે હશે તે હમણાં જણાશે.

ગજબશંખ—ફસ્તબશંખ ? આતો હાળુ કાંઇ ગજબ, ગજબ, થએલું જણાય છે.

ફસ્તબશંખ—અરે ભાઇ ? આપણે એમાં શો લાભ છે ? મફત તમાસો જોવાનો એજ ને ?

ગરબડશંખ—અરે છાના રહો. ગરબડ ન કરો. સાંભળો, સાંભળો તો ખરા.

ગોવિંદે વિચાર કર્યો કે—

दुर्जनं प्रथमं वंदे, सज्जनं तदनंतरम् ।
मुख प्रक्षालनात्पूर्वं, गुदा प्रक्षालनं यथा ॥

ગોવિંદ—મારા ન્યાયમણિ સાહેબો ? તમો કહો છો તે સાચું જ છે. જેવું તમારા હૃદય ભંડારમાં ભર્યું છે તેવું જ તે ભંડારમાંથી બહાર નિકળે છે, બીજું સારું ક્યાંથી નિકળે ! દુર્ગંધના સ્થાનમાંથી સુગંધ મળી શકે ખરી કે ? જેવી દ્રષ્ટી તેવી જ સૃષ્ટી તમને ભાસે છે.

પારકા દોષો જોવા જે ચતુરાઇ વાપરવામાં આવે છે, તે જો પોતાના દોષ જોવામાં વાપરે તો કોણ આ સંસાર બંધનમાંથી મુક્ત ન થાય ? પણ માન અને અભિમાનના તોરમાં આવી પોતેજ પોતાને હાથે હલકા બને છે.

તમોએ મને નીચ ગણી કાઢયો છે અને પદ્મિનીને બુદ્ધિશાળી માની બેઠા છો તેનું પ્રયોજન શું છે તે હું સમજું છુ. પ્રયોજન એજ છે કે,

आत्मनस्तु कामाय सर्वं प्रीय भवति ॥

સંસારમાં જે કાંઇ પ્યારૂં લાગે છે તે માત્ર પોતાની મતલબને

મારે જ. બીજાને માટે નહીં.

પીવ પરોસીન તે રહે, તીયન કહત કર કાજ;
અપની જાંગ ઉઘારીએ, આપહીં મરીએ લાજ. (વૃં.)

હું જાણું છું કે પદ્મિની માટે તમે આટલું બધું કરો છો. પરંતુ કળિયુગમાં ગોરાણીઓ હોય છે તેતો યજમાનનાંજ ગોરાણી ગોરનાં નહિ જ. તમો મોટા મોટા પાઘ બાંધી તમારી સ્વાર્થી ગૃહસ્થાઇ દેખાડો છો તથા બહારથી મોટા મનાવો છો, પરંતુ નમ્રતા વિના તથા હૃદયની શુદ્ધિવિના તે તમારી ચતુરાઇને ધિક્કાર છે. તમો કેવી રીતના ગૃહસ્થ છો તે પણ હું જાણુંછું. તમારા શાહુકાર બાપાઓ તો તમારા ઘેરથી ઉઠતાજ નથી. પરંતુ ખોટી સફાઇ માટે તમે ગૃહસ્થાઇ જણાવી રહ્યા છો. જો તમે ગૃહસ્થ છો તો જ્યાં દેવા યોગ્ય છે ત્યાં દાન કેમ દઇ શકતા નથી ? અને જ્યાં ન દેવું જોઇએ ત્યાં પહોળે હાથે દીધા કરો છો. ધિક્કાર છે તમારી ગૃહસ્થાઇને. પૈસો બુદ્ધિ અને વયને સંબંધ નથી જ ? સંબંધ તો માત્ર ન્યાય અને સત્યનેજ છે.

त्याग भोग विहिनेनं धनेन धनीनो यदि ।
भयाम: किं न ते नैव धनेन धनीनो वयम् ॥

ભાવાર્થ—જે ધનથી, દાન કે ઉપભોગ કરાતો નથી, એવા માત્ર એકલા જોવામાત્ર ધનથી ધનવાન્ થવાતું હોય, તો અમારી દ્રષ્ટિએ પડેલા કૃપણોના ધનથી અમો પણ ધનવાન જ છીએ. (સનાતન ધર્મ ગર્જના ૧ થી ૫.)

જેમ દુધની કાંજી બળી જતાં તે વૃથા થાય છે તેમ હે કૃપણો ! તમારું ધન ખોટે માર્ગે વપરાતું હશે તો તે પણ વૃથા થાય છે.

તમારામાં અત્યારે જે આટલો બધો ભેદાભેદનો ડુંગર છે તેનું કારણ એટલું જ છે કે તમારામાં કોઇપણ પ્રકારની વિદ્યા નથી. તમે નક્કી માનજો કે વિદ્યા અને સદ્બુદ્ધિ વિના ગૃહસ્થાઇ શોભી શકતી નથી.

કાન્તિ સુશોભિત હોય ભલે, શુભ ભુષણ વસ્ત્રવડે નરનારી,
આબરુ હોય અપાર બધે, બહુ લોક ભલે ગુણ ગાય વધારી;
બાગ અને ઘરબાર સુશોભીત, હોય ભલે ઘરમાં સ્થિતિ સારી,
તો પણ દેવી સરસ્વતિ જ્યાં નહિ, બંધ તહીં સુખની સહુ બારી.
ખૂબ ભલે ખરચો નિજનું ધન, નાચ તણો બહુ ઠાઠ કરાવો;
ગર્વ ઘણો મનમાંહિ કરી અતી, દુઃખ દઇ ભલે રંક રડાવો;
ખાન અને શુભપાન તણી, તમને ભલે હોય વગો બહુ સારી,
તો પણ દેવી સરસ્વતિ જ્યાં નહિ, બંધ તહીં સુખની સહુ બારી.
ગાય ભલે ગુણ માગણ લોક, ભલે વગ હોય તમારી વધારે,
ગાયનમાં ગુલતાન બની ખુબ, તાલ મૃદંગ બજાવો સુસારે;
લાલચુ લોક થવા નીજ કામ, ભારે સ્તુતિ ગાય ઘણીજ વધારી,
તોપણ દેવી સરસ્વતી જ્યાં નહિ, બંધ તહીં સુખની સૌ બારી.

(તો૦ ગુ૦)

તમો સર્વે મારા મુરબ્બી બંધુઓને કહું છું કે આવાં જુઠાં કાર્યોમાં તમારે પડવું નહિ. જો નહીં ચેતો તો તમારી બધી જીંદગી એ જ કાર્યમાં વહી જશે. હવે તમો વૃદ્ધ થવા આવ્યા છો, માટે જરા શાન્તિથી ઇશ્વરનું ભજન કરો અને સત્કાર્યમાં પ્રવૃત્ત થાઓ.

જો સતી સતપેં ચઢે, તો પાન ખાના રસ્મ હે;
આબરુ જગમેં રહે, તો જાન જાના પશ્મ હે.

સત્યની પાછળ પડયાથી જ જય છે, અને અસત્યનું સેવન

કરવાથી ઘણા જ દુઃખી થવાય છે, એ તમે સારી રીતે સમજો.

આ સંસાર પતંગી મોહથી ભરેલો છે અને તેવાં સુખો તથા સ્વાદો પણ ક્ષણિક જ છે, માત્ર અચળ તો ધર્મ અને કીર્તી જ છે. જેમ મોટી નદી ઓળંગીને સામે તીર જવું હોય તો નાવ વિના જવાતું નથી. અને તે નાવ સંભાળીને ચલાવવાથી જ મુસાફરીની સફળતા થાય છે. તેમ જ સંસાર સાગરથી જો તમે સ્હામે તીર જવા (મોક્ષ મેળવવા) ઈચ્છતા હો તો, ધર્મનાવમાં બેસી જાઓ અને યુકિતથી તેને ચલાવો. જો તે નાવને તમો વિવેકપૂર્વક બહુ જ સાવધાનતાથી નહીં ચલાવો તો જ્યાં ત્યાં તે અથડાશે, અને તેનું તમે બરોબર રક્ષણ કરશો—કામ, ક્રોધ, મોહ, લોભાદિ પવનથી જાળવશો—તો સ્હેજે સામે પારને પામી જશો.

જે સુખો તમે શોધી રહ્યા છો તે સર્વે ધર્મમાં છે. રાજ, લક્ષ્મિ, સ્ત્રી, પુત્રો વિગેરે વૈભવો ધર્મમાં જ રહ્યા છે. જો તમે આટલું જાણતા હો તો દુઃખના માર્ગમાં સડવાની તમારે જરૂર નથી. શું આ તમારો ન્યાય કહેવાય ? આવા નીચ ન્યાયો શા માટે તમે કરો છો ? બરોબર ન્યાય આપતાં તમને શું પેટમાં દુઃખે છે ? જેમ પાપી જીવો તેમના સન્મુખ આવેલા અમૃતને ઓળખી ન શકવાથી તે જવા દે છે અને મોહક વસ્તુને જોતાં જ ત્વરાથી દોડે છે તેમ તમે પણ તેમ જ કરતા જણાઓછો. જેમ સત્યવડે જ આ વ્યોમ અદ્ધર રહ્યું છે, સત્યવડે જ મેઘ વરસે છે અને સત્યવડે જ સૂર્યદેવ પ્રકાશ કરે છે, તેમ તમારે બીજાઓનો ન્યાય પણ સત્યવડે જ કરવો જોઇએ. ન્યાયનું કોઇ સગું નથી તેમ તેને હાથ પગ પણ નથી. તેનેતો માત્ર સત્ય સાથે જ સગાઇ છે.

એક એકની સહાયતાથી તમે પાપકર્મ કરવા તૈયાર થાઓ

છો, પરંતુ ભોગવવાનું તમારે જ છે. આપણે જમીએ તો આપણી ક્ષુધા મટે છે અને બીજાઓ જમે તો તેમની ક્ષુધા દૂર થાય છે. આપણે જમવાથી બીજાની કે બીજાના જમ્યાથી આપણી ક્ષુધા મટી શકતી નથી. તેમજ આપણે પાપ કરીશું તે આપણે જ ભોગવવાનું છે. કહેવત છે કે—"જાણ્યા ભોગવ્યે છૂટકો, અને કર્મો ભોગવે છૂટકો. તમારામાં મને દંડ કરવાની શક્તિ કયાં રહી છે? અરે તમારાં મુખ તો જુઓ! જાણે દાવાનળ ન ફરી ગયો હોય! પદ્મિની પતિવ્રતાના પ્રતાપે કેટલાએ મોક્ષ પામી ગયા છે. અને તમે પણ.. ......બસ હવે હું રજા લઉં છું. આ પ્રમાણે બોલીને ગોવિંદ ત્યાંથી એકદમ પોતાના ઘેર ગયો. ત્યાર પછી અજબશંખે આમતેમ વાતો ચલાવી, ગોવિંદના દુર્ગુણ જ ગાવા માંડયા. ખરું જ કહ્યું છે કે—ગુદાને ગંગાજળથી ગમે તેટલીવાર ધૂવે તો પણ તે મુખતો નહીં જ કહેવાય! થોડો વખત અજબશંખ પદ્મિની સાથે વાતચર્ચા ચલાવ્યા પછી સર્વેએ ત્યાંથી ચાલવા માંડયું. ત્યાર પછી પદ્મિનીની દૃષ્ટિ અધર્મશંખ ઉપર પડી એટલે પદ્મિની અધર્મશંખને કહેવા લાગી.

પદ્મિની—ઓહો! અધર્મશંખ? તમોએ પધાર્યા હતા કે શું?

અધર્મશંખ—મોટી વહુ? હું તો કયારનો આવ્યો છું! પ્રથમથીજ આવ્યો હતોને! પરંતુ તમે બધું કાર્ય બગાડી નાંખ્યું, પ્રથમથીજ મને એકલાને કહ્યું હોત તો ગોવિંદીયાને એકાંતમાં બરાબર હલકો કરત. અને વળી હું અહીં આવવા ઘેર નીકળ્યો ત્યારે પેલા નિર્મળશંખની સ્ત્રી પણ મને કહેતી હતી કે અમારાં વ્હાલાં નણંદીબાની ખબર લેતા આવજો એ ઉપરથી હું જાણી ગયો છું કે ગોવિંદે તમારી હાંસીજ કરી છે. પણ હવે શું કરું?

પદ્મિની—અધર્મશંખ ! તમો જાણો છોને કે બિલાડીને કહે ક્યાં સીકાં ટુટી પડે છે? અને દુધે ધોયેલા કોયલા ક્યાં ઉજળા થઇ જાય છે? તમો તો બબ્બે કોઇ દિવસ આવતા પણ નથી તો? શું વેપારમાં રોકાઇ રહો છો? તમારા ભાઇ પણ તમને બહુજ સંભારે છે.

અધર્મશંખ—વહુ ! મોટી વહુજી! આપ તો દયાનીજ મૂર્ત્તિ જણાવો છો, તો કૃપા કરીને મારૂં પાપીનું ઘર પવિત્ર ન કરો! જો પધારો તો મોટી કૃપા કરી કહેવાશે.

પદ્મિની—પણ હું ત્યાં કયા પ્રયોજનથી આવી શકું ?

અધર્મશંખ—વહુજી? મારો જે એકનો એક પુત્ર છે તે બહુ જ બિમાર છે. તેને જોવા માટે ખા'નુ કાઢીને આવજો.

પદ્મિની--બહુ સારું, તમે જાઓ. હું થોડીવારમાંજ તમારી પાછળ આવું છું. ત્યારપછી તે અધર્મશંખ ઘેર ગયો, અને પદ્મિનીએ ભોજન બનાવી જમ્યા બાદ અધર્મશંખને ત્યાં જવા તૈયાર થઇ એટલામાં તેનો સ્વામિ આવ્યો તેણે ભોજન માગ્યું. પદ્મિનીએ કહ્યું કે આજતો મેં એકાદશી કરી છે માટે રસોઇ બનાવી જમતા હોતો જમો. આ પ્રમાણે પોતાના સ્વામિને ઉત્તર આપી તે અધર્મશંખને ત્યાં જવા નીકળી.

પ્રકરણ ૧૧ મું.

કર્મ ફળ એક.

સંસારમાં કોઇ જગોએ વીણાના શબ્દો થાય છે, કોઇ જગાએ કોય હાયનું રૂદન થાય છે, કોઇ જગોએ મનોહર સ્ત્રી હોય છે અને

કોઇ જગોએ ઘડપણથી શિથિલ શરીરવાળી સ્ત્રી હોય છે. કોઇ જગોએ વિદ્વાનોની વાતો થાય છે, અને કોઇ જગોએ મદિરાઓથી મદોન્મત્ત થએલાઓ કલહ કરે છે. એવો આ સંસાર અમૃતવાળો છે કે વિષવાળો છે તે મારા જાણવામાં આવતું નથી.

ભજન તજાવે નેમ શુભ, ભૂલાવે ભય રામ;
ખેદ કરાવે દુઃખ વળી, એવો છે એ કામ.

અધર્મશંખનો પુત્ર ઘણોજ બિમાર હતો તેથી તે વૈદ્યને તેડવા માટેજ નગરમાં આવેલો પરંતુ પદ્મિનીને ત્યાં ગોવિંદનો ન્યાય થતો જોઇ ત્યાં રોકાયો હતો. તેની સ્ત્રી બિચારી પુત્રની ભયંકર માંદગીને લીધે નેત્રોમાંથી ચોધારે આંસુ કાઢતી પુત્રને ખોળામાં લઇને બેસી રહી હતી. ઘણો સમય થઇ ગયો હતો એટલે વળી બહાર આવી જોતી કે વૈદ્ય ક્યારે આવશે? એવામાં અધર્મશંખ પધાર્યા અને પુત્રની કાંઇપણ ખબર ન પૂછતાં પદ્મિનીને બેસવા માટે સોઇ કરવા લાગ્યો. સ્ત્રીએ પૂછ્યું કે વૈદ્ય ક્યાં છે? તોએ તેણે ઉત્તર આપ્યો નહીં. ફરી પૂછતાં ચિડાઇને બોલ્યો કે વૈદ્ય તો ઘેર નથી ક્યાંય ગયા છે. કહેને પણ હવે હું શું કરૂં?

સ્ત્રીએ કહ્યું કે ત્યારે કાંઇ ખાનગી દવા કરો તો સારૂં. છોકરો બહુજ દુઃખી થાય છે. આપણે તેની દવા કરીશું તો પ્રભુ કૃપાથી જીવતો રહેશે તોજ આપણું મુખ ઉજળું દેખાશે. હું એની પાસેથી ખસું છું છે કે તુરતજ રડે છે માટે તમો કાંઇ દવા કરો.

અધર્મશંખ—અરે! તેં ચાહ પીવાના પ્યાલા ક્યાં મૂક્યા છે અને પાનનો દાબડો ક્યાં છે?

સ્ત્રી—બળે તે પાન ને ચાહ. હું કહું છું તે સાંભળતા નથી કે? આમ બાબરા, બેચેન કેમ થઇ ગયા છો? તમને આવે

વખત થયો છે એટલે તે વૈદ્ય હવે ઘેર આવ્યો હશે, તેને તેડી લાવો.

અધર્મશંખ—તેણે તો રાત્રે આવવા કહ્યું છે. કેમકે આજે વાર સારો નથી. પણ તેં ચાહના પ્યાલા ક્યાં નાખ્યા છે ? પેલાં વહુ આપણા લાલુની ખબર લેવા આવે છે.

સ્ત્રી—વળી ક્યાં વહુ તમારાં આવે છે ? નગરમાં આટલા વર્ષથી છીએ તો પણ કોઇ દિવસ તો તે આપણા ઘેર આવ્યાં નથી અને વળી તમારાં એવાં વહુ એ કેવાં છે કે આજે લાલુની ખબર કાઢવા આવે છે ?

અધર્મશંખ—મારા બાપના બાપના મોસાળ તરફથી આપણે સગાઇ થાય છે. તેણે લાલુની બિમારીની ખબર સાંભળી એટલે બિચારી ગદ્ગદ્ થવા લાગી. તે બિચારી ભલી વહુ અત્યારે જ આવે છે. આ પ્રમાણે આ બન્ને વાતો કરે છે એટલામાં પદ્મિની ત્યાં આવી પહોંચી. અધર્મશંખે અત્યંત સન્માનથી તેને બેસાડી. પછી તેને માટે ચાહ તૈયાર કરી તે પદ્મિનીએ પીધી. ત્યાર પછી આ બન્ને હસી હસીને વાતો કરે છે અને છોકરાને બિમારી બહુ જ વધવાથી બિચારી સ્ત્રી બેઠી બેઠી રૂદન કરે છે. પરંતુ રાક્ષસી હૃદયના અધર્મશંખને લગાર પણ દયા ઉત્પન્ન થતી નથી. છેવટે પદ્મિની-એ પૂછ્યું કે કેમ છે કીકાને ?

અધર્મશંખ—હવે તો સારું છે ફિકર કરશો નહીં. આપના પૂન્ય પ્રતાપે ઇશ્વરે કૃપા કરી છે. પછી પદ્મિની ત્યાંથી ઉઠી બાળક પાસે જઇ અધર્મશંખની સ્ત્રી રડતી હતી તેને ધીરજ આપી, અને છોકરા સામું જોયું તો છોકરાની સ્થિતિ આખરની તેને જણાઇ, તેથી તેણે વિચાર કર્યો કે કદાચ છોકરાને કાંઇ થશે તો આપણે વળી નકામી પીડામાં આવી પડીશું. આવો વિચાર કરી તેણે અધર્મ-

શંખની સ્ત્રીની રજા માગી અને ધીરજ આપી બોલી કે, તમે ફિકર કરશો નહીં એતો સારું થઇ જશે; આ પ્રમાણે કહીને તે ત્યાંથી ચાલવા માંડી એટલે અધર્મશંખ તેને કાંઇ આપવા લાગ્યા. ના હા કરતાં પદ્મિનીએ તેનો સ્વિકાર કર્યો. તે પછી તે પોતાના ઘરતરફ રવાના થઇ. તેના ગયા પછી અધર્મશંખની સ્ત્રી અધર્મ-શંખને કહેવા લાગી કે તમે કાંઇ દવા કરો તો સારું, પરંતુ અધર્મ-શંખે ગણકાર્યું નહીં. રાત્રી પડતાં અધર્મશંખ વૈદ્યને તેડવાનું બહાનું કાઢી ઘરમાંથી નિકળ્યો, પરંતુ ઘણો સમય થયો તો પણ ઘેર ફરી ન આવવાથી તેની સ્ત્રી વધારે શોક કરવા લાગી. રાત્રીના બાર વાગી ગયા પછી તે છોકરે સંસારનો ત્યાગ કર્યો, જેથી સ્ત્રી ઘાંટો કાઢી રડવા લાગી. મહોલામાંથી સ્ત્રી પુરુષો ત્યાં આવ્યા, તેઓએ છોકરાના શબને સર્વ સંસ્કાર કર્યા. સ્ત્રી છાતી કૂટી ખૂબ રડવા લાગી. પ્રભાત થતાં અધર્મશંખ આવ્યો અને તે પણ રડવા લાગ્યો.

બુદ્ધિવાન પુરુષોએ પારકી સ્ત્રીપ્રતિ જવું નહીં. કેમકે તેથી અનેક દુઃખ થાય છે એમાં સંશય નથીજ.

પદ્મિની મદ્યપાન કરી આનંદમાં બેઠી છે એટલામાં ઉલકશંખ ત્યાં આવી પહોંચ્યા તેને જોતાંજ પદ્મિની ચીડાઇને બોલી કે એ દુષ્ટ ! અહીં કેમ આવ્યો છે ? ચાલ ઘરમાંથી નિકળ નહીં તો ધક્કા ખાઇને જવું પડશે.

ઉલકશંખ—અરે ! ગુલાબમાંથી આ દુર્ગંધ કેવી ? પદ્મિની ! એક હજાર રૂપીઆ તને અર્પણ કરીને જે મજૂરીથી તથા ભીક્ષાવૃત્તિથી નિર્વાહ ચલાવું છું તે શું ? આ પ્રમાણે અપમાન સહન કરવા માટે કે ? શું તું કાંઇ મારી હાંસીતો નથી કરતી ને ? ઉલક-શંખનું આ પ્રમાણે બોલવું સાંભળી પદ્મિનીએ ઉઠી ચાર પાંચ ફટકા

લગાવી દીધા. અને ધક્કા મારી બહાર કાઢયો, એટલે ઉલ્લકશંખ ત્યાંથી ચાલી નિકળ્યો, અને એકાંતમાં જઇ કર્મોનો પશ્ચાતાપ કરવા લાગ્યો.

અહો ! મોટા પુરુષોએ સત્યજ કહ્યું છે કે, સદ્બુદ્ધિ તો અંતેજ આવે છે; તે પહેલાંતો અંતઃકરણમાં જડતાજ વાસો કરી રહે છે. કહ્યું છે કે; " મરે છે શ્વાનને મોતે, છતાં છૂટે નહિ છોડી; તથાપિ વળ મૂકે ના, બળીને ખાખ થઇ દોરી. "

અરે ! આ રંડાએ મારા હજારો રૂપીઆનું પાણી કર્યું અને હવે મને ધક્કો મારીને કાઢી મૂકયો. આના કરતાં તો તે રૂપીઆ ધર્માદામાં વાપર્યાં હોત તો ઉગી નિકળત. પરંતુ પ્રથમ મને જરાપણ ના સુઝયું અને તેના મોહક સ્વરૂપમાં હું ફસાયો, તેથી છેવટે ખુવાર ખુવાર થઇ ગયો. મારા વ્હાલા બંધુઓ ! મારી દશા તમે જોઇ છે? હવે વધારે હું તમને શું કહી શકું ? વધુ કહેતાં મારું હૃદય રડે છે અને મારી જાત ઉપર ધિક્કાર છૂટે છે. હે બંધુઓ ! પરસ્ત્રીપ્રતિ તમે જો શૂરા હો તો દ્રષ્ટિ પણ કરશો નહીં. હે પ્રભો ! હવે હું અત્યારે કોનું સ્મરણ કરું ! મારે માટે સર્પ વિંછી અને કાન ખજૂરાથી નરકના ભરેલા કુંડ ક્યાં છે ? શા માટે વાર લગાડો છો ? મને તેવા નરકકુંડમાં ઝટ નાંખી દો એટલે મારું પાપ બળી જાય. રીદ્ધી ખોઇ, વ્હાલાંનો વિયોગ કર્યો અને નફામાં પાપ લઇ આજે હું નરકમાં જવા બેઠો છું.

મહા મેહેનતે આ અમીભવ મનુષ્યા મેળવ્યો;
ગર્ભમાં રક્ષણ કીધું હરીએ બહાર જનુની જાળવ્યો.
રે ! રે ! તે શું પાપ કરીને નરક કુંડો પામવા;
ના ! ના ! ભજીને ઇશ ભાવે દુઃખ સરવે વામવા.

બંધુઓ ! પરસ્ત્રીની પ્રીતિ બહુજ દુઃખદાયક છે. હું પણ કહું

છું કે માણસ માત્ર ભૂલને લાયક છે. પરંતુ હું એમ જાણતો નહોતો કે સ્ત્રીઓ આવી નિમકહરામ હોતી હશે. જો તેમ હોત તો મારા દ્રવ્યનો બચાવ કરત અને હું પણ તેના પંજામાંથી બચી જાત. કહ્યું છે કે—

ચંચલ નેણ કટાક્ષ તે, આઘ કરંતી ગેલ;
દુષ્મન મારે દાવસેં, એ મારે હસ ખેલ.
કુતીયન બડી હરામકી, દામ દેખ લલચાય;
જીસકા દામ હરામકા, વહી કુતીયન ઘર જાય.
જબ લગ પૈસા હાથમેં, તબ લગ અપની યાર;
દેખા ઇસ સંસારમાં, સ્વાર્થકા વ્હેવાર.

× × × ×

પરનારી સહુ દુઃખનું મૂળ, ડાહ્યા સમજી રહેજો દૂર;
પરનારી છે જીવતો કાળ, ભાગે કીધાં પૂન્યની પાળ.

× × × ×

જુગટું રમ્યો નળ સુજ્ઞ થઇ, નીજબંધુ પુષ્કરથી અરે;
તેને સૂઝે અવળુંજ જોને, દુર્દશા શીરપર ફરે.

× × × ×

હે પ્રભો ! હવે હું તારે શરણે છું. પ્રભો ! હું જાણુંછું કે મેં અઘોર પાપ કર્યાં છે તેથી હું શું મોં લઇને આપની દયા માગું ? પરંતુ આપ દયાની મૂર્તિરૂપ છો એટલે મારાં કરેલાં પાપની ક્ષમા આપી મને શાંતિ અર્પશો.

હે પ્રભો ! આ અંતઃકરણ નિર્મળ કરો, અને તેથી હું આપની ભક્તિ કરું. હે પ્રભો ! હું પાપી ઉપર કૃપાળુ થાઓ.

પ્રકરણ ૧૨ મું.

મદ્યપાનના દોષ.

ચંદ્રને વિષે કલંક છે, કમળની નાળમાં કાંટા છે, સમુદ્રનું પાણી ખારું છે, પંડિતને વિષે નિર્ધન પણું છે, પ્રેમીને વિયોગ છે, રૂપવંતને વિષે નિર્ભાગ્યપણું છે, ધનવાનનેવિષે કૃપણુપણું છે, એ રત્ન-પદાર્થમાં વિઘ્ન આણુનાર વિધાત્રાજ છે.

એક પુરુષ સંધ્યાકાળને સમયે પદ્મિનીના ઘર આગળ આવી ગાવા લાગ્યો કે—

નેહાપતીસેં લગાદેરે, તું નેહાપતીસેં લગાદે;
બાત દુસરી જા દેરે. તું૦
કચ્ચી મીટીકી બની, કાયાતુંજ પતંગ હૈ,
ચેત તજી ચતુરાઇકું, અંત કોઇ નહિ સંગ હૈ;
તેરી નિદ્રા સુરતકું જગાદેરે. તું૦

તે ગાયન શ્રવણુ થતાંજ પદ્મિનીએ તેને પોતાના ઘરમાં બોલાવ્યો અને પુછવા લાગીકે ઉસ્તાદજી ! આપ ક્યાં રહો છો ? આપનું નામ શું છે ?

પદ્મિનીનું સુંદર સ્વરૂપ નિહાળતાંજ તે તેના સ્વરૂપમાં મોહ પામી ગયો અને બોલ્યો કે બાઇ ! હું તો અહીંથી સો ગાઉ ઉપર રહું છું. મારું નામ ઉડાઉશંખ છે.

પદ્મિની—વારું ! ત્યારે આમ જેમ તેમ ત્રાંસા ચાલતા કેમ જણાઓ છો ? કાંઇ વ્યસન છે કે શું ?

ઉડાઉશંખ—આપના આગળ સર્વ સત્યજ કહીશ. મેં જરા

બ્રાન્ડી પીધી છે...અને હજી પણ બ્રાન્ડીની બીજી બાટલીઓ મારી પાસે છે. તમો......

પદ્મિની—અરે કયાંય દુર્ગંધ ઉડે ત્યારે ભોગ મળે. નહિતો..

ઉડાઉશંખ—એજ તમારી ભૂલ છે. ઘણો વખત થયાં મેં ક-લાલને ત્યાંથીજ પીધો, પરંતુ તેની દુર્ગંધ ઉડવાથી બાટલીજ લેઉ છું. લેઈ આવું ?

પદ્મિની—લા......વો......એટલે તે લઇ આવ્યો.

ત્યાર પછી પદ્મિનીએ તેમાંથી થોડોક પીધા પછી આનંદ સાથે તેના આગળ વાર્તાવિનોદ કરવા લાગી.

પદ્મિની—ઉડાઉશંખજી ! મને પચીસેક બાટલી લાવી આપો તો સારૂં.

ઉડાઉશંખ—અરે ! તૈયાર છે.

પચીસ બાટલી તથા એક જણુસ તે આનંદથી પદ્મિનીને આપવા લાગ્યો. પદ્મિનીએ તેનો સહર્ષ સ્વિકાર કર્યો. થોડો વખત વિત્યા પછી જેને ત્યાં તે આવ્યો હતો તે માણસ તેની શોધે આવ્યો. પદ્મિનીએ એકાંતમાં બોલાવી તેને પૂછયું કે—ભાઇ ! એ કયાં રહે છે ? તેણે કહ્યું કે એતો ચોર છે, જ્યાં ત્યાં ચોરીઓ કરી મોજ ઉડાવે છે. વગર ભાડાની કોટડીમાં પણ રહી આવ્યો છે. એનો વિ-શ્વાસ કરશો નહીં. અમો પણ અત્યારે જમાડીને તેને રજાજ આપી-શું. ત્યારપછી ઉડાઉશંખને તેડીને તે પોતાને ઘેર ગયો. પદ્મિનીએ બીજીવાર થોડી બ્રાન્ડી લીધી, એટલે બરાબર આનંદી બની ગઇ. બહાર આવી તે પાડોશણ સાથે લડવા લાગી. (લડવાનું મુખ્ય પ્રયોજન એ હતું કે પાડોશણો એની છાની વાતો કરે છે, એમ વ્હેમ આવવાથીજ લડવા લાગી) તેને લઢતી સાંભળીને બીજી સ્ત્રી-

ઓએ આવી પદ્મિનીને શિખામણ આપી શાંત કરી. પછી તેને બકારી થવાથી દુર્ગંધ પ્રસરવા લાગી એટલે સ્ત્રીઓએ તેને ઘરમાં લઈ જઈ સુવાડી દીધી. પછી એક વૃદ્ધ સ્ત્રી તે પાડોશણને કહેવા લાગી કે, બેન ! કરશે તે ભરશે તેમાં આપણે શું ? આપણે એને ન પહોંચી શકીએ.

જે જામે નિશાદિન બસે, તે તામે પ્રબીન;
સરિતા ગજકુ લે ચલી, ચલે સામને મીન.
સગે તાત અનુજ બીન, સબી ઠરાયે કંત;
નહિ ઓરકો કાંવ એ, યહિ બિન્નહી પંથ.

બ્રાન્ડી વધુ પીવાવાથી સવારમાં પદ્મિનીને વાયુનો ગોળો ચઢી ગયો, તેથી ઉઠાયું નહીં. એટલે મહોલામાંના લોકો ખબર કાઢવા આવ્યા. તેની માતુશ્રીને તથા બીજે ગામથી આવેલી તેની ફોઈને ખબર થતાં તેઓઃ આવી. અને પદ્મિનીને તેના રોગના સમાચાર પુછવા લાગી.

પદ્મિની—ફોઇબા ! સારાં તો છોને ? ઘર આગળ સહુ ખુશી-માં છે ને ?

તેની ફોઇ—હા બહેન ? ઘેર સહુ ખુશીમાં છે. બેટા ! આ દુઃખ તને કયાંથી થયું ?

પદ્મિની—ફોઇબા ? હજી તમો મારાં કાર્યથી અજાણ છો એટલે તમો શું જાણી શકો ? કેટલા વર્ષો થયાં હુ પતિવ્રત ધર્મ પાળું છું, અને જે જે વ્રત કરવાનાં છે તે તે વ્રતો તદ્દન ભૂખી રહીને કરૂં છું. તથા તે આખા દિવસે ધર્મનાં પુસ્તકોજ વાંચું છું, અથવા કથા શ્રવણ કરૂં છું. વળી દીનજનોને દાન પણ આપું છું. આજે ત્રણ દિવસ થયા દરરોજ ભૂખ્યું રહેવાનું હોવાથીજ આજે શરદી થઈ

આવી છે. પેલે દિવસ સોમવાર હોવાથી ભૂખી હતી, બીજે દિવસે મંગળવાર અને ગઇ કાલે વળી એકાદશી. કહો ત્યારે કેટલી ભૂખ વેઠી શકીએ ?

ફોઇ—બેટા ? બહુ વ્રત ના કરીએ. બહુ વ્રત કરવાથી વાયુ થઇ જાય અને દુઃખી થવાય તેના કરતાં ફળાહાર કરીને વ્રત થાય તો વધારે સારું ! બહેન ! અત્યારે કાંઇ તારે જમવું છે ?

પદ્મિની—હા થોડો શીરો પૂરી બનાવી આપો. ત્યારપછી તેની ફોઇએ શીરો પૂરી બનાવ્યાં તે બધાં સાથે બેસીને જમ્યાં. પછી તેઓ પોતાને ઘેર ગયાં. સંધ્યાકાળ વિત્યાબાદ ઉડાઉશંખ બ્રાન્ડી બરાબર ચઢાવીને પદ્મિનીને ત્યાં આવ્યો અને જેમ ફાવે તેમ બીભત્સ શબ્દો બોલવા લાગ્યો કે પદ્મિબાઇ બહાર આવ ! બીજી બ્રાન્ડી આપું અને તારી બરોબર ખબર લઉં. પદ્મિનીને તે સારું ન લાગવાથી તેના ધણીને કહ્યું કે એને લગાર ખોખરો કરો. એટલે તેણે ઉડાઉશંખને સારી રીતે માર દેવા માંડયો. ત્યાં તેનું કોણુ બેલી? ગુનો હતો પદ્મિનીનો હતો, પરંતુ “ સગે વાત અને વગે વિવા, વગ વિનાના કુંવારા મુવા. ” એ ન્યાયે તેની કાઇની ઓથ ન હોવાથી તેણે પુષ્કળ માર ખાધો

નરને સ્વારથ એક, અન્ય કાંઇ સૂઝે નહિ;
એક મહીં તે અનેક, નારી સ્વારથ સાધતી.

એ ઉડાઉશંખને એટલો બધો માર માર્યો કે એક હાથ પણ ભાગી ગયો, અને તે બેભાન થઇ ગયો. જેને ત્યાં તે મેમાન તરિકે આવ્યો હતો, તેઓ કહેવા લાગ્યા કે એ બહુજ કુળવાન તથા ગૃહસ્થ હતો, પરંતુ આ દુર્વ્યસનથી આ દશાને પ્રાપ્ત થયો છે. એના માબાપોનું નામ તેણે ડૂબાવી દીધું છે. એનાં બેવાર લગ્ન થયાં છે.

તેની બિચારી સ્ત્રીઓ તેમના પિતાના ત્યાં આયુષ્ય વ્યતિત કરે છે. અને એણે હજારો રૂપીઆનું પાણી દારૂ પીવામાં કર્યું છે. કહ્યું છે કે—

દાઢો વાળે દીકરા, કંઇ ધોરી કંઇ ખરા,
કૈ વાળે કપાસ, નહિ તો તલ ખરાજ;
દાઢી બુડાડે દીકરા, કૈ નાર કૈ વરા,
કૈ બુડાડે દુશ્મનો, નહિ તો પાડોશી ખરાજ.

અરે મદ્યપાન ? તેં જગતમાં અનેક જાતના અનર્થો કર્યા છે. અરે ! તેં કેટલા બધાના જીવ લીધા છે ! અરે ! તેં કેટલા બધા રાજ્યોને પાયમાલ કરી નાંખ્યાં છે ! તારા અવગુણનું વર્ણન કરવાની શક્તિ હું ક્યાંથી લાવું ? આબરૂદારને તેં નિર્લજ્જ બનાવ્યા છે, કુળવાનોને નીચ બનાવ્યા છે, ધન વાળાઓને તેં દેવાળીઆ બનાવ્યા છે, સ્વર્ગમાં જતાંઓને તેં નર્કમાં સપડાવ્યા છે, સ્ત્રીને તું મા કહેવરાવે છે, ભગિનીને તું સ્ત્રી મનાવે છે, મિત્રને તું શત્રુ મનાવે છે, ઇશ્વરને તું જુઠ મનાવે છે, સત્યને તું જુઠ મનાવે. આર્યાવર્ત્તની દીન દશા તેંજ આણી છે, તુંજ દેશનો અને મનુષ્યોનો શત્રુ છે. મદ્યપાનને પ્રીય ગણનાર હે મૂર્ખાઓ ! તમો એના સંસર્ગથી કેવી ગતીને પામ્યા છો તે તમે નથી જાણતા. દેવના મનુષ્ય થયા, વળી મનુષ્યની નીચ યોનીચંડાળ થયા, ત્યાંથી પણ અટક્યા નથી, ત્યાંથી ચાર પગવાળા ખર થયા, ત્યાંથી શ્વાન થયા, જ્યારે આટલી બધી નીચ ગતીને પામ્યા ત્યારે કહોકે હવે શું બાકી રહ્યું છે ? કંઇજ નહીં. નરક પણ તમારે કપાળે લખાઇ ગયું છે. અરે મનુષ્યના અવતારો ! તમે એને તજી દો. તમે પીશોતો તમે તમારો તથા તમારા ઘરનો વહેલો અંત આણશો. એ તમારો મિત્ર નથી પણ શત્રુનો શત્રુ છે. તમે એને પ્રીય ગણો છો, પણ એ તમને શત્રુ

માની તમારૂં સત્વ હરણ કરે છે. તમે એનાપ્રતિ પ્રેમ રાખો છો ત્યારે એ તમારાથી કપટ ભાવે વર્તે છે. અનેકોએ રાજ, સ્ત્રી, ધન પુત્ર એના સંસર્ગથી ગુમાવ્યાં છે. માટે જરાએતો ઝીણા ઝીણા વિચાર કરો! બળાત્કારે અગ્નિમાં પતંગની માફક મોહ પામી શામાટે પડોછો! તમે મોહિત થઈ પડો છો, પણ તેતો તમને પડતાંજ બાળી દેશે. તે મોહિત થાય તેવો કાચો નથી.

ગાત કોં હરત રૂપ, બલહી જરત ધુપ,
સરહીં સરિત કુંપ, બીચ પ્રાણ જાત હે;
ગૌરવી ગનાય નીચ, તોલ નહિ જન બીચ,
મન રૂ પાવક બીચ, ગાત જીવ ખાત હે.
ધાર વીરસેં સબુદ્ધ, કાચીસેં હો જાત બુદ્ધ,
દાવ હાવ માન તોલ, બિથા તુ ગંવાતહે;
સુર ગુરુ ઓર પુની, ગનત ગુમાન દુષ,
મુઢ મદ્યપાને ઓર, લાભ કહા થાતહે.

ત્યારપછી ઉડાઉશંખને નગરમાંથી બહાર કાઢી મૂકાવ્યો. કેટલે દિવસે સારો થયો કે તેનું શું થયું તે હજી જણાયું નથી. કહ્યું છે કે "જીસને પીયા સરાબ, વહી હોઈ ગયે ખરાબ તેં ખરાબ."

પ્રકરણ ૧૩ મું.

ધનકુંવરબા.

કુંભારાણા એક પેંડાના દો દો માટલાં હોજી;
શીવ પરે એક પ્રવાહ પાડતું, બીજું કલાલને ઘેર. ટેક.

કુંભારાણા એક વેલાના દો દો તુંબડાં હોજી;
તાડી ભરાવે એક તાડની, બીજું તીર્થ કરે છે સંતપાસ. કું.
કુંભારાણા એક માતાના દોદો દિકરા હોજી;
એક પેટને કાજ માગે ભાખરી, બીજો ધરાવે છે છત્ર. કું.
રાઠોડની કુંવરી સતી મિરાંબાઇ બોલીયાં હોજી;
નથી માત પિતાનો વાંક કુંભારાણા, એના લખીઆ જુદારે લેખ. કું.

વળી કહેવત છે કે માતાપિતા જન્મ આપે પરંતુ કાંઇ કર્મ આપી શકતાં નથી, તેતો પૂર્વના કર્મ જેવાંજ ફળો તેને મળે છે. કેટલાંક નિર્ધનો રંક હોવા છતાં, શરીરના વજન કરતાં બે ઘણો મિજાજ રાખે છે, અને ગૃહસ્થો જેવા થઇને ફરતા જણાય છે. તેમજ જેને દેખે છે તેને શત્રુજ માનીલે છે. એટલે અમારાથી શું બીજા બળવાન છે? એવું મિથ્યાભિમાન રાખે છે. ત્યારે કેટલાક ધનવાન બહુજ કોમળતા રાખતા જણાય છે, અને રંકથી રંક થઇ ફરે છે. વળી જેને દેખે છે તેને મિત્ર માને છે અને ગરીબને પણ સન્માન આપે છે. ભોજો ભગત કહે છે કે "આ છે પંખીડાનો મેળોરે, ભવો ભવ નહિ ભેળો." બંધુઓ! આપણે અનેક સકંટ વેઠી મનુષ્યાવતાર મેળવ્યો છે, અને મનુષ્યો સાથે રહીએ છીએ તે શું વૈર કરવા માટે? તે શું દ્વેષ કરવા માટે? તે શું શત્રુનું કામ કરવા માટે? નાના, ભ્રાતૃભાવ માટે, એક એકનાં દુઃખોમાં સહાય કરવા માટે, તથા આનંદમાં સમય વ્યતિત કરવા માટે, અને એક બીજાની પ્રીતિ મેળવવા માટે. તમે વિચાર કરો કે ફરી આપણે ક્યારે ભેળા થઇશું? અરે સદાને માટે કયાં કયાં ચાલ્યા જઇશું? આપણું જીવન તો અલ્પ છે માટે તેજ અલ્પ જીવનમાં વૈરથી વર્તીશું, તો આનંદ ક્યારે મેળવી શકીશું? બધુંઓ ખૂબ વિચાર કરો અને વૈર ભાવ

તજી દઇ મિત્રભાવથી સર્વે સાથે વર્તો તેમાંજ સુખ છે.

હસ્તમાં રૂદ્રાક્ષની માળા લેઇ મુખે કંઇ બડબડતી આ દ્વારથી બીજે દ્વાર પદ્મિની ફરતી જણાય છે, તે વખત તેના દ્વાર આગળ થઇ એક પુરુષને જતો જોઇ પદ્મિની તેને વંદન કરી પોતાના ઘરમાં બેસાડે છે.

પદ્મિની—જય ગુરુ નિર્લજશંખજી ! તમોતો બન્યું કોઇ દિવસ સત્સંગ કરવા માટે પણ પધારતા નથી ! શું તમો એમ સમજતા હશો કે તમે ગૃહસ્થ છો એટલે કોઇ તમારી પાસેથી ઉછીતાં નાણાં માગશે ? પરંતુ તમારા સંત જેવા સજ્જનની કૃપાથી અમારી ઉપર તો કુબેરભંડારીની કૃપા છે.

પદ્મિનીના આ ભેદ ભરેલા શબ્દો સાંભળી તે પુરુષ દીઙ્મુઢ બની ગયો. તે બોલવા જાય છે પણ બોલી શકાતું નથી. અંતરમાં મુઝાતો મુઝાતો તે પરાણે બોલ્યો કે પદ્મિની ! આજે આપનાં દર્શનથી કૃતાર્થ થયો છું. દેવી ! હું દરરોજ આપને યાદ કરું છું કે નહીં તેતો મારું અંતઃકરણ જાણે છે.

રહેંગે તેરે શેહેરમેં, નહિ ગમ કરેંગે;
બોલોગે ન મુખસેં, તોભી દેખા કરેંગે.

ગુપ્તરીતે પણ દરરોજ હું આપના દર્શનનો લાભ લેતો હતો. પદ્મિની તમારા સદ્ભાગ્યોને હું બહુ ધન્યવાદ આપું છું કે તમે સંતોની સેવા કરવામાં તમને કૃતાર્થ માનો છો.

પદ્મિની—નિર્લજશંખ ! તમને પણ ધન્ય છે. તમે આટલા બધા ગૃહસ્થ હોવા છતાં નમ્ર છો, તેથી સર્વ જાતનાં સુખોથી ભરપૂર છો. તમારી શુભવૃત્તિથી તમને સ્વપ્ને પણ દુઃખ કયાંથી હોઇ શકે ?

નિર્લજશંખ—પદ્મિની ! તમને ખબર નથી. અંતરના દુઃખોથી

આ અંતઃકરણ ખીન્ન રહે છે, તેને વધારે ન બાળો. ધિક્કાર છે બીજાં સુખોને. બળ્યા એ પૈસા. પદ્મિની ! મારા અંતરનું દુઃખ કેવું છે તે તમે સાંભળો.

કોઇ કહે ધન મળે મળી રહ્યાં સુખ સહુ,
કોઇ કહે નિરોગી જે સહુ તેને સુખ છે;
કોઇ કહે પેટ પૂર્ણ અન્ન મળે સુખ સહુ,
કોઇ કહે કર્જ નહિ શાની તેને ભૂખ છે;
કોઇ કહે સેવકથી થાય કાજ સુખ સહુ,
કોઇ કહે બાઇ સહુ દુઃખથી વિમુખ છે,
કોઇ કહે પુત્ર થકી કોઇ કહે જ્ઞાન થકી,
પદ્મિદેવી પણ રૂડી કામિની વિણ દુઃખ છે.

તમે અને બીજાં ભલે મને સુખી ગણો, પરંતુ અંતરમાં હું જેવો દુઃખી છું, તેવો બીજો કોઇ ભાગ્યેજ દુઃખી હશે. જ્યાં સ્ત્રી પુરુષોનાં જોડાં મળતાં નથી ત્યાં મારાથી ઇશ્વરનો વાંક કાઢ્યા સિવાય રહેવાતું નથી.

કામની કનક જેસી, મુરખ કે પાલે પરી;
શંખણી પિશાચીણી સો પંડિતકુ દીનીહે.

દર્શન કરવાથી ચિત્તનું હરણ કરે છે. સ્પર્શ કરવાથી બળનું હરણ કરે છે અને સંયોગથી વીર્ય (સત્વ) નું હરણ કરે છે એવી સ્ત્રી શું રાક્ષસીરૂપ નથી ?

પદ્મિની દેવી ! મેં શું ઇશ્વરનું બગાડયું છે કે મને તમારા જેવી સુંદર સ્ત્રી મળી નથી ! અરે ! લક્ષાધિપતી હોવા છતાં જે સુખ મળવું જોઇએ તે સુખ ન મળતાં દુઃખના દરિયામાં હું ડુબકીઓ ખાધા કરું છું; હવે આ દેહનો અંત આવે તોજ હું સુખી થઇ

શકું. નહિ તો તમારા જેવી દેવાંગના વિના જીવવું તે વૃથા છે. વાંચકબંધુ! પ્રથમ જીવ દેહને ચાહે છે અને એમ કહે છે કે જો દેહ મળે તો હું સુખીજ છું. પછી અન્ન, પછી સ્ત્રી, પછી પુત્ર, પછી ધન, પછી દીર્ઘાયુષ, એ પ્રમાણે ઉત્તરોત્તર એમને એમ ચાહેજ જાય છે, તોપણ તેને તૃપ્તિ થતી નથી. વળી ભયંકર માંદગીના સમયમાં તે કહે છે કે જો આ દુઃખ મટે તો હું સુખીજ થાઉં, પરંતુ મટયા પછી તો બીજું સુખ શોધતોજ રહે છે. તે એમ ઇચ્છે છે કે શત્રુ વશ થાય તોજ હું સુખી થઇ જાઉં, અમુક ચીજ મળે વા અમુક માણસ વશ થાય તોજ હું સુખી થાઉં, પરંતુ જ્ઞાની લોકોએ કહ્યું છે કે જે સુખ શોધન કરી કરી મેળવે છે અને ક્ષણમાં તે સુખથી તૃપ્તિ થાય છે, અને બીજું સુખ શોધે છે એ સર્વે સુખો નથી પરંતુ તે બધું સુખાભાસ છે. જો સાચું સુખ હોય તો તે સુખ મળવાથી તૃપ્તિ થવી જોઇએ. પરંતુ તેવું સુખ મળવાથી તૃપ્તિ થતી નથી. મહાપુરુષો કહે છે કે "ખરું સુખ તો જ્ઞાન છે" અને તેથીજ તૃપ્તિ સદાને માટે થઇ જાય છે. બીજાં સુખો તો અલ્પજ સુખ આપીને સદાને માટે દુઃખમાં નાંખે છે. જેમકે નદી કિનારે રૂખડાં સીંચે નદી પણ કોઇ દીન સમુળાં લીયે.

પાત્રબીચ મોદીક ભરે, સબ બીચ સરખે ગુન;
વામા સબહિ એક હે, ભિન્ન લહી મત ખો પુન.
રોગ ભયે તેં નેનમાં, અંતર અરુ અજ્ઞાન;
મણુકા માળા એકીકા, સબહે રખયોં ભાન.

પદ્મિની—નિર્લજશંખ! શામાટે તમે આટલા બધા ખીન્ન થાઓ છો? જયહરી! જય હરી! !........નિર્લજશંખજી! મને તો ઇશ્વર ભક્તિનો બહુજ રંગ બળ્યો લાગી ગયો છે! અને વળી પતિવ્રતા ધર્મો

પણ સાથેજ પાળવા પડે છે. વ્રતો પણ સાથેજ કરવાં પડે છે. હવે તો જાણે તે બધું છોડી દેઉં એમ થાય છે. હવે તો હું થાકી ગઇ છું ! નિર્લજશંખજી ! મારે હમણાં હજાર રૂપીઆની જરૂર છે. જો તમે મને હજાર રૂપીઆ વ્યાજે આપો તો તેના અવેજમાં મેં એક હજાર રૂપીઆની જણસ રાખી મુકી છે તે તમને આપી દઉં.

નિર્લજશંખ—પદ્મિની ! તમારા કરતાં કંઇ પૈસા વધારે નથી. અમારે પૈસાનો શો હિસાબ છે ? એકથી બેહજાર રૂપીઆ જ્યારે તમારે જોઇશે ત્યારે આપીશ. (આ પ્રમાણે આ બન્ને વાતો કરે છે એવામાં પદ્મિનીની સગી બહેન ત્યાં આવી ચઢે છે તેને જોઇને પદ્મિની આશ્ચર્યથી એકદમ ઉભા થાય છે અને કહે છે.)

પદ્મિની—ઓ હો હો ! બહેન ! ક્યાંથી અણધાર્યાં આવ્યાં ? આવો આવો. નિર્લજજી ! તમે વળતી પધારજો. અમારાં ભગિની ઘણે દિવસે પધાર્યાં છે તેમની સાથે પેટ ભરીને વાતો કરીશું.

ધનકુંવરબા—મોટાં બહેન ! હું ગઇ કાલે જ આવી છું. ઘરમાં સૌ ખુશી છે ને ?

પદ્મિની—હા સૌ સારાં છે. તારે ઘેર સૌ ખુશીમાં છે ને ?

ધનકુંવરબા—હા બહેન ! કીકો ક્યાં ગયો ? આ મીઠાઇ તેને આપો.

પદ્મિની—એન પિતા સાથે ક્યાંય બેઠો હશે. બહેન ! તમને મારી ખબર ક્યાંથી મળે ? તમને તે કોણ કરી શકે ? કેટલાં વર્ષો થયાં હું પતિવ્રતા ધર્મ પાળું છું, વ્રતાદિ પણ કરૂં છું. આજે પણ એકાદશીનું વ્રત છે તેથી પ્રભાતમાંથીજ માળા લઇ ગુરુ મંત્રના જાપ જપું છું. જે બેઠેલો હતો તે મારો ગુરુભાઇ થાય છે. બહેન ! સંસારનો સાર ઇશ્વરની ભક્તિમાંજ છે. અને તેનું સમજીનેજ ઇશ્વરની

હું ભક્તિ કરું છું. ધનકુંવરબા બહુજ બુદ્ધિશાળી હતી. તેથી બહુજ બારિકીથી થોડી ક્ષણોમાં તેણે નિર્લજ્જશંખની પરિક્ષા કરી લીધી, પરંતુ તે વખતે કાંઇ પણ બોલી નહીં. એ બન્ને સગીજ બગિનીઓ હતી. પરંતુ ધનકુંવરબા તે ધનકુંવરબાજ હતી. ક્યાં મેરુ અને ક્યાં પહાડ ! ક્યાં તરુવર અને ક્યાં ઘાસ ! ક્યાં ચંદન અને ક્યાં સોમલ ! ક્યાં કેસરી અને ક્યાં શૃગાલ ! ક્યાં ગંગા અને ક્યાં ખાડ ! ક્યાં મેઘ અને ક્યાં ફૂવારો ! ક્યાં તુળશી અને ક્યાં પલાશ ! બન્ને બહેનોમાં કેટલો બધો ફેર ! ! ઓહો ! ગર્ભમાં પણ કર્મનો ફેર હોય છે. ધનકુંવરબાનું વેવિશાળ બીજે નગર થયું હતું. તે બહુજ શાંત સ્વભાવની હતી. દરરોજ ગીતાનો પાઠ કરતી. પતી સિવાય અન્ય પુરુષોને તે ભ્રાતા તથા પિતા માનતી. સતીના જેજે ગુણો હતા તેતે ગુણોનું તે પ્રતિપાલન કરતી હતી. ધનકુંવરબા! તને ધન્ય છે. કોઇપણ પરપુરુષનું સ્મરણ કરવું કે તેના ગુણ ગાવા, સંભોગ પરત્વે પરપુરુષને સકામ ભાવનાથી નિરખવો, છાની વાત કરવી, પરપુરુષથી ભોગની ઇચ્છા કરવી, અને સંભોગનો નિશ્ચય કરવો એટલાં આઠ શીલભંગ કૃત્યોથી સ્ત્રીઓએ અળગું રહેવું. સર્વ પ્રકારના પતિવ્રતાના શુભ ગુણોથી ધનકુંવરબા વિભુષીત હતી. તેને જોતાંજ ગમે તેવા વિકારી મનુષ્યનો વિકાર દૂર થતાં તેનામાં શુભ વૃત્તિનો ઉદય થતો હતો. ધનકુંવરબા જેવી સતીઓનો આ આર્યાવર્તમાં ઉદય થશે ત્યારેજ ઘર, ગામ અને દેશનું કલ્યાણ જરૂર થશે, વિદ્વાનો કહે છે કે બે મુખ છતાં ચાકરણ (સરપની જાત) અંધ હોય છે, મણિ પાસે હોવા છતાં સર્પ વિષવાળો હોય છે, તેમ પાસે વિદ્યા છતાં મનુષ્ય દુર્જન રહે છે. ભણી ભણીને કેટલીક સ્ત્રીઓએ આજે નકામું ધાંધલ મચાવી મુક્યું છે. શૃંગાર રસનાં પુસ્તકો વાંચી કંઇનું કંઇ

કરી મૂક્યું છે. તેથી એમ સિદ્ધ થાય છે કે સદ્ગુણી મનુષ્ય તો પ્રથમથીજ ઉચ્ચ ગુણો સંપાદન કરી જન્મ ધારણ કરે છે. એ બાબત એક વિદ્વાન રાજાએ લખ્યું છે કે, અભણો હોય તે પણ બહુજ બુદ્ધિશાળી હોય છે. અને મેં મારા રાજ્યમાં અનેક અભણ અમલદારો રાખ્યા હતા. પરંતુ તેમની બુદ્ધિની પ્રશંસા હું સારી રીતે કરી શકવા અસમર્થ છું. આ બાબતથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓને હદ ઉપરાંત ભણાવવી અને તેમની પાસે શ્રૃંગારીક પુસ્તકો વંચાવવાં, તે ઘીને અગ્નિમાં નાંખવું અને મર્કટને સીડી આપવી એની બરોબર છે. થોડો વખત આમ તેમ વાતો ચલાવ્યા પછી પદ્મિનીએ ધનકુંવરબાને કહ્યું કે બહેન ! આજે એકાદશી છે માટે મંદિરે દર્શનાર્થે જઇશું ? ધનકુંવરબાએ મંદિરે જવા હા પાડી એટલે વિવિધ પ્રકારની સેવા સામગ્રી લઇને તે બન્ને ભગિનીઓ મંદિરે ગઇ અને મહારાજને વંદન કરી વિનયથી મહારાજ સામે બેઠી. પાસે હવે માત્ર એકજ ચેલો રહ્યો છે. મહારાજ બીજાઓને રજા આપવાથી જ્યાં ત્યાં ચાલી ગયા છે. મહારાજનું શરીર હવે વૃદ્ધ થવા આવ્યું છે. વળી બધું દ્રવ્ય ગુમાવી દેવાથી અત્યારે ભિક્ષા વૃત્તિથીજ મહારાજ નિર્વાહ ચલાવે છે. ધનકુંવરબાને મંદિરે લેઇ જવાનું પ્રયોજન પદ્મિનીને એ હતું કે હું કેટલી બધી ભક્તિવાળી છું, તે ધનકુંવરબાને બતાવવું હતું. નહિતો એક વર્ષ થયાં પદ્મિનીએ મંદિર સામું જોયું પણ નહોતું. કેમકે લાભ વિના પદ્મિની કોઇના ત્યાં જાય એવી નહોતી. તે વાત સત્યજ છે કે સ્વાર્થી મનુષ્યો સ્વાર્થ સુધીજ સગાઇ રાખે છે અને પ્રેમ બતાવે છે. તેવા સ્વાર્થી પ્રેમમાં જેઓનાં હૃદયચક્ષુ ફૂટી ગયાં છે તેઓજ ફસાય છે.

મહારાજ—(પદ્મિનીને જોઇને) અહો ! કોન પદ્મિ આઇ ! ઓર એ કોન હે ?

પદ્મિની—મહારાજ ! એતો મારી ભગિની છે. આજેજ તેઓ અમારે ત્યાં પધાર્યા છે.

ધનકુંવરબા—મહારાજજી ! જય શ્રીરામ

મહારાજ—જય પદ્મિ; ઓર જય, બાઇ જય, જય સીતારામ. પદ્મિ ! તેરી ભગિનીકાં ગુરુ કીયાકી નહિ ? ઉસકુ ગુરુ કરનાહે ?

ધનકુંવરબા—મહારાજ ! શાસ્ત્રાધાર પ્રમાણે અમારા ગુરુ સખા અને ઇશ્વર તે અમારા સ્વામિજ છે. માટે ક્ષમા માગું છું.

મહારાજ—અરે ! સ્વામિ ફામીસેં કયા હોતા હે ! ઉસ્કાજ નહિ કલ્યાન હોતા તો આપના કલ્યાન કયોં કર શકે ? દેખ પદ્મિનીકોભી સ્વામિ હૈ ને !

ધનકુંવરબા—મહારાજ ! સ્વામિ આપણું કલ્યાણ કરતા નથી, પરંતુ આપણું કલ્યાણ તો આપણી ભક્તિ કરે છે, આપણું કલ્યાણ આપણી દ્રઢ શ્રદ્ધા કરે છે, આપણું કલ્યાણ આપણાં શુભ કર્મો અને ધર્મ કરે છે, આપણું કલ્યાણ "સત્ય" કરે છે.

મહારાજ—પદ્મિની ! તેરી ભગિની તો જડ જૈસી હે. સબ પિછાનતી હે, તો નુગરા રહેનેસે કયા હોતે હે ? યહિસે અજાન હે, ઉસ્કો સમઝા કી નુગરે મનુષ્ય અપવિત્ર હૈ. ઔર ઉસ્કા શુભ કૃત્યોં બૃથા હોતે હૈ ! ! સમઝા ! સમઝા ! પદ્મિ કુચ્છ સમઝા ! !

પદ્મિની—મહારાજ ! જરા...નહિ તો...હવે હમો જઇશું ?

મહારાજ—પદ્મિ ! અબ તો તું દર્શન પરશન કોં ભી ભૂલ ગઇ ? બ્હોત દીન પેં આઇ. ઐસે નુગરે સબ ભાગ ગયે હૈ, ઓર રામજી જાને કયા દુઃખ તેં સબ વપુ કટ જાતે હે, ઓર અન્ન ભી નહિ જીમાતા હે, કયા દુઃખ આયા હે વો સમઝે જાતે નહિ હે. રામજીકો માલુમ.

પદ્મિની—મહારાજ ! ચિંતા કરશો નહીં. સુખદુઃખ એ બધું માણસને માથે આવે છે અને માણસજ તેને સહન કરે છે. માટે શોક ન કરો, કાલે સારું થશે. હવે અમે તો જઈએ છીએ.

મહારાજ—અચ્છા જાઓ. ફીર આના.

ઘેર આવ્યા પછી ધનકુંવરબાએ પદ્મિનીને કહ્યું કે બહેન ! એ મહારાજને હું કાંઇ સંત ગણી શકતી નથી. માટે એનો સંસર્ગ કરવો તે યોગ્ય નથી. બહેન ! એ સદ્ગુરુ ન કહેવાય. એ તો નરકના પંથો સમજવા. બહેન ! સદ્ગુરુ તો વિરલાજ છે અને તે તો સદ્ભાગીને મળે છે. અને વળી આ કળિયુગમાં તો કોઇકજ સદ્ગુરુ હોય છે. માટે ત્યાં જવાનો વિચાર ન કરવો. આ જમાનામાં કળિયુગ કોઇનું પણ સત્ય રહેવા દેતો નથી. અને તે પોતાના સૈન્યને હમેશાં જગત્માં દોડાવીજ રહ્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર એ તેના સૈન્યાધિપતીઓ છે; તથા આશા, તૃષ્ણા, હિંસા, ઇર્ષા એ યોગિનીઓ છે. દરેક સૈન્યાધિપતી પોતાનું લશ્કર લેઇ મનુષ્યો સાથે લઢે છે. જો કોઇ વિવેકી મનુષ્ય એકને ન બદે તો તે બીજાને બોલાવે છે, તેમ ન બદે તો ત્રીજો ચોથો અને પાંચમો એવી રીતે યુદ્ધ કરે છે અને તે દુશ્મનો મનુષ્યના મનને મથી નાંખે છે. અને તેથી પણ ન બદે તો યોગિનીઓ આવી તેનું ભક્ષણ કરે છે, એટલે તે જીવ બિચારો તાબે થઇ જાય છે. પરંતુ જો કોઇ સંત પુરુષ સાચી વિદ્યા સદ્ગુરુ પાસેથી ભણ્યો હોય, તો તેના બળથી યોગિનીઓ કે પેલા સૈન્યાધિપતીઓ આવી શકતા નથી. જેમ ભૂવાઓ સ્મશાનમાં સાધન સાધવા જાય છે અને કુંડાળું કરી તેની અંદર બેસે છે, તેથી પ્રેતોથી કુંડાળાં અંદર આવી શકાતું નથી અને તેને જોતાંજ પ્રેતો ડરીને નાશી જાય છે, તેમજ વ્હાલી ભગિની ! સંત પુરુષોના જ્ઞાનભાસ્કર આગળ કાળથી પણ ન

આવી શકાય, તો બીજાઓનો શો હિસાબ? જ્યારે આવા ગુરુ મળે ત્યારેજ આપણું કલ્યાણ થાય અને તેજ સદ્ગુરુ કહેવાય. અને ત્યારેજ આપણે આ સંસાર બંધન તોડી શકવા સમર્થ થઇએ. પરંતુ આ વિષય બહુ ગહન હોવાથી આપણે શુદ્ધ મનથી ઇશ્વરની ભક્તિજ કરવાની છે, કે જે પ્રભુભક્તિથી પૂર્વે અનેક મનુષ્યો તરી ગયા છે. ઇશ્વરનું સ્મરણ કરવું, ક્ષમા રાખવી, સાચા સંત પુરુષોની સેવા કરવી, ઇશ્વરની કથા શ્રવણ કરવી, પ્રભુના ચરણામૃતનું પાન કરવું, જ્ઞાની પુરુષોને નમસ્કાર કરવા તથા તેમની શુદ્ધ મનથી સેવા કરવી. પ્રેમથી ઇશ્વર મહિમાના ભજન ગાવાં, અંતઃકરણમાં પ્રેમથી પ્રભુનું ધ્યાન ધરવું, રંક અનાથોને અન્નાદિનું દાન દેવું. બહેન! કહ્યું છે કે "ધન હરે ધોકો ના હરે તે ગુરુ કલ્યાણ શું કરે?"

વળી ઢોંગી અને સ્વાર્થીઆ મનુષ્યો જ્યાં ને ત્યાં બ્રહ્મજ્ઞાનની વાતો કરે છે અને કહે છે કે "બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા" એટલે આ બધું બ્રહ્મજ છે માટે ભિન્નતા શા માટે રાખો છો? પાપ આપણને નડતુંજ નથી, આમ જુઠા લવારા પોતાના સ્વાર્થ માટે કરે છે. પરંતુ બહેન! પાપ શા માટે નથી? આપણે સારી રીતે યાદ રાખવું કે ઘઉં વાવીએ તો ઘઉં લણીએ, અને જવ વાવીએ તો જવ લણીએ. જવ વાવીને કાંઇ ઘઉં મેળવી શકીશું નહિજ. બહેન! અંતે સત્યનોજ વિજય છે. અને જે જ્ઞાની છે તથા પૂન્ય પાપને ઓળખે છે તેઓ કેમ જ્યાં ત્યાં લવારા કરતા નથી? તેઓ તો પાત્ર પરખીનેજ કાર્ય કરે છે. તથા પ્રભુ ધ્યાનમાંજ મસ્ત રહે છે. કહ્યું છે કે:—

ગુરુ આપે જ્ઞાન તેમ, પરખી નીચ ઉચ્ચ દાસ;
સમુદ્ર છલકે શંખલા, અને મોતી રાખે પાસ.

માટે બહેન! સચ્ચિદાનંદ પ્રભુની ભક્તિ કરી આનંદ માનો અને પરપુરુષોને ભ્રાતા અને પિતા સમાન ગણો. સ્વામિને પ્રભુ માની તેમની સેવા કરો. બહેન! હું કંઇ જ્ઞાની નથી, પરંતુ સમયાનુસાર બે બોલ જાણતી હતી, તે કહ્યા છે. હું હવે રજા લઉં છું, તમે પધારજો.

પદ્મિની— બહેન! તું તો જબરી જ્ઞાની થઇ ગઇ છે ને શું?

ધનકુંવરબા–(મનમાં) એને કાંઇ વહેમ પડયો હોય એમ લાગે છે માટે તે બાબત વધુ ન કહેતાં ઘેર જઇ પત્ર લખીશ. (પ્રકાશ) પદ્મિની! બહેન! ના, ના, હું જ્ઞાની નથી.

પદ્મિની—બહેન! રીસ ન રાખીશ. એ તો હું અમસ્તુ હાસ્ય કરું છું. પધારજો હોં! અને પત્ર લખજો. ધનકુંવરબાએ હા કહી અને રજા લીધી.

પ્રકરણ ૧૪ મું.

પત્રિકા.

" જેમ સર્પને દૂધ પાઇએ છીએ તેમ વિષ વધે છે. તેમજ દુષ્ટ મનુષ્યોને શુભોપદેશ આપવાથી ઉપકાર ન માનતાં ઉલટાં ગુસ્સે થાય છે. "

પડયા સિંહ સર્પો કહો, કોણ કાઢે કુપથી;
આપે અસી કપી હાથમાં, તે કેમ બેસે ચુપથી.
ભડકો કરે ને દુઃખ આપે, આગ મૂકે ઘાસમાં;
તેમ દુર્જનના કદી, રહેવું નહિ વિશ્વાસમાં.

પાસે ચાહનો પ્યાલો પડયો છે તે ઠંડો થાય છે, છતાં પદ્મિની કાંઇ વિચારમાં ગંભીર બની લીન થએલી હોવાથી તેના સ્હામું જોતી પણ નથી. તે વિચાર કરે છે કે, હવે વળી એક બે નવા મિત્રોને મુંડીને તેમની પાસેથી થોડા પૈસા ઓકાવાની જરૂર છે. પાંચ છ હજાર રૂપીઆ ભેગા થયા છે. અને બીજા થોડા થાય તો જન્મ સુધીની ચિંતા રહે નહીં. આ પ્રમાણે પદ્મિની વિચાર કરે છે એટલામાં એક છોકરો પદ્મિનીનું નામ પૂછતો આવ્યો.

છોકરો—કોઇ ઘરમાં છે કે ?

પદ્મિની—કેમ ! શું છે ?

છોકરો—તમારા નામનો કાગળ છે તે લ્યો.

પત્ર ખોલીને પદ્મિની તેને વાંચવા લાગી.

અ૦ સૌ૦ મોટાં બહેન:

પદ્મિનીબા.

આપને હરઘડીની યાદ કરનાર, આપની લઘુ દીન ભગિની, આપની સેવામાં રહેનાર ભગિની ધનકુંવરબાના અત્યંત પ્રેમથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ આપની પવિત્ર સેવામાં અંગિકાર કરશો.

વિશેષ પ્રભુકૃપાથી અમો અત્રે ખુશીમાં છીએ અને તમો પણ ખુશીમાં હશો જ એવી આશા રાખું છું. બહેન ! દરેક કાર્યનો પ્રારંભ કર્યા પછી તે કાર્ય પૂર્ણ થાય ત્યાંસુધી દરેક મનુષ્યને ચિંતા રહે છે. કેમકે કાર્ય નિર્વિઘ્ન પાર પડશે કે કેમ એની કોઇ પણ મનુષ્યને આગળથી ખબર પડતી નથી. બહેન ! પત્રમાં કંઇ વાક્ય રચનાની ભૂલ થઇ હોય, અથવા અયોગ્ય વાક્ય લખાયું હોય તો તે માટે આપ દીર્ઘ બુદ્ધિનાં ભગિની પાસે હું આગળથી ક્ષમા ચાસું છું.

બહેન ! તમારું અંતઃકરણ કંઇ પ્રમાણમાં વ્હેમી હોવાથી તમે તમારા મનમાં અનુમાન કરશો કે આ પત્ર મારે માટેજ લખ્યો છે તો તેમાં તમારી સમજ ફેર છે. પરંતુ પ્રિય ભગિની ! આ પત્ર આપને ઉદ્દેશીને લખાયો નથી. મારા મનમાં જે જે સ્ફૂર્ણા થઇ તે આ પત્રમાં બતાવ્યું છે, અને આ પત્રના વાંચનથી અને તેમાં જણાવ્યા પ્રમાણે વર્ત્તન રાખવાથી તમારું અને આપણી બીજી આર્ય ભગિનીઓનું હિત સમાયેલું છે. પત્ર લખવાનું પ્રયોજન એજ છે કે, જો આપ અથવા આપણી અન્ય આર્ય ભગિનીઓ ધર્મના સત્ય રહસ્યથી અજાણ હોય તો સત્ય શું છે ? અથવા આપણે ધર્મ માર્ગે વહન કરીએ છીએ કે નહીં તેની બરાબર ખબર પડે. જો આપણે અધર્મથી વર્ત્તતાં હોઇએ તો ધર્મનું રહસ્ય જાણ્યા પછી આપણો સનાતન ધર્મ સંભાળી લઇએ, અને નર્કનો સીધો રાજમાર્ગ બતાવનાર બીજા જે ધર્મો હોય તેનો ત્યાગ કરી દઇએ. બહેન ! અમૃત પીવાની આતુરતા કોને હોતી નથી ? અમૃત પીવાની આતુરતા સહુને જ હોય છે. વળી સર્વદા સુખમય જીવન વ્યતિત કરવાનું મુકી દુઃખમાં સડવું કઇ વિવેકી સ્ત્રીને ગમે ? ત્યારે આપણા હૃદયને સત્વમય બનાવનાર અમૃત શું આપણી પાસે નથી ? તેમજ સુખમય જીવન કેવી રીતે વ્યતિત કરવું તે શું આપણે નથી જાણતાં ? આપણે કદાચ તે સંબંધી થોડું ઘણું જાણતાં હોઇશું, પરંતુ તેનો ઉપયોગ ન કરીએ, અને દુઃખમાં સડીએ, એ આપણી કેટલી બધી અજ્ઞાનતા ? પૂર્વે આપણી માતાઓએ જ સનાતન ધર્મ માટે કેટલાં બધાં સંકટો સહન કર્યાં છે ? અરે ! દુશ્મનો આગળ પોતાનો સનાતન ધર્મ નાશ પામવાની અણી ઉપર પોતાના પ્રાણનાં બળીદાન આપી આ સંસારને સદાને માટે ત્યાગ કર્યો છે,

અને પોતાના નામને અમર કરી ગયાં છે. અત્યારે તેટલું બધું સં-
કટ વેઠીને ધર્મ પાળવાનો નથી, પરંતુ આનંદથી સુખપૂર્વક નિર્વિ-
ઘ્ને ધર્મ પાળવાનો ચાલુ સમય છે. ત્યારે એ અમૂલ્ય સમયનો, ધર્મ
પાળી આપણે સદુપયોગ ન કરીએ, તો પછી આપણે તે ગૃહિણી,
મહિલા કે આર્યસન્નારીમાં ગણાવવું જોઇએ, કે પશુ તુલ્ય ગણાવવું
જોઇએ? તેનો વિચાર કરવાનું તમને સોંપું છું. પૂજ્ય બહેન ! કોઇ
ભગિનીનો જો અંતઃકરણમાં પતી તરફ વિશુદ્ધ પ્રેમ ન હોય તોપણ
તે ભગિની આ ઉત્તમ સનાતન ધર્મના રહસ્યને પોતાના હૃદયમાં
ધારણ કરે તો તેના મનની ચંચળતા સનાતન ધર્મના સેવનથી દૂર
થાય છે. અને તે પુર્ણ ઉત્સાહ અને આનંદથીજ પતી ભક્તિને પ્રીય
માની લે છે.

આપણને પરપુરુષનાં દર્શન થતાં અથવા પરવૈભવનું સુખ નિ-
હાળતાં નીચ વાંચ્છના થતી હોય, તો તે ગંધાતી દુર્ગંધ પણ સના-
તનધર્મના પરિપાલનથી સદાને માટે નાશ પામે છે. વળી કોઇ સ્ત્રી
પૂર્વનાં સંચિતથી મળેલા પતીને પોતાનાથી હલકો માને અને અયો-
ગ્ય રીતથી તેની સાથે વર્તે તો તે દુઃખમાં ડામ દેવા જેવુંજ છે.
અર્થાત્ આપણાં ઘણાં પાપ કર્મોમાં પતીનો તિરસ્કાર કરવો એ પણ
મોટું પાપકર્મ છે તેનો તે બીજાં પાપ કર્મોમાં ઉમેરો થાય છે.
આપણે દક્ષિણ દિશામાં જવાનું છે પરંતુ દક્ષિણ દિશામાં ન જતાં
મુઠીઓ વાળીને ઉત્તર દિશામાં દોડીએ તો આપણા કેટલા જન્મારા
પુરા થતાં આપણે દક્ષિણ દિશાએ પહોંચીશું ? બહેન ! આપણે દુઃખી
થવા કે દુઃખમય જીંદગી વ્યતિત કરવા કે ખોટાં દુઃખ લેવા આવ્યાં
નથી. પરંતુ આપણે વિહિત સુખ ભોગવવા, સુખમય જીંદગી વ્યતિત
કરવા અને ભવિષ્યને માટે સત્ય સુખના ભંડાર લેવા આવ્યાં છીએ.

બ્હેન ! સુખમય જીવન વ્યતિત કરી જાતિના તથા કુળના નામને શોભાવી રહેવું તે ઉત્તમ છે, કે નીચ કર્મ કરી હૃદયમાં દાહ ઉપજાવી દુઃખમય જીંદગી ગાળી દુઃખ પ્રાપ્ત કરવું તે ઉત્તમ છે? જેમ કડવી ઔષધીના સેવનથી દુઃખમાંથી મુક્ત થવાય છે, તેમ દુઃખના વખતમાં તો દુઃખ મટે અને તેવું દુઃખ કોઇ દિવસ થવા ન પામે તેવાં પૂણ્યકર્મો કરવાં એજ યોગ્ય છે. માટે દુઃખ વેઠીને સુખની પ્રાપ્તિ કરવી, પરંતુ ખોટાં સુખો ભોગવી તનમનને ખરાબ કરનાર દુઃખો મેળવવાં નહીં- જેમ એક ગ્રાસ ભોજનથી આપણી ક્ષુધા મટતી નથી, અને વધુ ભોજન માટે ફરી પ્રયાસ કીધા વિના આપણે ચાલે તેમ નથી, ત્યારે શા માટે બીજે સ્થળેથી ગ્રાસ ભોજન કરવું અને ભરેલા ભાણા ઉપર બેસીને આપણી પૂરેપૂરી ક્ષુધા ન મટાડવી?

બહેન! સર્વે પ્રીય આર્ય ભગિનીઓને ઉદ્દેશીને હું કહું છું કે જો આપણો પતી કુરૂપ હોય તો પણ તેને સુંદર સ્વરૂપવાન માની તેની સેવા કરવી. અને મુર્ખ હોય, અજ્ઞાની હોય, અશક્ત હોય પરંતુ આપણે આપણો ધર્મ તજવો નહીં. કેમકે જો પતી તેવો હોય છતાં સ્ત્રી સારા આચરણથી રહે અને પોતાનો સનાતન ધર્મ ન તજે તો તેનાપ્રતિ પરમકૃપાળુ પ્રભુ બહુજ પ્રસન્ન રહે છે અને તે સાધ્વી સ્ત્રીનાં અનેક દુઃખો દયાળુ પ્રભુ નષ્ટ કરે છે. કહ્યું છે કેઃ—

લહત્ મુક્તિ પદ ધર્મ તેં, ધર્મ સર્વ સુખ પાન;
ધર્મ સહાયક સાંકરે, બંધુ ન ધર્મ સમાન.

બહેન ! સનાતનધર્મ સમાન જગતમાં બીજું ઉંચામાં ઉંચુ જવાહીર નથી. આપણું શુભ કર્ત્તવ્ય સનાતનધર્મ વિના અન્ય કંઇજ નથી. સર્વથી ધર્મનું પરિપાલન કરવું એજ શ્રેષ્ઠ છે.

પતીજ સ્ત્રીઓના દેવ, સખા, અને ઉત્તમ ગતી જણાય છે.

સ્ત્રીઓને પતીના જેવો આશ્રય અથવા દૈવત બીજું છે જ નહીં. સ્ત્રીઓની પતી વિના અન્ય ઉપાયે શુભ ગતી છે જ નહીં. જે સ્ત્રી-વડે પતી સંતોષ પામતો નથી તેને સ્ત્રી માનવી નહીં. અને સ્ત્રી-ઓને પતી પ્રસન્ન થએ પરમેશ્વર પ્રસન્ન થાય છે. વળી પતીની સાથે રોષ રાખનારી, પતીને ધિક્કારનારી, પતીથી વિમુખ રહેનારી, લક્ષ્મીના લોભ વાળી, પતીને સંતાપનારી અને જુઠી નિંદા માટે વિવાદ કર-નારી સ્ત્રીઓ પોતાના પુન્યનો નાશ કરી નરકની અધિકારીણી થાય છે. કદાચ પતીભક્તિ ન બને તો ભલે, પરંતુ તેને તુચ્છ ગણી કાઢવો નહીં, તથા પરપુરૂષને અંતઃકરણમાં વ્હાવો નહીં. જો આટલું કરે તો પણ તે સ્ત્રી શુભ ગતીને પામી શકે છે. ચંદ્રમાની કાન્તિ અથવા અજવાળી રાત્રિ ચંદ્રમાની સાથેજ ચાલે છે. અને વિદ્યુત મેઘની સાથેજ ચમકારા કરે છે. તે પ્રમાણે સારા કુળની વિવેકી સ્ત્રી પણ સદા પતીની આજ્ઞાને અનુસરીને ચાલે છે.

બહેન! આપણે ગમે તો રૂપવિનાનાં હોઇએ તો તેથી શું થઇ ગયું? રૂપવાળાંજ પોતાનો ધર્મ પાળી શકે છે? શું તેઓનેજ ધર્મ પાળવાનો હક્ક નિર્માણ કરી આપ્યો છે? અરે રૂપથી પણ અધિક મનોવેધક અને તેજોમય આપણો સનાતન ધર્મ છે તે ધર્મના પાલનથીજ નઠારું રૂપ પણ સુવર્ણ અને હીરા સમાન આપોઆપ ચળકી ઉઠે છે. જેમકે કોયલનું રૂપ સ્વર છે તેમજ સ્ત્રીનું રૂપ પતિવ્રતા ધર્મ છે. ગમે તેવી રૂપાળી સ્ત્રી હોય પણ પતિવ્રતાપણા વિના તે રૂપ વ્યર્થ જ છે. વળી પુરુષ ગમે તેવો કદરૂપો હોય, પરંતુ તે જો વિદ્વાન હોય તો તેનું રૂપ તે વિદ્યા છે અને સંતોનું રૂપ તે ક્ષમા છે.

બહેન! હું મારી આર્ય ભગિનીઓને ઉદ્દેશીને વારંવાર કહું

છું કે બહેનો ! તમે સર્વે પતિવ્રતાપણાથી તમારાં કુળ, જાત અને દેશનું ગૌરવ વધારજો એજ મારી દીન વિનંતી છે. છેવટે મારી અલ્પ બુદ્ધિમાં કાંઇ ખોડ માલૂમ પડે અથવા વધારા પડતું લખાયું હોય તો સુજ્ઞ ભગિનીઓ તે સુધારી તેનું પાન કરજો. એજ.

લી૦ તમારી દીન ભગિની

ધનકુંવરબા.

પદ્મિની—પત્રતો સારો લખ્યો છે. પરંતુ જ્યાં ને ત્યાં બહેન! બહેન! લખ્યું છે તે શું મને ઉદ્દેશીનેજ મારા માટે લખ્યું છે ? નક્કી જ તે કાંઇ જાણી ગએલી હોવી જોઇએ, નહીંતો આમ તે લખે નહીં. કેમકે " કહેવું વહુને અને સમજાવવી સાસુને " તેમ તેણે કીધેલું જણાય છે. શોકયના ખારથી ધણીનો ખાટલો વિષ્ટાથી ખરાબ કરવો તેમ છે. જ્યાં ને ત્યાં નગરમાં મને સન્માન મળે છે, પરંતુ ધનકુંવરબાએ મને તદ્દન નીચ ગણી કાઢી. અભાગી મનુષ્ય સત્યથી વિમુખ જ હોય છે એ સત્ય છે. જેમકે—" ગોદરે ગંગા, ગામમાં ગુરુ, અને ઘરમાં માનવી દેવ; એ ત્રણેની કિંમત નહિ, સાખી કહે સુખદેવ.

અરે! ધનકુંવરબાને હું મારી લઘુભગિની જાણી તેને સારી રીતે ચાહું છું તથા દરેક વખત કંઇને કંઇ આપ્યા જાઉં છું, પરંતુ તે કૃતઘ્ન થઇ. હશે ! એ મનુષ્યનું લક્ષણ નથી. પરંતુ એની અલ્પ અને અજ્ઞાનબુદ્ધિ સામે આપણે સમજુએ વૈર કરવું તે યોગ્ય ગણાય નહીં. કહ્યું છે કેઃ—

નીર ન બોળે કાષ્ટકું, કહો કહાંકી પ્રીત !
અપનો સીંચ્યો જાણીકે, વોઇ બડનકી રીત.

જ્યારે ધનકુંવરબા અહીં પધારશે ત્યારે ઠપકો તો આપીશ.

થયું હવે આપણે અજ્ઞાન મનુષ્યથી રીસાવું નહીં. જ્ઞાની મનુષ્યને તો અજ્ઞાની મનુષ્યો કટુ શબ્દ સંભળાવે પરંતુ રીસ કરવી તે યોગ્ય નથી. કેમકે જ્ઞાનીએ વિચારવું જોઇએ કે—

જેસી મતી હેં જીનકી, તેંસો દેત બતાય;
વાકો બુરો ન માનીએ, દુસરી કહાંસે લાય.

પ્રકરણ ૧૫ મું.

પાણીના પાણી.

અનીતિથી મેળવેલ પૈસો દશ વર્ષ ટકે છે અને અગીઆર વર્ષ થયાં કે મૂળથીજ જાય છે. જો પરાણે સુખ માની સુખ મળતાં હોય તો જગતમાં દુઃખ પડવાનું પ્રયોજન શું હશે? તેમજ પારકું પોતાનું માનવામાં પણ સુખ ક્યાં છે? પારકું દ્રવ્ય પોતાનું માનવું, પારકો પુરુષ પોતાનો માનવો, પરસ્ત્રી પોતાની માનવી, પર વૈભવ પોતાનો માનવો તે સર્વ જેમ નિષ્ફળ છે, તેમ બળાત્કારે અનેક જીવોને અત્યંત ત્રાસ આપી બળથી, ચોરીથી, કે વિશ્વાસઘાતથી પરદ્રવ્ય મેળવી ધનાઢ્ય થવું તેથી શું ધનવાનની ગણત્રીમાં અવાય છે કે? કદીપણ નહીં. કદાચ ધનવાનની ગણત્રીમાં ગણાય તો પણ તેથી શું? વિજળીનો પ્રકાશ ક્યાં સુધી રહેવાનો છે? પતંગનો રંગ ક્યાં સુધી ટકવાનો છે? એ રંગોમાં આપણે તલ્લિન થઇએ, અને એ રંગો જ્યારે નષ્ટ થાય ત્યારે આપણા મનની કેવી સ્થિતિ થાય? માટે દરેક મનુષ્યોએ ભાવિનો વિચાર કરીનેજ દરેક કાર્ય સાવધાનતાથી કરવું જોઇએ.

જે ખાવાથી ભૂખ શાંત થતી નથી, તે ખાદ્યું કહેવાય નહીં.

જે લાભથી તૃષ્ણાની શાન્તિ થઇ નહીં તે લાભ નહીં પણ હાનીજ છે. અનેક મનુષ્યો અનાચારથી ધન મેળવે છે. કોઇ દોઢા બમણા કરી ગરીબોને સતાવીને, કોઇ સબંધીઓ પાસેથી કાંઇનું કાંઇ કર્ત્તવ્ય આગળ લાવીને, કોઇ ચોરી કરીને, કોઇ પેટબાળીને રાત્રિદિવસ ધન માટેજ દોડાદોડી કરે છે, અને અનેક સંકટો વેઠીને ભેગું કરેલું ધન અને અન્ન કેટલાક કંજુસો કંઇ પણ વાપરતા નથી, તેમ ઘરમાં બીજાઓને સુખપૂર્વક ખાવા પણ દેતા નથી. તેઓ બ્રાહ્મણ આદિને દાન પણ દેતા નથી, એક પૈસા માટે અનેક સંકટો વેઠે છે. આટલું સંકટ વેઠયા છતાં તેઓ ધન મેળવે છે ખરા, પરંતુ તે ધનમાંથી એક પાઇ પણ સદ્‌માર્ગે વાપરતા નથી, ત્યારે તેઓ દ્રવ્ય શાને માટે ભેગું કરે છે? જોવાજ માટે કે ? ના, ના, બીજાનેજ માટે. કોઇ ભાગ્યશાળીનું નસિબજ આવા વૈતરાઓને સુખે ખાવા ન દેતાં ધન ભેગું કરાવે છે.

એક કંજુસે એવો નિયમ લીધો કે દરરોજ એક રૂપીઓ મેળવ્યા વિના અન્ન લેવું નહીં. મહાસંકટ વેઠી તે એક રૂપીઓ દરરોજ મેળવવા લાગ્યો. જે દિવસે રૂપીઓ ન મળતો, તે દિવસે તે અત્યંત ખેદ કરતો અને અન્ન પણ લેતો નહીં. આ પ્રમાણે કેટલા વર્ષો સુધી તેણે દુઃખ વેઠીને હજારો રૂપીઆ પટારામાં ભેગા કર્યા. ત્યાર પછી તેની ઇચ્છા પટારામાં કેટલા રૂપીઆ એકઠા થયા છે તે જોવાની થઇ એટલે તેણે એક દિવસ પટારો ઉઘાડયો અને જેવો પટારામાં જોવા જાય છે તેવોજ એક સર્પે ફુઉઉઉઉ કરીને ફુંફાડો માર્યો. તેના ફુંફાડાથી આ કંજુસનું તો હાથ હાથ કાળજુ ખસી ગયું અને તે દૂર જઇ બોલ્યો કે, અરે દુષ્ટ ! તું અહીં શા માટે રહ્યો છે? નાણાં કંઇ તારા બાપનાં નથી. ઉભો રહે, હમણાંજ તને

લાકડીવતી ઠાર કરું છું ! !

સર્પ—અરે મને ઠાર મારનાર ! આ પટારો બંધ કરી ક્યાંય નાશી જા, નહિતો હું અત્યારેજ તને રામશરણ મોકલી દઇશ.

કંજુસ—શું ! એ પટારો અને નાણાં તારાં છે ! અનેક પ્રકારનાં સંકટો વેઠીને મેં એ નાણાં ભેગાં કર્યાં છે તેની તારા જેવા બીજાના પ્રાણના તરસ્યાને ક્યાંથી ખબર ?

સર્પ—એ નાણાં તારે માટે ભેગાં કર્યાં નથી, પરંતુ આપણા નગરના રાજા માટે તેં ભેગાં કર્યાં છે. તું તેનો દાસ છે અને હું તેનું નસિબ છું. તેથી તેના ધનનું રક્ષણ કરું છું માટે ત્વરાથી અહિંથી નાશીજા. આ પ્રમાણે સર્પનાં વચનો સાંભળી તે કંજુસ ખેદ કરતો ત્યાંથી દૂર થયો.

કેટલાક મનુષ્યો કહે છે કે અમો દુઃખ વેઠી ધન ભેગું કરીએ છીએ. તે શું નાંખી દેવા માટે કે ? પરંતુ ભાઇઓ ! તે દ્રવ્ય નાંખી દેવાનું નથી. પરંતુ તેનું સત્પાત્રે દાન દેવામાં ઉપયોગ કરવાનો છે, તથા પોતાના પેટને ન બાળતાં સુખપૂર્વક ખાવા પીવામાં પણ તેનો ઉપયોગ કરવાનો છે. કેટલાક મનુષ્યો આવા ધનનો સદ્માર્ગે વ્યય ન કરતાં દારૂ પીવામાં, વ્યભિચારમાં તથા બીજા ખોટા કામમાં ઉપયોગ કરે છે તે યોગ્ય નથી. મહા મહેનતે ભેગા કરેલા ધનનો બીજા નિષિદ્ધ માર્ગે ઉપયોગ થાય એ મનુષ્યની પડતી થવાનું પ્રથમ સોપાન છે. બીજા ગરીબ મનુષ્યો ભૂખના દુઃખથી ટળવળે અને તમે તમારા કરોડો રૂપીઆનો દુરૂપયોગ કરો તે એમજ સૂચવે છે કે ધનનો કેવી રીતે ઉપયોગ કરવો તે તમને આવડતું નથી અને તેથીજ તે ધનનું રક્ષણ કરવા તમે બીજે અવતારે સાપ થઇ તે ધનની ઉપર બેસીને તમે તેનું રક્ષણ કરોછો અને બીજાના માટે ભેગુ કરેલું તે ધન તમે તેનેજ લેવા દો છો.

લક્ષ્મીના ધર્મ, રાજા, અગ્નિ અને ચોર એ ચાર ભાઈઓ છે. પરંતુ જ્યાં પ્રથમ ભાઈ ધર્મ નથી, ત્યાં બીજા ત્રણે વસે છે અને લક્ષ્મીની ગમે તેવી સ્થિતિ કરી દે છે. એક ઉર્દુ કવિ કહે છે કે— " હરામ ખુન્દ બજાએ, હરામ રફત " અર્થાત્ હરામનો માલ હરામમાંજ જાય છે. વળી " જીવતી માખ ગળેકો ઘણી, લક્ષ્મી ન પચે ચોરી તણી."

જ્યાં સુધી મક્ષિકા (મફતિયું ધન) પેટમાં (આપણી પાસે) રહે છે ત્યાંસુધી ઉત્પાત કરાવે છે અને આપણું ખાંધેલું (ખાનગી ધન) હોય તેને બકારી કરાવીને કાઢી નાંખે છે. તેનો પણ નાશ કરાવે છે.

અત્યારે પદ્મિની પાસે છ હજાર રૂપીઆની શિલક થઇ છે. પરંતુ તેમાંથી એક પાઇ પણ સન્માર્ગે વાવરતી નથી. અને ધન માટે હજી પણ પ્રયત્નમાં મચી રહી છે. પદ્મિની નગરમાં કદાચ ફરવા કે કોઇ બીજા પ્રયોજનથી જતી તો નગરના લોક તેને બહુજ પ્રેમથી બોલાવતા, અને તેને બેસાડી સન્માન કરતા, અને કહેતા કે બહેન ! તમે તો બહુજ ભાગ્યશાળી છો. તમારા પૂર્વના પુન્ય પ્રતાપે ઇશ્વરે સર્વ વાતે તમને સુખી કર્યાં છે. તેના રૂપાળા શરીરની કાંતિથી જેઓ તેને ન બોલાવે, તેઓ પણ તેને બોલાવતા, અને નગરમાં જ્યાં ત્યાં પદ્મિનીના સુંદર સ્વરૂપ સંબંધીજ ચર્ચા ચાલતી. તેથી તેણે લોકોમાં પોતાની શ્રદ્ધા બેસાડવા ભક્તિનો ડોળ ઘણોજ વધારી દીધો હતો. પરંતુ એવો દિવસ ભાગ્યેજ ગયો હશે કે પદ્મિનીને કોઇ નવો મિત્ર ન મળ્યો હોય. " રૂપવંતીના બંધુ ઘણા " એમ તેને ઘણા પુરુષો સાથે ઓળખાણ થયું હતું. કોઇ વખત કોઇ તેને કહેતું કે બહેન ! નગરમાં તમારા માટે આમ વાતો થાય છે તો તે

કહેતી કે તમે બધા ખરા જ્ઞાનથી અજાણ છો. જ્ઞાની મનુષ્યોને કોઇ માણસ ગમે તેમ કહે તો પણ તેની તેમને રીસ હોતી નથી. જ્ઞાની મનુષ્યોનો તેમની પાછળ નિંદા થાય તેમાં પણ લાભજ છે. કારણ કે માબાપ પોતાના પુત્રની વિષ્ઠા ઠીકરાવડે ઉપાડે છે અને નિંદકો જ્ઞાની મનુષ્યોનું પાપ જ્ઞાની મનુષ્યોની નિંદા કરીને પોતાના હોડથી દૂર કરે છે. જેમનો સ્વભાવ કાગડા જેવો હોય તેઓનામાં હંસના ગુણ ક્યાંથી આવે ?

એક દિવસ તેજ નગરમાં નાના પ્રકારના અલંકારો (જણસો) વેચવા માટે કેટલાક વહેપારી આવ્યા તેઓની પાસે એક લક્ષ રૂપિયાના દાગીના હતા. તેમાં અરધા સાચા અને અરધા જુઠા હતા. તેઓ જેવું મનુષ્ય તે પ્રમાણે વર્તતા હતા. તેઓને આવે બેચાર દિવસ થયા હતા. એટલે નગરમાં જ્યાં ને ત્યાં તે ઝવેરીઓની વાત ચર્ચાતી હતી. પદ્મિનીને આ બાબતની ખબર પડવાથી તે ઝવેરીઓની જણસો જોવા માટે તેનું અંતઃકરણ લલચાયું. પરંતુ જણસો કેવી રીતે જોવી? દિવસે તેમને પોતાના ઘેર બોલાવવાથી તેની પાસેના દ્રવ્યનો ભરમ ખુલ્લો પડે, માટે તે ઝવેરીઓને રાત્રિને સમયે બોલાવવા તે ઠીક એમ વિચાર કરીને રાત્રિનો સમય થતાં, એક મફતશંખ નામના માણસને બોલાવીને કહ્યું કે ભાઇ મફતશંખ ! આપણા ગામમાં જે ઝવેરીઓ આવ્યા છે તેમને કોઇ ન જાણે તેમ છાનામાના મારા ઘરમાં લઇ આવો. એટલે મફતશંખ ઝવેરીઓ પાસે ગયો અને તેમને ગુપ્ત રીતે તેડી લાવી પદ્મિનીના ઘરમાં દાખલ કર્યા. પદ્મિનીએ તેઓનું સારી રીતે સન્માન કર્યું, તથા ચા સુખવાસ વિગેરે આપી પ્રસન્ન કર્યા. તે પછી તેમની પાસે જે જણસો હોય તે બતાવવા કહ્યું, અને જરા નયન કટાક્ષથી પ્રેમ દેખાડવા લાગી. ઝવેરીઓ

વિચાર કરવા લાગ્યા કે આ બાઇ દેખાય છે તો નીચ વૃત્તિનીજ, પરંતુ બે ઘોડે ચઢાય નહીં. બે ઘરનો પરોણો ભૂખ્યો રહે. આપણે પરદેશમાં લાભ માટે આવેલા અને તેમાં આવી સ્ત્રીઓના મોહમાં ફસાઇ જઇએ તો પછી આપણી બધી જણસોનું પાણી થઇ જાય. માટે આ નીચવૃત્તિની સ્ત્રીને બરોબર હાથતાલી દેવી કે અમારા ગયા પછી પોકેપોક મૂકીને રડે. આ સ્ત્રીને ઠગવાનો આ ખરો વખત છે. અવસર ગયા પછી બુદ્ધિ શા કામની ! કહ્યું છે કેઃ—

ખડ ખુટયાં ધણ વસુ કીયાં, અને વ્હાલો ગયા વિદેશ,;
અવસર ચૂકયા મેઉલા, વરસી (હવે) શું કરેશ.

ઝવેરી—બહેન તમે જણસ જોવા માગો છો તે ખરૂં છે પરંતુ અમો કાંઇ જેવા તેવા હલકા ઝવેરીઓ નથી, અમે તો રાજ ઝવેરી છીએ. અમારી જણસોની કીંમત તો રાજાઓ કે મોટા સદ્‌ગૃહસ્થો જ કરી શકે. પરંતુ અમે નવાબ સાહેબને ત્યાં જતા હતા એટલે રસ્તામાં આ તમારૂં નગર સુંદર જણાવવાથી ત્રણ દિવસથી અમે અહીં આવ્યા છીએ. માટે જો પૈસા વધુ હોય તો જણસો બતાવીએ. જુઓ કે પૈસા હશે તે તો વાપરી નંખાય, પરંતુ આ દાગીના કાંઇ વાપરી શકાશે નહીં. એતો તમારૂં સદાનું ગુપ્ત ધન થઇ રહેશે.

પદ્મિની—તમારી ખ્યાતિની વાતો મેં સારી રીતે શ્રવણ કરી છે. માટે જણસો જો પસંદ પડશે તો જરુર મારે લેવી છે.

ઝવેરી—લ્યો જુઓ જોવામાં ક્યાં પૈસા બેસે છે ? આ મોહનમાળા છે એની અંદર મોતી તથા હીરાની રજકણો જડી છે. તે સિવાય આ બીજી જણસો પણ પડી છે. જોઇએ તે પસંદ કરો.

પદ્મિની—આ બે મોહનમાળાજ જોઇએ છીએ તથા એક બે આ વેઢ જોઇએ છીએ. માટે વ્યાજબી કિંમત કરો, ભડકાવી માર-

વાની કિંમત કરશો નહીં.

ઝવેરી—બહેન ! તું શું લેઇ શકશે ? મુકી દે મારી જણસો અમો અમારે મુકામે જઇએ છીએ.

પદ્મિની—તમારે બીજાનું શું પ્રયોજન છે ? કિંમત લઇને આપશો કે નહીં આપો ?

ઝવેરી—બે મોહનમાળાની કિંમત ત્રણ ત્રણ હજાર રૂપીઆ પડશે. પાંચસો રૂપીઆ આ બે હીરાજડીત વેઢાના પડશે.

પદ્મિની—અધધધધ ! કિંમત વધુ છે ખરી, પરંતુ માલ સારો છે માટે રાખું છું. તો પણ કહું તેટલું તમારે કરવું પડશે. થોડી છૂટ મુકવી પડશે અને નગરમાં ક્યાંય કોઇના પણ મોં આગળ આ જણસો મેં રાખ્યા બાબતની વાત કરો તો તમને ઇશ્વરના સોગન છે.

ઝવેરી—બહેન ! કોઇના પણ મોં આગળ અમે કદી પણ વાત કરીએ એવા નથી, પરંતુ છૂટતો એક પાઇની પણ મૂકી શકાય એમ નથી. અમારા શેઠ હિસાબ માગે ત્યારે અમે ખૂટતા રૂપીઆ અમારા ઘરમાંથી આપીએ ? પદ્મિનીને ઝવેરીઓની વાત ગળે ઉતરી એટલે તેણે મફતશંખ સાથે નાણાં લાવી છહજાર રૂપીઆ ઝવેરીઓને ગણી આપ્યા. બાકી પાંચસો માટે બહુજ માથાકૂટ કરતાં સો રૂપીઆ ઝવેરીઓએ છૂટ આપી. પરંતુ પૈસા તેટલા પાસે નહિ હોવાથી વિચાર કરતાં મફતશંખને ધાર્યા, એટલે મફતશંખ બોલ્યા કે પદ્મિની કાકી ! મારી પાસે ચારસો રૂપીઆતો નથી પરંતુ પરાણે બસો થાય તેમ છે. પણ તેટલા તો મારે જોઇએ ને ?

પદ્મિની—તમે તો......નથી જાણતા કે.........

મફતશંખ—પદ્મિની કાકી લ્યો, લ્યો, લઇ આવું "જ્યારે આવે પ્રેમની રેઢી, ત્યારે ન સૂઝે પ્રભાત કે જોડી."

પદ્મિની—ઝવેરીજી ! બસો તમારા નિકળશે તેના માટે આ એક સોનાની જણુસ આપું છું. બસોની છે. અત્યારેજ ઘડાવી છે. અને બસો આ મફતશંખ આપે છે. થયું ને ?

ઝવેરી—હા, લાવો. થઇ રહ્યા, બહેન ! તમારું નામ શું પદ્મિનીબા કે !

પદ્મિની—હા ભાઈ ! મારૂં નામ પદ્મિની છે.

ઝવેરી—બહેન ! પિછાન રાખજો. અમે આવતે વર્ષે પાછા આવીશું ત્યારે જોઇએ તો બીજી જણુશો લેજો, અને જો જણુશોમાં તમે ભાવમાં ઠગાયાં છો એમ તમને લાગે તો અમે ફરીથી આવીએ ત્યારે તે જણુશો પાછી આપજો. અમે તમારાં નાણાં પાછાં આપીશું.

પદ્મિની—હા. તેમ હશે તો હું તો આ જણુશો તમને પાછી પણુ આપીશ.

ઝવેરીઓએ તેના મોં આગળ હા કહી. પછી રજા લઇ મુકામે ન જતાં પરભાર્યાજ ક્યાંના ક્યાં ચાલ્યા ગયા. પદ્મિનીએ તે જણુશો ઠેકાણે મૂકીને બીજાં નાણાં માટે પ્રયત્ન ચાલુ રાખ્યો. અને વારે વારે જણુશો જોઇ પોતાના મનમાં બહુજ આનંદ માનવા લાગી. કહેવત છે કે-" રળે કોક અને જમે કોક " કમાય ટોપીવાળા અને ઉડાવે ધોતીવાળા "

मम इच्छा सर्व नास्ते, दैव इच्छा प्रवर्तते ।
राजकन्या राजद्वारे, ब्राह्मण भालु भक्षते ॥

એક રાજાને ત્યાં પુત્રિનો જન્મ થયો. ગ્રહભાવ જોતાં જોષિઓએ રાજાને કહ્યું કે—નૃપવર ! આ કન્યાનો જન્મ તમારે લાભકારી નથી, માટે એને પેટીમાં મૂકી નદીમાં મૂકી દ્યો. પરંતુ પ્રધાને

તેમ થવા દીધું નહીં અને રાજાને કહ્યું કે એ કન્યા હજી તો નાની છે અને કોણે જાણ્યું કે મોટી થશે ! કદાચ મોટી થશે તો તે વખતે તેની ગમે તેમ વ્યવસ્થા કરી લેવાશે. પ્રધાનના કહેવાથી રાજાએ તેમ કર્યું. વર્ષો જતાં કન્યા મોટી થઇ. એક વખત તે કન્યા પ્રધાનના જોવામાં આવવાથી વિચાર કર્યો કે કાંઇ યુક્તિ કરી કન્યા સાથે આપણેજ વરવું. પછી રાજાને કહ્યું કે હવે એ કન્યાને પેટીમાં મૂકી પેટી અહીંથી ગમે ત્યાં વિદાય કરો. એના ભવિષ્યમાં હશે તે બનશે. ત્યારપછી પેટીમાં થોડી મીઠાઇ વિગેરે મૂકી કન્યાને નદીમાં મૂકી દીધી. પ્રધાન બ્રાહ્મણ હતો તે કન્યા માટે નદીને કાંઠે કાંઠે ચાલવા લાગ્યો, અને પાંચેક કોશ આગળ જઇ પેટીની વાટ જોવા લાગ્યો. દૈવયોગે પેટી પવનના જોરથી ઉલટી ચાલી ગઇ. તે કોઇ રાજકુમાર શિકાર માટે આવેલો તેને મળી. રાજકુમારે તે પેટી ખોલી અને તેમાંથી કન્યાને જોતાં તેણે ઘણા હર્ષ સાથે કન્યાનો સ્વિકાર કર્યો અને શિકારથી જીવતી પકડેલી એક શાઉડી (ભાલુ) ને પેટીમાં પૂરીને પેટી ત્યાંથી વહેતી મૂકી. પ્રધાન ત્રણ દિવસથી ભૂખ્યો અને તૃષાથી પિડાઈ પેટીની વાટ જુએ છે. એટલામાં દૂરથી પેટી જોતાં તેને હર્ષ ઉત્પન્ન થયો અને તે નદીમાં પડ્યો. પછી પરાણે તે પેટીને કાંઠે લઇ આવ્યો, અને હર્ષથી ખોલવા જતાંજ અંદરથી જે વિકાળ પશુ (સાઉડી) નિકળ્યું તેણે બ્રાહ્મણભાઇને શાન્ત કર્યા, અને સદાને માટેજ તે વખત બ્રાહ્મણે ઉક્ત શ્લોક કહી પોતાના પ્રાણ તજ્યા. માટે દૈવથી ઉલટું કાર્ય કરવું નહીં.

પ્રકરણ ૧૬ મું.

કર્મફળ.

અધર્મ કરનારને અધર્મનું ફળ મળ્યા વિના રહેતું નથી. કદાપિ અધર્મ કરનારને ન મળે તો તેના પુત્રને મળે, તેને ન મળે તો તેના પૌત્રને મળે પરંતુ નિષ્ફળ જતું નથી.

જ્યાંસુધી પ્રારબ્ધ બળવાન હોય છે, ત્યાંસુધી સવળા પાસા પડે છે, દુષ્મનો પણ મિત્ર થાય છે, મન ચિંતવ્યું કામ પાર પડે છે અને દેવો પણ સહાય કરે છે, પરંતુ જ્યારે પ્રારબ્ધ વાંકું થાય છે અર્થાત્ ભાગ્યબળ પૂરું થાય છે, ત્યારે નિર્બળ મનુષ્યોથી પણ ડરવાનો વખત આવે છે, મિત્રો શત્રુ થાય છે, સગાંવ્હાલાં રીસાઇને બેસે છે, અને ચારે બાજુએથી દુ:ખનાં વાદળો ફરી વળે છે. જેમકે “દીન આવે વાંકા, ત્યારે માર મારે રાંકા.” જ્યારે સર્વનો ઉદય અને અસ્ત છે ત્યારે આ દેહનો પણ અંતજ છે. અને આ દેહની સાથે તેને પ્રાપ્ત થતાં સુખોનો પણ અંત આવે છે. બારિક દ્રષ્ટિથી જોતાં સર્વેનો અંત છે. પરંતુ ધર્મનો તો અંત નથીજ. માટે ગમે તેવું સુખ મળ્યું હોય કે દુ:ખ પડયું હોય પરંતુ મનુષ્યોએ તેમાં રાગદ્વેષ ન લાવતાં ધર્મથીજ વર્તવું જોઇએ.

पुण्यस्य फलमिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः।
पापस्य फलं नेच्छन्ति, पापं कुर्वन्ति यत्नतः॥

ભાવાર્થ—પુણ્યનું ફળ સુખ તેની સહુ ઇચ્છા કરે છે. પરંતુ પુણ્ય કરતા નથી કે જેથી સુખ થાય. અને પાપનું ફળ દુ:ખ તેની કોઇ ઇચ્છા કરતા નથી. પરંતુ દુ:ખ ઉત્પન્ન કરનાર પાપ જાણી જોઇને કરે છે.

જેમ વસ્ત્રમાં પડેલો અગ્નિ છૂપી રીતે રહેતો નથી તેમ પાપીઓનાં પાપ છુપાતાં નથી. આગળ કરો અને પાછળ જુઓ. જ્યારે ઘો મરવાની થાય ત્યારે વાઘરી વાડે જાય તેમ જ્યારે પવન વધારે વાવાનો હોય ત્યારે પ્રથમ શાન્ત દેખાય છે. દીવો બુઝાવાનો થાય છે ત્યારે ભભકે છે. મનુષ્યનું મરણ નજીક આવ્યું હોય છે ત્યારે સારાં થયાના જેવાં ચિહ્ન માલૂમ પડે છે. જ્યારે વિપત્તિ આવવાની હોય છે ત્યારે મનુષ્ય ગર્વિષ્ટ થઇ જાય છે, અને કુદંકુદા દોડમદોડા કરી મૂકે છે. "જે પાવે અતી ઉચ્ચ પદ, તાકો પતન નિદાન; જ્યાં તપત મધ્યાન લગ, અસ્ત હોત પીછે ભાન. જ્યારે પાપ પ્રગટ થાય છે ત્યારે તેની સાથે ઘણાનાં પાપો પણ આવે છે અને કર્મો જીવને દુઃખ દે છે. જેમકે—

ન પાપ છૂપાયું છૂપે, છાનું કરો કે ચોકમાં;
અંતે દેખાઇ આવશે, આ લોક કે પરલોકમાં.

જ્યારે પાપ પ્રગટ થયું, અને દુઃખોનો ડુંગર દેખાવા લાગ્યો, ત્યારે તેમાં સુખતો મળેજ ક્યાંથી ? એતો અમાસની રાત્રિ. તેમાં સુખરૂપ ચંદ્રમા ક્યાંથી દેખાય ? કહ્યું છે કેઃ—

વરસાદ વરસે હેલીએ, દુકાળે માવઠું નહિ;
સુખમાં સુખ આવી મળે, દુઃખમાં સુખનો ભાસ નહિ.

એતો સત્યજ છે કે ઘરધણી પાપ કરે, તે ઘરના સર્વે મનુષ્યોને પણ વધારે નહીંતો થોડું ઘણું તો દુઃખ ભોગવવુંજ પડે. ગામનો ધણી જે પાપ કરે તે ગામને અને દેશપતી જે પાપ કરે તે દેશને ભોગવવું પડે. સત્યયુગમાં, દ્વાપર યુગમાં અને ત્રેતા યુગમાં ગમે ત્યારે પાપીઓ પાપ ભોગવતા હશે, કદાચ મુવા પછી પણ પાપ ભોગવતા હશે તેતો પ્રભુ જાણે, પરંતુ આ કળિકાળમાં તો હમણાં

પાપ કરે તેનું ફળ તેજ વખતે મળે છે, " કળજુગ નહિ કરજુગ હે, ઇસ હાથ કર, ઇસ હાથ દેખ. "

રાધાકૃષ્ણજીના મંદિરમાં અનંગાનંદજી મહારાજનું જ્યારે પૂર્ણ ભાગ્યબળ તપતું હતું ત્યારે અનેક શિષ્યો ત્યાંના ત્યાંજ પડયા રહેતા, અને મહારાજજી પાણી માગતા તો તેમને દુધ આપતા. પરંતુ મહારાજજીએ જેમ જેમ વધારે વ્યભિચાર કરવા માંડયો તેમ તેમ તેમનું પુણ્ય ઓછું થતું ગયું અને તેમના ચેલાઓ તેમનો ત્યાગ કરીને ત્યાંથી ચાલ્યા ગયા. છેવટે મહારાજજીના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો. આજકાલ કરતાં છ માસથી મહારાજજી દુઃખની પીડાથી રીબાય છે. કોઇ પાપ મુખમાં દુઃખ થઇ પડયું છે, કોઇ પેટમાં પડયું છે, કોઇ ચર્ણ સાથે વળગ્યું છે, કોઇ નેત્રોમાં વસી રહ્યું છે, અને કોઇ શરીરના ભિન્ન ભિન્ન સ્થળોમાં દોડાદોડ કરી રહ્યું છે. મહારાજની પાસે માત્ર એક દશબાર વરસનો છોકરોજ સેવામાં છે. તે દિવસે સેવા કરી ભિક્ષાવૃત્તિથી મહારાજનો અને પોતાનો નિર્વાહ ચલાવે છે. મહારાજને ગળે પાણી પણ પરાણે ઉતરે છે તો અન્ન ખાવાની તો વાત શી ! આવી આખરની સ્થિતિ હોવા છતાં તેમ-નામાં વ્યભિચારના પાપ સંસ્કારો ભેગા થયેલા હોવાથી આવે વખતે પણ તેમનું ચિત્ત ઇશ્વર સ્મરણમાં રહેતું નથી. યુવાવસ્થામાં જે કર્યું હતું તે બધું નજર આગળ તરી આવે છે.

મહારાજ—બચ્ચા ! પદ્મિની......આઇ !

શિષ્ય—અરે બાવાજી ! લવારો ના કરો, નહિતો આ ચીપીયા-વતી છુંદી નાંખીશ. છાના માના પડયા રહો.

મહારાજ—બચ્ચા ! મેં બ્હોત દુઃખી હું ! વપુ મેં બ્હોત દુઃખકા ઝટકા લગતા હે. ઓર નેત્રોસે કુચ્છ દિખાતા નહિ હે. બચ્ચા

સબ મર જાયંગે. મેં મરજાતા હું.

શિષ્ય—ગુરુજી ! કોઇ બીજાતો નથી મરવાના પરંતુ હાલતો તમેજ મરશો. " નવાબ કહે ભરુચ જાતી હે, પરંતુ ભરુચ તો વહાંજ રહતી હે. તુમજ જાતેહો. "

જે મહારાજના શરીરમાં, અત્યંત રુધીર અને માંસના થર બાઝયા હતા તે બધું સુકાઇ જઇને આજે માત્ર હાડકાંજ રહ્યાં છે. વળી તેમની સારી રીતે કોઇ બરદાસ કરનાર ન હોવાથી શરીરમાંથી દુર્ગંધ ઉઠે છે. આજ અવસ્થામાં એક વરસસુધી અત્યંત દુઃખ પામી-અરે ! જીવતાં નરક ભોગવી મહારાજે આ સંસારનો સદાને માટે ત્યાગ કર્યો અને પોતાના કર્મનું ફળ ભોગવવા પરલોકમાં ચાલ્યા ગયા.

મનુષ્યના મરણ પાછળ સારી વાતો થાય તો જાણવું કે તે સ્વર્ગને પામ્યો છે અને ખરાબ વાતો થાય તો—" મુઓતો પાપ ગયું " એમ કહેવાય તો તે નરકમાં ગયા એમ સમજવું. કર્ણદ્વારાએ મોહ અને પ્રેમનાં વચનો સાંભળતાં આનંદ થાય છે, જુઠા સ્વાર્થો માટે કપટથી વર્તતાં સારું લાગે છે, અને જમતી વખતે સ્વાદિષ્ટ ભોજનો પ્યારાં લાગે છે તેમ અવિવેકી મનુષ્યો સુખના વખતમાં પાપને પણ પુણ્ય માની લે છે.

અનેક જાતના પ્રપંચ કરી જીવને રીબાવનાર હે પરીપુઓ ! તમને ધિક્કાર છે. આ સંસારરૂપી સમુદ્રમાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ ને મૃત્યુ સંબંધી દુઃખો વારંવાર રહ્યાં છે એમ જાણતાં છતાં મોહમાં અંધ થએલ જીવો ઉત્તમ ધર્મને આચરતા નથી તેથી દુઃખી થઇ ભવના ફેરામાં ભ્રમણ કરે જાય છે. જેમકે કહ્યું છે કે—

સુત વિત્ત કામીની, ભૂમી જીવ મારી કહે;

તારું તજી શીદ આવીયો, ક્યાં થકી ન એ લહે;
તેમાં રહ્યો નીશદિન, જુઠા અરે પ્રપંચમાં.
તારું શું છે ન જાણીયું, મિથ્યા મુવો શું રંચમાં.

જે પદ્મિનીનો ઉદયભાનુ પૂર્ણ પ્રભામાં ઝળહળી રહ્યો હતો તેનો હવે અસ્ત પામવાનો સમય થયો. પદ્મિનીના સુખનો હવે અહીં અંત આવ્યો. જેમ મેઘ વરસતાં સઘળે સ્થળે નીરનીર દેખાઇ રહે છે, તેમ પદ્મિનીના ચઢતા ભાગ્યથી જ્યાંને ત્યાં સુખનાં નીર દેખાઇ રહ્યાં હતાં. પરંતુ પદ્મિનીના નસિબમાં છપનીઓ પડયો એટલે મૂળમાં નીર ન હોય તો અન્યસ્થળોમાં તો ક્યાંથીજ હોય ? તેની પાસે જે નાણાં હતાં તેની જણસો લઇ લીધેલી હોવાથી, ઘરમાં બીજાં કાર્યવહેવારમાં પણ તેને દ્રવ્યનો ટોટો પડવા લાગ્યો. અધુરામાં પૂરું તેનું ખીલેલું યૌવન પણ વર્ષ જતાં કરમાઇ જવા લાગ્યું, તેથી આવક ઘટવા માંડી, બળ ઘટયું, સુકૃત ઘટયાં, નીર વિનાનું તેનું શરીર સરોવર થઈ પડયું. પછી શા માટે તેના શરીરમાં ભોક્તા મનુષ્યપશુઓ તે સરોવર પર જાય ?

જોબન થા જબ રૂપથા, ગ્રાહકથે સબકોઇ;
જોબન રૂપ જાતા રહ્યા, અબ ભાવ ન પૂછે કોઇ.

પદ્મિની હવે દિવસે દિવસે ઉદાસ રહેવા લાગી. કેમકે ધનવાનના સાળા ઘણા થાય, પરંતુ ગરીબોનો બનેવી પણ કોઇ ન થાય, એવો દુનિયાનો દેખીતો ન્યાયજ છે. તેમ તેના યૌવનાવસ્થામાં તેને ચહાનાર ઘણા હતા, પરંતુ આ વખતેતો તેનું પાપ તેનેજ ભોગવવાનું હતું. તોપણ પદ્મિનીના અંતઃકરણમાં હિંમત વધારે હતી, તે એ હતી કે ભલે સહુ દૂર થાય, પરંતુ જીંદગીસુધી નિરાંતે નિર્વાહ ચાલે એટલું તો ધન મેળવી લીધું છે ને ? હવે મારે કોની

દરકાર છે ? પદ્મિની મનમાં આ પ્રમાણે વિચાર કરે છે, એટલામાં એક બાઇ ત્યાં રડતી રડતી આવી અને બોલીકે પદ્મિની બ્હેન ! તમારાપર આજે પ્રભુ રૂઠયો છે. અરે પ્રભુ ! તેં આ શું કર્યું ? તને દયા પણ ન આવી.

પદ્મિની–બ્હેન ! બ્હેન ! કહોને શું છે ? મારા સોગન તમારે જે કહેવું હોય તે ઝટ કહો. એટલે તે બાઇએ કહ્યું કે–બ્હેન ! બધાં છોકરાં મેડાપર રમતાં હતાં તેના ભેગો તારો પુત્ર પણ રમતો હતો તે તારો પુત્ર નીચે પડી જવાથી આ લોકોને તજી ગયો......છે. હે પ્રભુ ! તું વ્હારે ચડ. આવા શબ્દ શ્રવણ થતાં પદ્મિની માથુ અને છાતી કૂટી ખૂબ રૂદન કરવા લાગી.

પદ્મિનીને છાતીફાટ રૂદન કરતી જોઇને તે સ્ત્રી તેને ધૈર્ય દેવા લાગી, પરંતુ પદ્મિનીનું રડવું રોકાઈ શકે એમ નહોતું. તે તો અત્યંત માથું કૂટવા લાગી અને ધ્રુસકે ધ્રુસકે છૂટે મોંએ રડવા લાગી. તેનો રડવાનો અવાજ સાંભળી ઘણા મનુષ્યો ત્યાં ભેગાં થયાં, અને તેને પરાણે છાની રાખી અને તેને ધીરજ દેતાં બોલ્યાં કે બ્હેન ? માયાના નિયામક ઇશ્વરની સત્તા આગળ કોઇનું ચાલતું જ નથી, તમે તો જ્ઞાની છો અને અન્યને આવે સમયે ઉપદેશ દઇ બીજાનું દુઃખ દૂર કરી શકો એમ છો, તો તમારા જેવાં જ્ઞાનીને અમે વિશેષ બોધ શું આપીએ ? બ્હેન ! આ કાયા પાણીના પરપોટા જેવી છે, તેને ફૂટતાં કેટલી વાર ? કહ્યું છે કે—

ખાખકા પુતલા બના, ખાખકી તશવીર હે;
ખાખમેં મીલ જાયેંગે, ફીર ખાખ દામનગીરહે.

પદ્મિનીને આશ્વાસન દઇને તે સર્વે તેઓને ઘેર ગયાં. પુત્રના મરણ પછી પદ્મિની હવે દિવસે દિવસે સુકાવા લાગી. તેના શરીરની

શક્તિ ઓછી થવા લાગી, પોતે કરેલાં પાપ માટે હવે પસ્તાવા લાગી. હવે હું શું કરૂં તો મને શાન્તિ મળે એમ તેને ઉપરાઉપરી વિચારો થવા માંડયા. અસત્યને સત્ય ગણી ન કરવાનું કર્યું એની બળતરા તેને રાત્રી દિવસ થવા માંડી. પતીને વારંવાર તિરસ્કાર કરીને પતીનું અંતઃકરણ દુભવ્યું હતું તે માટે તેના મનમાં બહુ પશ્ચાતાપ થવા માંડયો. જેમકે–

નદી કિનારે બગલી બેઠી, ચુંનચુંન મછીયાં ખાય;
બડી મચ્છીકા કાંટા લગાતો, સબ ખાયાદે કઢાય.
કયોં સુનતા ન પ્યારે, એક દીન માટીસે મીલજાનાં હોજી.

પદ્મિનીના અંતઃકરણમાં આવો પશ્ચાતાપ થયા છતાં તેના મનમાં એક તરફની ટાઢક હતી, તે એ હતી કે જીંદગી સુધી ધન માટે તો ચિંતા નથી એમ તેની પાસે દાગીના હતા, તે ઉપરથી તે લગાર પ્રસન્ન રહેતી હતી " જેમ રંકને મળે રુઓ, તો કહે કે તળાવ ખોદાવું કે કૂવો. " થોડો વખત તે શોકમાં રહી પણ પછીથી વળી તેને આનંદ થવા લાગ્યો. મદ્યપાન હવે તેણે તજી દીધું હતું. તેમ નીચ વાંચ્છનાપ્રતિ પણ તેનું ધ્યાન નહોતું. પરંતુ અવસર ગએ બુદ્ધિ શા કામની ? લાખો રૂપિઆ ગુમાવી એક પૈસા માટે નીતિ રાખે તે શું નીતિ કહેવાય ? ગમે ત્યારે પણ પાપ ભોગવ્યા વિના છૂટકો જ નથી. હજામત (ક્ષૌર) કરાવીને વાર પૂછવો તેમાં શું વળે ? જેમકે—

જબ લાગી તબ જાની નહિ, અબ ચુરાવત દેહ;
પાની પી ઘર પૂછવો, કોન શાંનપણ તેહ.

હવે નિર્વાહ માટે પદ્મિનીને સંકોચ પડવાથી તેણે વિચાર કર્યો કે જે પાંચસો રૂપીઆના વેઢા છે, તેમાંથી એક વેચી નાંખું. હવે

કોને માટે અને શાને માટે દુઃખ ભોગવું? એમ વિચાર કરી એક દિવસ જણુસો મૂકી હતી ત્યાં જઇ તેને બહાર કાઢી અને બહાર કાઢીને જોતાંજ પદ્મિની બેભાન થઇ પૃથ્વી પર પડી.

વાંચક સજ્જનો! " જ્યાં લીયા ત્યાં દે દીયા, ઔર નફેમેં જુતિયાં. " એમ પદ્મિનીની દશા થઇ પડી. એક ઠગ ચારસો રૂપીઆનો એક ઘોડો કયાંથી ઠગી લાવ્યો તેને વેચવા માટે ઘણા દિવસ ફર્યો પરંતુ કિંમત વધુ લાગવાથી કોઇએ તે લીધો નહીં. છેવટે તે ઠગ તે ઘોડાઉપર બેસી બહાર ગામ વેચવા માટે નિકળ્યો. જ્યાં કોઇ નગરમાં મળે ત્યાં તેની કિંમત થાય. ઠગ પાંચસો કહે ત્યારે લેનાર બસો ત્રણસો કહે એટલે ઠગ આપવાની ના કહે. ત્યાંથી તે બીજે ગામ ગયો. ત્યાં તેના જેવોજ ઠગ તેને મળ્યો તેણે પાંચસો રૂપીઆ આપવાની હા કહી. બીજો ઠગ તે ઘોડા ઉપર બેઠો. (ઘોડાની જાત જોવાના બહાનાથી) ઘોડા ઉપર બેઠા પછી તેણે ચાબુકથી ઘોડાને એવો તો માર માર્યો કે ઘોડો ત્યાંથી દોટ મુકીને ખૂબ આઘો નિકળી ગયો એટલે આ ઠગ ત્યાંથી નિરાશ થતો પોતાના ઘર તરફ આવવા લાગ્યો. માર્ગમાં લોકો પૂછેછે કે કેમ ભાઇ! ઘોડાપરથી પડી ગયા કે શું? આમ દુઃખી થતા કેમ જણાઓ છો? અને ઘોડાની કિંમત શી ઉપજી? ઠગ કહે ભાઇઓ જેમ લીધો તેમ દઇ દીધો અને નફામાં તમે જુવો છો તે! તેમ મનુષ્યો અત્યાચાર કરે છે તેમાં જેમ આવ્યું તેમ જાય છે અને નફામાં પાપ ભોગવે છે તે જુદું.

પદ્મિનીનો ધણી જ્યારે ઘરમાં આવ્યો ત્યારે ત્યાં આગળ પડેલી ખુલ્લી જણુશો જોઇ આશ્ચર્ય પામ્યો, અને પદ્મિનીને બહુ મહેનતે શુદ્ધિમાં લાવ્યો. પદ્મિનીના અંતઃકરણમાં દાવાગ્નિ પ્રગટી રહ્યો છે,

શરીર કંપે છે અને મુખ સુકાઇ ગયું છે. ત્રણ દિવસથી શોકથી તેણે અન્ન પણ લીધું નથી. અને જે જણશો હતી તેને ભાગી નાંખી ક્યાંય ફેંકી દીધી. કેમકે જાણે તદ્દન ફકીર ન હોય, તેમ તે જણશો બની ગઇ હતી. દિવસે દિવસે તે ઘણીજ સુકાવા લાગી. જ્યારે દુઃખો આવે છે ત્યારે મનુષ્યોના મનની એવીજ સ્થિતિ થાય છે. કહ્યું છે કે—

દશાની દડી ઘડી ઘડી ચડી ચડી પડે;
દશાનું ફૂલ ખૂબ ખીલીને ખરી પડે.

દુઃખના સમયમાં મનુષ્યો જ્યાં ત્યાં સુખ માટે પ્રવૃત્તિ કરતાં જણાય છે, પરંતુ તેનાં પાપો આગળ ફરી વળીને તેને મળતાં સુખો નષ્ટ કરે છે.

કોઇ મચ્છ ઢીમરની કઠોર જાળમાંથી પડી ગયો, તો ત્યાંથી બિચારો જળમાં પડયો. દૈવયોગે ત્યાંથી પણ ગળી પડયો તો તરત તેને ત્યાં બેઠેલો બગલો ગળી ગયો. માટે વિધી વાંકો હોય, તો કાર્યમાં સિદ્ધ શી રીતે થાય ?

પ્રકરણ ૧૭ મું.

મતી તેવી ગતી.

કંબીર ગર્વ ન કીજીએ, રંક ન હસીએ કોય;
અપની નાવ સમુદ્રમેં, ક્યા જાને ક્યા હોય.
પીપળ પાન ખરંતાં, હસતી કુંપળીયાં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયાં.

પદ્મિનીના ભર યૌવનાવસ્થામાં જે પદ્મિનીને નિહાળતાંજ વિષયી મનુષ્યો તેના સ્વરૂપમાં મોહ પામતા, તેજ મનુષ્યો પદ્મિનીના

સામુ હવે જોતા પણ નથી. અરે! પદ્મિનીને લગાર પણ દુઃખ થતાં જેઓ દોડાદોડ કરી મુકતા તેઓ પદ્મિની ક્યા ખૂણામાં પડી છે તે તરફ પણ દ્રષ્ટિ કરતા નથી. કહ્યું છે કે–

નર નરકે પાસ આવત નહિ, આવત દીન કે પાસ;
વો દીન કયોં બિસારીએ, કહત બિહારીદાસ.

હવે દિવસે દિવસે પદ્મિનીનાં દુઃખોમાં વધારો થવા લાગ્યો. તેના સુખનો ભાનુ અસ્ત થયો અને દુઃખનો ભાનુ ઉદય પામી તેનાં પ્રચંડ કિરણો વેરવા લાગ્યો. પદ્મિનીના અંતઃકરણમાં જણસોનો જે ઘા લાગ્યો છે તે બરાબર પાકીને ભરાઇ ગયો અને તેમાં વળી બીજાં શારિરીક દુઃખોનો વધારો થવા લાગ્યો. દરરોજ તાવ આવવા લાગ્યો તથા મગજમાં સણકા થવા લાગ્યા. જેમકે "સમજાયાં સમજે નહિ, વિતે ત્યારે જણાય; બાળક ડરે દીવા થકી, જ્યારે દીવે દઝાય."

હે જીવ! દુઃખના સમયમાં ઇશ્વરની ભક્તિવિના બીજું કાઇ પણ તને બચાવનાર સાથી નથી. ત્યારે તેનું સ્મરણ કરવું શા માટે ભૂલી ગયો છે? અને તું શેમાં સુખ માની રહ્યો છે?

મર ગયે મરજાયેંગે દાટયા રહે ના દામ;
દુનિયાં દેખ બિચારીઓ, એક દીન ફના મુકામ.
સદા સ્નેહી સંગ નહિ, સદા ન રાજા દેશ;
સદા ન જુગમે જીવનો, સદા ન કાલા કેશ.

અત્યારે પદ્મિનીને આગળ ખાધેલા સ્વાદિષ્ટ ભોજનો યાદ આવે છે અને તેનો જીવભાવ ટળી ગયેલો ન હોવાથી તે આનંદને સંભારી ખેદ કરે છે. જેમ તેમ કરીને તે પોતાનો નિર્વાહ ચલાવે છે. હવે તે બધી ચાતુરીઓ ભૂલતી જાય છે. જેમ નાને ભડકે દીવો, અને મોટે ભડકે હોળી, તેમ દીવા જેવાં દુઃખો હવે તેને હોળી જેવાં

દેખાવા લાગ્યાં છે. વળી સર્વે સુખોનાં દ્વાર બંધ થએલાં હોવાથી અને દુઃખોનો ધુપ બાળી મૂકતો હોવાથી તે અત્યારે દીનથી પણ દીન થઇ ગઇ છે. એક વખતે કબીર સાહેબે એક તરફડીઆં મારતી મચ્છીને પૂછ્યું કે,—રત્ન જેસી તેરી અંખીયાં, તો ક્યોં ન સુઝી તોકું જાળ ?

મચ્છી—સાત સમુદ્ર ઘર કરૂં, અને સહેજે જાઉં પાતાળ;
પણ કર્મનો ફાંદો આવી મળ્યો, તેથી ન સૂઝી મને જાળ.

ગર્વી મનુષ્યો સુખના વખતમાં પાપ એ શું ચીજ છે તે જાણતાં તો નથી પરંતુ સાંભળતાં પણ નથી, અને અભિમાનમાં તણાઇ મરે છે. ગરીબો તરફ આવા અભિમાનીઓ અણગમો બતાવી તેમનો તિરસ્કાર કરે છે, શાસ્ત્ર વિગેરે તેમની દ્રષ્ટિએ ઢોંગ જેવું લાગે છે, મહાપુરૂષોપ્રતિ અણગમો બતાવે છે અને અમેજ સર્વજ્ઞ, અમેજ બુદ્ધિશાળી, અમે છીએ તોજ આ જગત્ ચાલે છે એમ પોતાના મનમાં માને છે, અને અમેજ ઇશ્વર છીએ એટલે સુખી પણ અભિમાનના ગપાટા મારવામાં પાછા પડતા નથી.

નાના સરખા તળાવમાં મચ્છો કુદાકુદ કરી મુકે છે, પરંતુ તેમને ખબર નથી કે આતો સમુદ્ર નથી કે જેમાં સદાને માટે કુદવાનું છે, પરંતુ આતો તળાવ છે. જે થોડાજ વખતમાં સૂકાઇ જવાનું છે. કહ્યું છે કે—

ઝીંડા બાદુ માસકા, બડકુ કહે જરૂર;
મોકું તુંમ ભાવો નહિ, જગા કરો તુમ દૂર;
જગા કરો તુંમ દૂર, બડે તબ અરજી કીની,
વર્ષાઋતુ દોમાસ, અંત બસીવે અર્જ દીની;
કહે શું કવિયાં કાન, વખત કુછ નહિ હે ઉંડા,

આયા આસો માસ, ભૂખ દુઃખ સુકયા ભીંડા.

હે ગર્વી મનુષ્ય! ત્હારા દુષ્ટ કર્મોના પડદા આગળ તને સત્ય સુઝતું નથી, પરંતુ જરા વિચાર કરીને જોકે, કૂવામાં કુદરતી પાણી આવે છે તે પણ પૂર્ણ થઇ જાય છે, તો તેમાં ભરેલું પાણી કેમ પૂર્ણ ન થાય? તેં તો તારું સદ્ભાગ્ય એક પાત્રમાં ભર્યું છે, અને તે તારા દુરાચરણથી પૂર્ણ થતું જાય છે. પૂર્ણ થયા પછી તારી કેવી ગતી થશે તેનો વિચાર કરી બીજું ભરીલે. નક્કી સમજજે કે આ સર્વે જે તારી પાસ પાપ કરાવે છે એ તારા પાકા શત્રુઓ છે. ન તું માણસમાં રહ્યો, ન તું જ્ઞાની થયો, કે ન તું તારા જન્મ મરણનો ફેરો ટાળી શકયો. માટે ગમે તેમ કરીને એક વાતતો સુધારી લે?

સુખમાં પડેલા જીવો સુણજોરે જી,
આવ્યા કમાવા કારણે, કરી લ્યો તો કમાઇ;
જાવાનું છે નિજ દેશમાં, લઇને કરીરે કમાઇ. સુખમાં૦
વાટે નથી પાણીઆરીઓ, પાણી લેજો સંગાથ;
નથીરે દુકાનો વાણીઆ તણી, ભાથુ લેજોરે સાથ. સુખમાં૦
હાંસી માની રખે ભૂલતા, કઠણ છે બહુ પંથ;
ભૂખ તૃષાથી મરશો તમે, લેજો કરીને ખંત. સુખમાં૦

તમને દ્રવ્ય ભેગું કરવાનો સમય મળે છે, મિત્રોની આગળ ઠઠ્ઠા મશ્કરી કરવાનો સમય મળે છે, બીજાઓનું બુરું કરવાનો સમય મળે છે, પરંતુ પ્રભુને ભજવાનો સમય મળતો નથી એ આશ્ચર્ય છે!

મેરા ધન મેરા ગેહ મેરા પરિવાર સબ,
મેરા ધન માલ મેંતો બહુ બીધ ભારો હું;
મેરે સબ સેવક હુકમ કોઉ મેટે નહિ,

મેરી યુવતીકા મેંતા અધિક પિયારાહું.
મેરા કુલ ઉચ્ચા મેરે બાપદાદા એસે ભયે,
કરત બડાઇમેં તો જગત ઉજારોહું;
સુંદર કહત મેરા મેરા કરી જાને મુંઢ,
એસા નહિ જાને મેંતા કાલહીકા ચારા હું.

કેટલાક દિવસો પદ્મિનીએ દુ:ખમાં વ્યતિત કર્યા. એક દિવસ શરીરે કાંઈ રોગ થવાથી તે બહુજ વ્યાકૂળ થઇ ગઇ અને છેવટે ઇશ્વરને સંભારવા લાગી.

તન સુખા કુબડી પીઠ ભઇ, ઘોડેપર જીન ધરો બાબા;
અબ મોત નગારા બાજ ચુકા, ચલ નેકી ફિકર કરો બાબા.

હે પ્રભો ! મારું રક્ષણ કરનાર તુંજ છે. બીજાં મનુષ્યોએ તો ન જાણતાં પાપ કર્યાં હશે, પરંતુ પ્રભો ! મેં તો જાણતાં છતાં પાપ કર્યાં છે. હે નાથ! જે પતંગી સુખનાં વાદળાં ભિન્ન ભિન્ન રંગોથી બનેલાં હું જોતી હતી, તે કયાંય નાશ પામી ગયાં છે તેનો પત્તાજ નથી. હવે તો આપ સૂર્ય દેવનેજ હું આકાશમાં જોઇ રહીછું. નાથ ! મારાં દુષ્ટ કૃત્યોએ મને મધ્ય સમુદ્રમાં નાંખી છે. હે પ્રભો ! તેમાં હું ગોથાં ખાઇ રહીછું. વળી આ શરીરના રોગો તેમાં મગર મચ્છો થઇ મને વધુ કનડે છે. પ્રભો ! હું આમ તેમ જોઉંછું કે કોઇપણ મને સહાય કરવા આવેછે ! પરંતુ મારા જેવી નિરાધાર દુ:ખીને સહાય કરવા માટે આપવિના બીજું કોણ આવે ? પ્રભો હું હવે હારી છું. છેવટે આપ કૃપાળુશ્રીના ચરણ કમળમાં પડીછું તેને હે નાથ ! બચાવો. હે પ્રભો ! રક્ષણ કરો.

દિકરા હતા નાના, ત્યારે માયે વખા પહાણ્યા,
દિકરા થયા મોટા, ત્યારે જમાના આવ્યા ખોટા;

દિકરાને આવી દાઢી, ત્યારે માને મુકી કાઢી.

× × × ×

જરતી બરતી હોં ફીરી, જળધર દોરી જાઉં;
મેં દિખી જલધર જરે, જૂતી કહાં સમાઉ.
ઉનું ખાતાં સુખ, દાઝ્યા તો કહેવાય નહિ;
એમ હાથે લીધું દુઃખ, પસ્તાઇ અંતર બળે.
રૂવે ચોરની માત, છાંને કો જાણે નહિ;
સમજ સમજ પસ્તાત, મુંગાને સ્વપ્નુ થયું.

હે પ્રભો ! મેં શુભ સમયનો લાભ ન લીધો. હે નાથ ! મને તેનોજ અફસોસ થાય છે કે મને મનુષ્ય દેહ મળ્યા છતાં હું આપનું ભજન કરી શકી નહીં. આ સિવાય બીજો અફસોસ મને જરા પણ થતો નથી, કેમકે મારું હ્રદય હવે શુદ્ધ થવાથી સત્ય શું છે ? તે મને સમજાયું છે. પ્રભુ ભજન સિવાય આ સંસારમાં બીજુ વધારે સુખકર કાંઇ પણ નથી. પ્રભો ! હું કબુલ કરું છું કે—મારા જેવી પાપિણી જગતમાં કોઇપણ થઇ હશે નહીં, અને થશે તે પણ સંભવતું નથી. “સો સો ચુવા ખાઇ કે બિલ્લી બેઠી તપકે” એના જેવી હું છું. પ્રભો ! તે પણ હું અનેકવાર કબુલ કરું છું. અને “જાગ્યા ત્યારથી સવાર” એ નિયમને અનુસરીને હું તમારી ભક્તિ કરું તેવી મારી બુદ્ધિ નિર્મળ કરો.

હે નાથ ! આ જીવતાં નરક મારાથી વેઠાતું નથી, તો મૂવા પછીનું તો નરક કેવું હશે. પ્રભો ! આ બીકથી હું ભયભીત થઇ રહી છું. અને તેનો જે ત્રાસ મારા હ્રદયમાં થાય છે તે હુંજ જાણું છું. અરે ! સાધુવૃત્તિના મારા બન્ધુ ગોવિંદના શુભોપદેશનો મેં અનાદર

કર્યો અને સાધ્વી ભગિની ધનકુંવરબાના ઉપદેશને પણ મેં પોકળ ગણ્યો એ પાપ મેં ઓછું કર્યું નથી. પદ્મિની! પદ્મિની! આ ભૂમિમાતા જો માર્ગ આપે તોજ તારો ઉદ્ધાર થઇ શકે. પાપિણી! તારા પાપનો ભાર ભૂમિમાતાથી પણ સહન થઇ શકતો નથી. પાપિણી! તને કેવી શિક્ષા થાય તો તારૂં પાપ બળી જાય! મૂવા પછી તારા શા હાલ થશે? નરકનાં દુઃખો તારાથી કેવી રીતે સહન થશે? પ્રભો! હું દીન અબળાની વ્હારે ચઢો. મારી આર્ય ભગિનીઓ! હું તમને શું મુખ બતાવું! આ મુખ હવે બળી ગયું છે. આ જીવન ધિક્કારને પાત્ર થઇ પડયું છે. બહેનો! અત્યારેજ આ પાપી પ્રાણને કાઢી નાંખી સુખી થઇ જાઉં. પરંતુ એ પાપો મને મુકનાર નથી. જ્યારે ત્યારે ભોગવ્યા વિના મારો છૂટકો થવાનો નથી. બહેનો! એટલી બધી હું પાપિણી છું કે, તમારી સામે જોતાં તમે પણ મને બોલાવતાં આંચકો ખાઓ. મેં મારાં સુખનાં વૃક્ષફળોનો તદન નાશ કરી દીધો છે. બહેનો! હું મુખપર વસ્ત્ર નાંખી આ પાપી મુખને છૂપાવી નેત્રોથી અશ્રુપાત કરી હૃદયમાં અત્યંત ખેદ કરતી નિર્લજ્જ થઇ કહું છું કે, તમે સર્વે ભગિનીઓ પતીને પ્રભુ માની પરપુરુષને બંધુ કે પિતા માની શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા લાવી યૌવનનો ગર્વ ત્યજી દઇ નમ્રતાથી ઇશ્વરની ભક્તિ કરજો. બહેનો! પ્રથમનું મારૂં ચરિત્ર સાંભળી તમે મને ધિક્કારજો. અરે! મને કર્મચંડાળણ કહેજો. પરંતુ મારી વ્હાલી ભગિનીઓ! અત્યારે તો હું નિર્મળ છુ. મારૂં હૃદય સત્યનેજ વળગ્યું છે. તે વખત જુઠું સત્ય મારી નાશવંત કાયા સાથે વળગ્યું હતું, પરંતુ અત્યારે તો સાચુંજ સત્ય મારા હૃદયમાં અભેદ ભાવને પામ્યું છે તેનાથી હવે હું ભિન્ન થઇ શકીશ નહીં. બહેનો!

મારા ઉપર દયા કરી, મને તમારી દીનભગિની જાણી હું પાપિણી છતાં મારું શુભ થાય તેવી તમે સર્વે ભગિનીઓ આશિષ આપજો. હું સ્વપ્ને પણ હવે કાળાં કૃત્યો નહીંજ કરું. આ અસાર સંસારને હું હવે પ્રીય ગણી શકતી નથી, હું તો પ્રભુને જ સત્ય અને પ્રીય ગણું છું. મને તે પરમપવિત્ર પ્રભુ ઉપર પૂર્ણ શ્રદ્ધા છે અને તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે. જે કૃપાળુ પ્રભુએ અતિ અધર્મ કર્મ કરનાર ગુણકાને તથા સધના કસાઇને તાર્યો છે તે જ પ્રભુ મને પણ તારશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. મારા હૃદયમાં હવે નિર્મળ પ્રેમભક્તિનાં બાણ વાગ્યાં છે, અને પ્રભુની કૃપાથી તથા આપણી આર્ય માતાઓ, મહા પવિત્ર સતીઓના પ્રતાપથી આ હૃદયમાં પ્રભુનો પ્રેમ પ્રકટ થયો છે, તેથી મારાં કરેલાં કર્મો માટે હવે હું ખેદ કરતી નથી. કારણ કે મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે તેવાં નીચ કૃત્યોના ભરેલા સંસ્કાર પ્રભુની પ્રેમલક્ષણા ભક્તિથી બળી જશે.

બહેનો ! આ મન પાપી છે, તે કામાદિ શત્રુઓ સાથે મિત્રતા કરી આપણને પાપ કરાવે છે અને અંતે દુઃખી કરે છે, માટે એ મનને વશ તમે ન થશો. અરે ! કરોડો રૂપીઆ કરતાં શીલધર્મ—સતીધર્મ કેટલો બધો શ્રેષ્ઠ છે તે મેં હવે જ જાણ્યું છે. ધર્મ સમાન રક્ષણ કરનાર બીજું કોઇ આપણું સાથી નથી જ. હે પ્રભો ! હું એટલી જ અરજ કરું છું કે આ હૃદય હવે શુદ્ધ રહેજો, અને જન્મોજન્મ હું સનાતન ધર્મને અત્યંત ચાહું એવી મતી આપજો. નાથ ! હું વારંવાર આપશ્રીને પ્રણમું છું.

સ્તુતિ ભજન.

તમે થાઓ પતંગી હવે દૂરરે, મને રામ ભજવા દો;
કીધાં કર્મોને કરવા ચૂરરે, શુભસાજ સજવા દો.

જુઠાંસુખો જગના માટે, નથી જોઇતાં નાણાં;
ઠેકાણાં મેળવવા સુખનાં, આવ્યાં ઉત્તમ ટાણાંરે. મને૦ ૧
શાન્તિ ભક્તિ મળી ભગિનીઓરે, મળ્યો વૈરાગ્ય મુને વીરો;
ગુમાતાં રોકી મેં લીધો, કોડીથી જાતાં હીરોરે. મને૦ ૨
લક્ષ ચોરાશી અંધારામાં, પ્રગટયો મનુષ્ય દીવો;
તો તેના પ્રકાશ પડેથી, પ્રેમ રસ હા! પીવોરે. મને૦ ૩
મળ્યાં સગાં મુજ દેશનાંરે, જાગ્યો જુનો નાતો;
સગાઇ છોડી જગની મેં તો, બળી સંસારીઓની વાતોરે. મને૦ ૪
શુભ દિવસે ભેટીએરે, આવો મારાં વ્હાલાં;
તમ વિના આ જુઠાં સાથે, વળગ્યાંતાં કાલાં કાલાંરે. મુને૦ ૫
ધિક સુખ સંસારનાંરે, જીવતાં નરક પમાડે;
ભલો મળ્યો ગુમાનનો સ્વામિ, સદા રંગ રમાડેરે. મને૦ ૬

ઓહો ! કથીર પણ કનક થઇ શકે ખરું. શાથી ? ચિંતામણિથી. તે ચિંતામણિ કયો ? સદ્‌ગુરુ. ભાઇઓ ! તમારાથી અને બીજાઓથી દુરાચરણ થયાં હોય તો ભલે, પરંતુ સત્યનું ભાન થતાં, જો તમે તમારા હૃદયમાં રહેલા સત્યપ્રેમને જાગ્રત્ કરશો તો જરૂર પાપોને બાળી શકશો, અને ભવસાગર પણ તરી શકશો.

આ હા ! હવે મારા હૃદયમાં વૈરાગ્યની છોળો ઉછળી રહી છે, પ્રભુનું સ્વરૂપ કેવું મનોહર હશે તેના સાક્ષાત્ દર્શનની હવે મને તીવ્ર આતુરતા પ્રકટી છે. પરંતુ શ્રીસદ્‌ગુરુ સિવાય મને પ્રભુનાં દર્શન બીજો કોણ કરાવે ? માટે ચાલ જીવ ! ગમે તેમ કરીને હું કોઇ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું અનન્ય શરણ ગ્રહણ કરૂં.

પદ્મિનીના દુઃખનો હવે સદાને માટે અંત આવવાનો હતો. પાપનું પ્રાયશ્ચિત્ત પશ્ચાતાપ છે. પદ્મિનીના હૃદયમાં તેણે કરેલાં કૃત્યો માટે

બહુ પશ્ચાતાપ થયો હતો એટલે તેનું કેટલુંક પાપતો પશ્ચાતાપથી ધોવાઈ ગયું હતું. હવે પાપના સૂક્ષ્મ સંસ્કારો બાળી નાંખવાના હતા. પ્રભુની કૃપા પણ પદ્મિની ઉપર હવે હોય એમ લાગતું હતું. પદ્મિનીને આકસ્મિક શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુનો ભેટો થયો. આ મહાપુરૂષે પદ્મિનીના હૃદયને ઓળખી લીધું અને પ્રભુના દર્શનનો તેને સરળ માર્ગ બતાવ્યો.

પદ્મિની ભરયૌવનાવસ્થામાં જેવી વિષયો ભોગવવામાં એકાગ્ર થઇ હતી તેના કરતાં વધારે એકાગ્ર પોતાના સદ્ગુરુ પરમાત્માએ તેને જે સાધનો સાધવા આપ્યાં હતાં તે સાધવામાં થઇ. તેણે પ્રથમ પોતાના સદ્ગુરુ પરમાત્માએ જેવી રીતના પ્રાણાયામો કરવા આજ્ઞા કરી હતી તેવી રીતના પ્રાણાયામો કર્યાં, એકાગ્ર ચિત્તે શ્રીસદાશિવના જપ કર્યા અને કેટલોક સમય બહારની ત્રાટક કરી ભમતી આંખોને સાત્વિક ધ્યેયમાં સ્થિર કરી. પછી તેણે બહારની બધી ઉપાધી કાઢી નાંખી, અને દેખાતા પ્રપંચો એટલે તારાઓ, સૂર્ય, ચંદ્ર, ઝાડ, નદી, ઘર, બંગલા, પોતાનાં સગાં અને પોતાના શરીરને પણ પોતાની પ્રબળ કલ્પનાથી દૂર કર્યું. અને પોતાના હૃદયાકાશમાં ૐ કાર સાથે પોતાની વૃત્તિને જોડી દીધી. તે વૃત્તિ ૐ કાર સાથે ઘસાવું થવાથી તેમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિએ પદ્મિનીના હૃદયમાં પાપના જે સૂક્ષ્મ પરમાણુઓ હતા તે બાળી નાંખ્યા અને ત્યારપછી કેવળ નિષ્પાપ બની ૐકારને પોતાના શરીરના અણુએ અણુમાં જોવા લાગી; અને તેવો અભ્યાસ પરિપક્વ થતાં જીવતાંજ બ્રહ્માનંદનું અનુપમ સુખ ભોગવવા લાગી. અહા ! પાપી મનુષ્યો પણ શ્રીઇષ્ટની કૃપાથી અને સદ્ગુરુની કૃપાથી પોતાનાં પાપોને બાળીનાંખી કેવા બ્રહ્માનંદમાં મગ્ન થઇ જાય છે ?

પ્રથમ પદ્મિની કેવી હતી ? શાક્ષાત્ પિશાચની મૂર્તિ, પરંતુ અત્યારે તો પદ્મિનીને હું પણ વંદન કરી પિશાચીની કહેવા માટે ક્ષમા યાચું છું. અત્યારે તો તે ખરી પદ્મિની જ થઇ ગઇ છે, આ જોતાં અન્ય ભગિનીઓ પણ વિવેક બુદ્ધિથી સત્યને ઓળખશે, અને કુળ જાત તથા દેશને શોભાવવા માટે પતિવ્રતાઓ થશે તો આર્યાવર્ત થોડાસમયમાં સ્વર્ગ સમાન થશે. પ્રભો ! સર્વે ભગિનીઓ પતિવ્રતા બનો અને પ્રાચીન મહાસતીઓની જય ધ્વજની શોભામાં વધારો કરો.

પથ્થર (પાપ) બાંધી પાણીમાં, પડતાં કેમ જીવાય;
ગુમાન કહે છે તુંબડાં, (ધર્મ) બાંધે તીર પમાય.

ઇતિ શિવમ્.

બ્રહ્મનાદ.

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માના ઉદાર આશ્રય નીચે આ માસિક ૭ વર્ષથી અમારા તરફથી પ્રકટ થાય છે. વાર્ષિક મૂલ્ય ભેટનાં ત્રણ પુસ્તકોના પોષ્ટેજ અને વિ૦ પિ૦ સાથે ફક્ત રૂ. ૧-૧૧-૦ છે. જેઠ માસથી ૭ મું વર્ષ બેઠું છે અને તેમાં નીચે જણાવેલા વિષયોની શરૂઆત કરી છે:—અદ્વૈતસુધા, પ્રમાયુધ વિજય નાટક, ગણેશ રહસ્ય, ચિંતામણિ, સુવાક્યરત્નાવલિ, પ્રહ્લાદજીની કથા, પ્રશ્નોત્તરમાલા વિગેરે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સજ્જનોની નામાવલિ.

અમદાવાદ.

પ્રતો.		નામ.
૧	રા.	ત્રીકમલાલ બુલાખીદાસ
૧	,,	મકનજી દેવરામ પાઠક
૧	,,	જનકલાલ ગોપાળભાઈ
૧	,,	બાળાભાઈ અંબારામ
૧	,,	પાનાચંદ બેચરદાસ
૧	,,	પ્રેમચંદ લલ્લુ પટેલ
૧	,,	માણેકલાલ સાંકળેશ્વર
૧	,,	ડાહ્યાભાઈ કચરાદાસ
૧	,,	સાંકળચંદ તરભોવનદાસ
૧	,,	રામપ્રસાદ શિવશંકર
૧	,,	ગોરધનદાસ રાયચંદ
૧	,,	મકનદાસ ગોવિંદજી
૧	,,	શંકરલાલ નરસિભાઈ
૧	,,	પરશોત્તમદાસ નરસિદાસ
૧	,,	અમરશી ગગા મેરઈ
૧	,,	નર્મદાશંકર રામપ્રસાદ
૧	,,	મોહનલાલ છોટાલાલ
૧	,,	જીવણલાલ શીવલાલ
૧	,,	જીવણલાલ શીવલાલ
૧	,,	વિશ્રામ લાલજી દરજી
૧	,,	ઠા. માણેકલાલ પરશોત્તમ
૧	,,	અમુલખ શંકર
૧	,,	છીપા એહમદજી અલીજી
૧	,,	છગનલાલ વીરજી દરજી
૧	,,	છોટાલાલ વિઠ્ઠલદાસ
૧	,,	હરીલાલ પરશોત્તમ
૧	,,	વૃંદાવન માણેકલાલ જોશી
૧	,,	જેઠાલાલ હીરાલાલ
૧	,,	દલસુખ ગોરધનદાસ
૧	,,	પરશોત્તમ ભુદરદાસ
૧	,,	રણછોડ હરીવલ્લવ
૧	,,	હરીલાલ ભાઈચંદ
૧	,,	જોઈતારામ વિઠ્ઠલદાસ
૧	,,	ખોડાભાઈ શંકરદાસ
૧	,,	નાથાલાલ ગલાલ શાહ
૧	,,	ઉત્તમભાઈ ભુદરભાઈ
૧	,,	મણિધરપ્રસાદ ભોગીલાલ
૧	,,	બાપાલાલ કેવળદાસ.

૧ ,, ચમનલાલ કચરાભાઇ
૧ ,, પરશોત્તમ સોમનાથ
૧ ,, ગોપાળજી ભીમભાઇ દેસાઇ
૧ ,, છોટાલાલ ગીરધરલાલ
૧ ,, મનસુખરામ મુળજીભાઇ
૧ ,, લાલજી મોરારજી જોશી
૧ ,, બેહેચરલાલ સુર્યરામ દીક્ષિત
૧ ,, મફતલાલ કુબેરદાસ
૧ ,, ભાઇશંકર નાગેશ્વર શર્મા
૧ ,, મણિલાલ કાળીદાસ

પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનીંગ કૉલેજ.

૧ રા. ગણપતરામ વિશ્નુરામ પંડયા
૧ ,, શંકરલાલ બહેચરલાલ
૧ ,, આદમભાઇ રસુલભાઇ
૧ ,, રસુલભાઇ મહમદભાઇ
૧ ,, હુસેનમિયાં સાંકળામિયાં
૧ ,, ફત્તેસિંહ લધુભા પરમાર
૧ ,, ગરબડદાસ મયાશંકર અધ્યારૂ
૧ ,, સોમાભાઇ તળસીભાઇ
૧ ,, જમીઅતરામ મંછારામ ભટ્ટ
૧ ,, રણછોડજી ડાહ્યાભાઇ દેસાઇ
૧ ,, ભગવાનજી નારણજી દેસાઇ
૧ ,, પુરુષોત્તમ જટાશંકર

૧ ,, ન્યામતરાય જેઠાલાલ
૧ ,, ફુલશંકર જીવરામ પુરોહિત
૧ ,, નાથુભાઇ લાલભાઈ પટેલ
૧ ,, છોટાભાઇ ગીરધરભાઇ
૧ ,, પ્રેમચંદ મોહનલાલ
૧ ,, જટાશંકર દયારામ ઠાકર
૧ ,, હરજીવન દાજીભાઇ પટેલ
૧ ,, છગનલાલ જમનાદાસ શાહ
૧ ,, ભવાનીશંકર મોતીરામ
૧ ,, ઓચ્છવલાલ નાથજીભાઇ
૧ ,, હિંમતરામ ખુશાલ ભટ્ટ
૧ ,, ઉમીયાશંકર રઘુરામ રાવળ
૧ ,, દુલભજી ભીમભાઇ નાયક
૧ ,, ડાહ્યાભાઇ નારણજી નાયક
૧ ,, અંટોળદાસ ગુલાબદાસ પટેલ
૧ ,, હીરાલાલ જગજીવન વ્યાસ
૧ ,, ભોગીલાલ રણછોડલાલ પંડ્યા
૧ ,, મગનલાલ દલસુખરામ પંડયા
૧ ,, જયંતિલાલ નરોત્તમ દયાની
૧ ,, પરભુભાઇ ડાહ્યાભાઇ પટેલ
૧ ,, ઝીણાભાઇ બેચાભાઇ રાવળ
૧ ,, આશાભાઇ મરઘાભાઇ પટેલ
૧ ,, પ્રાણભાઇ કીકાભાઇ પટેલ

૧ ,, કલ્યાણજી ભીમભાઇ દેસાઇ
૧ ,, સુખાભાઇ રવજીભાઇ પટેલ
૧ ,, નાથાભાઇ ગોવિંદભાઇ પટેલ
૧ ,, આશાભાઇ લલ્લુભાઇ પટેલ
૧ ,, નાથાલાલ હરગોવિંદ શાહ
૧ ,, ભાઇશંકર અંબારામ જ્યાંની
૧ ,, છોટાલાલ કાળીદાસ પટેલ
૧ ,, મગનલાલ સોમેશ્વર જોશી
૧ ,, લલ્લુભાઇ રણછોડદાસ ધરીઆ
૧ ,, બહેચરભાઇ બાપુજી પટેલ
૧ ,, છોટાલાલ ગીરધરલાલ
૧ ,, અંબાશંકર હરિશંકર દ્વિવેદી
૧ ,, કરૂણાશંકર બાબરભાઇ પટેલ
૧ ,, ખોડાભાઇ મોતીભાઇ
૧ ,, સોમચંદ જીભાઇ
૧ ,, બાઇલાલ લખાભાઇ પટેલ
૧ ,, માણેકલાલ મથુરદાસ શાહ
૧ ,, હરિશ્ચંદ્ર મનસુખરામ વ્યાસ
૧ ,, ખુમાનસિંહ જોરાબાવા
૧ ,, કાન્તિલાલ દયાશંકર વ્યાસ
૧ ,, નરસિંહભાઇ ગોપાળદાસ
૧ ,, મોહનજી ભૂલાભાઇ નાયક
૧ ,, મકનજી કુંવરજી દેસાઇ
૧ ,, ડાહ્યાભાઇ લલ્લુભાઇ વ્યાસ

૧ ,, સોમાલાલ માહેશ્વરજોશીચોઇલા
૧ ,, નાથાલાલ મંછારામ પંડ્યા
૧ ,, છગનલાલ સોમેશ્વર જોશી
૧ ,, શિવશંકર વિશ્વનાથ ભટ્ટ
૧ ,, રણછોડજી નાગરજી દેસાઇ
૧ ,, છોટુભાઇ ગોપાળજી દેસાઇ
૧ ,, શિવપ્રસાદ સોમનાથ પંડ્યા
૧ ,, છોટાભાઇ સોમાભાઇ પટેલ
૧ ,, ઉમેદભાઇ ફુલાભાઇ પટેલ
૧ ,, મગનલાલ હાથીભાઇ પટેલ
૧ ,, ચતુરભાઇ ગોવિંદભાઇ પટેલ
૧ ,, મગનલાલ કીશોરભાઇ ,,
૧ ,, છોટાલાલ છગનલાલ ,,
૧ ,, મગનલાલ લખાભાઇ ,,
૧ ,, બકોરભાઇ મહીજીભાઇ ઠક્કર
૧ ,, મોતીભાઇ મંગળભાઇ પટેલ
૧ ,, પ્રાગજી નારણજી દેસાઇ
૧ ,, કુંવરજી વસનજી દેસાઇ
૧ ,, મોતીલાલ મનસુખરામ જોશી
૧ ,, ભૂલાશંકર જગજીવન પંડિત
૧ ,, વલ્લભભાઇ લલ્લુભાઇ પટેલ
૧ ,, રણછોડભાઇ બાબરભાઇ
૧ ,, અમૃતલાલ લલ્લુભાઇ પટેલ
૧ ,, કેશવલાલ ગુલાબચંદ શાહ

૧ ,, મોહનજી ભુલાભાઇ નાયક
૧ ,, રણછોડજી ભગવાનજી દેસાઇ
૧ ,, અંબાલાલ સોમાભાઇ પટેલ
૧ ,, હિંમતરામ દયાશંકર પાઠક
૧ ,, નાથજી ઇશ્વરભાઇ
૧ ,, છગનલાલ હરિલાલ
૧ ,, મગનલાલ હરગોવિંદ
૧ ,, મહાશંકર હરિવલ્લભ

આમોદ.

૧ રા. લલ્લુભાઇ બાપુજી

ઇસંડ.

૧ રા. દયાશંકર સાંકળેશ્વર જોશી

કરાંચી.

રા. દયારામ હીરજી રાવળ મારફતે થયેલા ગ્રાહકો.

૧ રા. મયાશંકર ગોવિંદરામ
૧ ,, હીરાચંદ સુંદરજી
૧ ,, શીવલાલ દામોદર
૧ ,, મીસ્રી શામજી ગંગારામ
૧ ,, ગીરધરલાલ સુખલાલ
૧ ,, ઠક્કર પ્રાણજીવન ખેતસી
૧ ,, વાડીલાલ નાનચંદ શાહ
૧ ,, ગિરજાશંકર પ્રેમશંકર
૧ ,, જગન્નાથ બેચરદાસ
૧ ,, ચુનીલાલ જટાશંકર
૧ ,, ડૉ. રતનશી હીરજી
૧ ,, જયતિલાલ નારદલાલ
૧ ,, શિવશંકર રામચંદ્ર વ્યાસ
૧ ,, ડા. જેઠાલાલ આણંદજી
૧ ,, છગનલાલ આણંદજી
૧ ,, દયારામ હીરજીભાઇ રાવળ

શ્રીયુત જટાશંકર માધવજી વ્યાસ મારફત થયેલા ગ્રાહકો.

૧ રા છગનલાલ અંદરજી રાવળ
૧ ,, વજેશંકર રામનંદ રાવળ
૧ ,, ત્રંબકલાલ મૂળજી વ્યાસ
૧ ,, વેણીરામ મોહનલાલ ,,
૪ ,, જટાશંકર માધવજી ,,
૧ ,, જયશંકર માધવજી ,,
૧ ,, વિશ્નુપ્રસાદ કાળીદાસ દેસાઇ
૧ ,, પ્રતાપરાય ભગવાનલાલ
૧ ,, ચુનીલાલ ચત્રભુજ ભટ્ટ
૨ ,, પરશોત્તમ ઠાકરશી
૧ ,, સી. એ રાવળ
૧ ,, ડી. આર દ્વિવેદી

કાંકણપુર.

શ્રીયુત જેઠાલાલ નાનાભાઇ
મારફતે થયેલા ગ્રાહકો.

૧ રા. દવે જેઠાલાલ નાનાભાઇ
૧ ,, ,, બાળકૃષ્ણ રામશંકર
૧ ,, ભુલાભાઇ મોતીરામ
૧ ,, શા. ગોરધનદાસ રાયજી

ગણદેવી.

૧ રા. ગણપતરામ અમૃતરામ જોષી

આન્ટરોડ.

શ્રીયુત જીણાભાઇ ખુશાલભાઇ
મારફતે થયેલા ગ્રાહકો.

૧ રા. જીણાભાઇ ખુશાલભાઇ
૧ ,, બાળકૃષ્ણ વિનાયક
૧ ,, કનૈયાલાલ રામશંકર
૧ ,, ગુલાબભાઇ ખંડુભાઇ
૧ ,, મણિલાલ વસનજી દેસાઇ
૧ ,, મણિભાઇ ડાબાભાઇ દેસાઇ

ચકલાસી.

૧ રા. મણિલાલ કીલાભાઇ

ચાંદા.

૧ રા. મહાશંકર સાંકળેશ્વર ગોર

ઝાબાલા.

શ્રીયુત જટાશંકર પ્રભુજી દવે સ્કૂલ
માસ્તર સાહેબ મારફતે થએલા ગ્રાહક

૧ રાણા શ્રી રાજમળજી જેશાભાઇ
૧ રાણા શ્રી ડોસાભાઇ નથુભાઇ
૧ રા. નરભેરામ ગોવિંદજી દવે
૧ ,, જેચંદ દેવચંદ
૧ ,, ગફલચંદ મૂળચંદ સંઘવી
૧ ,, લુવાર ડુંગર નાગજી
૧ ,, ગોસાંઇ કાનગરજી આતમગર
૧ ,, કોઠારી તારાચંદ વિઠ્ઠલ
૧ ,, શેઠ શિવલાલ હંસરાજ
૧ ,, શેઠ કસ્તુર વલ્લભ
૧ ,, જટાશંકર પ્રભુજી દવે
૧ ,, કરૂણાશંકર કાશીરામ ક-
રમડ સ્કૂલ માસ્તર

નડીઆદ.

૧ રા. માધવલાલ ઇચ્છાશંકર

ભુતનાથ મહાદેવ.

૧ બાવા શ્રી કૃષ્ણાનંદ

મુંબઈ.

શ્રીયુત ખબાશંકર જયદેવરામ
પંડયા મારફતે થયેલા ગ્રાહકો.

૫ લલ્લુભાઇ પરમાનંદ જાની.
૩ ખબાશંકર જયદેવરામ પંડયા
૩ મયાશંકર દામોદર ભટ

૩ ગણુપતરામ નૌતમરામ દવે.
૨ મગનલાલ કેશવરામ દવે
૧ પ્રહલ્લાદજી તુલજારામ પંડયા
૧ માધવરામ મવારામ પંડયા
૧ છગનલાલ દલસુખરામ દવે
૧ માધવરામ બાદર જોશી
૧ છોટાલાલ અમથારામ પંડયા
૧ ચુનીલાલ હિરાલાલ દવે
૧ સુરજરામ મોહનલાલ પંડયા
૧ બાલાશંકર સુરજરામ પંડયા
૧ પ્રહલાદજી બળદેવરામ દવે
૧ કેશવલાલ પુરશોત્તમ આચાર્ય
૧ હરિશંકર પુરશોત્તમ આચાર્ય
૧ રવિશંકર પુરશોત્તમ આચાર્ય
૧ નરોત્તમ કોદરલાલ પંડયા
૧ સાંકળેશ્વર વિઠ્ઠલદાસ પંડયા*
૧ જદુરામ દામોદર ભટ. સેક્રેટરી મહિકાંઠા હિતવર્ધક મંડળ
૧ હરિશંકર દામોદર ભટ
૧ અંબાલાલ દલસુખરામ દવે
૧ માધવરામ સાંકળેશ્વર પંડયા
૧ મગનલાલ સુરજરામ જોશી
૧ શિવલાલ કાળીદાસ દવે

૧ શિવશંકર ભુરાશંકર ઠાકર
૧ વિઠ્ઠલદાસ પુંજીરામ જોશી
૧ મથુરાંદાસ પ્રાગજી જોશી
૧ સોમનાથ નરભેશંકર
૧ કેશવરામ પુરશોત્તમ ભટ
૧ માધવલાલ ગુલાબરામ ઠાકર સ્કુલ માસ્તર સાઠંબા

૧ મુળશંકર મોતીરામ પંડયા

લુણાવાડા

૧ ઠા. નારાયણદાસ લખાભાઇ
૧ ઠા. વિઠ્ઠલદાસ લખાભાઇ
૧ શા. નાગરદાસ વિઠ્ઠલદાસ
૧ શા. મણિલાલ છોટાલાલ
૧ શેઠ મગનલાલ બાલુભાઇ
૧ શેઠ અરદેશર હીરજીભાઇ માસ્તી
૧ નારાયણ હરિ ચંદુરકર
૧ ત્રિભુવનદાસ સાંકળેશ્વર પંડયા.

વડાલી,

મેંદરડા.

૧ રા. કરસનદાસ જુઠાભાઇ

રતલામ.

૧ રા. અમૃતલાલ એમ. પરીખ

વઢવાણ શેહેર.

૧ રા. દવે અંબાશંકર જટાશંકર
૧ રા. ચુનીલાલ અમૃતલાલ
૧ રા. પોપટલાલ નારણદાસ
૧ ,, દરજી ત્રિભુવન સુંદર
,, મણિશંકર ઇશ્વર મારફત થયેલા ગ્રાહકો.
૧ ,, ચત્રભુજ કુબેરજી આચાર્ય
૧ ,, કહાનજી પ્રાગજી ઝાલા
૧ ,, અંબાલાલ દામોદર શુકલ
૧ ,, કુબેરગર વીરગર મહંત
૧ ,, છોટાલાલ દયાશંકર પંચોલી
૧ ,, શીવલાલ છગનલાલ ગાંધી
૧ ,, છેલશંકર જટાશંકર જાની
૧ ,, રતિલાલ હરીશંકર દવે
૧ ,, હેમતલાલ મણિશંકર
૧ ,, મેરાઇ છગન જીવા
૧ ,, ગોવિંદજી દયાળજી રાવળ
૧ ,, દુલભજી બાપુશંકર ત્રવાડી
૧ ,, લક્ષ્મીશંકર મહાદેવ
૧ ,, જાની અંબાશંકર રઘુરામ
૧ ,, મલુકચંદ મોહનલાલ શાહ
૧ ,, કેશવલાલ મણિલાલ જાની
૧ ,, રાયચંદ ગુલાબચંદ પારેખ
૧ ,, જીવશંકર કે. ભટ્ટ
૧ ,, ખોડીદાસ જગન્નાથ પંચોલી
૧ ,, ચુનીલાલ કેશવલાલ દવે
૧ ,, જટાશંકર અંબાશંકર શુકલ
૧ ,, શ્રી ઉદિચ્ય યુવક મંડળ પુસ્તકાલય

સાબરમતી.

૧ રા. હીમતલાલ છગનલાલ
૧ ,, પરભુદાસ મોહનલાલ
૧ ,, નાનુભાઇ ભીમભાઇ દેસાઇ
૧ ,, ડાહ્યાભાઇ મગનલાલ
૧ ,, ઉમીયાશંકર એમ.
૧ ,, ચુનીલાલ રીલીવીંગ સીગ્નેલર આબુરોડ
૧ ,, બીહારીલાલ પોષ્ટ માસ્તર

સીહોર.

શ્રીયુત વૈદ્ય જટાશંકર કાશીરામ મારફતે થયેલા ગ્રાહકો.

૨ રા. જટાશંકર કાશીરામ વૈદ્ય
૧ ,, ભુતા બકોરદાસ ગોબર
૧ ,, દોલતરામ વિઠ્ઠલદાસ
૧ ,, વિઠ્ઠલદાસ ત્રિભોવનદાસ

અમદાવાદ.

૧ રા. જીવણલાલ રણછોડદાસ

સુરા સામળ.

શ્રીયુત દોલતરામ નરસિંહરામ ભટ્ટ મારફતે થયેલા ગ્રાહકો.

૧ રા. દોલતરામ નરસિંહરામ
૧ ,, નારણભાઇ બાજીભાઇ
૧ ,, પુરૂષોત્તમ દેસાઇભાઇ ઉતરસંડા
૧ ,, મહાસુખરામ નરસિંહરામ સ્કૂલ માસ્તર થામણા
૧ ,, શાંકરલાલ વલ્લભદાસ મેહેતાજી બોરીઆવી.

સુરત

શ્રીયુત ચુનીલાલ ખીમચંદ મારફતે થયેલા ગ્રાહકો.

૧૦૦ રા. ચુનીલાલ ખીમચંદ
૨૫ રા. નગીનદાસ ચુનીલાલ
૨૫ રા. ચીમનલાલ રેવાશંકર
૧૦ રા. છગનલાલ ભગવાનદાસ ખાંડવાળા
૧૫ રા. રતિલાલ દુર્લભરામ મોદી
૧૦ રા. વિઠ્ઠલદાસ વલ્લભરામ મીસ્ત્રી
૫ ,, મગનલાલ ચુનીલાલ
૫ ,, માણેકલાલ ઇચ્છારામ કાટેંજ એજન્ટ
૨ ,, ધનસ્યામ લલ્લુભાઇ યાજ્ઞિક
૨ ,, રૂસ્તમજી હોરમસજી દલાલ
૨ ,, ચુનીલાલ બાળમુકુન્દદાસ
૧ ,, ગણુપતરામ અનુપરામ રાવ સાહેબ
૧ ,, છગનલાલ જગજીવનદાસ
૧ ,, છગનલાલ લાલભાઇ
૧ ,, ચુનીલાલ કાશીદાસ
૧ ,, રતનચંદ નગીનદાસ
૧ ,, નાનાભાઇ કાશીનાથ ડૉક્ટર
૧ ,, ભુખણદાસ મુળજી ચોકસી
૧ ,, પ્રેમચંદ દયાચંદ
૧ ,, છગનલાલ ખુશાલદાસ
૧ ,, મોતીરામ ગોવિંદરામ
૧ ,, પ્રાણજીવનદાસ નાથુભાઇ
૧ ,, નારાયણદાસ વલ્લભરામ
૧ ,, બાલુભાઇ જેકીશનદાસ
૧ ,, ચુનીલાલ ડાહ્યાભાઇ
૧ ,, હરગોવિંદદાસ પ્રભુદાસ
૧ ,, જમનાદાસ હરિભાઇ
૧ ,, નારાયણદાસ દુર્લભરામ

૧ ,, ફુલાભાઇ પીતાંબરદાસ
૧ ,, મણિલાલ નાગરજી દેસાઇ
૧ ,, પરમાનંદદાસ ગોવર્ધનદાસ
૧ ,, નાગરદાસ ભગવાનદાસ
૧ ,, બાળકુન્દદાસ પ્રાણજીવનદાસ
૧ ,, રાજારામ ત્રીભુવનદાસ
૧ ,, વિઠ્ઠલદાસ ભુખણદાસ

નવસારી.

૨ રા. નાનુભાઇ પ્રેમાનંદ વૈદ્ય
૧ ,, દીનમણિશંકર મણિશંકર
૧ ,, બાપુભાઇ પ્રાગજી દેસાઇ
૧ ,, છોટાલાલ રામચંદ્ર વૈદ્ય
૧ ,, રઘુનાથ નારાયણ સરપટે
૧ ,, વિનાયક બાપુજી નાંદરિકર
૧ ,, નાનુભાઇ પુરૂષોત્તમ પાઠક
૧ ,, જટાશંકર કેવળરામ જોશી

તમે શા માટે દુઃખી થાઓ છો !

હીસ્ટીરીઆ, ગાંડપણ, દમ, ક્ષય વિગેરે દરદો માટે અમારી દૈવી ક્રિયા રામના બાણ જેવી સફળ નીવડી છે. અમારા તરફથી કરસાએ હીસ્ટીરીઆના કેસો મટી ગયા છે, અને હમણાંજ જેસલમીરની રાણીની દાસી કે જેને હીસ્ટીરીયા થયો હતો તેનો કેસ હાથમાં લીધો હતો અને અમારી ક્રિયાથી તે બાઇને તદન આરામ થઇ ગયો છે. તેને આરામ કર્યા પછી ગણદેવીના રા. ગણપતરામ અમૃતરામ જોશીનાં પત્નિને ૩ વર્ષથી દમ ચઢતો હતો તેનો કેસ પણ હાથમાં લીધો હતો અને ૧૫ દિવસ ક્રિયા કરવાથી તે બાઇનો રોગ પણ જડમૂળમાંથી નાબુદ થઇ ગયો છે. વિશેષ હકીકત માટે રૂ. ૦-૦-૬ ની ટીકીટ બીડીને લખો:—

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
રાયપુર, પખાલીની પોળ, ચારરોરી.
અમદાવાદ.

અમારા તરફથી પ્રકટ થયેલાં પુસ્તકોની યાદી.

શ્રીભક્ત લીલા—જેની અંદર શ્રી શુકદેવ, સબરી, શેનાભક્ત, સધનો કસાઇ, ભક્તરાજ અંમરીષ, બોડાણો, વિજયસિંહ, નરસિંહ મહેતાની હુંડી તથા હરીએ તેમનો પહેરાવેલો હાર, મહા સતી અનુસયા વિગેરેનાં આખ્યાનો ગદ્યપદ્યમાં—રાગરાગણીમાં આપ્યાં છે. મૂલ્ય રૂ. ૦–૮–૦ પોષ્ટેજ અને વિ. પિ. ખર્ચ માફ.

ગુમાન કાવ્ય—જેની અંદર ઓચ્છવનાં બેઠકીયાં પદો, પરભાતીયાં, બોધદાયક કક્કો, જીવ મન સંવાદ, રૂપ ગુણ સંવાદ, સવૈયા, છપ્પા, કુંડળિયા વિગેરે વિવિધરાગમાં રચેલાં પદો છે. મૂલ્ય રૂ. ૦–૮–૦ પોષ્ટેજ અને વિ. પિ. ખર્ચ માફ.

હવે પછી પ્રકટ થનાર પુસ્તકો.

ગુમાન કાવ્ય ભાગ ૨ જો—હિંદી ભાષામાં, જેની અંદર જ્ઞાન, નીતિ, વૈરાગ્ય, શૃંગાર, નાયકાછંદ વિગેરે વિષયોનું બહુ રસમય ભાષામાં અત્યંત કાળજીથી પ્રતિપાદન કર્યું છે. મૂલ્ય રૂ. ૦–૮–૦ પોષ્ટેજ અને વિ. પિ. જુદું.

શ્રીભક્ત લીલા ભાગ ૨ જો—પરમાત્માના અત્યંત પરમ પ્રિય ભક્તોનાં રાગરાગણીમાં પ્રસંગોપાત્ત દ્રષ્ટાંતો સાથેનાં ચરિત્રો આ પુસ્તકમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. મૂલ્ય રૂ. ૦–૬–૦ પોષ્ટેજ અને વિ. પિ. ખર્ચ જુદું.

ગુમાન સતસાહી—વિવિધ વિષયોમાં વિવિધોપદેશ. મૂલ્ય. રૂ. ૦–૧–૬ વિ. પિ. અને પોષ્ટેજનો રૂ. ૦–૧–૬ વધુ.

સંસાર સુખ દર્પણ—દરેક મનુષ્યને સુખ શાંતિનો સરલ પંથનો ભાસ કરાવનાર. ખાસ વાંચવા લાયક. મૂલ્ય. રૂ. ૦–૨–૦ વિ. પિ. અને પોષ્ટેજ જુદું.

શ્રી ધર્મ ગીતાવલિ—
રાગોમાં અત્યંત પ્રીય થઈ પડના
પોષ્ટેજ જુદું.

ભક્તિમય ભજન—આ
ભવી રાગોમાં અમૂલ્ય ભજનો
પોષ્ટેજ જુદું.

બે ફિકરનાં ફૂળ—ત્રિઅ
ગાયન તથા ભાષણો સાથે. મૂલ્ય
પોષ્ટેજ જુદું.

આત્મ લીલા—જીવનના
અદ્દભુત વિવિધ ઘટનાથી ભરપૂર
લોકો જોવા મુમુક્ષુ બંધુઓને ખાસ
વિ. પિ. અને પોષ્ટેજ જુદું.

આ બધાં પુસ્તકો સંબંધી
મગનલાલ ત્રિવેદીના નામ ઉપર અ

ગુ

રૂ

કીશોરદાસ અ
ગોત્તમ આ

સસ્તાં પુસ્તકો

ા સટીક. રૂ. ૧–૮–૦ પોષ્ટેજ
. ૦–૭–૦. પોષ્ટેજ જુદું.
ન ૦–૬–૦ ૦–૭–૦ ૦

ૂલ્ય રૂ. ૧–૧૦–૦ ત્રણ ઉમદા

ા. બાર માસનાં ૪૦૦ પુષ્ઠો.
' માપ.
નો પ્રબોધ રૂ. ૦–૫–૦ વિ. પિ. નો

૦–૪–૦ વિ. પિ. નો ૦.૧–૦ વધુ.
ઞ્થા વિવેક વિનાની વિદ્યા. રૂ. ૦–૨–૦

ણ રૂ. ૦–૧–૦ ટેજ અને વિ. પિ

નક પ્રકાશ કિ. રૂ. પોષ્ટેજ અને

ાઇસ